न्यायविशारद महामहोपाध्यायश्रीमद्‌यशोविजयजीविरचित

# द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

प्रथमो भागः
(१ थी ४ बत्रीशी)

परिशीलन

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

આર્થિક સહકાર

શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

न्यायविशारद महामहोपाध्यायश्रीमद्यशोविजयजीविरचित

# द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

## प्रथमो भागः [१ थी ४ बत्रीशी]

परिशीलन

પૂ. પરમશાસનપ્રભાવક સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્ર સૂ.મ.સા.ના
પટ્ટાલંકાર પૂ.સ્વ.આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

પ્રકાશક
અનેકાંત પ્રકાશન

આર્થિક સહકાર
શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

- पुस्तक : द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् - प्रथमो भागः
- આવૃત્તિ : દ્વિતીય, વિ.સં. ૨૦૭૪, મહા સુદ-આઠમ, તા. ૨૫-૦૧-૨૦૧૮, ગુરૂવાર
- નકલ : ૭૫૦
- મૂલ્ય : રૂા.૧૨૪૦/-(સેટના : ભાગ-૧ થી ૬)

## - પ્રાપ્તિસ્થાન -

**મુકુંદભાઈ રમણલાલ શાહ**
૨૦૧, નવરત્ન એપાર્ટમેન્ટ, અન્નપૂર્ણા હોલની સામે,
નવા વિકાસગૃહ માર્ગ, પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.
મો. ૯૯૦૯૪ ૩૧૩૬૨

**મુનીશભાઈ એસ. વખારિયા**
સી/૫૩, સર્વોદયનગર,
પાંજરાપોળ રોડ, **મુંબઈ**-૪૦૦ ૦૦૪.
મો. ૯૩૨૨૨ ૨૨૯૮૦

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા શેરી,
મહીધરપુરા, **સુરત**-૩૯૫ ૦૦૩.
મો. ૯૮૭૯૫ ૪૫૮૮૦

**તનીલ એ. વોરા**
૪/૭૪, કૃષ્ણકુંજ, જુના પુલગેટ પાસે,
૨૩૯૨/૯૩, જનરલથીમૈયા રોડ, **પૂના**-૪૧૧ ૦૦૧.
મો. ૯૮૨૩૦ ૨૯૮૮૦

: મુદ્રક :
*Tejas Printers*
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur,
**AHMEDABAD**-380 001. ● **(M) 98253 47620 ● PH. (O) (079) 22172271**

**સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમના ઉપયોગથી છપાયેલું હોવાથી તેની સંપૂર્ણ કિંમત અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતામાં આપીને આ પુસ્તકનો ઉપયોગ કરવા શ્રાવકોને ભલામણ છે.**

# પરિશીલનની પૂર્વે

પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ વિરચેલાં ગ્રંથરત્નોમાંથી 'દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા' નામના ગ્રંથરત્નનું પરિશીલન કરવાના પ્રારંભે પ્રથમ દાનદ્વાત્રિંશિકાનું પરિશીલન આ પુસ્તકમાં કરાયું છે. આ પૂર્વે દીક્ષાદ્વાત્રિંશિકાનું પરિશીલન પ્રગટ થયું છે. આ રીતે દરેક દ્વાત્રિંશિકાનું પરિશીલન પ્રગટ કરવાનો વિચાર છે. પૂજ્યપાદ મહામહોપાધ્યાયજી મહારાજાના ગ્રંથરત્નો અંગે હું કશું જણાવું - એના બદલે જિજ્ઞાસુ આત્માઓ એ ગ્રંથરત્નોના અધ્યયન દ્વારા ગ્રંથરત્નોનો પાવન પરિચય પ્રાપ્ત કરી લે - એ જ સારું છે. જિજ્ઞાસુવર્ગની અનુકૂળતા માટે આ એક અલ્પ પ્રયત્ન છે. નીચે જણાવેલા પૂજ્યપાદશ્રીના પાવન પરિચયના મનનથી સમજાશે કે અપ્રતિમ પ્રતિભાના સ્વામી દ્વારા નિર્માણ પામેલા ગ્રંથનું પરિશીલન કરવા માટે આ પ્રયત્ન ખરેખર જ અલ્પતમ છે.

અનંતોપકારી દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માના પરમતારક શાસનની ઉજ્જવલપ્રભાને ઉજ્જવલતમ બનાવનારા સમર્થ અચિંત્ય પ્રભાવશાળી પૂજ્ય પરમગીતાર્થ આચાર્યભગવંતાદિ દિવ્યપુરુષોની પાવન પરંપરામાં પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાનું જે સ્થાન છે - તેનો ઓછાવત્તા પ્રમાણમાં આપણને સૌને સારી રીતે પરિચય છે. આજથી ત્રણસો વર્ષ પૂર્વે થઇ ગયેલા ઉપાધ્યાયજી મહારાજાના એ જીવનકાળનો વિચાર કરીએ તો પૂજ્યપાદશ્રીજીનું નિર્મળ સાધનામય જીવન; અદ્ભુત અને ચમત્કારપૂર્ણ જણાશે. એક બાજુ ક્રિયાનું શૈથિલ્ય અને બીજી બાજુ અજ્ઞાનનું સામ્રાજ્ય : આવી વિષમસ્થિતિમાં નિર્મળ ચારિત્રની સાધના સાથે શુદ્ધક્રિયા અને સમ્યગ્જ્ઞાનથી પોતાના જીવનને વાસિત બનાવવાનું કાર્ય કેટલું કપરું છે - એ આપણે સમજી શકીએ છીએ. ભૂતકાળની વિશિષ્ટ સાધના ન હોય તો કોઇ પણ રીતે; કઠોર સાધનામય જીવન જીવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય નહિ.

વિ.સં. ૧૬૬૫માં ઉત્તરગુજરાતના ધીણોજ ગામની બાજુના કહ્નોડુ ગામમાં જેઓશ્રીનો પુણ્ય જન્મ થયો હતો - તે પૂજ્ય ઉપાધ્યાયજી મ.ને બાલ્યકાળમાં જ પોતાની અદ્ભુત સ્મરણશક્તિના પ્રભાવે પરમપારમેશ્વરી

પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થઇ હતી. પ્રસંગ એવો બનેલો કે - પૂ. ઉપાધ્યાયજી મ.ની માતાને શ્રી ભક્તામરસ્તોત્રનું શ્રવણ કર્યા વિના ભોજન નહિ કરવાનો નિયમ હતો. એ પ્રમાણે એકવાર પોતાના પુત્રની સાથે શ્રી ભક્તામરસ્તોત્રનું શ્રવણ કરવા પૂ. ગુરુભગવંત પાસે તેઓશ્રી ગયાં હતાં. તે વખતે તે સ્તોત્રના એક વારના જ શ્રવણથી પૂજ્યશ્રીને યાદ રહેલું. ત્યાર બાદ એક વાર વરસાદના કારણે પૂજ્યશ્રીની માતા સ્તોત્રનું શ્રવણ કરવા પૂ. ગુરુભગવંત પાસે જઇ શક્યાં નહિ. ત્રણ દિવસના ઉપવાસના અંતે પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ પોતાની માતાને ઉપવાસનું કારણ પૂછતાં માતાના નિયમને જાણ્યો. ત્યાર બાદ તેમની સંમતિપૂર્વક માતાને ભક્તામરસ્તોત્ર સંભળાવ્યું અને પારણું કરાવ્યું. આ રીતે પૂજ્યશ્રીની અદ્ભુત સ્મરણશક્તિના પ્રસંગને જાણીને પૂ. ગુરુભગવંતે પૂજ્યશ્રીની માતા પાસે પૂજ્યશ્રીની માંગણી કરી અને ત્યાર બાદ અત્યંત ઉલ્લાસપૂર્વક પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની માતાએ પોતાના પુત્રનું પૂજ્ય ગુરુદેવશ્રીને સમર્પણ કર્યું. આ રીતે કાલાંતરે રત્નત્રયીની નિર્મલ સાધનામાં પૂજ્યશ્રી લીન બન્યા. પ્રબળ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમના પ્રભાવે ઉત્કટ પ્રખરપ્રતિભાદિ અસાધારણ સામર્થ્યથી પૂજ્યપાદશ્રીએ ખૂબ જ અલ્પસમયમાં ગણનાપાત્ર સમ્યગ્જ્ઞાનનું સંપાદન કર્યું. પરમશ્રદ્ધેય અનન્યસાધારણ બુદ્ધિપ્રતિભાદિ ગુણોથી ભાવિત શ્રદ્ધાસંપન્ન શ્રાવકવર્ગની સહાયથી પૂજ્યશ્રીને વિદ્યાના ધામ સમાન કાશીમાં અધ્યયન કરવાની અનુકૂળતા મળી. ત્યાંની ત્રણ વર્ષની સ્થિરતા દરમ્યાન ન્યાયશાસ્ત્રોનું પરિપૂર્ણ અધ્યયન કરી અને કેટલાંક વર્ષ કાશીની આજુબાજુ રહી અન્યદર્શનશાસ્ત્રોનું તલસ્પર્શી અધ્યયન કરી પૂજ્યશ્રીએ પરસમયનું રહસ્ય પ્રાપ્ત કર્યું. એ વખતે અન્ય પંડિતોને વાદમાં હરાવનાર સમર્થવાદીને પોતાની અનેકાંતવાદની વિજયવંતી શૈલીથી હરાવીને પૂજ્યશ્રીએ પોતાના અધ્યાપકગુરુવર્ગ દ્વારા 'ન્યાયવિશારદ'નું બિરુદ પ્રાપ્ત કર્યું. આ પ્રસંગ, પૂજ્યશ્રી માટે જ નહિ પરંતુ સમગ્ર પરમતારક શ્રી જિનશાસન માટે ગૌરવપ્રદ હતો. જે વખતે જૈનેતર દાર્શનિક વિદ્વાનો, જૈનોનો પડછાયો પણ પોતાની ઉપર ન પડે એની કાળજી રાખતા હતા; તેવા વખતે એવા વિદ્વાનવર્ગ દ્વારા આ રીતે 'ન્યાયવિશારદ' તરીકેનું બિરુદ પ્રાપ્ત કરવું એ ખરેખર જ શ્રી જિનશાસનની સર્વોપરિતાનો જ એક વિજય હતો.

આ રીતે કાશીમાં પરદર્શનનું પરિપૂર્ણ અધ્યયન કરી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ ગુજરાતમાં વિચરતા હતા. તે દરમિયાન મોટે ભાગે ગ્રંથાલેખનમાં તત્પર બની તેઓશ્રી વ્યાખ્યાનાદિની પ્રવૃત્તિથી પર રહેતા. કહેવાય છે કે એક ગામમાં પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજી મહારાજ જ્યારે પ્રવચન કરતા હતા ત્યારે જૈનેતર વિદ્વાનો વ્યાખ્યાન દરમ્યાન પ્રશ્નો પૂછી-પૂછીને પૂજ્યશ્રીને મૂંઝવવાનો પ્રયત્ન કરતા હતા. એટલે એકવાર પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ વ્યાખ્યાન માટે બિરાજમાન થયા અને વ્યાખ્યાનની શરૂઆતમાં જ પ્રશ્નો પૂછનારને જણાવી દીધું કે પ્રશ્ન દરમ્યાન **प** વર્ગનો કોઇ પણ વર્ણ ઉચ્ચારવાનો નહિ અને તેના જવાબમાં પણ **प** વર્ગનો કોઇ પણ વર્ણ ઉચ્ચારવામાં નહિ આવે. પાછળથી પ્રશ્નકર્તાઓની એ અંગેની અશક્તિ જાણીને તેઓને ગમે તે રીતે પ્રશ્નો પૂછવાની રજા આપી. અને પૂજ્યશ્રીએ તો **प** વર્ગના ઉચ્ચારણ વિના જ સર્વ પ્રશ્નોના જવાબ આપી વિદ્વાનોને પોતાના શબ્દ ઉપરના પ્રભુત્વની પ્રતીતિ કરાવી હતી. આવી તો કંઇ કેટલીય કિંવદન્તીઓ પૂજ્યશ્રીના વિષયમાં પ્રચલિત છે.

કહેવાય છે કે પૂજ્યશ્રી જ્યારે કાશીથી વિદ્યાભ્યાસ કરી ગુજરાતના કોઇ એક ગામમાં પધાર્યા ત્યારે એક દિવસ સાંજના પ્રતિક્રમણ દરમ્યાન પૂજ્યશ્રીને કોઇ એક શ્રાવકે સજ્ઝાય બોલવાની વિનંતી કરી. ત્યારે પાંચ ગાથાની નાની સજ્ઝાય પૂજ્યશ્રી બોલ્યા. તેથી એ શ્રાવકે મોટી સજ્ઝાય ફરમાવવા જણાવ્યું. પરંતુ ત્યારે પૂજ્યશ્રીએ 'નથી આવડતી' એમ જણાવ્યું. એટલે પેલા શ્રાવકે કહ્યું કે 'શું કાશીમાં રહીને ઘાસ કાપ્યું ?' ત્યાર બાદ બીજા દિવસે સાંજે પ્રતિક્રમણમાં સજ્ઝાય બોલવાના પ્રસંગે પૂજ્યશ્રીએ સમકિતના સડસઠબોલની કે સાડાત્રણસો ગાથાની સ્તવનરૂપ સજ્ઝાયની નવી જ રચના કરવા સાથે બોલવાની શરૂઆત કરી. એક પછી એક ઢાળો બોલાતી ગઇ. પણ સજ્ઝાય પૂર્ણ થતી ન હોવાથી પેલા શ્રાવકે કહ્યું કે 'બસ હવે !' ત્યારે પૂજ્યશ્રીએ પણ કહ્યું કે 'ના, આ તો કાશીમાં કાપેલા ઘાસના પૂળા બાંધું છું.' આ સાંભળી શ્રાવકે અવિનય અંગે પૂજ્યશ્રીની ક્ષમા યાચી. આ પ્રસંગ સાચો હોય કે ન પણ હોય પરંતુ પૂજ્યશ્રીના વર્તમાન સાહિત્ય ઉપરથી તેઓશ્રીનું ગ્રંથ રચવાનું અદ્ભુત સામર્થ્ય સ્પષ્ટપણે પ્રતીત થાય છે.

પૂજ્યશ્રીના વિષયમાં એવી પણ એક વાત ચાલે છે કે પૂજ્યશ્રી પોતાની સ્થાપનાજીની ઠવણી ઉપર ચાર ધ્વજા રાખતા હતા. તેની પાછળ હેતુ એ હતો કે 'ચારે દિશામાં જે કોઇ વિદ્વાન હોય તે તેઓશ્રીને જીતીને પોતાની વિજયશ્રી ફેલાવે.' આવું જાણીને એક વૃદ્ધાએ પૂ. ઉપાધ્યાયજી મહારાજનું માન દૂર કરવા તેઓશ્રીને કહ્યું કે 'સાહેબ ! જો આપશ્રી ચાર ધ્વજા રાખો, તો અનંતલબ્ધિસંપન્ન શ્રી ગૌતમસ્વામી મહારાજા કેટલી ધ્વજા રાખતા હશે !' વૃદ્ધ શ્રાવિકાના કથનનું તાત્પર્ય જાણીને પૂજ્યશ્રીએ તુરત જ ઠવણી ઉપરથી ધ્વજાઓ દૂર કરી.

પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાના જીવનપ્રસંગોમાં આવી કેટલીય વાતો પ્રસિદ્ધ છે. તે કેટલા અંશે સાચી છે એ તો અનંતજ્ઞાનીઓ જાણે. પરંતુ તેઓશ્રીએ રચેલા વિવિધ ગ્રંથોમાં પોતાના હૃદયના જે ભાવોનું પ્રતિબિંબ સંક્રમાવ્યું છે - એ જોતાં ઉપર જણાવેલી વાતોમાં વિશ્વાસ મૂકવાનું મન થતું નથી. તેઓશ્રીની સર્વતોમુખી પ્રતિભા; નિર્મળ સમ્યગ્દર્શન; સમ્યક્ચારિત્ર પ્રત્યેનો અવિહડ રાગ; શ્રી જિનાજ્ઞા પ્રત્યેનું અસાધારણ સમર્પણ; શ્રી વીતરાગ પરમાત્માના વચન પ્રત્યેનો અદ્ભુત રાગ; પરમતારક શ્રી જિનાગમોનું તલસ્પર્શી પરિશીલન; દેવાધિદેવ શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનની પ્રાપ્તિથી અનુભવેલો સ્વાભાવિક આનંદ... વગેરેના યથાર્થસ્વરૂપે દર્શન કરાવનારા તેઓશ્રીના ગ્રંથોના પરિશીલનથી આત્માને જે આનંદની અનુભૂતિ થાય છે તે વર્ણનાતીત છે. તેઓશ્રી દ્વારા સર્જાયેલા અગાધ સાહિત્યમાંથી આજે જે ભાગ ઉપલબ્ધ છે એ પણ આપણા સૌના પરમપુણ્યોદયનું જ એક ફળ છે. એની પ્રત્યે ઉદાસીનતા બતાવવાનું મુમુક્ષુ આત્માને તો કોઇ પણ રીતે ન પાલવે. ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા સૂરિપુરંદર આચાર્યભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના ગ્રંથો આપણા સુધી પહોંચ્યા એમાં એકમાત્ર પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજનો નિર્મળ પ્રયત્ન કારણ છે. તેઓશ્રીના સમકાલીન શ્રી આનંદઘનજી મહારાજ, મહામહોપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજ; મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજા આદિ અનેક વિદ્વાન શાસ્ત્રકાર પરમર્ષિઓની અપેક્ષાએ પૂજ્યશ્રીની શાસ્ત્રરચના-પદ્ધતિ, પદાર્થના પરમરહસ્યને પ્રાપ્ત કરાવવા માટેનું એક અનોખું વિશિષ્ટ સાધન છે.

શ્રીમદ્ આનંદઘનજી મહારાજની અધ્યાત્મિકતા એ વખતે ખૂબ જ પ્રસિદ્ધ હતી. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાને તેઓશ્રીને મળવાની ઘણી જ ભાવના હતી. એકવાર પૂજ્યશ્રી અધ્યાત્મભાવને ઉદ્દેશી વ્યાખ્યાન કરી રહ્યા હતા, ત્યારે શ્રોતાવર્ગમાં એક વૃદ્ધ સાધુ પણ હતા. વ્યાખ્યાનથી પ્રભાવિત બનેલા એ શ્રોતાવર્ગમાં પેલા વૃદ્ધસાધુના મુખ પર જોઈએ તેવી પ્રસન્નતા ન જણાઇ, ત્યારે પૂ. ઉપાધ્યાયજી મહારાજે તેમને વ્યાખ્યાન કરવા વિનંતી કરી. એ મુજબ ત્રણ કલાક તેઓએ પ્રવચન કર્યું. તેનાથી પ્રભાવિત બની પૂજ્યશ્રીએ તેમને તેમનું નામ પૂછ્યું ત્યારે શ્રીમદ્ આનંદઘનજી મહારાજનો પૂ. ઉપાધ્યાયજી મહારાજને પરિચય થયો. એ વખતે આઠ શ્લોકની અષ્ટપદીથી તેમની સ્તવના કરી હતી. કહેવાય છે કે એ વખતે શ્રીમદ્ આનંદઘનજી મહારાજે પણ એ જ રીતે અષ્ટપદીથી પૂજ્યશ્રીની પણ સ્તવના કરી હતી, પરંતુ એ અષ્ટપદી અત્યારે ઉપલબ્ધ નથી.

શ્રીમદ્ આનંદઘનજી, એ વખતે ખરા અર્થમાં અવધૂત તરીકે પ્રસિદ્ધ હતા. કોઇ કોઇ વાર જ તેઓશ્રી જનસંપર્કમાં આવતા. મોટે ભાગે તેઓ જનસંપર્કથી દૂર રહેતા. તેમની આધ્યાત્મિકતાની સાથે ચમત્કારશક્તિ વગેરે અનેકાનેક સિદ્ધિઓ પણ પ્રસિદ્ધ હતી. કહેવાય છે કે એક વાર રાજાની રાણીને પુત્ર થતો ન હોવાથી રાજાના દુરાગ્રહથી શ્રીમદ્ આનંદઘનજીએ એક તાવીજ બનાવીને રાણીને બાંધવા આપ્યું. યોગાનુયોગ થોડા સમયે રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાજાએ ખુશ થઇને આનંદઘનજી મહારાજને ખબર આપ્યા અને જણાવ્યું કે "આપની કૃપાનું ફળ છે." ત્યારે આનંદઘનજી મહારાજાએ તાવીજ મંગાવીને તેમાંનો કાગળ રાજાને વંચાવ્યો. તેમાં લખ્યું હતું, "રાજાકી રાનીકો લડકા હો યા ન હો ઉસમેં આનંદઘનજી કો ક્યા ?" આ વાંચીને રાજાને આનંદઘનજીની નિસ્પૃહતાની ખાતરી થઇ. શ્રીમદ્ પાસે સુવર્ણસિદ્ધિ હતી. કહેવાય છે કે એ અંગે પૂ. ઉપાધ્યાયજી મહારાજે તેઓશ્રી પાસે પ્રાર્થના કરી હતી. પરંતુ શ્રીમદ્દે વાત ઉડાવી દીધી. એવું પણ કહેવાય છે કે શ્રીમદ્ આનંદઘનજી મહારાજે સુવર્ણસિદ્ધિ આપવા માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજાને પોતાની પાસે બોલાવ્યા હતા. પૂજ્યશ્રીને બોલાવ્યા એટલે તેઓશ્રી આવેલા. આઠ દિવસ સુધી ધીરજ રાખીને કોઇ જ વાત ન કરી પણ ત્યાર બાદ પૂજ્યશ્રીએ પોતાને શા માટે બોલાવ્યો છે– એ પૂછ્યું. ત્યારે શ્રીમદ્ આનંદઘનજી મહારાજે જણાવ્યું કે 'કામ વગર તો નહિ

જ બોલાવ્યા હોય ને ? સુવર્ણસિદ્ધિ આપવાની ભાવનાથી તમોને બોલાવ્યા હતા, પરંતુ હવે ભાવના નથી.' આ પ્રમાણે કહીને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજને તેઓશ્રીએ સુવર્ણસિદ્ધિ આપી નહિ. આ બંને વાતમાં કેટલો અંશ સાચો છે - એ કહેવું શક્ય નથી. પરંતુ મહામહોપાધ્યાયજી મહારાજા પાસે જે સિદ્ધિ હતી તેની આગળ સુવર્ણસિદ્ધિનું કોઇ જ મૂલ્ય નથી. આત્માને પરમાત્મા બનાવી શકે એવા શુદ્ધજ્ઞાનપ્રવાહને વહેવરાવવાનું સામર્થ્ય એ વખતે માત્ર પૂજ્યશ્રીમાં હતું. આજ સુધીમાં પણ આવા સમર્થ ગ્રંથકારપરમર્ષિની પ્રાપ્તિ આપણને થઇ નથી. આજનું વાતાવરણ જોતાં આવા સમર્થ શક્તિસંપન્ન જ્ઞાની ભગવંતોનો ભવિષ્યમાં સુયોગ મળે - એવું પણ જણાતું નથી. કાશીમાં અધ્યયનકાળ દરમ્યાન ગંગાનદીના કિનારે એકવીસ દિવસની સાધના દ્વારા જેઓએ સરસ્વતીદેવીને સિદ્ધ કરી હતી, તેઓશ્રીને સુવર્ણસિદ્ધિ મળે કે ન મળે એથી શો ફરક પડવાનો હતો ? તેઓશ્રીએ સરસ્વતીદેવીની કૃપાથી સર્જેલા ગ્રંથોનું મૂલ્ય સુવર્ણથી પણ વિશેષ છે. પરંતુ ભૌતિક સુંદર સામગ્રીમાં જ શ્રેયઃ સમજનારાઓને એ સમજાવવાનું કોઇ પણ રીતે શક્ય નથી. શ્રી વીતરાગપરમાત્માનું પરમતારક શાસન આવા કોઇ પણ ભૌતિક ચમત્કારોથી પ્રભાવવંતું નથી, પરંતુ તેના લોકોત્તરસ્વરૂપના કારણે જ પ્રભાવવંતું છે. એ લોકોત્તર સ્વરૂપના દર્શન કરાવવાનો પ્રયત્ન કરનારા પરમોપકારી શાસ્ત્રકાર પરમર્ષિઓ જ ખરેખર પરમશાસન પ્રભાવક છે.

અધ્યાત્મસાર; અધ્યાત્મોનિષદ્; અધ્યાત્મમતખંડન; અધ્યાત્મમતપરીક્ષા; નયરહસ્ય; નયપ્રદીપ; નયોપદેશ; ન્યાયાલોક; જૈનતર્કભાષા; જ્ઞાનબિંદુ; ન્યાયખંડનખાદ્ય; માર્ગપરિશુદ્ધિ; ઉપદેશરહસ્ય; વૈરાગ્યકલ્પલતા; દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા; જ્ઞાનસાર; યતિલક્ષણસમુચ્ચય; ગુરુતત્ત્વવિનિશ્ચય; સામાચારી-પ્રકરણ; પ્રતિમાશતક; ભાષારહસ્ય; અધ્યાત્મોપદેશ; સ્યાદ્વાદરહસ્ય; પ્રમાણરહસ્ય; અનેકાન્તવ્યવસ્થા; જ્ઞાનાર્ણવ; ધર્મપરીક્ષા અને પંચનિર્ગ્રન્થી... વગેરે અનેકાનેક ગ્રંથોના સર્જનથી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ આપણી ઉપર ખૂબ ખૂબ અનુગ્રહ કર્યો છે. તેમ જ સ્યાદ્વાદકલ્પલતા, કર્મપ્રકૃતિ, ષોડશકપ્રકરણવૃત્તિ, યોગવિંશિકા, અષ્ટસહસ્રીવિવરણ આદિ અનેક ટીકાગ્રંથોનું સર્જન કરી પૂજ્યશ્રીએ અન્ય શાસ્ત્રકાર પરમર્ષિઓના શાસ્ત્રના પરમાર્થને

આપણા સુધી પહોંચાડ્યો છે. સંસ્કૃત-પ્રાકૃતભાષામાં રચાયેલા અગાધ સાહિત્ય સિવાયનું ગુજરાતી કે હિંદી વગેરે ભાષામાં પૂજ્યશ્રીએ રચેલું સાહિત્ય પણ ખૂબ જ વિશાળ છે. દ્રવ્યગુણપર્યાયનો રાસ, જંબુસ્વામીનો રાસ, સમાધિશતક, સમતાશતક, ૩૫૦, ૧૫૦ અને ૧૨૫ ગાથાનાં સ્તવનો; મૌન એકાદશીનું સ્તવન, ત્રણ ચોવીશી, અઢાર પાપસ્થાનકની સજ્ઝાય, આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય, સમકિતના સડસઠ બોલની સજ્ઝાય, અગિયાર અંગની સજ્ઝાય અને સંયમશ્રેણીની સજ્ઝાય વગેરે અનેક કૃતિઓ દ્વારા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ આગમગ્રંથોના ગૂઢ ભાવોને ખૂબ જ સ્પષ્ટપણે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ બધું સાહિત્ય જોતાં તે વખતના વિદ્વાનવર્ગે પૂજ્યશ્રીને શ્રુતકેવલીની પ્રતીતિ કરાવનારા તરીકે વર્ણવ્યા છે - તે યથાર્થ લાગ્યા વિના નહિ રહે.

આ રીતે ૮૦ વર્ષના પોતાના જીવનનો લગભગ સમગ્ર સમય શ્રુતજ્ઞાનની ઉપાસનામાં વ્યતીત કરનારા પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજા વિ.સં. ૧૭૩૪ના મહા સુદ-૫ ના દિવસે ડભોઇ મુકામે કાળધર્મ પામ્યા. તેઓશ્રીએ આરંભેલી શ્રુતસાધના આ રીતે વિરામ પામી. પૂજ્યશ્રીની અનન્યસાધારણ જ્ઞાનોપાસનાએ દરેક શ્રુતપ્રેમી ભવ્યાત્માઓના હૃદયમાં પૂજ્યશ્રીને પ્રતિષ્ઠિત કર્યા છે. શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનના કોઇ પણ ઉપાસક; પૂજ્યશ્રીને ક્યારે પણ ભૂલી શકશે નહિ. અંતે પૂજ્યપાદશ્રીના અગાધજ્ઞાનપ્રવાહમાં નિમગ્ન બની આપણા આત્માને પરમાત્મા બનાવવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક અભ્યર્થના છે...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

જૈન ઉપાશ્રય
છાપરીયા શેરી, મહીધરપુરા, સુરત.
વિ.સં. ૨૦૫૬, કા.વ. ૫, શનિવાર

## णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ।

**द्वात्रिंशतो वाचकमुख्यजात-द्वात्रिंशिकानां बुधदुर्गमाणाम् ।**
**भवन्तु गम्या अविशालबोधै र्बुद्ध्येति सारार्थमिहातनोमि ।।**

**ऐन्द्रवृन्दविनताङ्घ्रियामलं यामलं जिनपतिं समाश्रिताम् ।**
**योगिनोऽपि विनमन्ति भारतीं भारती मम ददातु सा सदा ।।**

ઇન્દ્રોના સમુદાયથી જેઓશ્રીનાં ચરણયુગલ સારી રીતે નમસ્કૃત થયેલાં છે તે શ્રી જિનેશ્વરદેવને આશ્રયીને રહેલી જેણીને યોગીઓ પણ સારી રીતે નમે છે તે ભારતી-સરસ્વતી મને ભારતી-વાણીને સારી રીતે સદા આપે.

श्रेयोभूतानेकशास्त्रार्थसङ्ग्रहं मनसिकृत्य द्वात्रिंशिकाप्रकरणमारभमाणो ग्रन्थकारो दानधर्मस्य प्राथम्येन परममङ्गलरूपत्वादादौ तद्द्वात्रिंशिकामाह–

કલ્યાણસ્વરૂપ અનેક શાસ્ત્રના અર્થોનો મનમાં સંગ્રહ કરીને દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા પ્રકરણનો પ્રારંભ કરનારા ગ્રંથકાર પરમર્ષિ ચાર પ્રકારના ધર્મમાં પ્રથમ હોવાથી પરમમંગલસ્વરૂપ દાનની બત્રીશી (દ્વાત્રિંશિકા) પ્રથમ કહે છે. અર્થાત્ દાનદ્વાત્રિંશિકાની રચના પ્રથમ કરે છે–

**ऐन्द्रशर्मप्रदं दानमनुकम्पासमन्वितम् ।**
**भक्त्या सुपात्रदानं तु, मोक्षदं देशितं जिनैः ।।१-१।।**

ऐन्द्रेति–अनुकम्पासमन्वितमनुकम्पापूर्वकं दानम्, इन्द्रस्य सम्बन्ध्यैन्द्रं यच्छर्म तत्प्रदम् । सांसारिकसुखान्तरप्रदानोपलक्षणमेतत् स्वेष्टबीजप्रणिधानार्थं चेत्थमुपन्यासः । भक्त्या सुपात्रदानं तु जिनैर्भगवद्भिर्मोक्षदं देशितं, तस्य बोधिप्राप्तिद्वारा भगवत्यां मोक्षफलकत्वाभिधानात् ।।१-१।।

અનુકંપાથી યુક્ત દાન ઇન્દ્રસંબંધી સુખને આપનારું છે. અને ભક્તિપૂર્વક સુપાત્રને અપાતું દાન તો મોક્ષને આપનારું છે - આ પ્રમાણે શ્રી જિનેશ્વર દેવોએ ઉપદેશ્યું છે. આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે; સામાન્યથી અહીં 'દાનદ્વાત્રિંશિકા' (દાન-બત્રીશી)માં અનુકંપાદાન અને

સુપાત્રદાન - આ બે દાનનો વિચાર કર્યો છે. એમાં અનુકંપાપૂર્વક જે દાન છે તેને અનુકંપા-સમન્વિત દાન કહેવાય છે. ઇન્દ્રસંબંધી જે સુખ છે તેને ઐન્દ્રશર્મ કહેવાય છે. અનુકંપાસમન્વિત દાન આપવાથી ઇન્દ્રસંબંધી સુખ પ્રાપ્ત થાય છે. અહીં ઇન્દ્રસંબંધી સુખથી સાંસારિક સુખમાત્રનું ગ્રહણ કરવાનું છે. અનુકંપાદાનથી કોઇ પણ સાંસારિક સુખ પ્રાપ્ત થતું હોય છે. આમ છતાં 'ઐન્દ્રશર્મપ્રદમ્' આ પ્રમાણે નિર્દેશ કરવાનું કારણ એ છે કે ऐं આ, ગ્રંથકારશ્રીનું ઇષ્ટ બીજ છે. તેના પ્રણિધાન માટે તેનો પ્રથમ નિર્દેશ કર્યો છે. અન્યથા આ લોકનાં સાંસારિક સુખોનો પ્રથમ નિર્દેશ કરીને તેનાથી પરલોકસંબંધી ઇન્દ્ર વગેરેના સુખનો સંગ્રહ કર્યો હોત.

ભક્તિથી અપાતું સુપાત્રદાન મોક્ષને આપનારું છે - તેમ શ્રી જિનેશ્વરદેવે વર્ણવ્યું છે. સુપાત્રદાન સમ્યગ્દર્શનની પ્રાપ્તિ દ્વારા મોક્ષફળનું કારણ છે - એ પ્રમાણે શ્રી ભગવતીસૂત્રમાં જણાવ્યું છે. ॥૧-૧॥

અનુકંપા અને ભક્તિના વિષય જણાવાય છે–

**अनुकम्पाऽनुकम्प्ये स्याद्, भक्तिः पात्रे तु सङ्गता ।**
**अन्यथाधीस्तु दातॄणामतिचारप्रसञ्जिका ॥१-२॥**

अनुकम्पेति–अनुकम्पाऽनुकम्प्ये विषये, भक्तिस्तु पात्रे साध्वादौ सङ्गता स्यात् समुचितफलदा स्याद् । अन्यथाधीस्तु अनुकम्प्ये सुपात्रत्वस्य सुपात्रे चानुकम्प्यत्वस्य बुद्धिस्तु दातॄणामतिचारप्रसञ्जिकाऽतिचारापादिका । अत्र यद्यपि सुपात्रत्वधियोऽनुकम्प्येऽसंयतादौ मिथ्यारूपतयाऽतिचारापादकत्वं युज्यते, सुपात्रेऽनुकम्प्यत्वधियस्तु न कथञ्चित्, तत्र ग्लानत्वादिदशायामन्यदाऽपि च स्वेष्टोद्धारप्रतियोगिदुःखाश्रयत्वरूपानुकम्प्यत्वधियः प्रमात्वात्, तथापि स्वापेक्षया हीनत्वे सति स्वेष्टोद्धारप्रतियोगिदुःखाश्रयत्वरूपमनुकम्प्यत्वं तत्राप्रामाणिकमेवेति न दोषः । अपरे त्वाहुः–तत्र प्रागुक्तं निर्विशेषणमनुकम्प्यत्वं प्रतीयमानं साहचर्यादिदोषेण यदा हीनत्वबुद्धिं जनयति तदैवातिचारापादकं नान्यदा, अन्यथाधियो हीनोत्कृष्टयोरुत्कर्षापकर्षबुद्ध्याधानद्वारैव दोषत्वाद् । अत एव न चानुकम्पादानं साधुषु न सम्भवति, "आयरियअणुकंपाए गच्छो अणुकंपिओ महाभागो" इति वचनादित्यष्टकवृत्त्यनुसारेणाचार्यादिष्वप्युत्कृष्टत्वधियोऽप्रतिरोधे-

ऽनुकम्पाऽव्याहतेति । एतन्नये च सुपात्रदानमपि ग्रहीतृदुःखोद्धारोपायत्वेनेष्यमाणमनुकम्पादानमेव, साक्षात्स्वेष्टोपायत्वेनेष्यमाणं चान्यथेति बोध्यम् ।।१-२।।

"અનુકંપ્ય(અનુકંપાપાત્ર)માં અનુકંપા હોય અને સાધુ મહાત્મા વગેરે સત્પાત્રમાં ભક્તિ સંગત છે. આનાથી વિપરીત બુદ્ધિ એટલે અનુકંપ્યને સુપાત્ર માનવાની અને સુપાત્રને અનુકંપ્ય માનવાની બુદ્ધિ દાતાઓને અતિચારનું કારણ બને છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે અનુકંપા કરવા યોગ્યને અનુકંપ્ય કહેવાય છે. અનુકંપ્યમાં અનુકંપ્યત્વનું જ્ઞાન હોય અને તેની અનુકંપા કરાય તો ઉચિત છે. અનુકંપ્યને આપેલું અનુકંપાદાન યોગ્ય છે. આવી જ રીતે પૂ. સાધુભગવંતાદિ ભક્તિ કરવા યોગ્ય હોવાથી સત્પાત્ર છે. એવા સત્પાત્રમાં ભક્તિથી આપેલું સુપાત્રદાન યોગ્ય છે. પરંતુ આનાથી વિપરીત રીતે અનુકંપાપાત્રને સત્પાત્ર અને સત્પાત્રને અનુકંપાપાત્ર માનીને અનુક્રમે ભક્તિપૂર્વક સુપાત્રદાન અને અનુકંપાદાન કરવાથી તે તે પ્રવૃત્તિ દાતાને અતિચારનું કારણ બને છે. ન્યાયની પરિભાષામાં આ વાત સમજાવવી હોય તો; 'સુપાત્રત્વપ્રકારક અનુકંપ્યવિશેષ્યક બુદ્ધિ અને સત્પાત્રવિશેષ્યક અનુકંપ્યત્વપ્રકારક બુદ્ધિથી તે તે બુદ્ધિપૂર્વક અનુક્રમે સુપાત્રદાન કરવાથી અને અનુકંપાદાન કરવાથી અતિચારનું આપાદન થાય છે.' - આ પ્રમાણે સમજાવી શકાય. કહેવાનો આશય એટલો જ છે કે અનુકંપાપાત્રની ભક્તિ ન હોય અને ભક્તિપાત્ર સાધુભગવંતાદિ સ્વરૂપ સત્પાત્રની અનુકંપા ન હોય. અન્યથા એવું કરનારને અતિચાર લાગે છે.

જોકે અનુકંપાપાત્ર અસંયતિ જીવોમાં સુપાત્રત્વની બુદ્ધિ કરવાથી એ બુદ્ધિ મિથ્યા હોવાથી અતિચારનું કારણ બને એ સમજી શકાય છે, પરંતુ સંયતિ એવા સુપાત્રમાં અનુકંપ્યત્વની બુદ્ધિ મિથ્યા ન હોવાથી તેને અતિચારનું કારણ તરીકે માનવાનું કોઈ પણ રીતે ઉચિત નથી. કારણ કે પૂ. સાધુભગવંતો જ્યારે ગ્લાન (બિમાર) હોય અથવા તો વિહારાદિ વખતે ભૂખ્યા તરસ્યા હોય ત્યારે તેઓશ્રીમાં દુઃખ હોય છે. એ દુઃખનો ઉદ્ધાર કરવાની દાતાને ઈચ્છા હોય છે. તેથી સ્વ(દાતા)ને ઈષ્ટ એવા દુઃખોદ્ધારનો પ્રતિયોગી જે દુઃખ છે તેનો આશ્રય પૂ. સાધુ-સાધ્વી વગેરે સત્પાત્ર છે અને તેમાં દુઃખાશ્રયતા રહી છે, તે સ્વરૂપ જ અનુકંપ્યત્વ છે. જેનો ઉદ્ધાર કરવાનો હોય તેને તેનો પ્રતિયોગી કહેવાય છે.

દુઃખના ઉદ્ધારનો પ્રતિયોગી દુઃખ છે. આથી સમજી શકાશે કે પોતાને ઇષ્ટ એવા દુઃખોદ્ધારના પ્રતિયોગી એવા દુઃખના આશ્રય સ્વરૂપ અનુકંપ્ય તો સત્પાત્ર પણ છે. તેથી સત્પાત્રમાં અનુકંપ્યત્વની બુદ્ધિ મિથ્યા નથી, તો સત્પાત્રમાં અનુકંપ્યત્વની બુદ્ધિને અતિચારનું કારણ માનવાનું ઉચિત કઇ રીતે ગણાય ?

તોપણ પૂ. સાધુભગવંતોમાં પોતાની (દાતાની) અપેક્ષાએ હીનત્વ(હલકાપણું) ન હોવાથી **स्वापेक्षया हीनत्वविशिष्टतादृशदुःखाश्रयत्व** સ્વરૂપ અનુકંપ્યત્વ પ્રામાણિક ન હોવાથી કોઇ દોષ નથી. કહેવાનો ભાવ એ છે કે અનુકંપ્ય (અનુકંપાપાત્ર) તેને કહેવાય છે, કે જેમાં પોતાને ઇષ્ટ એવા દુઃખોદ્ધારના પ્રતિયોગી એવા દુઃખનું આશ્રયત્વ હોય અને પોતાની અપેક્ષાએ હીનત્વ પણ હોય. સત્પાત્રમાં તેવા પ્રકારના દુઃખનું આશ્રયત્વ હોવા છતાં દાતાની પોતાની અપેક્ષાએ હીનત્વ નથી. કારણ કે દાતાની અપેક્ષાએ પૂ. સાધુભગવંતાદિ સત્પાત્ર ઊંચા છે, હલકા નથી. તેથી આવા સત્પાત્રમાં ઉપર જણાવ્યા મુજબના અનુકંપ્યત્વની બુદ્ધિ મિથ્યાસ્વરૂપ જ છે. અને આથી જ તે અતિચારનું કારણ બને છે. આથી સ્પષ્ટ છે કે '**अन्यथाधीस्तु दातृणामतिचारप्रसञ्जिका**' - આ પ્રમાણે જણાવવામાં કોઇ દોષ નથી.

બીજા લોકોનું આ વિષયમાં એમ કહેવું છે કે - સામાન્ય રીતે પોતાને ઇષ્ટ એવા દુઃખોદ્ધારના પ્રતિયોગી એવા દુઃખના આશ્રયને જ અનુકંપ્ય કહેવાય છે. એમાં પોતાની અપેક્ષાએ હીનતાનું જ્ઞાન થવું જ જોઇએ - એ જરૂરી નથી. આવા પ્રકારનું અનુકંપ્યત્વનું જ્ઞાન સત્પાત્રમાં થાય તોપણ દોષ નથી. દોષ ત્યારે આવે છે કે જ્યારે સુપાત્ર (સત્પાત્ર) એવા સાધુભગવંતોની સાથે સહવાસાદિ દોષને લઇને તેઓશ્રીમાં હીનત્વની બુદ્ધિને અનુકંપ્યત્વ ઉત્પન્ન કરે; ત્યારે આવી અનુકંપ્યત્વની બુદ્ધિ અતિચારનું કારણ બને છે. જ્યારે અનુકંપ્યત્વબુદ્ધિ હીનત્વની બુદ્ધિને ઉત્પન્ન ન કરે ત્યારે તે અનુકંપ્યત્વની બુદ્ધિ અતિચારનું કારણ બનતી નથી. અન્યથા(મિથ્યા)બુદ્ધિઓ, હીન અને ઉત્કૃષ્ટમાં અનુક્રમે ઉત્કર્ષ(સારાપણું) અને અપકર્ષ(હલકાપણું)ની બુદ્ધિ ઉત્પન્ન કરાવવા દ્વારા જ અતિચાર-સ્વરૂપ દોષનું કારણ બને છે, નહિ તો નથી બનતી.

આથી જ અનુકંપાદાન સાધુમહાત્માઓને અપાતું નથી એવું નથી. અર્થાત્ પૂ. સાધુભગવંતોને વિશે પણ અનુકંપાદાન કરી શકાય છે. કારણ કે

'આચાર્યભગવંતની અનુકંપા કરવાથી સમગ્ર ગચ્છની અનુકંપા થાય છે' - આ પ્રમાણે શાસ્ત્રવચન છે. શ્રી અષ્ટક પ્રકરણની ટીકાના અનુસારે આચાર્ય-ભગવંતાદિને વિશે જો ઉત્કૃષ્ટત્વ(ઉત્કર્ષ)ની બુદ્ધિનો પ્રતિરોધ (પ્રતિબંધ) થયો ન હોય તો પૂ. આચાર્યભગવંતાદિની પણ અનુકંપા કરી શકાય છે, એમાં કોઇ દોષ નથી. આ મતમાં ભક્તિથી કરેલું સુપાત્રદાન પણ; સુપાત્ર(ગ્રહણ કરનાર)ના દુઃખને દૂર કરવાના ઉપાયરૂપે હોય તો અનુકંપાદાનસ્વરૂપ જ છે. પરંતુ એ દાન સાક્ષાત્ પોતાનું (દાતાનું) જે ઇષ્ટ મોક્ષ છે; તેના ઉપાય સ્વરૂપે અપાતું હોય તો સુપાત્રદાન છે.

ગ્રંથકાર પરમર્ષિએ '**स्वापेक्षया हीनत्वे सति स्वेष्टोद्धारप्रतियोगिदुःखाश्रयत्वमनुकम्प्यत्वम्**' - આ પ્રમાણે અનુકમ્પ્યનું સ્વરૂપ જણાવ્યું છે - એ મુજબ પૂ. આચાર્યભગવંતાદિ સુપાત્રની અનુકંપા ન હોય. '**आयरिय-अणुकंपाए गच्छो अणुकंपिओ महाभागो**' આ વચનમાં **अनुकम्पा** શબ્દ ભક્તિસ્વરૂપ અર્થને સમજાવે છે - એ પ્રમાણે શ્રીકલ્પસૂત્રની ટીકામાં મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજાએ જણાવ્યું છે. તેથી જ શ્રીકલ્પસૂત્રમૂળમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્માની અનુકંપાથી હરિણૈગમેષી દેવે ગર્ભસંહરણ કર્યું - આ પ્રમાણે જણાવ્યું છે. ત્યાં પણ અનુકંપાનો અર્થ; શ્રી મહાવીર પરમાત્મા પ્રત્યેની ભક્તિ - આ પ્રમાણે કર્યો છે. ત્યાં ગર્ભનું સંહરણ ભગવાનનું દુઃખ દૂર કરવા માટેનું ન હતું - એ સુપ્રસિદ્ધ છે... ઇત્યાદિ વિચારવાથી સમજી શકાશે કે બીજાઓએ જણાવેલી વાતમાં ગ્રંથકારશ્રીને રુચિ નથી. ॥૧-૨॥

અનુકંપાનું સ્વરૂપ જણાવાય છે—

**तत्राद्या दुःखिनां दुःखोद्दिधीर्षाल्पासुखश्रमात् ।**
**पृथिव्यादौ जिनार्चादौ, यथा तदनुकम्पिनाम् ॥१-३॥**

तत्रेति—तत्र भक्त्यनुकम्पयोर्मध्ये, आद्याऽनुकम्पा, दुःखिनां दुःखार्तानां पुंसां, दुःखोद्दिधीर्षा दुःखोद्धारेच्छा, अल्पानामसुखं यस्मादेतादृशो यः श्रमस्तस्माद् । इत्थं च वस्तुगत्या बलवदनिष्टाननुबन्धी यो दुःखिदुःखोद्धारस्तद्विषयिणी स्वस्येच्छाऽनुकम्पेति फलितम् । उदाहरति—यथा जिनार्चादौ कार्ये पृथिव्यादौ विषये तदनुकम्पिनामित्थम्भूत-भगवत्पूजाप्रदर्शनादिना प्रतिबुद्धाः सन्तः षट्कायान् रक्षन्त्विति परिणामवतामित्यर्थः ।

यद्यपि जिनार्चादिकं भक्त्यनुष्ठानमेव, तथापि तस्य सम्यक्त्वशुद्ध्यर्थत्वात्तस्य चानुकम्पालिङ्गकत्वात्तदर्थकत्वमप्यविरुद्धमेवेति, पञ्चलिङ्ग्यादावित्थं व्यवस्थितेरस्माभिरप्येवमुक्तम् ।।१-३।।

અનુકંપા અને ભક્તિ : એ બેમાં અનુકંપા, દુઃખનો ઉદ્ધાર કરવાની ઈચ્છાને કહેવાય છે. એ ઈચ્છાને પૂર્ણ કરતી વખતે જે પ્રયત્ન કરાય છે તે પ્રયત્ન અલ્પ જીવોને અસુખ થાય એવો હોય છે. દા.ત. શ્રી જિનેશ્વરદેવની પૂજા કરતી વખતે પૃથ્વીકાયિકાદિ જીવોને વિશે તેની અનુકંપા કરનારા જીવો તે જીવોની જેમ અનુકંપા કરે છે; તેમ અહીં પણ સમજવું. "શ્રી જિનેશ્વરદેવની પૂજામાં પૂજા કરનારા; પૃથ્વીકાયાદિ જીવોની જેમ અનુકંપા કરે છે તેમ અલ્પ જીવોને જેનાથી અસુખ થાય છે એવા પ્રયત્નથી દુઃખીઓના દુઃખનો ઉદ્ધાર કરવાની જે ઈચ્છા છે તેને અનુકંપા અને ભક્તિ એ બેમાંથી પહેલી અનુકંપા કહેવાય છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો શબ્દશઃ અર્થ છે.

આશય એ છે કે ભક્તિ અને અનુકંપા - એ બેનું સ્વરૂપ વર્ણવતાં પ્રથમ અનુકંપાનું સ્વરૂપ આ શ્લોકથી વર્ણવ્યું છે. જેનાથી અલ્પ જીવોને અસુખ થાય છે એવા શ્રમ-પ્રયત્નને 'અલ્પાસુખશ્રમ' કહેવાય છે. અસુખ એટલે સુખનો અભાવ. કોઈ પણ જીવને દુઃખ પહોંચાડવાનો પરિણામ ન હોવાથી અને સુખ પ્રાપ્ત કરાવાતું ન હોવાથી અહીં '**असुख**' પદનો પ્રયોગ કર્યો છે. અલ્પ જીવોને અસુખ થાય એવા શ્રમથી દુઃખીના દુઃખને દૂર કરવાની ઈચ્છાને અનુકંપા કહેવાય છે. આથી સમજી શકાશે કે પરમાર્થથી બલવદ્ અનિષ્ટનો અનનુબન્ધી એવો જે દુઃખીના દુઃખનો ઉદ્ધાર; તેની ઈચ્છાને અનુકંપા કહેવાય છે. જે ઈષ્ટની પ્રાપ્તિ પછી નરકાદિ અનિષ્ટની પ્રાપ્તિ થાય છે તે ઈષ્ટને બલવદ્ અનિષ્ટનો અનુબંધી કહેવાય છે. કોઈ પણ ઈષ્ટની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરીએ તો દરેક પ્રવૃત્તિ વખતે શ્રમ વગેરે અનિષ્ટની પ્રાપ્તિ તો થતી જ હોય છે. પરંતુ તે બલવદ્ હોતું નથી. અહીં પણ દુઃખીના દુઃખનો ઉદ્ધાર કરવા સ્વરૂપ ઈષ્ટની પ્રવૃત્તિ વખતે એવું ના બનવું જોઈએ કે જેથી ભવાંતરમાં આપણે દુર્ગતિનાં ભાજન બનવું પડે. એથી જ જણાવ્યું છે કે અલ્પ જીવોને જેથી અસુખ થાય એવા પ્રયત્નથી જ દુઃખીના દુઃખનો ઉદ્ધાર કરવો. જેનાથી ઘણા જીવોને અસુખ થતું હોય એવો પ્રયત્ન બલવદ્ અનિષ્ટનો અનુબંધી બને છે. તેથી તેની

વ્યાવૃત્તિ કરવા શ્લોકમાં '**अल्प**' પદનો પ્રયોગ કર્યો છે. અલ્પ જીવોને થતું અસુખ પણ આમ તો અનિષ્ટ જ છે; પરંતુ બલવદ્ ન હોવાથી બલવદ્ અનિષ્ટનો અનનુબંધી 'અલ્પાસુખશ્રમ' છે.

શ્લોકના "**पृथिव्यादौ...**" આ ઉત્તરાર્દ્ધથી ઉપર જણાવેલી વિગત દૃષ્ટાંતથી સમજાવી છે. એનો આશય એ છે કે; શ્રી જિનેશ્વરદેવની પૂજા કરતી વખતે પૃથ્વીકાય, અપ્કાય... વગેરે જીવોને અસુખ થતું હોય છે. આમ છતાં પૂજા કરનારના મનનો ભાવ એ છે કે આવા પ્રકારની ભગવાન શ્રી જિનેશ્વરદેવની પૂજાનાં દર્શનાદિથી પ્રતિબોધ પામેલા ભવિષ્યમાં છકાય જીવોની રક્ષા કરવાવાળા બને. આ રીતે સર્વ જીવોની રક્ષાના પરિણામ સાથે પૂજા પ્રસંગે થોડા જીવોને અસુખ થાય છે. આવી પૂજા સંબંધી પ્રયત્નવિશેષથી સર્વ જીવોના દુઃખના ઉદ્ધારની ઇચ્છા સ્વરૂપ અનુકંપા ભગવાન શ્રી જિનેશ્વરદેવની પૂજા કરનારા કરે છે.

જોકે શ્રી જિનેશ્વરદેવોની પૂજા એ ભક્ત્યનુષ્ઠાન હોવાથી તેને ઉપર જણાવ્યા મુજબ અનુકંપાપૂર્વકનું અનુકંપાનુષ્ઠાન કહેવાનું ઉચિત નથી, પરંતુ શ્રી જિનેશ્વરદેવની પૂજા સમ્યગ્દર્શનની શુદ્ધિ - નિર્મળતા માટે છે; અને સમ્યગ્દર્શનનું લિંગ (કાર્યસ્વરૂપ લિંગ) અનુકંપા છે. તેથી તે માટે પણ શ્રી જિનપૂજા છે - એમ માનવામાં કોઇ વિરોધ નથી. શ્રી પંચલિંગી વગેરે ગ્રંથમાં એ પ્રમાણે વ્યવસ્થા હોવાથી અમે પણ એ મુજબ કહ્યું છે. ॥૧-૩॥

अल्पासुखश्रमादित्यस्य कृत्यमाह–

અનુકંપાના સ્વરૂપમાં '**अल्पासुखश्रमाद्**' આના ઉલ્લેખનું પ્રયોજન જણાવાય છે–

**स्तोकानामुपकारः स्यादारम्भाद् यत्र भूयसाम् ।**
**तत्रानुकम्पा न मता, यथेष्टापूर्त्तकर्मसु ॥१-४॥**

स्तोकानामिति–स्पष्टः । नवरमिष्टापूर्तस्वरूपमेतद्–"ऋत्विग्भिर्मन्त्रसंस्कारैर्ब्राह्मणानां समक्षतः । अन्तर्वेद्यां हि यद्दत्तमिष्टं तदभिधीयते ॥१॥ वापीकूपतडागानि देवतायतनानि च । अन्नप्रदानमेतत्तु पूर्तं तत्त्वविदो विदुः ॥२॥ इति ॥१-४॥

ગાથાનો અર્થ સ્પષ્ટ છે કે જ્યાં ઘણા જીવોનો આરંભ(હિંસાદિ) થવાથી થોડા જીવોને ઉપકાર થાય છે; ત્યાં ઈષ્ટ અને પૂર્ત્ત કર્મની જેમ અનુકંપા મનાતી નથી. યજ્ઞાદિ અનુષ્ઠાન કરાવનારા ઋત્વિગ્ બ્રાહ્મણો દ્વારા મંત્રાદિસંસ્કારપૂર્વક બ્રાહ્મણો સમક્ષ અંતર્વેદિકામાં જે અપાય છે તે ઈષ્ટ કર્મ છે. અને વાવડીઓ, કૂવા, તળાવ, યક્ષાદિચૈત્યો અને અન્નપ્રદાન : આ બધાને પૂર્ત્ત કર્મ કહેવાય છે.

અહીં સમજી લેવું જોઈએ કે ઈષ્ટ કે પૂર્ત્ત કર્મ સ્થળે નહિ-જેવા થોડા માણસોને દેખીતો (પારમાર્થિક નહિ) લાભ થતો હોય છે; તેથી થોડા લોકો ઉપર ઉપકાર થતો હોય તોપણ મહાઆરંભાદિના કારણે ચિકાર પ્રમાણમાં જીવોની હિંસા વગેરે થાય છે. માટે ઈષ્ટાપૂર્ત્ત-કર્મસ્થળે અનુકમ્પા મનાતી નથી. શ્રી જિનપૂજાદિ વખતે; પૃથ્વીકાયાદિ થોડા જીવો ઉપર અપકાર બાહ્યદષ્ટિએ થવા છતાં ભવિષ્યમાં પૂજાદિનાં દર્શનાદિથી પ્રતિબોધ પામેલા જીવો સકલ જીવોની રક્ષા કરનારા બને, આવી ભાવનાથી ઘણા જીવો ઉપર ઉપકાર થાય છે. તેથી પૂજાદિ અનુષ્ઠાનમાં અનુકંપાનો આશય સ્પષ્ટ છે. ઈષ્ટાપૂર્ત્ત કર્મમાં માત્ર ગણતરીના જ જીવોના પણ લૌકિક લાભનો જ આશય હોવાથી સહેજ પણ અનુકંપા નથી. અહીં યાદ રાખવું જોઈએ કે અનુકંપા પણ લોકોત્તર લાભ (ધર્મ) માટે વિહિત છે. માત્ર ઐહિક લાભના આશયથી કરાતાં અનુષ્ઠાનો અનુકંપાના આશયવાળાં નથી. ઈષ્ટાપૂર્ત્ત કર્મોમાં ગ્રંથકારશ્રીએ સ્પષ્ટપણે અનુકંપાનો અભાવ જણાવ્યો છે, તેથી તેનો ઉપદેશ અપાય નહિ. વાવડીઓ, કૂવા, તળાવ કે સરોવર ખોદાવવાં, યક્ષાદિનાં ચૈત્યો બનાવવાં અને અન્નશાળા વગેરે ખોલાવવી... ઈત્યાદિ પૂર્ત્ત કર્મો છે. નરકાદિ ગતિમાં લઈ જનારાં એ કર્મોનો ઉપદેશ સર્વથા ત્યાજ્ય છે. ॥૧-૪॥

नन्वेवं कारणिकदानशालादिकर्मणोऽप्युच्छेदापत्तिरित्यत आह–

ઉપર જણાવ્યા મુજબ પૂર્ત્તકર્મમાં અનુકંપા મનાતી ન હોય તો દાનશાળાદિ પણ પૂર્ત્ત કર્મ હોવાથી; વિશિષ્ટ કારણે કરાતાં એ કર્મ પણ નહિ કરવાં જોઈએ. એમ થાય તો દાનશાળાદિ કર્મના ઉચ્છેદનો પ્રસંગ આવશે - આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે–

**पुष्टालम्बनमाश्रित्य, दानशालादिकर्म यत् ।**
**तत्तु प्रवचनोन्नत्या, बीजाधानादिभावतः ॥१-५॥**

पुष्टालम्बनमिति–पुष्टालम्बनं सद्भावकारणमाश्रित्य यद्दानशालादिकर्म प्रदेशि-सम्प्रतिराजादीनां, तत्तु प्रवचनस्य प्रशंसादिनोन्नत्या बीजाधानादीनां भावतः सिद्धे-र्लोकानाम् ।।१-५।।

શ્રી તીર્થંકરપરમાત્માના પ્રવચનની પ્રશંસા, સ્તવના વગેરેના કારણે જે ઉન્નતિ થાય છે, તેથી લોકોને સમ્યગ્દર્શનાદિના બીજનું આધાન અને ક્રમે કરી બીજનો પ્રરોહ વગેરે થાય છે, તેથી આવા પુષ્ટ આલંબન સ્વરૂપ સદ્ભાવકારણની અપેક્ષાએ પ્રદેશી કે સમ્પ્રતિ રાજા વગેરેનું દાનશાળા વગેરે કાર્ય હતું. તેથી તેમાં પૂર્ત્તકર્મત્વનો પ્રસંગ નથી. પ્રવચનની ઉન્નતિનો જે સદ્ભાવ છે તે પુષ્ટ આલંબનને આશ્રયીને કરાતાં દાનશાળાદિ કર્મો ઈષ્ટાપૂર્ત્ત નથી. ।।૧-૫।।

પુષ્ટાલંબને કરાતાં દાનશાળાદિ કર્મો ઈષ્ટાપૂર્ત્ત નથી - તેનું કારણ જણાવાય છે–

**बहूनामुपकारेण, नानुकम्पानिमित्तताम् ।**
**अतिक्रामति तेनात्र, मुख्यो हेतुः शुभाशयः ।।१-६।।**

बहूनामिति–ततो निर्वृतिसिद्धेर्बहूनामुपकारेणानुकम्पानिमित्ततां नातिक्रामति । तेन कारणेनात्रानुकम्पोचितफले मुख्यः शुभाशयो हेतुर्दानं तु गौणमेव, वेद्यसंवेद्यपदस्थ एव तादृगाशयपात्रं तादृगाशयानुगम एव च निश्चयतोऽनुकम्पेति फलितम् ।।१-६।।

આશય એ છે કે દાનશાળાદિ કર્મથી પ્રવચનની ઉન્નતિ દ્વારા લોકોને બીજાધાનાદિની સિદ્ધિ થાય છે અને તેથી કાલાંતરે મોક્ષની સિદ્ધિ થાય છે. આ રીતે ઘણા જીવોને ઉપકાર થતો હોવાથી તે દાનશાળાદિ કર્મો અનુકંપાનાં નિમિત્તોનું અતિક્રમણ કરતાં નથી. તેથી અહીં અનુકંપાના ઉચિતફળની પ્રાપ્તિમાં મુખ્ય હેતુ શુભાશય (શુભભાવ સ્વરૂપ પુષ્ટ આલંબન) છે. દાનશાળાદિના નિર્માણથી અપાતું અન્નાદિનું દાન તો ગૌણ કારણ છે. ઉપર જણાવ્યા મુજબનો શાસનોન્નતિનો ભાવ વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ થયા પછી જ આવે છે. મોક્ષ અને સંસારની પ્રાપ્તિના જે હેતુઓ છે તેને યથાર્થપણે જાણવાનું જે આશયવિશેષે બને છે તે આશયવિશેષને વેદ્યસંવેદ્યપદ કહેવાય છે, જેની પ્રાપ્તિ ચોથા ગુણસ્થાનકે અને પાંચમી દૃષ્ટિમાં થાય છે. આવા આશયને અનુસરવાથી જ નિશ્ચયથી અનુકંપાની પ્રાપ્તિ થાય છે. ઈષ્ટ કે પૂર્ત્ત કર્મમાં એનો સંભવ નથી. ।।૧-૬।।

एतदेव नयप्रदर्शनपूर्वं प्रपञ्चयति–

આશયવિશેષથી જ ફલવિશેષની પ્રાપ્તિ થાય છે - આ વાત નયને આશ્રયીને જણાવે છે–

**क्षेत्रादि व्यवहारेण, दृश्यते फलसाधनम् ।**
**निश्चयेन पुनर्भावः, केवलः फलभेदकृत् ।।१-७।।**

क्षेत्रादीति–व्यवहारेण पात्रादिभेदात् फलभेदो, निश्चयेन तु भाववैचित्र्यादेवेति तत्त्वम् ।।१-७।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે વ્યવહારનયને આશ્રયીને ભક્તિપાત્ર અને અનુકંપાપાત્ર - આ પ્રમાણે પાત્રવિશેષાદિને આશ્રયીને; દાનનું ફળવિશેષ પ્રાપ્ત થાય છે. નિશ્ચયનયની અપેક્ષાએ ભાવવિશેષને કારણે જ ફલવિશેષની પ્રાપ્તિ થાય છે. ।।૧-૭।।

कालालम्बनस्य पुष्टत्वं स्पष्टयितुमाह–

ક્ષેત્રાદિવિશેષને આશ્રયીને ફળવિશેષની પ્રાપ્તિ થાય છે - આ પ્રમાણે જે જણાવ્યું છે, ત્યાં કાળની પુષ્ટાલંબનતા (મુખ્યતા) જણાવાય છે–

**कालेऽल्पमपि लाभाय, नाकाले कर्म बह्वपि ।**
**वृष्टौ वृद्धिः कणस्यापि कणकोटि वृथाऽन्यथा ।।१-८।।**

काल इति स्पष्टः ।।१-८।।

કહેવાનો આશય એ છે કે યોગ્ય કાળે(અવસરે) અલ્પ એવું પણ કર્મ, લાભનું કારણ બને છે. પરંતુ અકાળે (અનવસરે) ઘણું પણ કર્મ લાભ માટે થતું નથી. વૃષ્ટિ(વરસાદ) થયે છતે એકાદ કણની કરોડગણી વૃદ્ધિ થાય છે. પરંતુ વરસાદ થયો ન હોય તો પુષ્કળ કણની પણ વૃદ્ધિ થતી નથી - એ સ્પષ્ટપણે સમજી શકાય છે. તેથી કોઈ પણ જાતનું શ્રી જિનપૂજાદિ અનુષ્ઠાન; શાસ્ત્રમાં જણાવેલા તે તે નિયત કાળે જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. અન્યથા તે પ્રમાણે ન કરવાથી તે તે અનુષ્ઠાનો અર્થહીન થશે. ।।૧-૮।।

अवसरानुगुण्येनानुकम्पादानस्य प्राधान्यं भगवद्दृष्टान्तेन समर्थयितुमाह–

અવસરોચિત અનુકંપાદાનના પ્રાધાન્યનું સમર્થન કરવા ભગવાનનું દૃષ્ટાંત જણાવાય છે–

**धर्माङ्गत्वं स्फुटीकर्तुं, दानस्य भगवानपि ।**
**अत एव व्रतं गृह्णन्, ददौ संवत्सरं वसु ॥१-९॥**

धर्माङ्गत्वमिति–अत एव कालेऽल्पस्यापि लाभार्थत्वादेव दानस्यानुकम्पादानस्य धर्माङ्गत्वं स्फुटीकर्तुं भगवानपि व्रतं गृह्णन् संवत्सरं वसु ददौ । ततश्च महता धर्मावसरेऽनुष्ठितं सर्वस्याप्यवस्थौचित्ययोगेन धर्माङ्गमिति स्पष्टीभवतीति भावः । तदाह–"धर्माङ्गख्यापनार्थं च दानस्यापि महामतिः । अवस्थौचित्ययोगेन सर्वस्यैवानुकम्पया ॥१॥" इति ॥१-९॥

યોગ્ય અવસરે અલ્પ પણ કાર્ય લાભ માટે જ થતું હોવાથી અનુકંપાદાન ધર્મનું અંગ છે - એ સ્પષ્ટ કરવા માટે દીક્ષા ગ્રહણ કરતી વખતે ભગવાને પણ એક વર્ષ સુધી સુવર્ણ-મહોરોનું દાન આપ્યું. તેથી ધર્મના અવસરે આદરેલું અનુકંપાદાન બધાને પોતાની અવસ્થાને અનુરૂપ ધર્મનું કારણ બને છે - એ સ્પષ્ટ થાય છે. અષ્ટકપ્રકરણમાં પણ જણાવ્યું છે કે; "બધાને પોતાની અવસ્થા પ્રમાણે અનુકંપાથી કરેલું દાન પણ ધર્મનું કારણ બને છે - એ જણાવવા માટે બુદ્ધિના નિધાન શ્રી તીર્થંકરપરમાત્માએ વાર્ષિકદાન આપ્યું હતું."

આથી સમજી શકાશે કે અનુકંપાદાનનું કેટલું મહત્ત્વ છે. અનુકંપાદાન પણ વિવેકપૂર્વક કરતાં આવડે તો ચોક્કસ જ ધર્મનું અંગ બન્યા વિના નહિ રહે. વર્તમાનમાં સાચું કહીએ તો દાનનું સ્વરૂપ જ બદલાયું છે. અનુકંપાદાન જે આશયથી વિહિત છે તે આશય તો લગભગ લુપ્ત થયો છે. અનુકંપાદાન કરતી વખતે એટલો તો ઉપયોગ રાખવો જ જોઈએ કે એ દાન પૂર્તકર્મ ન બને; પરંતુ ધર્મનું અંગ બને. સર્વથા વિવેક વિના કરાતું એ દાન પૂર્તકર્મનું જ કારણ બનશે. ॥૧-૯॥

नन्वेवं साधोरप्येतदापत्तिरित्यत आह–

ઉપર જણાવ્યા મુજબ અનુકંપાદાન ધર્મનું અંગ બનતું હોવાથી પૂ. સાધુભગવંતોએ પણ તે કરવું જોઈએ - એમ માનવાનો પ્રસંગ આવશે તેથી તેના નિવારણ માટે જણાવાય છે–

**साधुनाऽपि दशाभेदं, प्राप्यैतदनुकम्पया ।**
**दत्तं ज्ञाताद् भगवतो, रङ्कस्येव सुहस्तिना ।।१-१०।।**

साधुनापीति—साधुनापि महाव्रतधारिणापि दशाभेदं प्राप्य पुष्टालम्बनमाश्रित्यै-तद्दानमनुकम्पया दत्तं सुहस्तिनेव रङ्कस्य तदाह—श्रूयते चागमे 'आर्यसुहस्त्याचार्यस्य रङ्कदानमिति' । कुत इत्याह—भगवतः श्रीवर्धमानस्वामिनो ज्ञातात् । तदुक्तम्—"ज्ञापकं चात्र भगवान्निष्क्रान्तोऽपि द्विजन्मने । देवदूष्यं ददद्धीमाननुकम्पाविशेषतः ।।१।।" इति । प्रयोगश्चात्र दशाविशेषे यतेरसंयताय दानमदुष्टम्, अनुकम्पानिमित्तत्वाद्, भगवद्द्विजन्मदानवदित्याहुः ।।१-१०।।

ભગવાન શ્રી વર્ધમાનસ્વામીના દૃષ્ટાંતથી આર્ય શ્રી સુહસ્તિસૂરિ મહારાજાએ રંકને જેમ દાન આપ્યું હતું; તેમ સાધુભગવંતે પણ પુષ્ટ આલંબન સ્વરૂપ દશાવિશેષમાં દાન આપ્યું છે. અર્થાદ્ મહાવ્રતધારી એવા સાધુમહાત્માને પણ પૂર્વે જણાવ્યા મુજબ શાસનની ઉન્નતિ સ્વરૂપ પુષ્ટ આલંબને અનુકંપાદાન કરવામાં દોષ નથી. અનુકંપાદાન; દશાવિશેષમાં દોષાવહ નથી - એ જણાવતાં અષ્ટક પ્રકરણમાં ફરમાવ્યું છે કે "આ વિષયમાં દૃષ્ટાંત સ્વરૂપ ભગવાન છે. સર્વવિરતિધર્મનો સ્વીકાર કર્યા પછી પણ અનુકંપાવિશેષથી ચારજ્ઞાનવાળા પરમાત્માએ બ્રાહ્મણને દેવદૂષ્ય આપ્યું હતું. આ રીતે દેવદૂષ્યને આપનારા ભગવાન શ્રી વર્ધમાનસ્વામી આ વિષયમાં દૃષ્ટાંત સ્વરૂપ છે." આથી સમજી શકાશે કે 'દશાવિશેષમાં સાધુભગવંતોએ કરેલું દાન; દુષ્ટ નથી. કારણ કે તે અનુકંપાનું નિમિત્ત છે, ભગવાને બ્રાહ્મણને આપેલા દાનની જેમ.' - આ પ્રમાણે અનુમાન કરી; દશાવિશેષે કરેલું અનુકંપાદાન દુષ્ટ નથી એનો નિર્ણય કરી શકાય છે. ॥૧-૧૦॥

આ રીતે પુષ્ટ આલંબને પણ પૂ. સાધુભગવંતો અનુકંપાદાન કરે તો અસંયતિને પોષવાના કારણે નરકાદિગતિયોગ્ય કર્મબંધનો પ્રસંગ આવશે - આ શંકા જણાવવાપૂર્વક તેનું સમાધાન કરાય છે—

**न चाधिकरणं ह्येतद्, विशुद्धाशयतो मतम् ।**
**अपि त्वन्यद् गुणस्थानं, गुणान्तरनिबन्धनम् ।।१-११।।**

न चेति–न चैतत्कारणिकं यतिदानमधिकरणं मतम् । अधिक्रियते आत्माऽनेनासंयतसामर्थ्यपोषणत इत्यधिकरणम् । कुत इत्याह–विशुद्धाशयतोऽवस्थौचित्येनाशयविशुद्धेर्भावभेदेन कर्मभेदाद् । अनर्थासम्भवमुक्त्वाऽर्थप्राप्तिमप्याह । 'अपि त्विति' अभ्युच्चये । अन्यदधिकृतगुणस्थानकान्मिथ्यादृष्टित्वादेरपरमविरतसम्यग्दृष्ट्यादिकं गुणानां ज्ञानादीनां स्थानं मतं गुणान्तरस्य सर्वविरत्यादेर्निबन्धनम् ।।१-११।।

'પુષ્ટ આલંબને કરેલું આ અનુકંપાદાન; વિશુદ્ધ આશય હોવાથી અધિકરણરૂપે મનાતું નથી. પરંતુ વર્તમાન ગુણોથી ભિન્ન એવા ગુણોનું સ્થાન મનાય છે; જે ભવિષ્યમાં પ્રાપ્ત થનારા ગુણનું કારણ છે...' આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અક્ષરાર્થ છે.

આશય એ છે કે કોઇ પ્રબળ કારણે પૂ. સાધુભગવંતે કરેલું અનુકંપાદાન અધિકરણ બનતું નથી. અર્થાત્ અસંયતિના સામર્થ્યને (તેને દાન આપવા દ્વારા) પુષ્ટ કરવાથી આત્મા નરકાદિ ગતિનો ભાજન બનતો નથી. કારણ કે પોતાની કક્ષા મુજબ ઉચિત પ્રવૃત્તિનો વિશુદ્ધ આશય છે. એક જ સરખું દેખાતું કર્મ (કાર્ય) પણ ભાવ-આશય જુદો હોવાથી જુદું છે - એ સમજી શકાય છે. તેથી પૂ. સાધુભગવંતે કરેલું અનુકંપાદાન; નરકાદિ ગતિ પ્રાયોગ્ય કર્મબંધના કારણ સ્વરૂપ અધિકરણ તો નથી જ; પરંતુ ગુણાંતરના કારણભૂત અન્ય ગુણોનું સ્થાન છે. આ રીતે પુષ્ટ કારણે કરાતા અનુકંપાદાનમાં અનર્થ નથી - એ જણાવીને અર્થ(ઇષ્ટ)પ્રાપ્તિને જણાવી છે. શ્લોકમાં **अपि तु** શબ્દ અભ્યુચ્ચય અર્થમાં પ્રયુક્ત છે. એક વસ્તુ જણાવ્યા પછી એને જ દૃઢતાપૂર્વક પ્રકારાંતરથી જણાવાય છે, ત્યારે અભ્યુચ્ચય હોય છે. ઉપર જણાવ્યા મુજબ અહીં અનુકંપાદાનમાં અનર્થ નથી - એ જણાવીને અર્થપ્રાપ્તિને જણાવી છે. તેથી એ સૂચિત થાય છે કે કોઇ પણ રીતે અનર્થનું કારણ; એ અનુકંપાદાન નથી.

અહીં અન્યદ્ એટલે મિથ્યાદૃષ્ટિના ગુણસ્થાનક વગેરેથી ભિન્ન અવિરતસમ્યગ્દૃષ્ટિના ગુણસ્થાનકાદિ; તેના જે સમ્યગ્જ્ઞાનાદિ ગુણો તેનું સ્થાન આ અનુકંપાદાન છે; જે, સર્વવિરતિ વગેરે ગુણોનું કારણ છે. કારણ કે ચોથા, પાંચમા ગુણસ્થાનકે રહેલા જીવોને કાલાંતરે છઠ્ઠા, સાતમા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. ।।૧-૧૧।।

नन्वेवं "गिहिणो वेयावडिअं न कुज्जा" इत्याद्यागमविरोध इत्यत आह–

પુષ્ટાલંબને પણ આ રીતે પૂ. સાધુભગવંતો અનુકંપા કરે તો "**गिहिणो वेयावडियं न कुज्जा...**" - અર્થાત્ 'ગૃહસ્થનું વૈયાવૃત્ત્ય ન કરવું...' - આ પ્રમાણેના આગમના વચનનો વિરોધ આવશે... આવી શંકાનું સમાધાન કરાય છે–

**वैयावृत्त्ये गृहस्थानां, निषेधः श्रूयते तु यः ।**
**स औत्सर्गिकतां बिभ्रन्, नैतस्यार्थस्य बाधकः ॥१-१२॥**

वैयावृत्त्य इति–गृहस्थानां वैयावृत्त्ये तु साधोर्यो निषेधः श्रूयते, स औत्सर्गिकतां बिभ्रन्नैतस्यापवादिकस्यार्थस्य बाधकः । अपवादो ह्युत्सर्गं बाधते न तूत्सर्गोऽपवादमिति ॥१-१२॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે ગૃહસ્થોનું વૈયાવૃત્ત્ય કરવાનો પૂ. સાધુભગવંતો માટે શ્રી દશવૈકાલિક વગેરે આગમમાં જે નિષેધ કરાયો છે; તે નિષેધ ઔત્સર્ગિક છે. અને કારણિક અનુકંપાદાન પૂ. સાધુભગવંતો કરે - એ વિધાન આપવાદિક છે. તેથી અપવાદે વિહિત અનુકંપાદાનનો બાધક; ઔત્સર્ગિક વૈયાવૃત્ત્યનિષેધ થઈ શકશે નહિ. કારણ કે અપવાદ ઉત્સર્ગનો બાધ કરે છે, પરંતુ ઉત્સર્ગ અપવાદનો બાધ કરતો નથી... એ સ્પષ્ટ છે. ॥૧-૧૨॥

सूत्रान्तरं समाधत्ते–

આવી જ રીતે 'સૂયગડાંગ' સૂત્રમાં જે જણાવ્યું છે તેનો પણ વિરોધ આવતો નથી તે જણાવાય છે–

**ये तु दानं प्रशंसन्तीत्यादिसूत्रेऽपि सङ्गतः ।**
**विहाय विषयो मृग्यो, दशाभेदं विपश्चिता ॥१-१३॥**

ये त्विति–ये तु दानं प्रशंसन्तीत्यादिसूत्रेऽपि "जे उ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं । जे अ णं पडिसेहंति वित्तिच्छेअं करंति ते ॥१॥" इति सूत्रकृतसूत्रेऽपि दशाभेदं विहाय सङ्गतो युक्तो विषयो विपश्चिता मृग्य ऐदम्पर्यशुद्ध्या विचारणीयः । न तु पदार्थमात्रे मूढतया भाव्यम्, अपुष्टालम्बनविषयतयैवास्योपपादनाद् । आह च–"ये तु दानं प्रशंसन्तीत्यादि सूत्रं तु यत्स्मृतम् । अवस्थाभेदविषयं द्रष्टव्यं तन्महात्मभिः ॥१॥" इति ॥१-१३॥

"જેઓ અનુકંપાદાનને પ્રશંસે છે...' ઇત્યાદિ 'શ્રી સૂત્રકૃતાંગ' માં જે જણાવ્યું છે તે પણ પુષ્ટાલંબન સ્વરૂપ દશાવિશેષને છોડીને અન્ય વિષયમાં હોવાથી તેનો વિષય અન્યત્ર યુક્ત છે તે બુદ્ધિમાને વિચારવું જોઇએ." આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે 'શ્રી સૂત્રકૃતાંગ' સૂત્રમાં જણાવ્યું છે કે, "**जे उ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं । जे अ णं पडिसेहंति वित्तिच्छेअं करंति ते ।।**" અર્થાત્ જેઓ અનુકંપાદાનને; તે કરવું જોઇએ - ઇત્યાદિ રીતે પ્રશંસે છે તેઓ પ્રાણીઓના વધને ઇચ્છે છે. અને જેઓ અનુકંપાદાનનો, તે કરવું ના જોઇએ - ઇત્યાદિ રીતે નિષેધ કરે છે; તેઓ આજીવિકાનો વિચ્છેદ કરે છે. આથી પુષ્ટાલંબને જેઓ અનુકંપાનું દાન કરે છે, તેમને આ રીતે પ્રાણીવધનું પાપ લાગે છે - એમ સ્પષ્ટ રીતે ઉપર જણાવેલા વચનથી જણાય છે. તેથી સૂત્રકૃતાંગ સૂત્રનો વિરોધ આવે છે; પરંતુ એ વચન પણ અપુષ્ટાલંબને જેઓ અનુકંપાદાન કરે છે તેમને ઉદ્દેશીને છે. પુષ્ટાલંબને કરાતા અનુકંપાદાનની ત્યાં વાત નથી. આ પ્રમાણે '**श्रीसूत्रकृतांग**' સૂત્રનો વિષય દશાવિશેષને આશ્રયીને હોવાથી તેનાથી ભિન્ન વિષયમાં તે સૂત્રનો કોઇ વિરોધ નથી... એ પ્રમાણે બુદ્ધિમાન આત્માએ સૂત્રના તાત્પર્યથી વિચારવું જોઇએ. પરંતુ પદાર્થમાત્રમાં મૂઢતા ધારણ કરવી ના જોઇએ. અપુષ્ટાલંબનના વિષયરૂપે જ એ સૂત્રને સંગત કર્યું છે. આથી જ અષ્ટક પ્રકરણમાં ફરમાવ્યું છે કે - **ये तु दानं प्रशंसन्ति** - ઇત્યાદિ જે સૂત્ર આ અનુકંપાદાનના વિષયમાં યાદ કરાય છે તે સૂત્રનો વિષય અવસ્થાવિશેષને આશ્રયીને મહાત્માઓએ જોવો જોઇએ. ॥૧-૧૩॥

पुनः शङ्कते–

પૂ. સાધુભગવંતોને પુણ્યબંધ ઇષ્ટ-ઉપાદેય ન હોવાથી પુણ્યબંધના કારણભૂત એવા અનુકંપાદાનને તેઓ કઇ રીતે કરી શકે, આવી શંકા કરે છે–

**नन्वेवं पुण्यबन्धः स्यात्, साधो र्न च स इष्यते ।**
**पुण्यबन्धान्यपीडाभ्यां, छन्नं भुङ्क्ते यतो यतिः ।।१-१४।।**

नन्विति–नन्वेवमपवादतोऽपि साधोरनुकम्पादानेऽभ्युपगम्यमाने पुण्यबन्धः स्याद्, अनुकम्पायाः सातबन्धहेतुत्वात् । न च स पुण्यबन्ध इष्यते साधोः । यतो यस्माद्यतिः पुण्यबन्धान्यपीडाभ्यां छन्नं भुङ्क्ते ।।१-१४।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે આ રીતે અપવાદથી પણ પૂ. સાધુભગવંતો અનુકંપાદાન કરે તો તેમને પુણ્યબંધનો પ્રસંગ આવશે. કારણ કે અનુકંપાદાનથી પુણ્યબંધ થાય છે. એ પુણ્ય પૂ. સાધુભગવંતને ઇષ્ટ નથી. તેથી તેઓશ્રીએ અપવાદથી પણ અનુકંપાદાન કરવું ના જોઇએ. 'પૂ. સાધુભગવંતોને પુણ્યબંધ ઇષ્ટ નથી એવું નથી.' - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે પૂ. સાધુભગવંતો ગૃહસ્થોથી છાની રીતે જે ગોચરી વાપરે છે તેની પાછળ એ હેતુ રહ્યો છે કે પુણ્યબંધ અને અન્યને પીડા ન થાય.

કહેવાનું તાત્પર્ય એ છે કે પૂ. મુનિભગવંતો ગૃહસ્થથી છાની રીતે ભિક્ષા ન વાપરે અને તેમના દેખતા ગોચરી વાપરે તો કોઇ વાર કોઇ ગૃહસ્થ ખાવાનું માંગે ત્યારે જો પૂ. મુનિભગવંતો તેને તે આપે તો પુણ્યબંધ થાય અને ન આપે તો તેને દુઃખ થાય. તેથી બંને પ્રસંગને દૂર કરવા માટે પૂ. મુનિભગવંતો ગૃહસ્થના દેખતાં ગોચરી વાપરતા નથી. ॥૧-૧૪॥

एतदेव स्पष्टयति–

પુણ્યબંધ અને અન્યપીડનને લઇને પૂ. મુનિભગવંતો પ્રચ્છન્ન રીતે ગોચરી વાપરે છે, તે સ્પષ્ટ કરાય છે–

**दीनादिदाने पुण्यं स्यात्तददाने च पीडनम् ।**
**शक्तौ पीडाऽप्रतीकारे, शास्त्रार्थस्य च बाधनम् ॥१-१५॥**

दीनादीति–प्रकटं भोजने दीनादीनां याचमानानां दाने पुण्यं स्यात् । न चानुकम्पावांस्तेषामदत्त्वा कदापि भोक्तुं शक्तः, अतिधाष्ट्र्यमवलम्ब्य कथञ्चित्तेषामदाने च पीडनं स्यात्तेषां तदानीमप्रीतिरूपं शासनद्वेषात्परत्र च कुगतिसङ्गतिरूपम् । तदप्रीतिदानपरिणामाभावान्न दोषो भविष्यतीत्याशङ्क्याह-शक्तौ सत्यां पीडायाः परदुःखस्याप्रतीकारेऽनुद्धारे च शास्त्रार्थस्य पराप्रीतिपरिहारप्रयत्नप्रतिपादनरूपस्य बाधनं, रागद्वेषयोरिव शक्तिनिगूहनस्यापि चारित्रप्रतिपक्षत्वात् । प्रसिद्धोऽयमर्थः सप्तमाष्टके ॥१-१५॥

"દીન, કૃપણ, અંધ વગેરેને ભોજન વગેરે આપવાથી પુણ્ય બંધાશે. દીનાદિને ભોજનાદિ ન આપીએ તો તેને પીડા થશે. શક્તિ હોવા છતાં પીડાનો પ્રતીકાર ન કરાય તો શાસ્ત્રમાં વિહિત એવા તેનો બાધ થશે." આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે.

તેનો આશય સ્પષ્ટ છે કે; પૂ. સાધુમહાત્માઓ પ્રગટ ભોજન કરે તો જ્યારે દીન વગેરે લોકો માંગે ત્યારે તેમને ભોજનાદિનું દાન કરવાથી પુણ્યબંધ થશે. કારણ કે જેમને અનુકંપાનો પરિણામ છે તેઓ આપ્યા વિના વાપરી શકતા નથી. અત્યંત ધૃષ્ટતાનું આલંબન લઈને જો દીનાદિને દાન આપવામાં ન આવે તો દીનાદિને અપ્રીતિ થાય; શ્રી જૈનશાસન પ્રત્યે દ્વેષ થાય અને પરલોકમાં કુગતિ પ્રાપ્ત થાય; આવા પ્રકારની પીડા, તે દીનાદિને થાય. "દીનાદિને ભોજનાદિ નહિ આપવાનું શાસ્ત્રથી વિહિત છે, તેથી એ મુજબ પૂ. મુનિભગવંતો ભોજનાદિ તેમને આપે નહિ અને તેથી તેમને પીડા થાય - એ વાત સાચી છે. પરંતુ પૂ. સાધુભગવંતોને; દીનાદિને પીડા પહોંચાડવાનો પરિણામ ન હોવાથી તેમને કોઈ દોષ નથી." - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે શક્તિ હોવા છતાં પીડા-પરદુઃખનો ઉદ્ધાર કરવામાં ન આવે તો; 'બીજાની અપ્રીતિના પરિહાર માટે પ્રયત્ન કરવો જોઈએ' - આ શાસ્ત્રાર્થનો બાધ થશે. કારણ કે રાગદ્વેષની જેમ; શક્તિને છુપાવવાનું પણ ચારિત્ર માટે બાધક છે. રાગ અને દ્વેષ જેમ ચારિત્રનો ઘાત કરે છે તેમ શક્તિને છુપાવવાથી પણ ચારિત્રનો ઘાત થાય છે.

આશય એ છે કે શક્તિ હોવા છતાં શ્રી તીર્થંકરપરમાત્માના વચન મુજબ ધર્મ ન કરીએ તો વીર્યાંતરાય કર્મનો બંધ થાય છે, જેના વિપાકમાં આત્માના કોઈ પણ ગુણને પ્રગટ કરવામાં સહેજ પણ ઉલ્લાસ જ આવતો નથી. પરિણામે આત્માને ચારિત્રાદિ કોઈ ગુણની પ્રાપ્તિ થતી નથી. એક રીતે વિચારીએ તો સમજાશે કે મોહનીય વગેરે કર્મમાં અંતરાય કર્મ બહુ જ ખરાબ છે. મોહનીયાદિ કર્મના ક્ષયોપશમની આડે આવનારા વીર્યાંતરાય કર્મના બંધથી સર્વથા દૂર રહેવું જોઈએ. આત્માના અનંતાનંત ગુણોને રોકવાનું કામ આમ જોઈએ તો એકલા વીર્યાંતરાયે કર્યું છે. અનાદિકાળથી ગુણ વગરના તો છીએ જ. પરંતુ જ્યારે ગુણથી પરિપૂર્ણ બનવાની સામગ્રી પૂર્ણતાને પામી હોય ત્યારે આ વીર્યાંતરાયના વિપાકે એ અવસરને તદ્દન અર્થહીન બનાવ્યો છે. શક્તિનું નિગૂહન (છુપાવવું તે) સમગ્ર ગુણોનું આચ્છાદન છે. માટે ગુણના અર્થી જનોએ શક્તિ છુપાવ્યા વિના શક્તિ પ્રમાણે આગમના વચન મુજબ તેના પાલનમાં પ્રયત્નશીલ બનવું જોઈએ... વીર્યાંતરાયકર્મના વિપાકની ભયંકરતા ન સમજાય ત્યાં સુધી ઉપર જણાવેલો અર્થ નહિ સમજાય. જિજ્ઞાસુઓએ અષ્ટક પ્રકરણમાં સાતમા અષ્ટકનું

અધ્યયન કરી લેવું જોઈએ. તે અષ્ટકમાં ઉપર જણાવેલી વાત સ્પષ્ટ કરી છે. ॥૧-૧૫॥

'આ રીતે કારણે દાન આપવાથી; પૂ. સાધુભગવંતોને વિહિત પ્રવૃત્તિના કારણે પુણ્યબંધ થવા છતાં કોઈ દોષ નથી.' - આ પ્રમાણે માનવામાં દૂષણાન્તર જણાવાય છે -

**किं च दानेन भोगाप्तिस्ततो भवपरम्परा ।**
**धर्माधर्मक्षयान्मुक्ति र्मुमुक्षो र्नेष्टमित्यदः ॥१-१६॥**

किं चेति–किं च दानेन हेतुना भोगाप्तिर्भवति ततो भवपरम्परा मोहधारावृद्धेः । तथा धर्माधर्मयोः पुण्यपापयोः क्षयान्मुक्तिः, इति हेतोरदोऽनुकम्पादानं मुमुक्षोर्नेष्टम् ॥१-१६॥

શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કારણે પણ પૂર્વે જણાવ્યા મુજબ પૂ. સાધુમહાત્માઓ અનુકંપાદાન આપે તો તેમને પુણ્યબંધ થવાથી તેના વિપાકથી ભોગની પ્રાપ્તિ થાય; અને તેથી મોહની ધારા વધવાથી ક્રમે કરી ભવની પરંપરા સર્જાય. કારણ કે ધર્માધર્મસ્વરૂપ પુણ્યપાપના ક્ષયથી મુક્તિ થાય છે. તેથી મુક્તિમાં બાધક એવું આ અનુકંપાદાન મુમુક્ષુ એવા પૂ. મુનિભગવંતો માટે ઉચિત નથી - એ સ્પષ્ટ છે. ॥૧-૧૬॥

सिद्धान्तयति–

ઉપર જણાવેલી શંકાનું સમાધાન કરી; 'પૂ. સાધુભગવંતોએ અનુકંપાદાન કારણે કરવું જોઈએ' - એ વાતનું સમર્થન કરાય છે -

**नैवं यत्पुण्यबन्धोऽपि, धर्महेतुः शुभोदयः ।**
**वह्ने र्दाह्यं विनाश्येव, नश्वरत्वात् स्वतो मतः ॥१-१७॥**

नैवमिति–नैवं यथा प्रागुक्तम्, यद्यस्मात्पुण्यबन्धोऽपि शुभोदयः सद्विपाको धर्महेतुर्मतः, तद्धेतुभिरेव दशाविशेषेऽनुषङ्गतः पुण्यानुबन्धिपुण्यसम्भवात् प्राणातिपात-विरमणादौ तथाऽवधारणात् । न चायं मुक्तिपरिपन्थी, दाह्यं विनाश्य वह्नेरिव तस्य पापं विनाश्य स्वतो नश्वरत्वाद् नाशशीलत्वात् । शास्त्रार्थाबाधेन निर्जराप्रतिबन्धकपुण्य-बन्धाभावान्नात्र दोष इति गर्भार्थः ॥१-१७॥

પૂર્વે શંકાકારે જણાવ્યા મુજબ પૂ. સાધુભગવંતોને, કારણે પણ કરાતા અનુકંપાદાનથી જે અનિષ્ટ પુણ્યબંધ થાય છે... ઇત્યાદિ જે વાત છે તે બરાબર નથી. કારણ કે જે પુણ્યબંધ થાય છે; તે પણ શુભના ઉદયવાળો અર્થાત્ સદ્વિપાકવાળો અને ધર્મમાં કારણભૂત છે. અનુકંપાદાનની પ્રવૃત્તિથી જ પુષ્ટાલંબનસ્વરૂપ દશાવિશેષમાં અનુષંગથી પુણ્યાનુબંધી પુણ્યનો સંભવ હોવાથી ભોગાદિની પ્રાપ્તિ થાય છે. પ્રાણાતિપાતવિરમણાદિ સ્વરૂપ મહાવ્રતાદિના પાલનમાં આ રીતે પુણ્યાનુબંધી પુણ્યનો સંભવ માન્યો છે; જે, મોક્ષપ્રાપ્તિમાં વિઘ્નસ્વરૂપ નથી. અગ્નિની જેમ પોતાના દાહ્ય(ઇંધન-બાળવાયોગ્ય)નો નાશ કરી પોતાની મેળે નાશ પામવાના સ્વભાવવાળું તે પુણ્યાનુબંધી પુણ્ય છે. પુણ્યાનુબંધી પુણ્ય; પાપનો નાશ કરી પોતાની મેળે જ નાશ પામે છે. જ્યાં શાસ્ત્ર-પ્રતિપાદિત અર્થનો બાધ-વિરોધ થવાથી નિર્જરાની પ્રત્યે પ્રતિબંધક એવો પુણ્યબંધ થાય છે ત્યાં દોષ છે. દશાવિશેષમાં કરાતા અનુકંપાદાનથી શાસ્ત્રાર્થનો બાધ થતો ન હોવાથી ત્યાં નિર્જરાની પ્રત્યે પ્રતિબંધક એવા પુણ્યનો અભાવ હોવાથી કોઇ દોષ નથી. ॥૧-૧૭॥

આપવાદિક અનુકંપાદાનથી થનારા પુણ્યબંધથી ભોગની પ્રાપ્તિ પણ થતી નથી. અને તેથી ભવપરંપરાનો પ્રસંગ આવતો નથી, એ જણાવાય છે–

**भोगाप्तिरपि नैतस्मादभोगपरिणामतः ।**
**मन्त्रितं श्रद्धया पुंसां, जलमप्यमृतायते ॥१-१८॥**

भोगाप्तिरिति–भोगप्राप्तिरपि नैतस्मादापवादिकादनुकम्पादानाद् । अभोगपरिणामतो भोगानुभवोपनायकाध्यवसायाभावात् । दृष्टान्तमाह-मन्त्रितं जलमपि पुंसां श्रद्धया भक्त्या अमृतायतेऽमृतकार्यकारि भवति । एवं हि भोगहेतोरप्यात्राध्यवसाय-विशेषाद्भोगानुपनतिरुपपद्यत इति भावः ॥१-१८॥

આશય એ છે કે કારણે (અપવાદે) કરાતા અનુકંપાદાન વખતે તેનાથી પ્રાપ્ત થનારા પુણ્યાનુબંધી એવા પુણ્યથી મળેલી ભોગસામગ્રીનો ભોગ કરવાનો પરિણામ - અધ્યવસાય ન હોવાથી ખરી રીતે ભોગની પ્રાપ્તિ વગેરે થતી નથી. મંત્રેલું જળ પણ શ્રદ્ધાને લઇને જીવોને અમૃતનું કાર્ય કરી આપનારું બને છે; તેમ અહીં પુષ્ટાલંબને કરેલું અનુકંપાદાન ભોગનું કારણ હોવા છતાં ભોગનો

પરિણામ ન હોવાથી ભોગની પ્રાપ્તિ થતી નથી. આથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે શાસનની પ્રભાવના વગેરે પુષ્ટ આલંબનને લઈને અનુકંપાદાન કરવાથી પૂ. સાધુભગવંતોને કોઈ દોષની પ્રાપ્તિ થતી નથી.

અહીં યાદ રાખવું જોઈએ કે ઉપર જણાવેલી વાતને અનુલક્ષી દરેક સાધુ-સાધ્વીને એવી અનુમતિ અપવાદે પણ નથી. પૂ. ગીતાર્થ સાધુમહાત્માને જ એવો વિશિષ્ટ અધિકાર છે. શાસનપ્રભાવનાના યથાર્થ અર્થનો જેને સહેજ પણ ખ્યાલ નથી એવા લોકોને એવી આપવાદિક પ્રવૃત્તિ કરવાનો કોઈ જ અધિકાર નથી. શાસનની આરાધના અને શાસનની પ્રભાવના : એ બંનેનો પરમાર્થ સમજાય તો ચોક્કસ જ વિવેકપૂર્વક વર્તી શકાશે. આજની અનુકંપાદાનની પ્રવૃત્તિ ખૂબ જ વિચિત્ર છે. શાસ્ત્રીય રીતે વિચારીએ તો સમજાશે કે આજની અનુકંપાદાનની પ્રવૃત્તિને અનુકંપાદાન તરીકે વર્ણવી શકાય એવું નથી. સામા જીવના માત્ર દુ:ખનો ઉદ્ધાર કરવાની ભાવનાથી જ શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ અનુકંપાદાન વિવેકપૂર્વક કરવાનું છે. એના બદલે મોટા ભાગે સામા જીવ ઉપર ઉપકાર કરવાની ભાવનાથી અનુકંપાદાન થવા માંડ્યું છે. આવી તો કંઈકેટલી ય વિકૃતિઓ અનુકંપાદાનની પ્રવૃત્તિમાં પ્રવેશી છે. આત્માર્થી જનોએ પૂ. ગીતાર્થ ગુરુભગવંત પાસેથી એ જાણી લેવી જોઈએ. ॥૧-૧૮॥

नन्विदं हरिभद्रसम्मत्या भवद्भिर्व्यवस्थाप्यते तेनैव चाभिनिविश्योक्तमित्याशङ्क्याह—

અહીં કારણવિશેષમાં પૂ. સાધુભગવંતો અનુકંપાદાન કરે - એ વાતનું સમર્થન; પૂજ્યપાદશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાના અષ્ટકપ્રકરણનાં વચનોથી કરાયું છે. પરંતુ તેઓશ્રીએ પોતાની અનુકંપાદાન આપવાની પ્રવૃત્તિના સમર્થન માટે અભિનિવેશ(કદાગ્રહ)થી અષ્ટક પ્રકરણમાં એ પ્રમાણે જણાવ્યું છે, તેથી તે પ્રમાણભૂત ન મનાય-આ પ્રમાણે શંકા કરીને સમાધાન કરાય છે—

**न च स्वदानपोषार्थमुक्तमेतदपेशलम् ।**
**हरिभद्रो ह्यदोऽभाणीद्, यतः संविग्नपाक्षिकः ॥१-१९॥**

न चेति - न च स्वदानस्य स्वीयासंयतदानस्य पोषार्थं समर्थनार्थमुक्तमेतदपेशलमसुन्दरम् । यतो यस्मात् संविग्नपाक्षिको हरिभद्रोऽदः प्रागुक्तं हि निश्चितमभाणीत् । न

हि संविग्नपाक्षिकोऽनृतं ब्रूते । तदुक्तं सप्तविंशतितमाष्टकविवरणे–"स्वकीयासंयतदानसमर्थनागर्भार्थकमिदं प्रकरणं सूरिणा कृतमिति केचित्कल्पयन्ति । हरिभद्राचार्यो हि भोजनकाले शङ्खवादनपूर्वकमर्थिभ्यो भोजनं दापितवानिति श्रूयते । न चैतत्सम्भाव्यते, संविग्नपाक्षिको ह्यसौ, न च संविग्नस्य तत्पाक्षिकस्य वाऽनागमिकार्थोपदेशः सम्भवति, तत्त्वहानिप्रसङ्गाद् । आह च–"संविग्गोऽणुवएसं ण देइ दुब्भासिअं कडुविवागं । जाणंतो तम्मि तहा अतहक्कारो उ मिच्छत्तं ॥१॥" इति ॥१-१९॥

"પોતાની અનુકંપાદાનની પ્રવૃત્તિના સમર્થન માટે પૂ.આ.ભ. શ્રી હરિભદ્રસૂરિમહારાજાએ એ (પૂ. સાધુભગવંતોએ કારણે અનુકંપાદાન કરવું જોઇએ - એ) જણાવ્યું છે માટે તે ઉચિત નથી - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ; કારણ કે એ વાત સંવિગ્નપાક્ષિક એવા પૂ. શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ નિશ્ચિતપણે જણાવી છે." આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે પોતાની અસંયતને દાન આપવાની જે પ્રવૃત્તિ હતી; તેના સમર્થન માટે 'શ્રી અષ્ટક પ્રકરણ'માં ગ્રંથકાર પરમર્ષિશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'કારણે પૂ. સાધુભગવંતો અનુકંપાદાન કરી શકે'... વગેરે જણાવ્યું છે, માટે તે સુંદર નથી - આ પ્રમાણે શંકા કરનારાનું કહેવું છે. એના સમાધાનમાં અહીં જણાવ્યું છે કે; એ શંકા બરાબર નથી. કારણ કે શ્રી અષ્ટક પ્રકરણના રચયિતા શ્રી હરિભદ્રસૂરિ મહારાજા સંવિગ્નપાક્ષિક હતા. નિશ્ચિત રીતે તેઓશ્રીએ જણાવેલી એ વાત સર્વથા સાચી છે. કારણ કે સંવિગ્નપાક્ષિક અસત્ય બોલતા નથી.

એ જ વાત સત્તાવીશમા અષ્ટકના વિવરણમાં જણાવી છે. પોતાની અસંયતને દાન આપવાની પ્રવૃત્તિના સમર્થન માટે આ અષ્ટક છે - એમ કેટલાક લોકો માને છે. ભોજનકાળે પૂ.આ.ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા શંખ વગાડવા પૂર્વક અર્થીઓને દાન અપાવતા હતા એમ કહેવાય છે. પરંતુ આ સંભવિત નથી. કારણ કે ગ્રંથકારશ્રી સંવિગ્નપાક્ષિક હતા. જે સંવિગ્ન અથવા સંવિગ્નપાક્ષિક હોય છે તેઓશ્રી આગમવિરુદ્ધ (અનાગમિક) અર્થનો ઉપદેશ આપતા નથી. કારણ કે આગમબાહ્ય અર્થના ઉપદેશથી સંવિગ્ન અથવા સંવિગ્નપાક્ષિકનું સ્વરૂપ જ રહેતું નથી, તેની હાનિ થાય છે. આથી કહ્યું છે કે આગમથી વિરુદ્ધ એવા અર્થનો ઉપદેશ; પરમાર્થથી અનુપદેશ છે. અનુપદેશ દુષ્ટવચન સ્વરૂપ છે અને

ભવાંતરે તે કડવા વિપાકને આપનારો છે - એમ જાણતા હોવાથી સંવિગ્ન કે સંવિગ્નપાક્ષિકો અનુપદેશ આપતા નથી. તેમના વચનમાં તથાકાર (સ્વીકાર) કરવો જોઇએ. એ મુજબ ન કરીએ તો અતથાકાર મિથ્યાત્વસ્વરૂપ છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. ॥૧-૧૯॥

અનુકંપાદાનનું સ્વરૂપ વર્ણવીને હવે સુપાત્રદાનનું સ્વરૂપ વર્ણવાય છે–

**भक्तिस्तु भवनिस्तारवाञ्छा स्वस्य सुपात्रतः ।**
**तया दत्तं सुपात्राय, बहुकर्मक्षयक्षमम् ॥१-२०॥**

भक्तिस्त्विति - भक्तिस्तु स्वस्य सुपात्रतो भवनिस्तारवाञ्छा । आराध्यत्वेन ज्ञानं भक्तिः, आराधना च गौरवितप्रीतिहेतुः क्रिया गौरवितसेवा चेत्येतदपि फलतो नैतल्लक्षण-मतिशेते । तया भक्त्या सुपात्राय दत्तं बहुकर्मक्षये क्षमं समर्थं भवति ॥१-२०॥

"પોતાને સુપાત્રથી (અર્થાત્ સુપાત્રને દાન આપવા વગેરેથી) ભવથી પાર પામવાની જે ઇચ્છા છે તેને ભક્તિ કહેવાય છે. એ ભક્તિપૂર્વક સુપાત્રમાં આપેલું દાન; ઘણાં કર્મોનો ક્ષય કરવા સમર્થ બને છે." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે સુપાત્ર પૂ. સાધુભગવંતાદિને દાન આપીને પોતાને સંસારથી નિસ્તાર પામવાની ઇચ્છાને ભક્તિ કહેવાય છે. 'આ ગ્રહણ કરો અને મને સંસારથી પાર ઉતારો' - આવી ભાવનાપૂર્વક દાન આપવાથી ભક્તિપૂર્વક સુપાત્રદાન થાય છે.

આરાધ્યસ્વરૂપે સુપાત્રાદિના જ્ઞાનને પણ ભક્તિ કહેવાય છે. 'આ મારા આરાધ્યઆરાધનીય છે' આવા પ્રકારના જ્ઞાનને ભક્તિ કહેવાય છે. કહેવાનો આશય એ છે કે સુપાત્રને આરાધ્ય માનવાનો પરિણામ જ ભક્તિ છે. આરાધનાના વિષયને આરાધ્ય કહેવાય છે. ગૌરવાન્વિત સુપાત્ર એવા પૂ. સાધુમહાત્માદિની પ્રીતિની કારણભૂત એવી દાનાદિ ક્રિયાને આરાધના કહેવાય છે. દાનાદિ ક્રિયાથી જોકે પૂ. સાધુભગવંતાદિને તેઓ રાગાધીન ન હોવાથી કોઇ પણ રીતે પ્રીતિનો સંભવ નથી. પરંતુ અહીં ગૌરવિત પૂ. સાધુભગવંતાદિની, દાનાદિ ક્રિયા સ્વરૂપ જે સેવા છે તેને આરાધના કહેવાય છે, તેથી કોઇ દોષ નથી.

મૂળ શ્લોકમાં ભવનિસ્તારની ઇચ્છાને ભક્તિ કહી છે અને ટીકામાં જ્ઞાનવિશેષને ભક્તિ તરીકે વર્ણવ્યું છે. આમ જોઇએ તો બંનેમાં ફરક છે. પરંતુ

તાદૃશ ઈચ્છા કે તાદૃશજ્ઞાન સ્વરૂપ ભક્તિથી ભવનિસ્તારસ્વરૂપ ફળ પ્રાપ્ત થતું હોવાથી ફળને આશ્રયીને ભક્તિના સ્વરૂપમાં કોઈ જ ફરક નથી. જેનું ફળ એક - તુલ્ય - છે; તે કારણમાં ફળને આશ્રયીને ભેદ માનવાનું કોઈ કારણ નથી... તે સમજી શકાય છે. આવી ભક્તિથી સુપાત્રમાં આપેલું દાન; ઘણાં કર્મોનો ક્ષય કરવા માટે સમર્થ બને છે. ગૃહસ્થજીવનમાં સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ માટે સુપાત્રદાન જેવું કોઈ ઉત્તમ સાધન નથી. ખૂબ જ સરળતાથી સેવી શકાય એવું એ અદ્ભુત સાધન છે. સુપાત્રદાનમાં કઈ વસ્તુ અપાય છે એનું મહત્ત્વ નથી પરંતુ કેવી ભક્તિથી અપાય છે એનું મહત્ત્વ છે. વસ્તુ ઉત્તમમાં ઉત્તમ હોય પરંતુ ભવનિસ્તારની ભાવના ન હોય તો તેવા સુપાત્રદાનથી કોઈ વિશેષ લાભ નહિ થાય. 'આપીને છૂટા નથી થવું પણ આપીને મુક્ત થવું છે' - આવી ભાવના કેળવ્યા વિના સુપાત્રદાન સારી રીતે કરી શકાશે નહિ. ॥૧-૨૦॥

तथाहि–

સુપાત્રદાનનું પરિશુદ્ધ સ્વરૂપ સમજાવાય છે–

**पात्रदानचतुर्भङ्ग्यामाद्यः संशुद्ध इष्यते ।**
**द्वितीये भजना शेषावनिष्टफलदौ मतौ ॥१-२१॥**

पात्रेति–पात्रदानविषयिणी या चतुर्भङ्गी-संयताय शुद्धदानं, संयतायाशुद्धदानम्, असंयताय शुद्धदानम्, असंयतायाशुद्धदानम्, इत्यभिलापाः । तस्यामाद्यो भङ्गः सम्यगतिशयेन शुद्ध इष्यते, निर्जराया एव जनकत्वात् । द्वितीयभङ्गे कालादिभेदेन फलभावाभावाभ्यां भजना विकल्पात्मिका । शेषौ तृतीयचतुर्थभङ्गौ अनिष्टफलदौ एकान्तकर्मबन्धहेतुत्वान्मतौ ॥१-२१॥

"સુપાત્રદાનને આશ્રયીને ચાર ભાંગા (વિકલ્પ-પ્રકાર) થાય છે. તેમાં પ્રથમ ભાંગો શુદ્ધ છે. બીજો ભાંગો કોઈ વાર શુદ્ધ અને કોઈવાર અશુદ્ધ (ફળની પ્રત્યે અપ્રયોજક) મનાય છે. બાકીના બે ભાંગા અનિષ્ટ ફળને આપનારા છે." આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે સંયત(સુપાત્ર)ને શુદ્ધદાન આપવું; સંયતને અશુદ્ધદાન આપવું; અસંયતને શુદ્ધદાન આપવું અને અસંયતને અશુદ્ધદાન આપવું. આ રીતે પાત્રદાન(સુપાત્રદાનને આશ્રયીને)ના વિષયમાં ચાર ભાંગા થાય છે.

આમાંનો પ્રથમ ભંગ (સંયતને શુદ્ધદાન) અત્યંત શુદ્ધ છે; કારણ કે તે નિર્જરાને જ કરાવે છે. સામે સુપાત્ર હોય અને આપવાની વસ્તુ નિરવદ્ય (અચિત્ત) એષણીય (પૂ. સાધુમહાત્માને ચાલે એવી) અને કલ્પ્ય (બેતાળીસ દોષથી રહિત) હોય; આવા વખતે ભક્તિપૂર્વક જે સુપાત્રદાન થાય તે ખૂબ ખૂબ નિર્જરાનું કારણ બને - એ સમજી શકાય છે. જોકે આ રીતે સંયતાત્માને શુદ્ધદાન આપવાનું એટલું સહેલું નથી. હૃદયની અતિશય ઉદારતા હોય તો શુદ્ધ વસ્તુનું દાન કરી શકાય. શુદ્ધ વસ્તુ કોઇ વાર હોય તો તે વખતે સંયતાત્માનો યોગ મળી જ જાય એવું કોઇ વાર જ બને. સંયતાત્માનો યોગ મળે ત્યારે શુદ્ધ વસ્તુ તૈયાર કરવા બેસીએ તો કોઇવાર કોઇને કોઇ દોષ લાગી જાય એવું બને. તેથી સદાને માટે શુદ્ધ દ્રવ્ય આપણી પાસે હોય તો સુપાત્રદાન શુદ્ધ થાય. પરંતુ એ માટે હૈયાની ઉદારતા ઠીક ઠીક પ્રમાણમાં હોવી જોઇએ. શ્રી શાલિભદ્રજીના જીવે અને શ્રીગુણસાર શ્રેષ્ઠી વગેરે પુણ્યાત્માઓએ કરેલા સુપાત્રદાનને નિરંતર યાદ રાખવાથી સુપાત્રદાનના પ્રથમ ભંગની સંશુદ્ધતા બરાબર સમજાશે. સંયોગો મુજબ મર્યાદાનું પાલન કરવાના બદલે મર્યાદાના પાલન માટે સંયોગો ઊભા કરવાથી જ પરમપદે પહોંચવાનું શક્ય બનશે. અન્યથા કોઇ પણ રીતે પરમપદે નહિ પહોંચાય. સુપાત્રને શુદ્ધદાન આપવા માટે શુદ્ધ દ્રવ્ય અને સુપાત્ર બંનેની અપેક્ષા છે. ગમે તે આપવાથી અને ગમે તેને આપવાથી સુપાત્રદાન વિશુદ્ધ થતું નથી - એ યાદ રાખવું જોઇએ.

સંયતાત્માને અશુદ્ધદાન આપવાથી કાલાદિની અપેક્ષાએ નિર્જરારૂપ ફળ મળે અથવા ન પણ મળે તેથી આ બીજા ભાંગામાં વૈકલ્પિક શુદ્ધતા છે. આશય એ છે કે દુષ્કાળ વગેરેના કાળને કારણે, અથવા તો વિશિષ્ટ દ્રવ્યના કારણે, અટવી વગેરે ક્ષેત્રના કારણે કે રોગાદિભાવના કારણે સંયતાત્માને કોઇ વાર અશુદ્ધ દાન આપવાનો પ્રસંગ આવે તો એવા દાનથી કર્મનિર્જરાસ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. પરંતુ દુષ્કાળસ્વરૂપ કાલાદિનું કોઇ કારણ ન હોય અને સંયમાત્માને અશુદ્ધદાન અપાય તો તેથી નિર્જરાસ્વરૂપ ફળની પ્રાપ્તિ થતી નથી. આ રીતે સંયતાત્માને અશુદ્ધદાન આપવાથી કાલાદિ કારણની અપેક્ષાએ અને કાલાદિ કારણના અભાવની અપેક્ષાએ નિર્જરા સ્વરૂપ ફળની પ્રાપ્તિ અને તેનો અભાવ હોવાથી બીજા ભાંગામાં ફળને આશ્રયીને વિકલ્પાત્મક ભજના છે.

અસંયતને શુદ્ધદાન આપવા સ્વરૂપ ત્રીજો ભાંગો અને અસંયતને અશુદ્ધદાન આપવા સ્વરૂપ ચોથો ભાંગો - આ બંને ભાંગા તો અનિષ્ટ ફળને જ આપનારા છે; કારણ કે અસંયતને શુદ્ધ કે અશુદ્ધ દાન આપવાથી એકાંતે કર્મબંધ થાય છે - એમ મનાય છે. ॥૧-૨૧॥

સુપાત્રદાનના પ્રથમ ભાંગાની શુદ્ધિ જણાવાય છે–

**शुद्धं दत्त्वा सुपात्राय, सानुबन्धशुभार्जनात् ।**
**सानुबन्धं न बध्नाति, पापं बद्धं च मुञ्चति ॥१-२२॥**

शुद्धमिति–सुपात्राय प्रतिहतप्रत्याख्यातपापकर्मणे शुद्धमन्नादिकं दत्त्वा सानुबन्धस्य पुण्यानुबन्धिनः शुभस्य पुण्यस्यार्जनात् सानुबन्धमनुबन्धसहितं पापं न बध्नाति । बद्धं च पूर्वं पापं मुञ्चति त्यजति । इत्थं च पापनिवृत्तौ प्रयाणभङ्गाप्रयोजकपुण्येन मोक्षसौलभ्यमावेदितं भवति ॥१-२२॥

"સુપાત્રને શુદ્ધદાન આપ્યા પછી અનુબંધસહિત શુભપુણ્યનું ઉપાર્જન થતું હોવાથી અનુબંધસહિત પાપનો બંધ થતો નથી અને પૂર્વે બંધાયેલાં પાપથી મુક્ત થવાય છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. આશય ખૂબ જ સ્પષ્ટ છે કે - જેઓએ ભૂતકાળમાં કરેલાં પાપકર્મની આલોચનાદિ દ્વારા તેનો ક્ષય કર્યો છે અને ભવિષ્યમાં તે પાપકર્મ નહિ કરવાની પ્રતિજ્ઞા કરી છે એવા સંયતાત્માને શુદ્ધ અન્ન, વસ્ત્ર વગેરે આપવાથી સાનુબંધ-પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન થાય છે. તેથી પાપાનુબંધી પાપનો બંધ દાતાને થતો નથી; અને સુપાત્રદાનને કરનારો પૂર્વે બંધાયેલાં પાપથી મુક્ત બને છે. આ રીતે ક્રમે કરી તે તે પાપની નિવૃત્તિ થયે છતે મોક્ષમાર્ગ તરફના પ્રયાણનો ભંગ કરનાર પુણ્ય ન હોવાથી મોક્ષની પ્રાપ્તિ સુલભ બને છે. કારણ કે અહીં જે પુણ્ય છે તે મોક્ષ તરફના પ્રયાણનો ભંગ કરનારું નથી. ॥૧-૨૨॥

સંયતોને અશુદ્ધ વસ્તુનું દાન આપવા સ્વરૂપ બીજા ભાંગામાં ફળની વૈકલ્પિકતા જણાવાય છે–

**भवेत् पात्रविशेषे वा, कारणे वा तथाविधे ।**
**अशुद्धस्याऽपि दानं हि, द्वयोर्लाभाय नान्यथा ॥१-२३॥**

भवेदिति–पात्रविशेषे वा आगमाभिहितस्वरूपक्षपकादिरूपे, कारणे वा तथाविधे दुर्भिक्षदीर्घाध्वग्लानत्वादिरूपे आगाढे, अशुद्धस्यापि दानं हि सुपात्राय द्वयोर्दातृग्रहीत्रोर्लाभाय भवेद्, दातुर्विवेकशुद्धान्तःकरणत्वाद्, ग्रहीतुश्च गीतार्थादिपदवत्त्वात् । नान्यथा पात्रविशेषस्य कारणविशेषस्य वा विरहे ॥१-२३॥

"સુપાત્રવિશેષમાં અથવા તેવા પ્રકારના કારણવિશેષે અશુદ્ધ એવું પણ દાન બંનેના (લેનાર અને આપનારના) લાભ માટે થાય છે. અન્યથા અશુદ્ધદાન લાભ માટે થતું નથી." - આ પ્રમાણે ત્રેવીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આગમમાં જણાવ્યા મુજબ પૂ. ગીતાર્થ અભ્યસ્તયોગી વગેરે વિશિષ્ટ મહાત્માને અશુદ્ધ આહારનું પ્રદાન કરવાથી તેમ જ પૂર્વે જણાવ્યા મુજબ દુષ્કાળ, અટવી વગેરેનું ઉલ્લંઘન અને રોગ વગેરે કારણે મહાત્માને અશુદ્ધ આહારાદિનું પ્રદાન કરવાથી મહાત્મા અને દાન આપનાર ગૃહસ્થ - એ બંનેને લાભ થાય છે. કારણ કે દાન આપનાર ગૃહસ્થ વિવેકથી શુદ્ધ અંતઃકરણવાળો છે; અને મહાત્મા ગીતાર્થાદિપદના સ્વામી છે. અન્યથા સુપાત્ર ગીતાર્થ ન હોય અથવા તો દુષ્કાળાદિ કારણ ન હોય તો સંયતાત્માને અશુદ્ધદાન આપવાથી લેનાર અને આપનાર બંનેને લાભ થતો નથી. ॥૧-૨૩॥

नन्वेवं संयतायाशुद्धदाने फले द्वयोर्भवतु भजना, दातुर्बहुतरनिर्जराऽल्पतरपापकर्मबन्धभागित्वं तु भगवत्युक्तं कथमपवादादावपि भावशुद्ध्या फलाविशेषादित्यत आह–

ઉપર જણાવ્યા મુજબ સંયતને અશુદ્ધદાન આપવાથી ફળની પ્રાપ્તિ થાય અથવા ન પણ થાય - એ બરાબર છે. પરંતુ સંયતને અશુદ્ધદાન આપવાથી દાતાને કર્મનિર્જરા ઘણી થાય છે અને પાપબંધ ખૂબ જ અલ્પ થાય છે - આ પ્રમાણે જે ભગવતીસૂત્રમાં લખ્યું છે તે કઈ રીતે સંગત થાય ? કારણ કે અપવાદથી પણ અશુદ્ધદાન આપવાથી; આજ્ઞાપાલનનો ભાવ હોવાના કારણે ફળમાં ફરક પડતો નથી - આ શંકાના સમાધાન માટે જણાવાય છે–

**अथवा यो गृही मुग्धो, लुब्धकज्ञातभावितः ।**
**तस्य तत्स्वल्पबन्धाय, बहुनिर्जरणाय च ॥१-२४॥**

अथवेति–अथवा पक्षान्तरे । यो गृही मुग्धोऽसत्शास्त्रार्थो लुब्धकज्ञातेन मृगेषु लुब्धकानामिव साधुषु श्राद्धानां यथाकथञ्चिदन्नाद्युपढौकनेनानुधावनमेव युक्तमिति पार्श्व-

स्थप्रदर्शितेन भावितो वासितः । तस्य तत्संयतायाशुद्धदानं तु मुग्धत्वादेव स्वल्पपाप-वन्धाय वहुकर्मनिर्जरणाय च भवति ।।१-२४।।

"અથવા જે ગૃહસ્થ શિકારીના દૃષ્ટાંતથી ભાવિત એવો મુગ્ધ છે તેને, સંયતને અશુદ્ધદાન આપવાથી ખૂબ જ અલ્પપાપનો બંધ થાય છે અને કર્મનિર્જરા ઘણી થાય છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પૂર્વ શ્લોકથી 'સંયતને અશુદ્ધદાન આપવાથી' ગ્રહણ કરનાર સંયતની અપેક્ષાએ અને દુષ્કાળાદિ કારણની અપેક્ષાએ જે ફળની પ્રાપ્તિ વૈકલ્પિક હતી તે બતાવી છે. હવે આ શ્લોકથી દાન આપનાર ગૃહસ્થની અપેક્ષાએ ફળની વૈકલ્પિકતા જણાવાય છે. શ્લોકમાંનું '**अथवा**' આ પદ આવા પ્રકારના પક્ષાંતરને જણાવે છે.

જે ગૃહસ્થ મુગ્ધ છે; એટલે કે સત્ શાસ્ત્રોનો અર્થ જાણતો નથી અને પાસત્થાથી ભાવિત છે, તે મુગ્ધ એવો ગૃહસ્થ સંયતને અશુદ્ધદાન આપે તો તેથી તેને અલ્પ પાપબંધ અને ઘણાં કર્મની નિર્જરા થાય છે. પાર્શ્વસ્થ - પાસત્થાઓએ એ ગૃહસ્થને એવું સમજાવ્યું છે કે, જેમ શિકારી લોકો ગમે તે રીતે મૃગલાઓની પાછળ દોડ્યા જ કરે છે તેમ ગૃહસ્થે પણ સાધુભગવંતને ગમે તે રીતે દાનાદિ આપવા દ્વારા અનુસરવું જોઈએ. વસ્તુ કેવી છે... વગેરે જોવાની જરૂર નથી. આપવાથી ઘણો જ લાભ છે... વગેરે સાંભળીને ગૃહસ્થ અત્યંત મુગ્ધ હોવાથી શાસ્ત્રના પરમાર્થને સમજ્યા વિના જ્યારે સંયતાત્માને અશુદ્ધદાન આપે છે ત્યારે તે ગૃહસ્થને અત્યંત અલ્પપાપનો બંધ થાય છે; અને કર્મની નિર્જરા ઘણી થાય છે. આથી સમજી શકાશે કે દાતા ગૃહસ્થ ઉપર જણાવ્યા મુજબ પાસત્થાથી ભાવિત અને મુગ્ધ ન હોય ત્યારે તેને, સંયતને અશુદ્ધદાન આપવાથી કર્મનિર્જરા સ્વરૂપ ફળની પ્રાપ્તિ થતી નથી, અન્યથા થાય છે. આ રીતે બીજા ભાંગામાં દાતાની અપેક્ષાએ ફળની વૈકલ્પિકતા આ ગાથાથી જણાવી છે.

અહીં યાદ રાખવું જોઈએ કે પહેલા અને બીજા ભાંગામાં સંયતને જ દાન આપવાની વાત છે. ભક્તિપૂર્વક દાન આપવાના પાત્ર તરીકે અહીં સંયતને જ જણાવ્યા છે. અસંયતને દાન આપવાનું તો ઈષ્ટ જ નથી. ઘરે આવ્યા છે માટે ઉચિત કરવું પડે તે જુદી વાત છે. પરંતુ ભક્તિ કરવી હોય તો સુપાત્રની જ કરવાની હોય. માટે દાનમાં પાત્રાપાત્રનો વિવેક પૂર્ણપણે હોવો જોઈએ. અન્યથા વિવેકહીન પ્રવૃત્તિ અનર્થનું કારણ બન્યા વિના નહિ રહે. ।।૧-૨૪।।

ઉપર જણાવ્યા મુજબ સંયતને અશુદ્ધદાન આપવાથી ફળની પ્રાપ્તિમાં જે વિકલ્પ દર્શાવ્યો છે તેનું શ્રી સ્થાનાંગાદિ સૂત્રના પાઠથી સમર્થન કરાય છે–

**इत्थमाशयवैचित्र्यादत्राल्पायुष्कहेतुता ।**
**युक्ता चाशुभदीर्घायु र्हेतुता सूत्रदर्शिता ।।१-२५।।**

इत्थमिति–इत्थममुना प्रकारेण । आशयवैचित्र्याद्भावभेदाद् । अत्र संयताशुद्धदाने । अल्पायुष्कहेतुताशुभदीर्घायुर्हेतुता च, सूत्रदर्शिता स्थानाङ्गाद्युक्ता युक्ता । मुग्धाभिनिविष्टयोरेतदुपपत्तेः, शुद्धदायकापेक्षयाशुद्धदायके मुग्धेऽल्पशुभायुर्बन्धसम्भवात्, क्षुल्लकभवग्रहणरूपाया अल्पतायाश्च सूत्रान्तरविरोधेनासम्भवादिति व्यक्तमदः स्थानाङ्गवृत्त्यादौ ।।१-२५।।

"આ રીતે સંયતને અશુદ્ધદાન આપવાથી ભાવવિશેષને લઈને અલ્પશુભાયુષ્ય કર્મનો બંધ અને અશુભ દીર્ઘ આયુષ્યનો બંધ થાય છે - આ પ્રમાણે શ્રી સ્થાનાંગસૂત્રમાં જણાવેલી વાત સંગત થાય છે." આ પચીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે સંયતોને અશુદ્ધદાન આપવાથી ફળ મળે પણ ખરું અને ન પણ મળે - આ પ્રમાણે ફળની ભજના એકવીસમા શ્લોકમાં વર્ણવી છે. પ્રકારાંતરે એ જ વાત ચોવીસમા શ્લોકમાં જણાવી છે. એનું સમર્થન આ શ્લોકમાં શ્રી સ્થાનાંગસૂત્રના અનુસંધાનથી કર્યું છે.

એનો ભાવાર્થ એ છે કે આ રીતે સંયતને અશુદ્ધદાન આપવાથી આશયની વિલક્ષણતાના કારણે દાન આપનારને અલ્પ શુભ-આયુષ્ય કર્મનો બંધ થાય છે. અને કોઈ વાર અશુભ દીર્ઘ આયુષ્યકર્મનો બંધ થાય છે. સંયતને અશુદ્ધદાન આપનાર દાતા જો મુગ્ધ હોય અને પાસત્થાદિથી 'સંયતને કોઈ પણ રીતે આપવાથી એકાંતે લાભ જ થાય છે'... ઈત્યાદિ રીતે ભાવિત હોય તો તે દાતાને અલ્પસ્થિતિવાળું શુભ આયુષ્યકર્મ બંધાય છે અને દાતા સંયતની પ્રત્યે દ્વેષ, અસૂયા કે માત્સર્ય વગેરેથી અભિનિવિષ્ટ (અભિનિવેશવાળો) હોય અને તેથી સંયતને અશુદ્ધ દાન આપી ચારિત્રથી ભ્રષ્ટ કરવાના આશયને તે ધરતો હોય ત્યારે તેવા અભિનિવિષ્ટ દાતાને; સંયતને અશુદ્ધ દાન આપવાથી દીર્ઘસ્થિતિવાળું અશુભ આયુષ્યકર્મ બંધાય છે. સંયતને શુદ્ધદાન આપનાર દાતાની અપેક્ષાએ

સંયતને અશુદ્ધદાન આપનાર મુગ્ધ દાતાને અલ્પશુભ આયુષ્યકર્મના બંધનો સંભવ છે - એ સમજી શકાય છે.

"શ્રી સ્થાનાંગસૂત્રમાં સંયતને અશુદ્ધદાન આપવાથી 'અલ્પ આયુષ્યકર્મનો બંધ થાય છે' - આ પ્રમાણે જે જણાવ્યું છે, તે અલ્પ આયુષ્ય; નિગોદના ક્ષુલ્લક ભવો(એક શ્વાસોશ્વાસમાં સત્તરથી અધિક ભવો)ની અપેક્ષાએ સમજવું જોઇએ." - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે અન્ય ગ્રંથમાં (શ્રી ભગવતીસૂત્ર વગેરેમાં) જણાવેલી ઉપર જણાવ્યા મુજબની વાતનો તેથી વિરોધ આવશે. ત્યાં પણ મુગ્ધદાતાને આશ્રયીને સંયતના અશુદ્ધદાનમાં અલ્પ શુભાયુષ્યકર્મના બંધની જ કારણતા વર્ણવી છે. શ્રી સ્થાનાંગસૂત્રની ટીકામાં એ ખૂબ જ સ્પષ્ટપણે વર્ણવ્યું છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જ જાણી લેવું જોઇએ. ।।૧-૨૫।।

"સંયતને અશુદ્ધદાન આપવાથી મુગ્ધ અને અભિનિવિષ્ટ દાતાની અપેક્ષાએ ફળની પ્રાપ્તિ અને ફળની અપ્રાપ્તિ (અનિષ્ટની પ્રાપ્તિ) સ્વરૂપ જે ફળની ભજના બતાવી છે - તે અશુદ્ધદાન; આધાકર્મિક(પૂ. સાધુ-સાધ્વીને ઉદ્દેશીને બનાવેલ)ના દાન સ્વરૂપ નહીં હોવું જોઇએ. કારણ કે આધાકર્મિક અશન-પાનાદિનું દાન એકાંતે દુષ્ટ છે. દાતા ગૃહસ્થ; મુગ્ધ હોય કે અભિનિવિષ્ટ હોય - બંનેને; આધાકર્મિકનું દાન સંયતને આપવાથી એકાંતે દોષની જ પ્રાપ્તિ થાય છે, ફળની પ્રાપ્તિ થતી નથી. શ્રી ભગવતીસૂત્રમાં જે લખ્યું છે કે સંયતને અશુદ્ધદાન આપવાથી દાતાને ઘણી નિર્જરા થાય છે અને અલ્પતર (ખૂબ જ અલ્પ) કર્મબંધ થાય છે. તેમાં પણ 'અશુદ્ધ' પદ; આધાકર્મિક અશન-પાનાદિને છોડીને સચિત્તસંબદ્ધાદિ અશુદ્ધ અશનપાનાદિને જણાવે છે, આધાકર્મિકના દાન સ્વરૂપ અશુદ્ધને નહિ, કારણ કે આધાકર્મિકનું દાન તો એકાંતે દુષ્ટ જ છે." આવી માન્યતાનું નિરાકરણ છવ્વીશમા શ્લોકથી કરાય છે–

**यस्तूत्तरगुणाशुद्धं प्रज्ञप्तिविषयं वदेत् ।**
**तेनाऽत्र भजनासूत्रं दृष्टं सूत्रकृते कथम् ? ।।१-२६।।**

यस्त्विति–यस्त्वाधाकर्मिकस्यैकान्तदुष्टत्वं मन्यमानः प्रकृतेऽर्थे । प्रज्ञप्तिगोचरं भगवतीविषयमुत्तरगुणाशुद्धं वदेत्, शक्यपरित्यागबीजादिसंसक्तान्नादिस्थलेऽप्यप्रासुकानेषणीयपदप्रवृत्तिदर्शनात् । तेन चैवं यूकापरिभवभयात् परिधानं परित्यजता । अत्र

विषये सूत्रकृते भजनासूत्रं कथं दृष्टम् ? एवं हि तदनाचारश्रुते श्रूयते-"अहागडाइं भुंजंति अन्नमन्ने सकम्मुणा । उवलित्ते वियाणिज्जा अणुवलित्ते त्ति वा पुणो ।।१।।" अत्र ह्याधाकर्मिकस्य फले भजनैव व्यक्तीकृता, अन्योऽन्यपदग्रहणेनार्थान्तरस्य कर्त्तुमशक्यत्वात्, स्वरूपतोऽसावद्ये भजनाव्युत्पादनस्यानतिप्रयोजनत्वाच्चेति सङ्क्षेपः ।।१-२६।।

"આધાકર્મિકદાનને એકાંતે દુષ્ટ માનનાર; શ્રી ભગવતીસૂત્રના વચનને ઉત્તરગુણને આશ્રયીને અશુદ્ધને જણાવનારું કહે છે, તેણે આ વિષયમાં (આધાકર્મિક દાનના વિષયમાં) ફળના વિકલ્પને જણાવનારા 'સૂત્રકૃત' સૂત્રના પાઠને કેવી રીતે જોયો ?" - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે સંયતને અશુદ્ધદાન આપવાથી મુગ્ધ એવા દાતાને અલ્પશુભ આયુષ્યકર્મનો બંધ થાય છે અને અભિનિવિષ્ટ દાતાને દીર્ઘ અશુભ આયુષ્ય કર્મનો બંધ થાય છે. એ પ્રમાણે આ પૂર્વે જણાવ્યું છે. એ વિષયમાં શંકા કરનારે શંકા કરતાં જણાવ્યું છે કે સંયતને અશુદ્ધદાન આપવાથી દાતાને આશ્રયીને શ્રી સ્થાનાંગસૂત્રમાં જે ભેદ (ફળનો ભેદ) જણાવ્યો છે; તેમ જ શ્રી ભગવતીસૂત્રમાં પણ સંયતને અશુદ્ધદાન આપવાથી ઘણી કર્મનિર્જરા અને અલ્પતરપાપબંધ થાય છે - આ પ્રમાણે જે જણાવ્યું છે, ત્યાં 'અશુદ્ધ' પદથી આધાકર્મિકને છોડીને અન્ય ઉત્તરગુણાશુદ્ધદાનને આશ્રયીને અશુદ્ધદાન સમજવું જોઈએ. કારણ કે સંયતને આધાકર્મિક દાન આપવાથી એકાંતે દોષ લાગે છે. "શ્રી સ્થાનાંગ અને શ્રી ભગવતીસૂત્રમાં ઉપર જણાવ્યા મુજબ અશુદ્ધદાનને જણાવવા માટે 'અપ્રાસુક' અને 'અનેષણીય' શબ્દનો પ્રયોગ હોવાથી આધાકર્મિકદાન સ્વરૂપ પણ અશુદ્ધદાન તરીકે ગૃહીત છે. તેથી સંયતને આધાકર્મિક અશુદ્ધદાન આપવાથી એકાંતે દોષ લાગે છે - એ વાત બરાબર નથી..." - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે જે અશનપાનાદિમાં સચિત્ત બીજ વગેરે હોય અને પ્રયત્નવિશેષથી દૂર કરી શકાય તેમ હોય એવા પણ અશનપાનાદિને 'અપ્રાસુક' અને 'અનેષણીય' શબ્દથી જણાવવાની પ્રવૃત્તિ દેખાય છે. સંસક્ત અશનપાનાદિ વિશોધિકોટિ પ્રકારના અશુદ્ધ છે અને આધાકર્મિકાદિ અવિશોધિકોટિ પ્રકારના અશુદ્ધ છે. જે દોષને આહારાદિમાંથી દૂર કરીને આહારાદિ શુદ્ધ(નિર્દોષ) કરી શકાય છે તેને વિશોધિકોટિ પ્રકારના દોષ કહેવાય છે અને જે આધાકર્મિકાદિ દોષને કોઈ પણ રીતે દૂર કરી શકાતા

ન હોવાથી આહારાદિ અશુદ્ધ જ રહે છે; તે દોષોને અવિશોધિકોટિ પ્રકારના દોષ કહેવાય છે. સંસક્ત અશનપાનાદિ ઉત્તરગુણાશુદ્ધ છે અને આધાકર્મિકાદિ મૂલગુણાશુદ્ધ છે. તેથી શ્રી સ્થાનાંગાદિસૂત્રમાં જણાવેલી એ વાત ઉત્તરગુણાશુદ્ધ દાનને આશ્રયીને છે પરંતુ આધાકર્મિકદાનને આશ્રયીને એ વાત નથી. આધાકર્મિકદાન તો એકાંતે દુષ્ટ છે... આવી માન્યતા શંકાકારની છે. તેનું નિરાકરણ કરતાં શ્લોકના ઉત્તરાર્દ્ધથી ફરમાવ્યું છે કે—

આધાકર્મિકદાન એકાંતે દુષ્ટ છે આવી પોતાની માન્યતાની હાનિ ન થાય એ માટે શંકાકારે શ્રી ભગવતી વગેરે સૂત્રના પાઠમાં 'અશુદ્ધ' (અપ્રાસુક-અનેષણીય) પદથી આધાકર્મિકને છોડીને અન્ય ઉત્તરગુણાશુદ્ધદાન જ વિવક્ષિત છે - આ પ્રમાણે કહીને શ્રી ભગવતીસૂત્રનો વિરોધ દૂર કર્યો પરંતુ આમ કરવાથી શ્રી સૂત્રકૃતસૂત્રમાં જણાવેલી વાતનો વિરોધ આવે છે તે ના જોયું. જૂ કરડવાના ભયથી શરીર પરનાં કપડાં તો દૂર કર્યાં પરંતુ તેથી નાગા દેખાઈશું - એનો વિચાર ન કર્યો. જૂ કરડવાથી કોઈ નાગા થતા નથી. શંકા કરનારે શ્રી ભગવતીસૂત્રના વિરોધને દૂર કરી શ્રી સૂત્રકૃતસૂત્રના વિરોધ સામે ન જોયું. શ્રી સૂત્રકૃતસૂત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે - "આધાકર્મિક આહારાદિનો જેઓ પરસ્પર ઉપયોગ કરે છે તેઓ પોતાના કર્મથી (આધાકર્મિક આહારાદિના ઉપયોગના કારણે બંધાયેલાં કર્મથી) લેપાયેલા જાણવા; અથવા નહિ લેપાયેલા જાણવા." આશય એ છે કે સંયતને આધાકર્મિક લેવાથી અને દાતા ગૃહસ્થને આધાકર્મિક આપવાથી સ્વકર્મનો લેપ થાય છે અથવા નથી પણ થતો. આ રીતે આધાકર્મિક આહાર વગેરેને લેનાર અને આપનાર બંનેને આશ્રયીને ફળનો વિકલ્પ જણાવ્યો છે. આધાકર્મિકદાન; જો એકાંતે દુષ્ટ હોય તો શ્રી સૂત્રકૃતસૂત્રમાં જણાવેલી વાતમાં વિરોધ આવશે. તેથી શંકાકારની વાત બરાબર નથી. આધાકર્મિકદાન લેનાર ગીતાર્થ હોય અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવના આલંબને લેતા હોય તો તેઓશ્રીને કર્મબંધ થતો નથી. પરંતુ એવું ન હોય તો તેઓશ્રીને કર્મબંધ થાય છે. આવી જ રીતે આધાકર્મિક દાન આપનાર ગૃહસ્થ પાસત્થાદિથી ભાવિત મુગ્ધ હોય તો તેને તે વખતે કર્મબંધ થતો નથી, પરંતુ આધાકર્મિક દાન આપનાર ગૃહસ્થ અભિનિવિષ્ટ હોય તો તેને તેવું અશુદ્ધદાન આપતી વખતે કર્મબંધ થાય છે. શ્રી

સૂત્રાકૃતાંગ સૂત્રમાં એ રીતે સંયતને આધાકર્મિક દાન આપવાથી ફળની ભજના સ્પષ્ટપણે જણાવી છે. આધાકર્મિકદાનને એકાંતે દુષ્ટ માનનારને શ્રી સૂત્રકૃતાંગ સૂત્રનો વિરોધ સ્પષ્ટ છે.

શ્રી સૂત્રકૃતસૂત્રનો વિરોધ દૂર કરવા માટે આધાકર્મિકદાનને એકાંતે દુષ્ટ માનનાર એમ કહી શકશે નહિ કે સૂત્રની વાત આધાકર્મિક લેનાર સંયતમાત્ર માટે છે પરંતુ આધાકર્મિકદાન આપનાર ગૃહસ્થ માટે નહિ. આવો અર્થ નહિ કરી શકવાનું કારણ એ છે કે સૂત્રમાં 'અન્યોન્ય' પદનો પ્રયોગ છે. તેનો અર્થ 'પરસ્પર' - આ પ્રમાણે હોવાથી આધાકર્મિકદાન આપનાર અને લેનાર - બંનેના માટેની એ વાત છે. તેથી ઉપર જણાવેલા અર્થથી જુદો અર્થ કરવાની કોઈ જ શક્યતા નથી.

"શ્રી સૂત્રકૃતસૂત્રમાં **अहागडाइं भुंजंति**... ઈત્યાદિ જે પાઠ છે તે; સ્વરૂપથી જે અસાવદ્યગૃહસ્થે પોતાના માટે કરેલું- છે; તેના ઉપયોગમાં ફળની ભજનાને જણાવે છે. આધાકર્મિક તો એકાંતે દુષ્ટ જ છે. યથાકૃત (ગૃહસ્થે પોતાના માટે બનાવેલ) અશનાદિના પરિભોગના વિષયમાં રાગ કે દ્વેષને આશ્રયીને ફળની પ્રાપ્તિનો અભાવ અને કર્મબંધ થાય છે તેમ જ રાગ કે દ્વેષના અભાવને આશ્રયીને કર્મબંધનો અભાવ થાય છે. ઈત્યાદિ જણાવે છે." આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે સ્વરૂપથી અસાવદ્ય અશનાદિના દાનમાં કે પરિભોગમાં ફળનો વિકલ્પ જણાવવાનું કોઈ જ તાત્પર્ય નથી. તે પરિશુદ્ધ હોવાથી તેમાં વસ્તુતઃ કોઈ દોષ નથી. રાગાદિને લઈને દોષ તો સર્વત્ર છે. એનું નિરૂપણ કરવાનું અહીં કોઈ પ્રયોજન નથી. ॥૧-૨૬॥

અસંયતને શુદ્ધદાન આપવું અને અસંયતને અશુદ્ધદાન આપવું - આ ત્રીજા અને ચોથા ભાંગાને આશ્રયીને અનિષ્ટ વર્ણવાય છે—

**शुद्धं वा यदशुद्धं वाऽसंयताय प्रदीयते ।**
**गुरुत्वबुद्ध्या तत्कर्मबन्धकृन्नानुकम्पया ॥१-२७॥**

शुद्धं वेति—असंयताय यच्छुद्धं वाऽशुद्धं वा गुरुत्ववुद्ध्या प्रदीयते तदसाधुपु साधुसञ्ज्ञया कर्मबन्धकृत् । न पुनरनुकम्पया, अनुकम्पादानस्य क्वाप्यनिषिद्धत्वाद्, "अणुकंपादाणं पुण जिणेहिं न कयाइ पडिसिद्धमिति" वचनात् ॥१-२७॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે સુપાત્રને આશ્રયીને દાનના પહેલા અને બીજા પ્રકારના ફળનું વર્ણન કર્યું. હવે જે સુપાત્ર નથી એવા અસંયતને આશ્રયીને શુદ્ધદાન આપવા સ્વરૂપ ત્રીજા ભાંગાનું અને અશુદ્ધદાન આપવા સ્વરૂપ ચોથા ભાંગાનું વર્ણન આ શ્લોકથી કર્યું છે. અસંયતને ગુરુ માનીને શુદ્ધ કે અશુદ્ધ દાન આપવામાં આવે તો અસાધુમાં સાધુપણાની બુદ્ધિના કારણે કર્મબંધ થાય છે.

અસાધુને સાધુ માનવાનું કામ ખૂબ જ ખરાબ છે. અસાધુને સાધુ માનીને તેમને અશુદ્ધ કે શુદ્ધ દાન આપવું એ તો એથીય ભયંકર છે. એમાં તો એકાંતે શ્રી તીર્થંકર પરમાત્માના પરમતારક વચનની ઘોર અવજ્ઞા થાય છે. સાધુ અને અસાધુ - એ બે વચ્ચેના ભેદને સમજ્યા વિના અસાધુને સાધુ માની ભક્તિ કરવાથી શ્રી સર્વજ્ઞભગવંતોની સર્વજ્ઞતા ઉપરનો અવિશ્વાસ વ્યક્ત થતો હોય છે. જેઓશ્રીના પરમતારક વચનથી જ સુપાત્રદાનની પ્રવૃત્તિ શરૂ કરી હોય અને તે વખતે સુપાત્ર-કુપાત્રનો વિવેક પણ ન હોય - એ ખૂબ જ વિચિત્ર મનોદશાને વર્ણવે છે. માત્ર વેષ જોઈને કે સામાન્ય બાહ્ય ગુણોને જોઈને સુપાત્રદાન કરવાથી કર્મબંધ થાય છે. મોક્ષપ્રાપ્તિનું જે કારણ હતું તે કર્મબંધનું જો કારણ બનતું હોય તો તેનું કારણ એ છે કે સુપાત્ર અને કુપાત્રનો વિવેક કર્યો નથી. સુપાત્રદાન કરનારે એ વિવેક ચૂકવો ના જોઈએ. સુપાત્ર અને કુપાત્ર - બંને ઉપર સમદૃષ્ટિ રાખીને ભક્તિ કરવાથી સુપાત્રની અવજ્ઞા થતી હોય છે. સુસાધુ અને કુસાધુ વચ્ચેનો ભેદ પરખવાનું સરળ નથી. એ માટે ખૂબ જ ઉપયોગપૂર્વક પ્રયત્ન કરવો પડે. "સંયત અને અસંયતની વચ્ચેના ફરકને જોવાની આવશ્યકતા નથી. ગમે તેમ તોય આપણા કરતાં સારા છે. તેમની ભક્તિ કરવામાં એકાંતે લાભ છે."... વગેરે વાતોનો આ શ્લોકની સાથે મેળ બેસે એવો નથી. એવી વાતોને કાને ધર્યા વિના સંયત અને અસંયતનો વિવેક કરીને જ સુપાત્રદાન કરવું જોઈએ. અન્યથા અપાત્રને-અસંયતને- સંયત માનીને શુદ્ધ કે અશુદ્ધ દાન આપવાથી કર્મબંધ જ થશે.

અહીં યાદ રાખવું જોઈએ કે અસંયતને દાન આપવાનો નિષેધ નથી. અસંયતને ગુરુ માનીને જ દાન આપવાનો નિષેધ છે. અસંયતનાં દુઃખ દૂર કરવાની ભાવનાથી અથવા તો ઘરે આવ્યા છે તો ઔચિત્ય જાળવવું જોઈએ - એવી ભાવનાથી અસંયતને અનુકંપાદાન કે ઉચિતદાન આપવાનો નિષેધ નથી. એ દાનથી કર્મબંધ થતો નથી. કારણ કે અનુકંપાદાનનો કોઈ પણ સ્થાને શ્રી

જિનેશ્વરદેવોએ નિષેધ કર્યો નથી... ઇત્યાદિ પૂ. ગીતાર્થ ભગવંતો પાસેથી બરાબર જાણી લેવું જોઇએ. ॥૧-૨૭॥

અસંયતને શુદ્ધ કે અશુદ્ધ દાન આપવાથી જે અનિષ્ટ પ્રાપ્ત થાય છે તેની ભયંકરતાને દૃષ્ટાંતથી જણાવાય છે–

**दोषपोषकतां ज्ञात्वा, तामुपेक्ष्य ददज्जनः ।**
**प्रज्वाल्य चन्दनं कुर्यात्, कष्टामङ्गारजीविकाम् ॥१-२८॥**

दोषेति–स्पष्टः ॥१-२८॥

અસંયતને ગુરુ માનીને ભક્તિપૂર્વક દાન આપવાથી તેની અસંયતતા સ્વરૂપ દોષનું પોષણ થાય છે - એમ જાણવા છતાં તેની ઉપેક્ષા કરીને જેઓ અસંયતને શુદ્ધ કે અશુદ્ધદાન આપે છે તેઓ ચંદનનાં કાષ્ઠને બાળીને કોલસા બનાવવાનો કષ્ટમય વ્યાપાર(ધંધો) કરે છે - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે - આપણી પાસે ચંદનનાં કાષ્ઠ હોય અને તેને બાળીને કોલસા બનાવીને જીવનનો નિર્વાહ કરવાનો આપણને પ્રસંગ આવે તો એ કેટલું ખરાબ કહેવાય - એ આપણે સમજી શકીએ છીએ. બસ ! આવી જ સ્થિતિ; અસંયતને સંયત માનીને દાન આપવાથી સર્જાય છે. ચંદનના કાષ્ઠની કિંમત કેટલી અને કોલસાની કિંમત કેટલી - એનો જેને ખ્યાલ છે; તે માણસ ચંદનનાં કાષ્ઠના અંગારાથી આજીવિકા ચલાવવાનો વિચાર પણ ના કરે. સુપાત્રદાનનું મહત્ત્વ જેને ખ્યાલમાં છે, તે કુપાત્રને સુપાત્ર માનીને દાન આપવાનો વિચાર ન જ કરે - એ સમજી શકાય છે.

વર્તમાનમાં ઉપર જણાવેલી વાતની ઘોર ઉપેક્ષા સેવાય છે. માર્ગ દર્શાવવાના સ્થાનેથી પણ સુપાત્ર-કુપાત્રનો વિવેક કરવા પ્રત્યે દુર્લક્ષ્ય કરાય છે - એ ખૂબ જ અનુચિત છે. માર્ગદર્શકોએ ગૃહસ્થ દાતાઓને સંયત અને અસંયતનો ભેદ સ્પષ્ટપણે સમજાવવો જોઇએ. સાથે સાથે અસંયતને ભક્તિપૂર્વક દાન આપવાથી ખૂબ જ અનિષ્ટ થાય છે - એ પણ સમજાવવું જોઇએ. બધાને સરખા માનવાની વાત આ શ્લોકને અનુરૂપ નથી. માત્ર પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે શાસ્ત્ર-નિરપેક્ષ વાતો કરવાથી પરમતારક શ્રી જિનશાસનનું ગૌરવ વધતું નથી. ॥૧-૨૮॥

દાનના ચાર ભાંગા(પ્રકાર)નું નિરૂપણ કરીને હવે સુપાત્રના પ્રકાર જણાવાય છે–

**अतः पात्रं परीक्षेत, दानशौण्डः स्वयं धिया ।**
**तत् त्रिधा स्यान्मुनिः श्राद्धः, सम्यग्दृष्टिस्तथापरः ॥१-२९॥**

अत इति–स्पष्टः ॥१-२९॥

સંયતને શુદ્ધદાન અને કારણે અશુદ્ધદાન આપવાથી ઈષ્ટની પ્રાપ્તિ થાય છે; અને અસંયતને શુદ્ધ કે અશુદ્ધદાન આપવાથી અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. તેથી દાન આપવામાં તત્પર એવા ગૃહસ્થે પાત્ર(સદસત્પાત્ર)ની પરીક્ષા કરવી જોઈએ. તે પાત્ર (સત્પાત્ર) ત્રણ પ્રકારનું છે. મુનિ, શ્રાવક અને સમ્યગ્દષ્ટિ : આ ત્રણ પાત્ર, દાન આપવા માટે યોગ્ય છે. કહેવાનો આશય એ છે કે સુપાત્રદાન કરવાની ભાવનાવાળાએ સુપાત્રને બરાબર શોધી લેવું જોઈએ. જે સુપાત્ર ન હોય તેને સુપાત્ર માનીને દાન આપવાથી જે અનિષ્ટની પ્રાપ્તિ થાય છે; તેનાથી દૂર રહેવા સુપાત્રને જાણી લેવાનું ખૂબ જ આવશ્યક છે.

સર્વવિરતિને ધરનારા પૂ. મુનિભગવંતો, દેશવિરતિને ધરનારા શ્રાવકો અને સમ્યગ્દર્શનને ધરનારા સમ્યગ્દષ્ટિ આત્માઓ સત્પાત્ર છે. એની ભક્તિ ભવથી નિસ્તારનારી છે. ગૃહસ્થજીવનમાં મોક્ષસાધક યોગની પ્રાપ્તિ માટે જે પ્રયત્ન કરવો પડે છે - એ પ્રયત્નની અપેક્ષાએ ખૂબ જ અલ્પ પ્રયત્ને સુપાત્રદાનનો યોગ પ્રાપ્ત થતો હોય છે. સુપાત્રદાન માટે કોઈ સાધન પ્રાપ્ત કરવાનું નથી. પોતાની પાસે જે છે તેનો ઉપયોગ કરી સુપાત્રદાન કરવાનું છે. ભવથી નિસ્તરવાની ભાવના હોય તો એ માટે સુપાત્રદાન જેવું કોઈ સરળ અને સરસ સાધન નથી. કોણ જાણે કેમ એની ઉપેક્ષા સેવાય છે - એ સમજાતું નથી. જ્યાં પણ થોડીઘણી પ્રવૃત્તિ દેખાય છે; ત્યાં ભવથી નિસ્તરવાની ભાવનાનાં દર્શન ભાગ્યે જ થતાં હોય છે. મોટા ભાગે, 'આપવાથી મળે છે' - એવી ભાવના ત્યાં કામ કરતી જોવા મળે છે. આપવાથી મળે છે એમાં ના નહિ. પરંતુ આપવાનું, મેળવવા માટે નથી - એ યાદ રાખવું જોઈએ. પૂ. મુનિભગવંતોને મુનિભગવંત તરીકે જાણીને જેમ સુપાત્રદાન કરવાનું છે તેમ શ્રાવકોને અને સમ્યગ્દષ્ટિ આત્માને પણ તે તે સ્વરૂપે જાણીને જ (પરીક્ષા કરીને જ) સુપાત્રદાન

કરવું જોઇએ. લોકોત્તર માર્ગની પોતપોતાની યોગ્યતા મુજબ યથાશક્તિ આરાધના કરનારા પરમતારક સત્પાત્રની ભક્તિ કરવાથી ભવથી તરાય છે. ગૃહસ્થજીવનમાં પરમ આવશ્યક એવા આ સુપાત્રદાનની પ્રત્યે જે ઉપેક્ષા સેવાય છે તે કોઇપણ રીતે અહિતકર બન્યા વિના નહિ રહે. આજે દાનની પ્રવૃત્તિ ઠીક ઠીક વધી છે પણ સાથે સાથે ઉપર જણાવ્યા મુજબના સુપાત્રદાનની પ્રવૃત્તિ પ્રમાણમાં ખૂબ જ ઘટી છે; અને હજુ પણ ઘટતી રહેશે. પાત્રાપાત્રનો વિવેક કરવાનું તો દૂર રહ્યું પરંતુ તેને સમજવાનું પણ હવે આવશ્યક જણાતું નથી. સુપાત્ર(મુનિ, શ્રાવક અને સમ્યગ્દૃષ્ટિ આત્માઓ)ની ભક્તિના નામે; સુપાત્રની અવજ્ઞા અને અપાત્રની ભક્તિ યોજનાપૂર્વક થઇ રહી છે. એ પ્રવૃત્તિની સાથે આપણને કોઇ સંબંધ નથી. આ શ્લોકમાં જણાવ્યા મુજબ સત્પાત્રને ઓળખીને સુપાત્રદાનમાં પ્રયત્નશીલ બની રહીએ - એટલું જ જણાવવાનું અહીં તાત્પર્ય છે. આ સંસારથી પાર ઊતરવાની ભાવનાવાળા આત્માઓએ સત્પાત્રની પરીક્ષા કરીને જ સુપાત્રદાનમાં પ્રવૃત્ત બનવું જોઇએ. ॥૧-૨૯॥

સત્પાત્રની પરીક્ષા કરીને તેમને આપેલા દાનના ફળને વર્ણવાય છે—

**एतेषां दानमेतत्स्थगुणानामनुमोदनात् ।**
**औचित्यानतिवृत्त्या च, सर्वसम्पत्करं मतम् ॥१-३०॥**

एतेषामिति–एतेषां मुनिश्राद्धसम्यग्दृशां दानम् । एतत्स्थानामेतद्वृत्तीनां गुणानामनुमोदनात्तद्दानस्य तद्भक्तिपूर्वकत्वाद् । औचित्यानतिवृत्त्या स्वाचारानुल्लङ्घनेन च । सर्वसम्पत्करं ज्ञानपूर्वकत्वेन परम्परया महानन्दप्रदं मतम् ॥१-३०॥

પૂ. મુનિભગવંતો, શ્રાવકો અને સમ્યગ્દૃષ્ટિ આત્માઓને કરેલું દાન; તેઓશ્રીના ગુણોની અનુમોદનાથી અને ઔચિત્યનું અતિક્રમણ ન કરવાથી સર્વસંપત્તિને કરનારું છે. આ પ્રમાણે ત્રીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પૂ. મુનિભગવંતાદિને જ્યારે દાન અપાય છે; ત્યારે તેઓની પ્રત્યે બહુમાન હોવાથી દાન દ્વારા તેઓશ્રીના જ્ઞાનાદિગુણોની અનુમોદના થાય છે. તેમ જ આ દાન સુપાત્રમાં જ કર્યું હોવાથી અને અપાત્રમાં કર્યું ન હોવાથી ઔચિત્યનું પણ પાલન થાય છે. સુપાત્રદાન કરવા સ્વરૂપ પોતાના આચારનું ઉલ્લંઘન એ વખતે નથી. તેથી પૂ. મુનિભગવંતાદિને અપાતા દાનથી પૂ. મુનિભગવંતાદિમાં

રહેલા તે તે ગુણોની અનુમોદના અને ઔચિત્યનું અનતિક્રમણ(અનુપાલન) થતું હોવાથી એ સુપાત્રદાન જ્ઞાનપૂર્વકનું હોવાથી સર્વસંપત્તિને આપનારું છે; અર્થાત્ પરંપરાએ મહાનંદસ્વરૂપ મોક્ષને આપે છે.

આથી સમજી શકાશે કે મોક્ષપ્રાપક અનુષ્ઠાનનું મહત્ત્વ ખરી રીતે તેની જ્ઞાનપૂર્વકતા અને ઔચિત્યની અતિક્રમણતાના અભાવને લઈને છે. શ્રી વીતરાગપરમાત્માએ પ્રરૂપેલાં તે તે મોક્ષપ્રાપક અનુષ્ઠાનો કરતાં પૂર્વે તે માટે અપેક્ષિત જ્ઞાન મેળવી લેવું જોઈએ અને જ્ઞાનપૂર્વક જ તે તે અનુષ્ઠાનો કરવાં જોઈએ. એ વખતે એનો પણ ખ્યાલ રાખવો જોઈએ કે ઔચિત્યનો ભંગ ન થાય. જે દાન સુપાત્રમાં વિહિત હોય એ દાન અપાત્ર-કુપાત્રમાં અપાય તો ઔચિત્યનો ભંગ સ્પષ્ટ છે. ઔચિત્યનું અતિક્રમણ-એ મોટો દોષ છે. લોકોત્તર અનુષ્ઠાન ઔચિત્યના અભાવે લઘુતાને પામે છે. પરંપરાએ ગુણ અને ગુણીની અવજ્ઞાને કરનારાં એ અનુષ્ઠાનો મોક્ષબાધક બની જાય છે. ॥૧-૩૦॥

પૂર્વે જણાવ્યા મુજબ સુપાત્રને દાન કરવાથી પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે - એ વાત સાચી; પરંતુ પૂ. મુનિભગવંતોને દાન આપવાથી આરંભાદિ થતા નથી; પણ શ્રાવક કે સમ્યગ્દૃષ્ટિ આત્માને ભોજનાદિ કરાવતી વખતે આરંભાદિ થાય છે. તેથી આરંભાદિ દોષવાળા દાનથી મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય - આ શંકાનું નિરાકરણ કરવા એકત્રીસમો શ્લોક છે.

**शुभयोगेऽपि यो दोषो, द्रव्यतः कोऽपि जायते ।**
**कूपज्ञातेन स पुनर्नानिष्टो यतनावतः ॥१-३१॥**

शुभयोगेऽपीति–पात्रदानवद्बुद्धीनां साधर्मिकवात्सल्यादौ शुभयोगेऽपि प्रशस्तव्यापारेऽपि यः कोऽपि द्रव्यतो दोषो जायते स कूपज्ञातेन आगमप्रसिद्धकूपदृष्टान्तेन यतनावतो यतनापरायणस्य नानिष्टः, स्वरूपतः सावद्यत्वेऽप्यनुबन्धतो निरवद्यत्वात् । तदिदमुक्तम्–"जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स । सा होइ णिज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ॥१॥" अत्र हि अपवादपदप्रत्ययाया विराधनाया व्याख्यानात् फलभेदौपयिको ज्ञानपूर्वकत्वेन क्रियाभेद एव लभ्यते । यत्तु वर्जनाभिप्रायजन्यां निर्जरां प्रति जीवघातपरिणामाजन्यत्वेन जीवविराधनायाः प्रतिबन्धकाभावत्वेनैवात्र हेतुत्वमिति कश्चिदाह साहसिकः, तस्यापूर्वमेव व्याख्यानमपूर्वमेव चागमतर्ककौशलं, केवलायास्तस्याः

प्रतिवन्धकत्वाभावात्, जीवघातपरिणामविशिष्टत्वेन प्रतिबन्धकत्वे च विशेषणाभाव-प्रयुक्तस्य विशिष्टाभावस्य शुद्धविशेष्यस्वरूपत्वे विशेष्याभावप्रयुक्तस्य तस्य शुद्ध-विशेषणरूपस्यापि सम्भवाज्जीवघातपरिणामोऽपि देवानांप्रियस्य निर्जराहेतुः प्रसज्येत । अथ वर्जनाभिप्रायेण जीवघातपरिणामजन्यत्वलक्षणं स्वरूपमेव विराधनायास्त्याज्यतेऽतो नेयमसती प्रतिवन्धिकेति चेत्, किमेतद्विराधनापदप्रवृत्तिनिमित्तं विशेषणं वा ? आद्ये प्रवृत्तिनिमित्तं नास्ति, पदं चोच्यत इत्ययमुन्मत्तप्रलापः । अन्त्ये चोक्तदोषतादवस्थ्यमिति शिष्यध्यन्धनमात्रमेतद् । अथ यद्धर्मविशिष्टं यद्वस्तु निजस्वरूपं जहाति स धर्मस्तत्रोपा-धिरिति नियमाद्वर्जनाऽभिप्रायविशिष्टा हि जीवविराधना जीवघातपरिणामजन्यत्वं संयमनाशहेतुं परित्यजतीतिभावार्थपर्यालोचनादनुपहितविराधनात्वेन प्रतिवन्धकत्वं लभत इत्युपहितायास्तस्याः प्रतिवन्धकाभावत्वमक्षतमिति चेन्न, प्रकृतविराधनाव्यक्तौ जीवघात-परिणामजन्यत्वस्यासत्त्वेन त्याजयितुमशक्यत्वाद् । अत एव तत्प्रकारकप्रमिति-प्रतिवन्धरूपस्यापि तद्धानस्यानुपपत्तेः । स्यादेतद् वर्जनाभिप्रायाभावविशिष्टविराधनात्वेन पतिवन्धकत्वे न कोऽपि दोषः, प्रत्युत वर्जनाभिप्रायस्य पृथक्कारणत्वाकल्पनाल्लाघवमिति, मैवं, विशेषणविशेष्यभावे विनिगमनाविरहाद् । अन्यथा दोषाभावविशिष्टवाधत्वेनैव दुष्टज्ञाने प्रतिवन्धकत्वप्रसङ्गाद्, विशेष्याभावस्थलेऽतिप्रसङ्गाच्च । तस्माद्वर्जनाभि-पायस्यैव फलविशेषे निश्चयतो हेतुत्वं, व्यवहारेण च तत्तद्व्यक्तीनां भावानुगतानां निमित्तत्वमिति साम्प्रतम् । विपश्चितं चेदमन्यत्रेति नेह विस्तरः ।।१-३१।।

સાધર્મિકવાત્સલ્ય વગેરે શુભયોગોમાં દ્રવ્યથી (ભાવશૂન્ય) આરંભાદિ જે કોઈ દોષ થાય છે; તે દોષ, યતનામાં તત્પર એવા આરાધકને કૂવાના દૃષ્ટાંતથી અનિષ્ટ નથી.

કહેવાનો આશય એ છે કે સત્પાત્રમાં દાન આપવાનો ભાવ જેમને છે; તેમને સાધર્મિકવાત્સલ્ય, પ્રભાવના વગેરે સ્વરૂપ શુભયોગ (પ્રશસ્ત અનુષ્ઠાન) કરવામાં જે કોઈ રાંધવા વગેરે સ્વરૂપ આરંભાદિ દોષ પ્રાપ્ત થાય છે; તે દોષ કૂવાના દૃષ્ટાંતથી તેમના માટે અનિષ્ટનું કારણ બનતો નથી. કારણ કે યતનામાં પ્રયત્નશીલ એવા એ આત્માઓનો શુભયોગ, સ્વરૂપથી સાવદ્ય હોવા છતાં અનુબંધ(ભાવ)થી નિરવદ્ય (પાપરહિત) છે. અન્યત્ર (ઓઘનિર્યુક્તિ... વગેરેમાં) પણ એ વાત જણાવી છે કે - સૂત્રમાં જણાવેલી વિધિથી યુક્ત અને

અધ્યાત્મની વિશુદ્ધિથી યુક્ત એવા યતનાપરાયણ આત્માને તે તે શુભયોગની પ્રવૃત્તિ વખતે જે વિરાધના થાય છે; તે નિર્જરાસ્વરૂપ ફળને આપનારી બને છે.

સાધર્મિકવાત્સલ્યાદિ વિવિધ અનુષ્ઠાનો શાસ્ત્રમાં જે પ્રમાણે વિહિત છે તે પ્રમાણે વિધિપૂર્વક તે તે અનુષ્ઠાનોને કરનાર અને આત્માની શુભ પરિણતિને ધારણ કરનાર આત્મા જયણાપૂર્વક તે તે શુભયોગને કરે ત્યારે જે કોઇ જીવની વિરાધના થાય તે વિરાધના તે આત્માને કર્મની નિર્જરા સ્વરૂપ ફળને આપનારી બને છે. અહીં જે વિરાધનાને કર્મનિર્જરાની કારણ તરીકે વર્ણવી છે, તે વિરાધના આપવાદિક જાણવાની છે. આધાકર્મિકાદિ દોષથી દૂષિત આહારાદિ ગ્રહણ કરતી વખતે તેમ જ નદી વગેરે ઊતરતી વખતે પૂજ્ય સાધુભગવંતાદિને જે વિરાધનાનો પ્રસંગ આવે છે, તે વિરાધના શ્રી તીર્થંકરપરમાત્માની આજ્ઞા-સાપેક્ષ હોવાથી તેને (વિરાધનાને) આપવાદિક (અપવાદપદ-પ્રત્યયિક) વિરાધના કહેવાય છે. તેને છોડીને બીજી બધી વિરાધના; આજ્ઞાનિરપેક્ષ હોવાથી આપવાદિક નથી. યતના (જીવઘાતના પરિણામનો અભાવ, જીવરક્ષાનો પરિણામ... વગેરે) કરવામાં તત્પર એવા આત્માઓને અપવાદે થતી વિરાધના કર્મનિર્જરાનું કારણ બને છે. બીજી વિરાધના તો પાપબંધનું જ કારણ બને છે. વિરાધના, વિરાધનાસ્વરૂપે એક હોવા છતાં ફળનો જે ફરક છે તે તેના ઉપાયભૂત ક્રિયાવિશેષના કારણે છે. સાધર્મિકવાત્સલ્યાદિ ક્રિયા જ્ઞાનપૂર્વકની અને યતનાપૂર્વકની હોવાથી તેમાં થતી વિરાધનાના કારણે કર્મની નિર્જરા થાય છે. બીજી વિરાધના; તેવા પ્રકારની જ્ઞાનાદિપૂર્વકની ક્રિયા સંબંધી ન હોવાથી તેનાથી પાપનો બંધ થાય છે, કર્મનિર્જરા થતી નથી. આથી સમજી શકાશે કે યતના(જયણા)ના પરિણામવાળા આત્માને શુભયોગમાં પણ જે કોઇ દ્રવ્યથી દોષ થાય છે; તે દોષ આગમપ્રસિદ્ધ કૂવાના દૃષ્ટાંતથી અનિષ્ટ બનતો નથી. પાણી મેળવવાની ઇચ્છાથી કૂવો ખોદતી વખતે થાક લાગે, તરસ લાગે, ધૂળથી કપડાં-શરીર ખરડાય અને કાદવ વગેરે ઊડે... ઇત્યાદિ અનિષ્ટ પ્રાપ્ત થાય છે, પરંતુ એ બધાં જ અનિષ્ટો કૂવાના પાણીથી દૂર થાય છે. આવી જ રીતે શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ વિધિપૂર્વક જયણાથી સાધર્મિકવાત્સલ્યાદિ શુભયોગ કરતી વખતે જે કોઇ જીવવિરાધનાદિ સ્વરૂપ દોષ થાય છે તે; તે અનુષ્ઠાનથી થતી કર્મનિર્જરાના કારણે દૂર થાય છે. આ રીતે ઉપર જણાવ્યા

મુજબ યતનાવંતને શુભયોગમાં જે કોઈ દોષ ઉત્પન્ન થાય છે તે અનિષ્ટ થતો નથી. અહિંસાદિ ધર્મ જેમ કર્મનિર્જરાનું કારણ છે; તેમ અપવાદ-પદપ્રત્યયિક વિરાધના (સાધર્મિકવાત્સલ્યાદિ શુભયોગમાં ઉપર જણાવ્યા મુજબ થતી વિરાધના) પણ કર્મનિર્જરાનું કારણ છે.

આ વિષયમાં કેટલાક લોકો એમ કહે છે કે - જ્યાં વર્જનનો અભિપ્રાય (જીવવિરાધના ન થાય - એવી ઇચ્છા) છે ત્યાં જે નિર્જરા થાય છે તેની પ્રત્યે; જીવઘાતના પરિણામ વિના થયેલી જીવવિરાધના પ્રતિબંધકના અભાવ રૂપે કારણ છે. સામાન્ય રીતે કોઈ પણ કાર્યની પ્રત્યે કારણસામગ્રી કારણ છે. એ સામગ્રી હોવા છતાં કોઈ પ્રતિબંધક હોય તો કાર્ય થતું નથી. તેથી કારણસામગ્રીની સાથે પ્રતિબંધકનો અભાવ પણ કાર્યમાત્રની પ્રત્યે કારણ હોય છે. અગ્નિથી દાહની ઉત્પત્તિ થાય છે. પરંતુ ચંદ્રકાંતમણિ, મંત્ર કે ઔષધિવિશેષની વિદ્યમાનતામાં દાહ થતો ન હોવાથી દાહની પ્રત્યે મણિમંત્રાદિ પ્રતિબંધક મનાય છે અને તેનો અભાવ (પ્રતિબંધકાભાવ) દાહની પ્રત્યે કારણ મનાય છે. તેમ નિર્જરાની પ્રત્યે જીવવિરાધના પ્રતિબંધક હોવા છતાં ઉપર જણાવ્યા મુજબ સાધર્મિકવાત્સલ્યાદિ શુભયોગમાં જીવવિરાધનાથી પણ નિર્જરા થતી હોવાથી વર્જનાભિપ્રાયથી થનારી એ વિશિષ્ટ નિર્જરાની પ્રત્યે; જીવઘાતપરિણામથી અજન્ય (નહિ થયેલી) જીવવિરાધના સ્વરૂપ પ્રતિબંધકાભાવ કારણ છે. અને જીવઘાતપરિણામથી જન્ય જીવવિરાધના તાદૃશ (તેવા પ્રકારની) નિર્જરાની પ્રત્યે પ્રતિબંધક છે. - આ પ્રમાણે કેટલાક લોકોનું જે કથન છે તે અપૂર્વ વ્યાખ્યાન સ્વરૂપ છે અને આગમની તર્ક (વિચારણા) - કુશળતા પણ તેમની અપૂર્વ છે ! કારણ કે કેવળ વિરાધનાને તેઓ પ્રતિબંધક માનતા નથી, જીવઘાતના પરિણામથી જન્ય એવી વિરાધનાને તેઓ પ્રતિબંધક માને છે. એ વિશિષ્ટ વિરાધનાના અભાવને; પ્રતિબંધકના અભાવ સ્વરૂપે તેઓ નિર્જરાની પ્રત્યે કારણ માને છે.

જીવઘાતપરિણામજન્ય જીવવિરાધના સ્વરૂપ પ્રતિબંધકનો અભાવ ત્રણ પ્રકારનો છે. વિશિષ્ટ એટલે વિશેષણવિશિષ્ટ વિશેષ્ય. જીવઘાતપરિણામજન્ય જીવવિરાધનાને પ્રતિબંધક માનીએ તો ત્યાં 'જીવઘાતપરિણામજન્યત્વ' એ જીવવિરાધનાનું વિશેષણ છે અને જીવવિરાધના તેનું વિશેષ્ય છે. કોઈ વાર

વિશેષણ ન હોવાથી; કોઇ વાર વિશેષ્ય ન હોવાથી અને કોઇ વાર બંને ન હોવાથી વિશિષ્ટનો અભાવ પ્રાપ્ત થાય છે, જેને અનુક્રમે વિશેષણાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ; વિશેષ્યાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ અને ઉભયાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ કહેવાય છે. ઘટવિશિષ્ટ પટનો અભાવ; ઘટના અભાવના કારણે, પટના અભાવના કારણે અને ઘટ અને પટ - એ બેના અભાવના કારણે જેમ ત્રણ રીતે મળે છે તેમ જીવઘાતપરિણામજન્ય જીવવિરાધનાનો અભાવ પણ ત્રણ રીતે મળે છે. જ્યાં જીવઘાતનો પરિણામ નથી અને જીવવિરાધના છે; જ્યાં જીવઘાતપરિણામ છે, પણ જીવની વિરાધના નથી અને જ્યાં જીવઘાતનો પરિણામ નથી તેમ જ જીવવિરાધના પણ નથી. અહીં બધે જ જીવઘાતપરિણામથી જન્ય જીવવિરાધનાનો અભાવ છે. જે લોકો જીવઘાતપરિણામજન્ય જીવવિરાધનાને નિર્જરાની પ્રત્યે પ્રતિબંધક માનીને તેના અભાવને નિર્જરાની પ્રત્યે કારણ માને છે; તેમને એ ત્રણે સ્થળના અભાવને નિર્જરાની પ્રત્યે કારણ માનવાનો પ્રસંગ આવશે. તેથી જ્યાં જીવઘાતનો પરિણામ નથી પરંતુ જીવવિરાધના છે (સાધર્મિકવાત્સલ્યાદિમાં) એટલે કે જ્યાં વિશિષ્ટાભાવ શુદ્ધવિશેષ્યસ્વરૂપ છે ત્યાં જેમ નિર્જરાની પ્રાપ્તિ થાય છે, તેવી જ રીતે જ્યાં જીવઘાતનો પરિણામ છે અને જીવવિરાધના નથી; (જયણા વિના કરાતા કોઇ કાર્યમાં) એટલે કે જ્યાં વિશિષ્ટાભાવ શુદ્ધ વિશેષણ સ્વરૂપ છે ત્યાં પણ જીવઘાતના પરિણામથી નિર્જરા માનવાનો એ મૂર્ખ લોકોને પ્રસંગ આવશે. અહીં યાદ રાખવું જોઇએ કે દરેક વખતે વિશેષણાભાવપ્રયુક્તવિશિષ્ટાભાવ (ઘટાભાવપ્રયુક્ત ઘટવિશિષ્ટપટાભાવ) શુદ્ધવિશેષ્ય (પટ) સ્વરૂપ જ બને છે અને વિશેષ્યાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ (પટાભાવપ્રયુક્ત ઘટવિશિષ્ટપટાભાવ) શુદ્ધવિશેષણ (ઘટ) સ્વરૂપ જ બને છે - એવું નથી. ઘટવિશિષ્ટ પટના અભાવ સ્થળે એ બરાબર છે પરંતુ ઘટાભાવવિશિષ્ટ પટ અથવા તો ઘટવિશિષ્ટ પટાભાવ... ઇત્યાદિના અભાવ સ્થળે એવું નહિ બને - એ ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું જોઇએ. (ન્યાયની પરિભાષાથી સર્વથા અપરિચિત એવા વાંચકો માટે આ એકત્રીસમા શ્લોકનું વિવરણ થોડું નહિ, ઘણું અઘરું જણાશે. પરંતુ એનો કોઇ જ વિકલ્પ નથી. જિજ્ઞાસુએ થોડી સ્થિરતા કેળવી અધ્યાપક પાસેથી સમજી લેવાનો પ્રયત્ન કરવો જોઇએ.) વિશેષણાભાવપ્રયુક્ત

વિશિષ્ટાભાવ અને વિશેષ્યાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ સર્વત્ર શુદ્ધવિશેષ્ય સ્વરૂપ અને શુદ્ધવિશેષણ સ્વરૂપ નથી હોતો. એ આશયથી જ '**शुद्धविशेष्यस्वरूपत्वे**' અને '**शुद्धविशेषणरूपस्याऽपि**' - આ ઉલ્લેખ છે.

ઉપર જણાવ્યા મુજબ જીવઘાતપરિણામથી જન્ય એવી વિરાધનાને; વર્જનાભિપ્રાયથી ઉત્પન્ન થનારી નિર્જરાની પ્રત્યે પ્રતિબંધક માનીએ અને કેવળ વિરાધનાને પ્રતિબંધક ન માનીએ તો; જીવઘાતપરિણામથી જન્ય એવી વિરાધનાનો વિશેષ્યાભાવને લઇને જે અભાવ શુદ્ધવિશેષણસ્વરૂપ (જીવઘાતપરિણામસ્વરૂપ) છે તેનાથી પણ નિર્જરાની ઉત્પત્તિનો પ્રસંગ આવે છે. તેના નિવારણ માટે એમ કહેવામાં આવે કે - વર્જનાભિપ્રાયસ્થળે જે વિરાધના થાય છે; તેનું જીવઘાતપરિણામજન્યત્વ જે સ્વરૂપ છે - તે વર્જનાભિપ્રાયના કારણે રહેતું નથી. આશય એ છે કે જીવઘાતના પરિણામથી જે જન્ય છે તેને જ વિરાધના કહેવાય છે. જેમાં જીવઘાતપરિણામજન્યત્વ નથી તે વિરાધના નથી. વર્જનાભિપ્રાયસ્થળે વર્જનાભિપ્રાય(જીવનો ઘાત ન થાય એવી ઇચ્છા)ના કારણે વિરાધનાનું 'જીવઘાતપરિણામજન્યત્વ' સ્વરૂપ જ રહેતું નથી. તેથી 'જીવઘાતપરિણામજન્યત્વ' સ્વરૂપ વગરની તે વિરાધના અસત્ છે. અસત્ એવી તે વિરાધના; નિર્જરાની પ્રત્યે પ્રતિબંધક બનતી નથી. પ્રતિબંધક તો જે સત્ - વિદ્યમાન હોય તે બને છે - આ પ્રમાણે કહેનારને પૂછવું જોઇએ કે–

વિરાધનાનું આ 'જીવવિરાધનાજન્યત્વ' જે સ્વરૂપ છે તે 'વિરાધના' પદની પ્રવૃત્તિ(પદપ્રયોગાત્મક વ્યવહાર)નું નિમિત્ત છે કે વિરાધના પદાર્થનું વિશેષણ છે ? કારણ કે બંને વિકલ્પમાં દોષ છે. વર્જનાભિપ્રાયસ્થળે 'જીવની વિરાધના છે-' એ પ્રમાણે પદનો પ્રયોગ કરાય છે અને એ પદના પ્રયોગનું કારણભૂત 'જીવઘાતપરિણામજન્યત્વ' સ્વરૂપ નથી- એ પણ જણાવાય છે. પદની પ્રવૃત્તિના નિમિત્તના અભાવમાં પદની પ્રવૃત્તિ તો ઉન્મત્ત માણસો કરે છે. રક્ત (લાલ) પદની પ્રવૃત્તિનું નિમિત્ત લાલ રંગ છે. એના અભાવવાળા પીળાદિવસ્ત્રમાં કોઇ 'રક્ત' પદનો પ્રયોગ કરતું નથી. આથી સમજી શકાય છે કે - 'વિરાધના' પદનું જીવઘાતપરિણામજન્યત્વાત્મક પ્રવૃત્તિનિમિત્ત નથી અને વિરાધના છે - આ પ્રમાણેનાં વચન ઉન્મત્તનો પ્રલાપ છે. બીજો વિકલ્પ સ્વીકારીએ તો ઉપર જણાવેલો દોષ કાયમ જ છે. 'જીવઘાતપરિણામજન્યત્વ'; એ વિરાધનાનું જો

વિશેષણ હોય તો નિર્જરાની પ્રત્યે 'જીવઘાતપરિણામજન્યત્વવિશિષ્ટ વિરાધના' પ્રતિબંધક હોવાથી જ્યાં વિરાધના નથી અને માત્ર જીવઘાતપરિણામ છે, ત્યાં (વિશેષ્યાભાવપ્રયુક્ત વિશિષ્ટાભાવ સ્થળે) નિર્જરાની આપત્તિ આવશે - એ ઉપર જણાવ્યું છે જ. આથી ઉપર જણાવ્યા મુજબ કેવળ જીવઘાતપરિણામથી નિર્જરાને માનવાની આપત્તિને દૂર કરવા જે કહ્યું છે તે શ્રદ્ધાસંપન્ન (વિશ્વાસ રાખનારા) શિષ્યની બુદ્ધિને છેતરવા સ્વરૂપ છે.

જીવવિરાધના જો ઉપાધિસહિત ન હોય તો જ તે પ્રતિબંધક બને છે. ઉપાધિસહિત વિરાધના તો પ્રતિબંધકાભાવ સ્વરૂપ હોવાથી તેવા સ્થળે પ્રતિબંધકાભાવસ્વરૂપ કારણ હોવાથી નિર્જરાસ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. આશય એ છે કે કોઇ પણ વસ્તુ પ્રતિબંધક બને કે કારણ બને તો તેની વાસ્તવિકતાને લઇને તે બને. ઉપાધિના કારણે વસ્તુ ઔપાધિક બને છે. તે વાસ્તવિક રહેતી નથી. જે ધર્મથી વિશિષ્ટ જે વસ્તુ પોતાના સ્વરૂપનો ત્યાગ કરે છે તે ધર્મ તે વસ્તુમાં ઉપાધિ છે. (દા.ત. જપાપુષ્પવિશિષ્ટ સ્ફટિક વસ્તુ પોતાના શ્વેતતાસ્વરૂપનો ત્યાગ કરે છે તેથી જપાપુષ્પ સ્ફટિકમાં ઉપાધિ છે તેને લઇને સ્ફટિક લાલરૂપ ધારણ કરે છે, જે સ્ફટિકની ઔપાધિકતા છે.) અહીં વર્જનાભિપ્રાય સ્થળે વર્જનાભિપ્રાયવિશિષ્ટ વિરાધના; વર્જનાભિપ્રાયના કારણે જીવઘાતપરિણામજન્યત્વાત્મક પોતાના સ્વરૂપનો ત્યાગ કરે છે. તેથી ત્યાં વર્જનાભિપ્રાય ઉપાધિ છે. એ ઉપાધિથી રહિત જ વિરાધનાને પ્રતિબંધક મનાય છે અને તેના અભાવને નિર્જરાની પ્રત્યે કારણ મનાય છે. આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે વર્જનાભિપ્રાય સ્થળે જે વિરાધના છે તે વિરાધનામાં; જીવઘાતપરિણામજન્યત્વાત્મક સંયમનાશહેતુ(સંયમના નાશનું કારણ)સ્વરૂપ પોતાનું સ્વરૂપ છે જ નહિ, તેથી વર્જનાભિપ્રાયના કારણે તેનો ત્યાગ અશક્ય છે. સંયમજીવનમાં જ્યારે જીવઘાતનો પરિણામ આવે છે ત્યારે તે પરિણામના કારણે જે પણ પ્રવૃત્તિ થાય તે સઘળીય સંયમના નાશનું કારણ બને છે. જીવઘાતપરિણામથી જન્ય વિરાધનામાં સંયમના નાશની કારણતા છે. સંયમનાશની કારણતા જીવઘાતપરિણામજન્યત્વ સ્વરૂપ છે અને તે વિરાધનાનું સ્વરૂપ છે. પરંતુ વર્જનાભિપ્રાયસ્થળે વિરાધનામાં જીવઘાતપરિણામજન્યત્વ સ્વરૂપ પોતાનું સ્વરૂપ જ ન હોવાથી વર્જનાભિપ્રાયને કારણે તેનો (વિરાધનાના

સ્વરૂપનો) ત્યાગ શક્ય જ નથી. વિદ્યમાનનો ત્યાગ હોય છે, જે વિદ્યમાન નથી તેનો ત્યાગ અશક્ય છે.

'વર્જનાભિપ્રાય-સ્વરૂપ ઉપાધિના કારણે જીવઘાતપરિણામજન્યત્વાત્મક વિરાધનાસ્વરૂપની હાનિ થાય છે' - એનો અર્થ એ છે કે સામાન્યથી વિરાધનામાં જીવઘાતપરિણામજન્યત્વનું જે પ્રમાત્મક જ્ઞાન થતું હતું તે જ્ઞાનનો પ્રતિબંધ થાય છે. વર્જનાભિપ્રાયના કારણે વિરાધનામાં તેવું જ્ઞાન ન થવા સ્વરૂપ જ અહીં વિરાધનાના સ્વરૂપની હાનિ-ત્યાગ છે. તેથી વર્જનાભિપ્રાયવિશિષ્ટ નિર્જરાસ્થળે ઉપાધિ(વર્જનાભિપ્રાયસ્વરૂપ ઉપાધિ)વિશિષ્ટ વિરાધના પ્રતિબંધક ન હોવાથી નિર્જરા થવામાં કોઈ દોષ નથી. જપાપુષ્પવિશિષ્ટ સ્ફટિક સ્થળે પણ તેની શ્વેતતાનો ત્યાગ શ્વેતતાના જ્ઞાનના પ્રતિબંધ સ્વરૂપ છે. આ પ્રમાણે પણ કહેવાનું ઉચિત નથી. કારણ કે સ્ફટિકમાં તો શ્વેતતા છે અને જપાપુષ્પના કારણે તેની શ્વેતતા પ્રતીત થતી નથી. પરંતુ અહીં તો વર્જનાભિપ્રાય સ્થળે વિરાધનામાં જીવઘાતપરિણામજન્યત્વ છે જ નહિ. તેથી તેના જ્ઞાનને રોકવાનું કાર્ય વર્જનાભિપ્રાયથી કઈ રીતે થાય ? ઘટમાં પટત્વ ન હોવાથી પટત્વનું જ્ઞાન થતું નથી એનો અર્થ એ નથી કે દંડાદિના કારણે ઘટમાં પટત્વનું જ્ઞાન થતું નથી. આથી સમજી શકાશે કે વર્જનાભિપ્રાયને ઉપાધિ માનવાનું શક્ય નથી. જેના અભાવના કારણે જ જેનું જ્ઞાન થતું ન હોવા છતાં તેના જ્ઞાનનો પ્રતિબંધ કરનાર તરીકે બીજાને માનવાનું ઉચિત નથી. અન્યથા ગમે તેને ગમે તેના જ્ઞાનનો પ્રતિબંધ કરનાર માનવાની આપત્તિ આવશે. આથી સમજી શકાશે કે જીવઘાતપરિણામથી જન્ય એવી વિરાધનાને; વર્જનાભિપ્રાયવિશિષ્ટ નિર્જરાની પ્રત્યે પ્રતિબંધક માનવાનું તેમ જ ઉપાધિરહિત વિરાધનાને પ્રતિબંધક માનવાનું ઉચિત નથી.

"ઉપર જણાવ્યા મુજબ જીવઘાતપરિણામજન્ય વિરાધનાદિને પ્રતિબંધક માનવાનું ભલે ઉચિત ન હોય પરંતુ વર્જનાભિપ્રાયાભાવવિશિષ્ટ વિરાધનાને પ્રતિબંધક માનવામાં કોઈ દોષ નથી. એટલું જ નહિ, એમ કરવામાં વર્જનાભિપ્રાયને નિર્જરાની પ્રત્યે સ્વતંત્ર કારણ માનવાની જરૂર ન પડવાથી લાઘવ થાય છે." - આ પ્રમાણે કહેવાનું બરાબર નથી. કારણ કે વર્જનાભિ-પ્રાયાભાવવિશિષ્ટ વિરાધનાને પ્રતિબંધક માનીએ તો વિરાધનાવિશિષ્ટ વર્જનાભિ-પ્રાયાભાવને પણ પ્રતિબંધક માનવાનો પ્રસંગ આવશે. વર્જનાભિપ્રાયાભાવને

જ વિશેષણ બનાવવું જોઇએ અને વિરાધનાને જ વિશેષ્ય માનવું જોઇએ - એવા નિયમમાં કોઇ પ્રમાણ નથી. વર્જનાભિપ્રાયાભાવવિશિષ્ટ વિરાધનાને પ્રતિબંધક મનાય તો વિરાધનાવિશિષ્ટ વર્જનાભિપ્રાયાભાવને પ્રતિબંધક કેમ ન મનાય - આ રીતે બંનેને પ્રતિબંધક માનવાના પ્રસંગથી તો ગૌરવ છે.

જોકે વર્જનાભિપ્રાયાભાવવિશિષ્ટ વિરાધના અને વિરાધનાવિશિષ્ટ વર્જનાભિપ્રાયાભાવ એ બંનેમાં અર્થની દૃષ્ટિએ કોઇ ફરક પડતો ન હોવાથી આર્થિક ગૌરવ નથી. પરંતુ આ રીતે જેને પ્રતિબંધક મનાય છે અને જેને સ્વતંત્ર કારણ મનાય છે તે પ્રતિબંધકના વિશેષણ તરીકે તે કારણના અભાવને લઇને પ્રતિબંધક માનવામાં લાઘવ ઇષ્ટ હોય તો દુષ્ટજ્ઞાન; દોષાભાવવિશિષ્ટબાધસ્વરૂપે જ અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક છે - એમ માનવાનો પ્રસંગ આવશે. આશય એ છે કે **शङ्खः श्वेतः** ઇત્યાકારક અનુમિતિની પ્રત્યે **शङ्खः पीतः (श्वेतत्वाभाववान्)** આવા પ્રકારનું બાધજ્ઞાન પ્રતિબંધક છે. પરંતુ પીત્તિમાદિ (પીળિયો વગેરે) દોષ સ્થળે **शङ्खः पीतः** આવું જ્ઞાન થાય તો તે જ્ઞાન પ્રતિબંધક થતું નથી. આથી સમજી શકાશે કે દોષ(પિત્તિમાદિ)ના અભાવમાં જ બાધજ્ઞાન અનુમિતિની પ્રત્યે પ્રતિબંધક બનતું હોવા છતાં બાધજ્ઞાનમાં પ્રતિબંધકતા બાધસ્વરૂપે જ મનાય છે, દોષાભાવ(પિત્તિમાદિદોષાભાવ)વિશિષ્ટ બાધરૂપે પ્રતિબંધકતા મનાતી નથી. અર્થાત્ બાધજ્ઞાન પ્રતિબંધક છે, દોષાભાવવિશિષ્ટ બાધજ્ઞાન પ્રતિબંધક મનાતું નથી. દોષાભાવ સ્વતંત્ર રીતે પ્રતિબંધપ્રયોજક મનાય છે. નિર્જરાની પ્રત્યે વર્જનાભિપ્રાય કારણ છે. વિરાધના પ્રતિબંધક છે. જ્યાં વિરાધના છે અને સાથે વર્જનાભિપ્રાય છે ત્યાં વિરાધના પ્રતિબંધક બનતી નથી. વર્જનાભિપ્રાયના અભાવમાં જ વિરાધના પ્રતિબંધક બને છે. તેથી જો વર્જનાભિપ્રાયાભાવવિશિષ્ટ વિરાધનાને પ્રતિબંધક માનવામાં આવે તો બાધજ્ઞાનને પણ બાધસ્વરૂપે પ્રતિબંધક ન માનતા દોષાભાવવિશિષ્ટ બાધ સ્વરૂપે જ પ્રતિબંધક માનવાની આપત્તિ આવશે... એ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઇએ.

"વર્જનાભિપ્રાયાભાવવિશિષ્ટ વિરાધનાને નિર્જરાની પ્રત્યે પ્રતિબંધક માનવાથી દોષાભાવવિશિષ્ટબાધસ્વરૂપે દુષ્ટજ્ઞાનને (બાધાદિદોષવિષયકજ્ઞાનને); અનુમિતિ(**पर्वतो वह्निमान्**...... ઇત્યાદિ સ્વરૂપ જ્ઞાન)ની પ્રત્યે પ્રતિબંધક માનવાની આપત્તિ આવે છે - તે ઇષ્ટ જ છે. કારણ કે ત્યાં પણ લાઘવ થાય

તો તે ઇષ્ટ છે, તેથી વર્જનાભિપ્રાયાભાવવિશિષ્ટવિરાધનાને પ્રતિબંધક માનવામાં કોઇ દોષ નથી.'' - આ પ્રમાણે કહેવાનું પણ ઉચિત નથી. કારણ કે જ્યાં વર્જનાભિપ્રાયાભાવસ્વરૂપ વિશેષણ છે અને વિરાધનાસ્વરૂપ વિશેષ્ય નથી, ત્યાં વિશેષ્યના અભાવના કારણે (વિશેષ્યાભાવપ્રયુક્ત); વર્જનાભિપ્રાયાભાવવિશિષ્ટ વિરાધનાનો (પ્રતિબંધકનો) અભાવ હોવાથી નિર્જરાસ્વરૂપ ફળની પ્રાપ્તિનો અનિષ્ટ પ્રસંગ આવશે. જ્યાં વર્જનાભિપ્રાય ન હોય અને વિરાધના પણ ન હોય એવા સ્થળે વર્જનાભિપ્રાય ન હોવાથી કર્મબંધ થાય છે, નિર્જરા થતી નથી. તેથી વર્જનાભિપ્રાયના અભાવથી વિશિષ્ટ વિરાધનાને પ્રતિબંધક માનવાનું સર્વથા અનુચિત છે.

આ રીતે નિર્જરાની પ્રત્યે જીવઘાતપરિણામજન્યત્વવિશિષ્ટ વિરાધનાદિને પ્રતિબંધક માનીને તેના અભાવને નિર્જરાની પ્રત્યે કારણ માનવાથી દોષ આવે છે. તેથી નિર્જરાની પ્રત્યે જે કારણ છે તે જણાવતાં ગ્રંથકારશ્રી ફરમાવે છે કે વર્જનાભિપ્રાય જ નિર્જરાસ્વરૂપ ફળવિશેષની પ્રત્યે નિશ્ચયનયથી કારણ છે. મૂળ શ્લોકમાં યતનાપરાયણ આત્માને; કૂપદૃષ્ટાંતથી દ્રવ્યથી થતી વિરાધનાને જે નિર્જરાની કારણ તરીકે વર્ણવી છે - તે વ્યવહારનયની અપેક્ષાએ છે. વર્જન(જીવવિરાધનાનો પરિહાર)ની ભાવનાને અનુસરનારી સાધર્મિક-વાત્સલ્યાદિની તે તે પ્રવૃત્તિઓ નિર્જરાનું કારણ બને છે... આ બત્રીશીના આ એકત્રીસમા શ્લોકથી જણાવેલી વાત; દાર્શનિકપરિભાષાથી જેઓ પરિચિત નથી, તેમને તે સમજવાનું થોડું અઘરું છે, જિજ્ઞાસુઓએ એ માટે પૂરતો પ્રયત્ન કરી અધ્યાપકાદિ પાસેથી સમજી લેવી જોઇએ. ॥૧-૩૧॥

પ્રકરણના અર્થનો ઉપસંહાર કરતાં જણાવાય છે–

**इत्थं दानविधिज्ञाता, धीरः पुण्यप्रभावकः ।**
**यथाशक्ति ददद् दानं, परमानन्दभाग् भवेत् ॥१-३२॥**

इत्थमिति–स्पष्टः ॥१-३२॥

આ રીતે દાન આપવાની વિધિના જ્ઞાતા અને ધર્મની પ્રભાવનાને કરનારા એવા ધીર આત્માઓ પોતાની શક્તિનું અતિક્રમણ કર્યા વિના દાન આપવાથી પરમાનંદના ભાજન બને છે અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે બત્રીશમા

શ્લોકનો અર્થ છે. એનો આશય યાદ રાખ્યા વિના છૂટકો નથી. ગમે તે દાન હોય પરંતુ તે વિધિપૂર્વક જ કરવું જોઈએ. અવિધિપૂર્વક દાન આપવાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. પાત્રાપાત્રનો વિવેક; આદર, સત્કાર અને સન્માનાદિ; ત્યાગની વૃત્તિ; આ લોકાદિના ફળની અનપેક્ષા; તરવાની ભાવના અને ન્યાય-સંપન્નવિભવાદિ... વગેરે દાનવિધિનાં અંગો છે. દાન આપનારા ધીર હોવા જોઈએ. ગમે તેવી ખરાબ સ્થિતિમાં પણ દાન આપવાની પ્રવૃત્તિથી વિચલિત બનવું ના જોઈએ. દુઃખ વેઠી લેવાની વૃત્તિ હોય અને બીજી કોઈ ઇચ્છા ન હોય તો ધીરજ ખૂટતી નથી. નામનાદિની કામના હોય અને અગવડ ના પડે એવી ભાવના હોય તો દાનધર્મ શક્ય નહીં બને. આ રીતે દાન કરનારા ધર્મના પ્રભાવક બની શકે છે. ગૃહસ્થો આ દાનધર્મની આરાધના દ્વારા સાચી રીતે ધર્મની પ્રભાવનાને કરનારા બને છે. પોતાનાં નામ કે કીર્તિ વગેરેનો વિચાર કર્યા વિના માત્ર ત્યાગ કરવાની વૃત્તિથી અને તરવાની ભાવનાથી સુપાત્રદાનાદિ શક્તિ અનુસાર વિહિત છે. આપણી શક્તિ કેટલી છે તેનો સારી રીતે ક્યાસ કાઢી શક્તિને છુપાવ્યા વિના અને શક્તિનું અતિક્રમણ કર્યા વિના દાન આપવાનું છે. આવી જાતનું દાન જ મોક્ષનું કારણ બને છે. બચાવીને આપવાની વૃત્તિ દાનને યથાશક્તિ બનવા દેતી નથી. આજની પરિસ્થિતિ તદ્દન વિચિત્ર છે. યથાશક્તિ વિધિ અને ધર્મની પ્રભાવના વગેરે; દાનમાં જ નહિ, દરેક ધર્માનુષ્ઠાનમાં ક્વચિત જ જોવા મળે. અંતે પરમપુણ્યોદયે પ્રાપ્ત થયેલી સામગ્રીનો પૂર્ણપણે ઉપયોગ કરી દાનધર્મની આરાધના દ્વારા, શ્લોકના અંતે જણાવ્યા મુજબ આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ... એ જ એક શુભાભિલાષા. ॥૧-૩૨॥

**॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां प्रथमा दानद्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

## अथ द्वितीया देशना-द्वात्रिंशिका प्रारभ्यते

आद्यायां द्वात्रिंशिकायां दानमुक्तं, तदन्तरायभीरुत्वं च मुख्यो गुणः, तच्च देशनाविवेकनिर्वाह्यमितीयमधुना विविच्यते–

પહેલી બત્રીશીમાં દાનનું વર્ણન કર્યું. દાનાંતરાયનો ભય હોય તો પરમાર્થથી દાનની પ્રવૃત્તિ શક્ય બને છે. આ લોક વગેરે સંબંધી ફળની આશંસાએ આજ સુધી દાનની પ્રવૃત્તિ થતી જ આવી છે. પરંતુ 'શક્ય હોવા છતાં દાન કરવામાં આવે નહિ તો દાનાંતરાયકર્મ બંધાશે...' વગેરે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનાનુસાર દાનાંતરાયના ભયને લઈને દાનની પ્રવૃત્તિ થાય તો તે દાન પરમાર્થિક બને છે. દાનાંતરાયનું ભીરુત્વ (ભય) - એ મુખ્ય ગુણ છે. કારણ કે ચાર પ્રકારના ધર્મમાં પ્રથમ ધર્મસ્વરૂપ દાનની પારમાર્થિકતા તેને લઈને છે. એ મુખ્ય ગુણની પ્રાપ્તિ; તે તે આત્માને તેને યોગ્ય દેશના આપવાથી કરાવી શકાય છે. તેથી આ બીજી બત્રીશીમાં દેશનાના વિવેકનું નિરૂપણ કરાય છે–

**यथास्थानं गुणोत्पत्तेः, सुवैद्येनेव भेषजम् ।**
**बालाद्यपेक्षया देया, देशना क्लेशनाशिनी ।।२-१।।**

यथास्थानमिति–सुवैद्येन भेषजमिव । बालाद्यपेक्षया बालाद्यानुगुण्येन । देशना देया साधुनेति शेषः । किंभूता ? क्लेशनाशिनी भावधातुसाम्येन दोषापहा । कुत इत्याह– यथास्थानं स्थानमनतिक्रम्य गुणोत्पत्तेः । यथा हि सदप्यौषधं तरुणादियोग्यं बालादीनां न गुणाय तथा धर्मदेशनाऽपि मध्यमादियोग्या बालादीनां न गुणायेति यथास्थान-मेतन्नियोगो न्याय्यः ।।२-१।।

"સારો વૈદ્ય જેમ દવા આપે તેમ બાલાદિ જીવોને અનુકૂળ પડે તે રીતે ક્લેશનો નાશ કરનારી દેશના આપવી જોઈએ. કારણ કે સ્થાનનું અતિક્રમણ ન કરવાથી ગુણની ઉત્પત્તિ થાય છે." - આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે શ્રી વીતરાગ પરમાત્માએ ઉપદેશેલા પરમતારક મોક્ષમાર્ગની દેશના પૂ. ગીતાર્થ સાધુભગવંતોએ આપવી જોઈએ; જે રાગ, દ્વેષ અને મોહ સ્વરૂપ ક્લેશનો

નાશ કરનારી છે. રાગાદિભાવધાતુઓનું સામ્ય (અનુદ્રિક્ત અવસ્થા) પ્રાપ્ત થવાથી એ પરમતારક દેશના રાગાદિજન્ય દોષને દૂર કરનારી છે.

સારો વૈદ્ય રોગીની અવસ્થા જોઈને જેમ દવા આપે છે તેમ પૂ. ગીતાર્થ ગુરુભગવંતે પણ બાલાદિ જીવોને હિતનું કારણ બને અને તેમનું અહિત ન થાય - એ રીતે બાલાદિ જીવોને અનુકૂળ એવી દેશના આપવી જોઈએ. બાલાદિ જીવોને અનુકૂળ એવી દેશનાનો અર્થ એ નથી કે બાલાદિ જીવોને ગમે એવી દેશના. તેમનું એકાંતે જેમાં હિત સમાયું છે એવી દેશનાને જ બાલાદિઅનુગુણ(અનુકૂળ) દેશના કહેવાય છે. એકાંતે પરમકલ્યાણને કરનારી એવી દેશના બાલાદિ જીવોને અનુગુણ જ આપવાના વિધાનનું કારણ એ છે કે યથાસ્થાને ગુણની ઉત્પત્તિ થાય છે. સ્થાનનું - યોગ્યતાનું - અતિક્રમણ (ઉલ્લંઘન) કર્યા વિના કોઈ પણ કામ કરાય તો ગુણની ઉત્પત્તિ થાય છે, અન્યથા દોષની પ્રાપ્તિ થાય છે. તે તે જીવોને તેમની યોગ્યતા મુજબ દેશના આપવાથી તેમને ગુણની પ્રાપ્તિ થતી હોય છે. વાત પણ સમજાય તેવી છે. સારી પણ દવા યુવાનાદિ રોગીને; રોગ દૂર કરવા માટે યોગ્ય હોય તોપણ તે દવા બાલ કે કુમારાદિને ગુણકારિણી નથી જ. તેમ જ મધ્યમ વગેરે આત્માને ક્લેશનો નાશ કરનારી પણ દેશના; બાલાદિ જીવોને ગુણને કરનારી નથી જ. તેથી પરમતારક એવી દેશનાનો યથાસ્થાને જ નિયોગ ન્યાયસંગત છે. ગમે તેને ગમે તેવી દેશના ન અપાય. યોગ્યને, તેને ઉચિત જ દેશના આપવી જોઈએ. ॥૨-૧॥

विपक्षे वाधमाह–

યથાસ્થાને દેશના આપવાના બદલે અયોગ્યને તે તે દેશના આપવામાં આવે તો દોષના પ્રસંગને જણાવાય છે–

**उन्मार्गनयनात् पुंसामन्यथा वा कुशीलता ।**
**सन्मार्गद्रुमदाहाय, वह्निज्वाला प्रसज्यते ॥२-२॥**

उन्मार्गेति-अन्यथा यथास्थानं देशनाया अदाने, पुंसां ध्यान्ध्यकरणद्वारेणोन्मार्ग-नयनाद् वा कुशीलता प्रसज्यते । किंभूता ? सन्मार्गद्रुमाणां दाहाय वह्निज्वाला । अनाभोगेनापि स्वतः परेषां मार्गभेदप्रसङ्गस्य प्रबलापायहेतुत्वादिति भावः ॥२-२॥

"યથાસ્થાને દેશના આપવાના બદલે અસ્થાને દેશના આપવામાં આવે તો પુરુષોને ઉન્માર્ગે લઇ જવાના કારણે કુશીલતા પ્રાપ્ત થશે, જે; સન્માર્ગસ્વરૂપ વૃક્ષના દાહ માટે અગ્નિની જ્વાળા જેવી છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે બાલાદિ જીવોને તેમની યોગ્યતા મુજબની દેશના આપવાના બદલે તેનાથી વિપરીત દેશના આપવામાં આવે તો બાલાદિ જીવોને; તેમની બુદ્ધિને અંધ કરવા દ્વારા ઉન્માર્ગે લઇ જવાથી કુશીલતા પ્રાપ્ત થાય છે, જે; સન્માર્ગસ્વરૂપ વૃક્ષને બાળી નાખવા માટે અગ્નિની જ્વાળા જેવી છે.

સન્માર્ગની પ્રાપ્તિ કરાવવા માટે પરમતારક પૂ. ગીતાર્થ ગુરુભગવંતની દેશના જેવું બીજું કોઇ સાધન નથી. એ દેશનાના નિરંતર પુણ્ય-શ્રવણથી બાલ, મધ્યમ અને પંડિત એવા મુમુક્ષુ જનોને સન્માર્ગની (મોક્ષમાર્ગની) પ્રાપ્તિ થતી હોય છે. પરંતુ બાલાદિ જીવોને બાલાદિ-યોગ્ય દેશના આપવાના બદલે તેનાથી વિપરીત મધ્યમાદિયોગ્ય દેશના આપવામાં આવે તો તે તે જીવોની બુદ્ધિનો ભેદ થતો હોવાથી તેઓને તે દેશના (અસ્થાન-દેશના) ઉન્માર્ગે લઇ જાય છે. તેથી ધર્મદેશકની એ દેશનામાં કુશીલતાનો પ્રસંગ આવે છે. જે; મુમુક્ષુ શ્રોતાવર્ગને સન્માર્ગની પ્રાપ્તિ કરાવવાનું કારણ હતી, તે દેશના શ્રોતાને ઉન્માર્ગે લઇ જાય તો તેમાં કુશીલતાનો પ્રસંગ આવે - એ સમજી શકાય છે. ચાલુ વ્યવહારમાં પણ જેઓ સન્માર્ગે ચાલતા હોય છે, તેમની આંખે પાટા બાંધી તેમને ઉન્માર્ગે લઇ જવાની પ્રવૃત્તિમાં કુશીલતા પ્રતીત થાય છે. તેમ અહીં લોકોત્તરમાર્ગમાં પણ વિપરીત(અસ્થાન-પરસ્થાન)દેશના દ્વારા બાલાદિ જીવોની બુદ્ધિનો ભેદ થવાથી તે જીવોને ઉન્માર્ગે લઇ જવાથી ધર્મદેશકની ધર્મદેશનાસ્વરૂપ પ્રવૃત્તિમાં કુશીલતા પ્રતીત થાય છે.

જેની જેવી યોગ્યતા છે તેને તે મુજબ અપાતી દેશનાને યથાસ્થાનદેશના કે સ્વસ્થાનદેશના કહેવાય છે. તેનાથી વિપરીત રીતે યોગ્યતાનું અતિક્રમણ કરીને અપાતી દેશનાને અસ્થાન કે પરસ્થાન દેશના કહેવાય છે. વિપરીત દેશનાના શ્રવણથી શ્રોતાને તદ્દન જ વિરુદ્ધ અર્થનું જ્ઞાન થવાથી પૂર્વે જાણેલા અને વર્તમાનમાં જણાતા (જ્ઞાત અને જ્ઞાયમાન) અર્થના વિષયમાં બુદ્ધિનો વ્યામોહ થાય છે, એને બુદ્ધિની અંધતા કહેવાય છે. આ અંધતાના કારણે શ્રોતા ઉન્માર્ગે જાય છે, જેમાં અસ્થાન-દેશના કારણ બને છે. ધર્મદેશકની તે કુશીલતા છે.

અજ્ઞાન કે અનુપયોગથી પણ પોતાને કારણે થતો બીજાની બુદ્ધિનો ભેદ; પ્રબળ અપાયનું કારણ છે. માટે પરસ્થાનદેશનાના પરિહાર માટે ધર્મદેશકે ખૂબ જ અપ્રમત્ત રહેવું જોઇએ. અને વારંવાર બાલાદિ જીવોની યોગ્યતાને ખૂબ જ સૂક્ષ્મ રીતે જોવી જોઇએ. અન્યથા પરસ્થાનદેશનાના કારણે કુશીલતાનો પ્રસંગ આવશે.

અહીં પ્રસંગથી યાદ રાખવું જોઇએ કે વર્તમાનમાં કેટલાક આચાર્ય-ભગવંતાદિ ધર્મદેશકો માર્ગાનુસારી દેશનાને પણ પરસ્થાનદેશના તરીકે વર્ણવી રહ્યા છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનને અનુસરી મોક્ષૈકલક્ષી દેશનાના ધર્મદેશકોની દેશનાને પણ; પરસ્થાન દેશના તરીકે વર્ણવનારાઓની મનોદશા તદ્દન વિચિત્ર છે. સંસારથી મુક્ત બનેલાની અવસ્થા સ્વરૂપ મોક્ષ છે; અને એનાથી તદ્દન જ વિપરીત સ્વભાવવાળો સંસાર છે. "સકલકર્મક્ષયસ્વરૂપ મોક્ષ માટે પણ ધર્મ કરવાનો અને સકલકર્મમય સંસારના સુખ માટે પણ ધર્મ કરવાનો. બંધન અને મુક્તિ : બંને માટે ધર્મ કરવાનો..." વગેરે પ્રકારના ઉપદેશને આપનારા એ ઉપદેશકોને મોક્ષૈકલક્ષી દેશના પરસ્થાનદેશનારૂપે જણાય છે. પરંતુ આ બત્રીશીના બીજા શ્લોકથી સમજાવેલું પરસ્થાનદેશનાનું સ્વરૂપ એવું નથી. બાલાદિ જીવોને; મધ્યમાદિ જીવો માટે યોગ્ય એવી દેશના આપવામાં આવે તો તે દેશના પરસ્થાનદેશના છે. વર્તમાનમાં પ્રાયઃ બાલ, મધ્યમ અને પંડિત : આ ત્રણેય શ્રોતાઓથી યુક્ત સભા હોય છે. આવા વખતે ધર્મદેશકો તે તે જીવોની મુખ્યતા રાખીને દેશના આપતા હોય છે. એટલામાત્રથી એ દેશના પરસ્થાનદેશના ન બને. જીવવિશેષને તેની અયોગ્યતાને લઇને કોઇ વાર કોઇ વિષયમાં બુદ્ધિભેદ થાય - એ બનવાજોગ છે. આવું તો શ્રી વીતરાગપરમાત્માની દેશનાના નિયમિત શ્રવણથી પણ પાખંડી જનો માટે બનતું હોય છે. પરંતુ એટલામાત્રથી તે દેશનાને પરસ્થાનદેશનાસ્વરૂપે વર્ણવવાનું સાહસ કરવું ના જોઇએ. લોકોના બુદ્ધિભેદની ચિંતા કરવા પહેલાં ખોટી રીતે પરસ્થાનદેશનાને વર્ણવનારાએ પોતાનો બુદ્ધિભેદ શાથી થયો છે - એ વિચારવું જોઇએ. ત્યાં સુધી આપણે એમની વાતમાં આવી ન જઇએ તેની તકેદારી રાખીએ. ॥૨-૨॥

नन्वेवं "न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् । ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवतीति" वाचकवचनं व्याहन्येत, अतः खलु अनुग्रहधिया आगमार्थोपदेशमात्रमेवेष्टसाधनतया प्रतीयते, श्रोतुर्भावस्तु दुर्ग्रह इत्याशङ्कायामाह–

"જો ઉપર જણાવ્યા મુજબ પરસ્થાનદેશના આપવાથી ધર્મદેશકને કુશીલતાની પ્રાપ્તિ થતી હોય તો વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ ભગવંતે ફરમાવેલી વાતનો વિરોધ આવશે. તેઓશ્રી ફરમાવે છે કે; 'હિતકર એવાં વચનોના શ્રવણથી બધા જ શ્રોતાઓને એકાંતે ધર્મની પ્રાપ્તિ થતી નથી. પરંતુ શ્રોતાની ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી ધર્મદેશના આપનાર વક્તા(વ્યાખ્યાતા)ને એકાંતે ધર્મ(કર્મનિર્જરા) થાય છે. જો પરસ્થાનદેશના આપનારને ઉપર જણાવ્યા મુજબ કુશીલતાનો પ્રસંગ આવતો હોય તો ઉપર જણાવેલા વચનનો વિરોધ આવશે. તેથી ઉમાસ્વાતિ મહારાજાના વચનથી ખરેખર તો એમ જણાય છે કે ધર્મદેશકે આગમના અર્થનો ઉપદેશ આપવો તેમાં તેનું એકાંતે હિત છે. શ્રોતા કેવો છે અને કેવો નહિ - એ જોવાની આવશ્યકતા નથી. આમ પણ શ્રોતાની મનની પરિણતિને જાણવાનું કપરું છે." - આ પ્રમાણેની શંકાનું સમાધાન કરાય છે.

**अनुग्रहधिया वक्तुर्धर्मित्वं नियमेन यत् ।**
**भणितं तत्तु देशादिपुरुषादिविदं प्रति ।।२-३।।**

अनुग्रहेति–अनुग्रहधिया वक्तुर्धर्मोपदेष्टु - र्धर्मित्वं निर्जराभागित्वम् नियमेनैकान्तेन यद्भणितं तत्तु देशादीन् पुरुषादींश्च वेत्ति यस्तं प्रति, न तु तद्ज्ञाने शक्तिमस्फोरयन्तं प्रति ।।२-३।।

"અનુગ્રહ કરવાની બુદ્ધિથી વ્યાખ્યાતાને ચોક્કસપણે નિર્જરા થાય છે - એ પ્રમાણે જે કહ્યું છે, તે; દેશ વગેરે અને પુરુષ વગેરે(શ્રોતાદિ)ને જાણનારા વ્યાખ્યાતાને આશ્રયીને કહ્યું છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ '**न भवति धर्मः**...' ઇત્યાદિ કારિકા દ્વારા; 'વક્તાને શ્રોતાની ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિએ ધર્મદેશના આપવાથી એકાંતે નિર્જરાનું તે ભાજન બને છે' - એ જે જણાવ્યું છે તે; દેશ અને કાલાદિના તેમ જ બાલાદિ સ્વરૂપ પુરુષ(શ્રોતા) અને તેની પરિણતિ વગેરેના જે જાણકાર છે તેવા ધર્મોપદેશકોને આશ્રયીને જણાવ્યું છે. જે ધર્મોપદેશકો દેશ કે કાલાદિને અને પુરુષ કે તેની પરિણતિ વગેરેને જાણવા માટે પ્રયત્ન કરતા નથી તેમને આશ્રયીને એ વાત કરી નથી. દેશાદિ અને પુરુષાદિને જાણ્યા વિના અનુગ્રહબુદ્ધિથી પણ

દેશના આપવાથી તે ધર્મોપદેશકોને નિર્જરા થતી નથી. પરંતુ તે ઉપદેશકોને કુશીલતાનો પ્રસંગ આવે છે. ॥૨-૩॥

ननु पुरुषादिभेदेन देशनाभेदो न युक्तः, राजरङ्कयोरेकरूपेणैव देशनाभिधानात् । तथा चाचारसूत्रं–"जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ । जहा तुच्छस्स कत्थइ तहा पुण्णस्स कत्थइ" (आचारांगसूत्र १०१ पत्र १४५) इति । सूत्रोल्लङ्घनं च महतेऽनर्थायेत्याशङ्क्याह–

આ રીતે બાલાદિ જીવોને આશ્રયીને દેશનામાં ભેદ કરવો (ફેરફાર કરવો) : એ યોગ્ય નથી. કારણ કે રાજા અને રંકને એકસરખી જ દેશના આપવાનું વિધાન છે. શ્રી આચારાંગસૂત્રમાં (સૂ.નં.૧૦૧) જણાવ્યું છે કે; પુણ્યશાળી રાજા વગેરેને જેવી દેશના અપાય છે તેવી જ દેશના ગરીબ વગેરે તુચ્છ જનોને અપાય છે. જેવી દેશના તુચ્છ ગરીબ વગેરેને અપાય છે, તેવી જ દેશના રાજા વગેરે પુણ્યવંત આત્માને અપાય છે. આથી સમજી શકાય છે કે શ્રી આચારાંગસૂત્રમાં જીવમાત્રને એકસરખી જ દેશના આપવાનું ફરમાવ્યું છે. તેથી બાલાદિ જીવોને આશ્રયીને દેશનામાં ફેરફાર કરવાનું ઉચિત નથી. કારણ કે સૂત્ર-આગમનું ઉલ્લંઘન મહાન અનર્થનું કારણ છે - આવી શંકાનું નિરાકરણ કરાય છે–

**कोऽयं पुरुष इत्यादिवचनादत एव च ।**
**पर्षदादिविवेकाच्च, व्यक्तो मन्दस्य निग्रहः ॥२-४॥**

कोऽयमिति–अत एव च विपर्यये दोषादेव च । कोऽयं पुरुष इत्यादिवचनान्नन्द्यावश्यकादौ । पर्षदादीनां विवेकाद्विवेचनाच्च । मन्दस्य देशादिपुरुषादिज्ञानाभाववतो वक्तुः । निग्रहोऽपसिद्धान्तलक्षणः । व्यक्तः प्रकट एव । अयं भावः-उक्ताचारसूत्रं साधोर्धर्मव्याख्याने निरीहतामात्रद्योतकमेव, राजादेरभिप्राया-ननुसरणे प्रकटदोषोपदर्शनपूर्वमनुपदमेव तत्र पुरुषादिदेशादिपरिज्ञानवक्त्वेन देशनाधिकारित्वाभिव्यञ्जनात् । तदुक्तं– "अवि य हणे अणाइयमाणे एत्थं पि जाण सेयं ति णत्थि केयं पुरिसे कंच णए त्ति" । (आचारांगसूत्र १०२ पत्र १४५/१४६) किं चैवं पुरुषादिपरिज्ञानानावश्यकत्वे पर्षदादिगुणदोषोपवर्णनं तत्र तत्र व्यर्थं स्यादिति ॥२-४॥

"યથાસ્થાનદેશના આપવામાં ન આવે તો પરસ્થાનદેશના આપનાર વક્તાને કુશીલતાસ્વરૂપ દોષનો પ્રસંગ આવતો હોવાથી જ **कोऽयं पुरुष...**

ઇત્યાદિ વચનથી (શ્રી આચારાંગમાં) પુરુષાદિને જાણવાની અને પર્ષદાદિના વિવેચનથી (શ્રી નંદીસૂત્રાદિમાં) પર્ષદાને જાણવાની વાત કરીને; તેમ કરવામાં ન જ આવે તો પરસ્થાનદેશનાને આપનારા મંદનો નિગ્રહ સ્પષ્ટપણે જણાવ્યો છે.'' - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે યથાસ્થાનદેશના આપવામાં ન આવે અને ઉપર જણાવ્યા મુજબના શ્રી આચારાંગસૂત્રના વચનાનુસાર રાજા અને રંકને એકસરખી જ દેશના આપવાની હોય તો; શ્રી આચારાંગસૂત્રમાં જ આગળ જઇને જે જણાવ્યું છે કે 'કોણ પુરુષ છે...' વગેરે - તે, ધર્મદેશકે જોવું જોઇએ. તેમ જ શ્રી નંદીસૂત્ર વગેરેમાં પર્ષદાદિનું વિસ્તારથી વર્ણન કર્યું છે. એથી એ ચોક્કસ છે કે ધર્મદેશકે પુરુષાદિને અને પર્ષદાદિને જાણીને જ ધર્મદેશના આપવી જોઇએ. આથી જ આ પ્રમાણે ન કરવામાં આવે તો દેશાદિ અને પુરુષાદિના જ્ઞાનના અભાવવાળા મંદ ધર્મદેશકનો નિગ્રહ એટલે કે અપસિદ્ધાંત બોલવાથી થનારો પરાભવ સ્પષ્ટ છે - આ પ્રમાણે પણ ત્યાં ત્યાં જણાવ્યું છે. આ બધું ત્યારે જ સંગત બને કે જ્યારે પુરુષાદિને આશ્રયીને દેશનામાં ભેદ માનીએ. જો જીવમાત્રને એકસરખી જ દેશના આપવાની હોય તો પુરુષાદિના જ્ઞાનનું વિધાન, પર્ષદાદિનું વિવેચન અને મંદનો પરાભવ : આ બધાને જણાવવાનું કોઇ જ પ્રયોજન રહેતું નથી. માટે યથાસ્થાનદેશના આપવાના બદલે અસ્થાન દેશના આપવાથી કુશીલતાનો પ્રસંગ આવે છે - એ સમજી શકાય છે.

જોકે આ રીતે યથાસ્થાનદેશના જ આપવાની હોય તો શ્રી આચારાંગસૂત્રના **जहा पुण्णस्स कत्थई**... આ સૂત્રથી એકસરખી જ દેશના આપવાના વિધાનનો વિરોધ આવે છે; પરંતુ તેનો પરિહાર કરતાં ગ્રંથકારશ્રી ફરમાવે છે કે; તે (**जहा पुण्णस्स**... ઇત્યાદિ) સૂત્રનો અર્થ એ છે કે પૂ. સાધુભગવંતો વ્યાખ્યાન કરતી વખતે શ્રોતા પાસેથી કોઇ ફળની ઇચ્છા ન રાખે. આવી નિરીહતામાત્રને જણાવનારું એ સૂત્ર છે. પુરુષ વગેરેનો અને પર્ષદાદિનો વિચાર કરવાની જરૂર નથી - એ જણાવનારું એ સૂત્ર નથી. શ્રી આચારાંગસૂત્રમાં એ સૂત્રથી જણાવેલી એ વાતનો પરમાર્થ સમજાવતી વખતે તે સૂત્રની ટીકામાં શ્રી શીલાંકાચાર્ય મહારાજાએ પણ ઉપર જણાવેલી વાત જણાવી છે. '**जहा पुण्णस्स**...' આ સૂત્ર વ્યાખ્યાતાની નિરીહતામાત્રને જણાવનારું ન હોય અને રાજા-રંકને એકસરખી

દેશના આપવાનું વિધાન કરનારું હોય તો; રાજાદિના અભિપ્રાયનું અનુસરણ કરવામાં ન આવે તો જે દોષ આવે છે તે આગળના જ સૂત્રમાં આચારાંગમાં જણાવેલું સંગત નહિ બને. એ સૂત્રમાં તે પ્રમાણે જણાવવાપૂર્વક સ્પષ્ટપણે જણાવ્યું છે કે દેશાદિ અને પુરુષાદિના જ્ઞાનવાળાને જ દેશનાનો (દેશના આપવાનો) અધિકાર છે. **अवि य हणे**... ઇત્યાદિ સૂત્રમાં જણાવ્યું છે કે 'રાજાના અભિપ્રાયનો આદર ન કરીએ તો તે મારે પણ; તેથી તું અહીં જાણ ! આવી ધર્મદેશનામાં શ્રેય-પુણ્ય નથી. આ પુરુષ કોણ છે, કયા દેવને માને છે... વગેરે જાણીને જ ધર્મદેશના કરવી જોઇએ.' ધર્મદેશના કરતી વખતે આ રીતે પુરુષાદિનું જ્ઞાન આવશ્યક છે. પુરુષાદિનું જ્ઞાન આવશ્યક ન હોય તો શ્રી નંદીસૂત્ર વગેરે ગ્રંથમાં પર્ષદાદિના ગુણ અને દોષનું વર્ણન કરવાનું અર્થહીન બની જશે. તેથી સમજી શકાશે કે પુરુષાદિવિશેષને આશ્રયીને દેશનાનો ભેદ(ફરક) કરવાનું યુક્ત જ છે. અન્યથા પરસ્થાનદેશનાથી કુશીલતા પ્રાપ્ત થશે. ॥૨-૪॥

દેશાદિ અને પુરુષાદિના જ્ઞાનની અપેક્ષા રાખ્યા વિના ધર્મદેશનાને આપનારા ધર્મદેશકને કુશીલતા પ્રાપ્ત થાય છે - એ જણાવ્યું. હવે આવા ધર્મદેશકોની દેશનાથી શ્રોતાઓને જે અનિષ્ટ થાય છે તે જણાવવા માટે પાંચમો શ્લોક છે—

**अज्ञातवाग्विवेकानां, पण्डितत्वाभिमानिनाम् ।**
**विषं यद्वर्त्तते वाचि, मुखे नाशीविषस्य तत् ॥२-५॥**

अज्ञातेति—अज्ञातो वाग्विवेकः शुद्धाशुद्धयोग्यायोग्यविषयत्वादिरूपो यैस्तेषां पण्डितत्वाभिमानिनाम् । वाचि भाषायां । विषं यन्मिथ्यात्वरूपं वर्तते । तदाशीविषस्य व्यालस्य मुखे न । अनेकजन्मदुःखदं ह्येकमन्यच्चैकजन्मदुःखदमेवेति ॥२-५॥

"વાણીસંબંધી વિવેકનું જેમને જ્ઞાન નથી અને પોતાની જાતને જેઓ પંડિત માને છે; તેમની વાણીમાં જે ઝેર છે તે ઝેર આશીવિષસર્પના મુખમાં નથી." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે - હું જે બોલું છું તે શુદ્ધ (માર્ગાનુસારી) છે કે અશુદ્ધ; શ્રોતા યોગ્ય છે કે અયોગ્ય તેમ જ દેશ અને કાળ ઉચિત છે કે અનુચિત છે... વગેરે સંબંધી વચનવિવેક જેમને જ્ઞાત નથી અને પોતાની જાતને પાછા પંડિત માને છે, તેમની વાણીમાં જે મિથ્યાત્વસ્વરૂપ વિષ છે, તેવું વિષ આશીવિષસર્પના મુખમાં નથી. અર્થાત્

આશીવિષના મુખમાં જે વિષ છે તેનાથી ભયંકર એવું વિષ; એ વિવેકરહિત ધર્મદેશકોના વચનમાં છે. કારણ કે આશીવિષસર્પના મુખમાંનું વિષ એક જ મરણનું કારણ બને છે. પરંતુ પોતાની જાતને પંડિત માનનારા અને વચનના વિવેકથી અજ્ઞાત એવા ધર્મદેશકોના વચનમાં રહેલું મિથ્યાત્વસ્વરૂપ વિષ અનેકાનેક મરણનું કારણ બને છે. આ રીતે એક વિષ (મિથ્યાત્વસ્વરૂપ વિષ) અનેક જન્મનાં દુઃખોનું કારણ છે અને બીજું વિષ (સર્પના મુખમાં રહેલું) એક જન્મના જ દુઃખને આપનારું છે.

આથી સમજી શકાશે કે જેમને દેશ, કાળ, પુરુષ અને વચનની શુદ્ધિ વગેરેનું જ્ઞાન નથી અને પાછા પોતાની જાતને પંડિત માનીને ધર્મદેશના કરવાની પ્રવૃત્તિ કરે છે; એ ધર્મદેશકો મિથ્યાત્વસ્વરૂપ વિષને શ્રોતાઓના હૃદય સુધી નિરંતર પહોંચાડ્યા જ કરે છે. પોતાને તો આવી પ્રવૃત્તિના કારણે કુશીલતા પ્રાપ્ત થયેલી જ છે. પરંતુ એ પ્રવૃત્તિથી શ્રોતાઓને પણ મિથ્યાત્વ-વિષની બાધા કરે છે. તેથી ઉભય(વક્તા અને શ્રોતા)ને માટે અહિત કરનારી આવી પરસ્થાનદેશનાની પ્રવૃત્તિ કોઇ પણ રીતે દૂર કરવી જોઇએ. જેમને દેશાદિનું કે શુદ્ધ્યાદિનું જ્ઞાન નથી એવા લોકોએ મૌન રહેવું જોઇએ. પરંતુ આવા લોકો જ્યારે પોતાની જાતને પંડિત માને છે; ત્યારે તેઓ બોલ્યા વગર રહી શકતા નથી. અને નિરંતર વચન દ્વારા મિથ્યાત્વસ્વરૂપ વિષને વમતા હોય છે. મુમુક્ષુએ આવા અવસરે ખૂબ જ ઉપયોગપૂર્વક વર્તવું જોઇએ. અન્યથા એ મિથ્યાત્વવિષની બાધા-પીડા ભોગવવાનો પ્રસંગ આવશે. વર્તમાનની વિષમ સ્થિતિની ઉત્પત્તિમાં એવા ધર્મદેશકોએ પુષ્કળ ફાળો આપ્યો છે. એ પ્રવૃત્તિને અટકાવવાનું આપણી શક્તિ બહારનું છે. પરંતુ એમાં આપણે આવી ન જઇએ - એટલું માત્ર ચોક્કસપણે ધ્યાનમાં રાખી શકીએ. ॥૨-૫॥

वालादीनां लक्षणमाह–

ઉપર જણાવ્યા મુજબ એ સિદ્ધ થયું કે બાલાદિ જીવોને બાલાદિ-યોગ્ય દેશના આપવી. હવે તે બાલાદિ જીવોનું સામાન્યથી લક્ષણ જણાવાય છે–

**तत्र बालो रतो लिङ्गे, वृत्तान्वेषी तु मध्यमः ।**
**पण्डितः सर्वयत्नेन, शास्त्रतत्त्वं परीक्षते ॥२-६॥**

तत्रेति–तत्र तेषु बालादिषु मध्ये । लिङ्गे लिङ्गमात्रे । रतो बालः, लिङ्गमात्रप्राधान्यापेक्षयाऽसदारम्भत्वात् । वृत्तान्वेषी तु वृत्तप्राधान्यापेक्षी तु मध्यमः, बालापेक्षया मध्यमाचारत्वात् । यस्तु सर्वयत्नेन शास्त्रतत्त्वं परीक्षते स पण्डितः, तत्त्वतस्तस्य मार्गानुसारितयोत्कृष्टाचारत्वात् ।।२-६।।

"બાલાદિ જીવોમાં લિંગમાત્રમાં જે રક્ત(રાગી) છે તેને બાલ કહેવાય છે, વૃત્ત(આચાર)ને જ મુખ્ય માનનારો મધ્યમ છે અને જે પૂર્ણ પ્રયત્ને શાસ્ત્રતત્ત્વને પરીક્ષે છે તે પંડિત છે." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો સામાન્ય અર્થ છે. આશય સ્પષ્ટ છે કે બાલ, મધ્યમ અને પંડિત : આ ત્રણ પ્રકારના શ્રોતાઓને તેમને ઉચિત દેશના આપવાની છે. એમાં બાલજીવો અસદ્-અસુંદર (ખરાબ) આચારવાળા; આગમમાં જેનો નિષેધ છે તેને આચરવાવાળા અને દેશકાલાદિને આશ્રયીને શક્ય હોવા છતાં એ પ્રમાણે સદાને માટે નહિ આચરનારા હોય છે. તેથી લગભગ તેઓ આચારના મહત્ત્વને સમજતા હોતા નથી. તેમની દૃષ્ટિએ બાહ્ય વેષ-આકારને ધારણ કરવા માત્રથી તે વંદનાદિને યોગ્ય હોય છે. તેથી તેઓ લિંગ-બાહ્યવેષ-આકારમાં જ રાગી હોય છે. એવા બાહ્યવેષાદિને ધારણ કરનારાને બાલજીવો ધર્મી માની લે છે. સામાન્ય રીતે મધ્યમ અને પંડિતજનો પણ આચાર અને તત્ત્વ(શાસ્ત્રતત્ત્વ)ની સાથે વેષને પણ માને છે. પરંતુ તેઓ બાલની જેમ લિંગમાત્રનું જ પ્રાધાન્ય માનતા નથી. તેથી શ્લોકમાંના '**लिङ्ग**' પદનો અર્થ લિંગમાત્ર કર્યો છે.

બાલજીવોની અપેક્ષાએ મધ્યમબુદ્ધિવાળા જીવોનો આચાર, મધ્યમ કોટિનો હોય છે. તેમને વિશેષ જ્ઞાન ન હોવાથી; શું કરવાથી વિશેષ લાભ થશે અથવા શું કરવાથી અલાભ થશે... ઇત્યાદિની સમજણ હોતી નથી. તેઓ શાસ્ત્રમાં જે પ્રમાણે શબ્દથી જણાવ્યું હોય તે મુજબ કરતા હોય છે. પરંતુ તેના પરમાર્થને જાણતા નથી. ગુરુલાઘવના જ્ઞાનથી કરી શકાતા એવા કાર્યને તેઓ કરતા નથી. માત્ર સૂત્રમાં જણાવેલા તે તે કાર્યને તેઓ કરે છે. તેથી તે મધ્યમ આચારવાળા છે. માત્ર વેષને જોયા વિના આચારને પણ તેઓ અન્વેષે છે. બીજાને ધર્મી તરીકે માનવામાં તેઓ માત્ર વેષની અપેક્ષા રાખતા નથી, પરંતુ સાથે સાથે આચારની મુખ્યતા રાખે છે. ધર્મીપણામાં આચાર મુખ્ય છે - એવી

માન્યતાને તેઓ સેવતા હોય છે. તેથી આચારહીન એવા વેષધારીને તેઓ વંદનીય વગેરે માનતા નથી.

પંડિતજનો તો પૂર્ણ પ્રયત્ને શાસ્ત્રતત્ત્વને જોતા હોય છે. વેષ અને આચારને જોયા પછી પણ ધર્માત્માઓની પ્રવૃત્તિ શાસ્ત્રાનુસારી છે કે નહિ... વગેરે ખૂબ જ સૂક્ષ્મ રીતે જુએ છે. પંડિતજનો જ્ઞાન, દર્શન અને ચારિત્ર : એ ત્રણનું અનુસરણ કરતા હોય છે. તેમનો આચાર ઉત્કૃષ્ટ કોટિનો હોય છે. શાસ્ત્રના તત્ત્વ-પરમાર્થની પરીક્ષા કરીને જ તેઓ બીજાને ધર્મી તરીકે માને છે. આ રીતે બાલ, મધ્યમ અને પંડિત જનોને ઓળખીને તેમને ઉચિત દેશના આપવી જોઇએ. ॥૨-૬॥

બાહ્યલિંગ પણ અપરિગ્રહતાદિને જણાવનારું હોવાથી બાહ્યલિંગને પ્રધાન-મુખ્ય માનનારને બાલ કેમ કહેવાય છે - આવી શંકાનું સમાધાન કરાય છે–

**गृहत्यागादिकं लिङ्गं, बाह्यं शुद्धिं विना वृथा ।**
**न भेषजं विनारोग्यं, वैद्यवेषेण रोगिणः ॥२-७॥**

गृहेति–गृहत्यागादिकं बाह्यं बहिर्वर्ति लिङ्गम् । शुद्धिं विना अन्तस्तत्त्वविवेकमन्तरा । वृथा निरर्थकम् । न हि रोगिणो भेषजोपयोगं विना वैद्यवेषधारणमात्रेणारोग्यं भवति । अत एवैतत्परैरपि मिथ्याचारफलमुच्यते, तल्लक्षणं चेदं– "बाह्येन्द्रियाणि सयम्य य आस्ते मनसा स्मरन् । इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥१॥" इति ॥२-७॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે - ગૃહત્યાગાદિ બાહ્ય લિંગ આંતરિક શુદ્ધિ વિના નિરર્થક છે. રોગીને ઔષધ વિના વૈદ્યવેષ ધરવા માત્રથી આરોગ્ય પ્રાપ્ત થતું નથી. કહેવાનો આશય એ છે કે કોઇ પણ જાતના આચાર કે વિચારને પ્રાધાન્ય આપ્યા વિના માત્ર બાહ્ય વેષ-આકારને પ્રધાન માનનારા ખરા અર્થમાં બાલ છે. કારણ કે આંતરિક ચિત્તપરિણતિની શુદ્ધિ વિના બાહ્ય વેષનું કોઇ જ મહત્ત્વ નથી. તે બાહ્યલિંગ નિરર્થક છે. તેનાથી અનાદિના ભવરોગનું નિવારણ થતું નથી. સામાન્ય કોટિના રોગીનો રોગ દવા વિના દૂર થતો નથી. વૈદ્યનો વેષ ધારણ કરવા માત્રથી રોગીને આરોગ્યની પ્રાપ્તિ થતી નથી - એ સ્પષ્ટપણે સમજી શકાય છે. ધર્મના અર્થી હોવા છતાં માત્ર વેષને (બાહ્ય લિંગને) જ પ્રધાન માનનારા એવા જીવો બાલ છે. બાલ જીવો ધર્મના અર્થી નથી હોતા એવું નથી.

પરંતુ વિશેષ જ્ઞાનનો અભાવ હોવાથી તેઓ આંતરિક શુદ્ધિ વિના બાહ્ય વેષની નિરર્થકતાને સમજી શકતા નથી. અંતઃકરણમાં પ્રગટ થયેલા તત્ત્વવિવેકને આંતરિક શુદ્ધિ કહેવાય છે. આવી શુદ્ધિ; વિશેષ જ્ઞાનથી પ્રાપ્ત થતી હોય છે, જે; બાલજીવોને હોતી નથી.

આંતરિક તત્ત્વવિવેક વિનાનું બાહ્યલિંગ નિરર્થક હોવાથી જ અન્ય વિદ્વાનોએ પણ તેને મિથ્યાચારના ફળવાળું વર્ણવ્યું છે. મિથ્યાચારવાળા જીવોનું સ્વરૂપ વર્ણવતાં તેઓએ જણાવ્યું છે કે; જે બહારથી ઇન્દ્રિયોનું નિયમન કરીને મનથી પાંચેય ઇન્દ્રિયોના વિષય-રૂપાદિનું સ્મરણ કરે છે તે વિમૂઢ આત્માનો મિથ્યાચાર કહેવાય છે. જન્માંતરમાં ઉપાર્જેલા અકુશલ કર્મનો જ આ વિપાક છે કે ભોગ અને ઉપભોગથી રહિત બની બુદ્ધિમાન આત્માઓ જેને નિંદનીય ગણે છે એવા બાહ્યલિંગમાત્રને ધારણ કરી કષ્ટમય જીવન જિવાય છે. - આ બધું સમજવા જેટલી પાત્રતા જેમનામાં નથી એવા જીવો ખરેખર જ બાલ છે. માત્ર વેષને - આકારને - પ્રધાન માનવાથી તેમને ધર્મતત્ત્વ સમજાવવાનું ઘણું જ કપરું છે. ॥૨-૭॥

મધ્યમજીવો વૃત્ત(આચાર)ને પ્રધાન માને છે. તે વૃત્તનું સ્વરૂપ જણાવાય છે—

**गुरुदोषकृतां वृत्तमपि त्याज्यं लघुत्यजाम् ।**
**जाड्यत्यागाय पतनं, ज्वलति ज्वलने यथा ॥२-८॥**

गुर्विति—वृत्तं खलु असदारम्भनिवृत्तिमदनुष्ठानं, तच्च कार्ये हेतूपचारेण यच्चारित्रमुच्यते तत्क्षायोपशमिकत्वाच्छुद्धमेव, यत्तु कीर्त्याद्यर्थं तद्वदाभासते, तल्लघुत्यजामपि सूक्ष्मदोषाकरणयत्नवतामपि । गुरून् दोषान् प्रवचनोपघातकारिणः कुर्वन्ति ये तेषां सम्बन्धि त्याज्यम् । यथा जाड्यत्यागाय अङ्गशैत्यापनयनाय ज्वलति ज्वलने पतनम् ॥२-८॥

“નાના(સૂક્ષ્મ) દોષોનો ત્યાગ કરનારા અને મોટા દોષોને આચરનારાનું વૃત્ત પણ હેય કોટિનું છે, કોઇ પણ રીતે આદરણીય નથી. શરીરની ઠંડી(ટાઢ)ને દૂર કરવા બળતા એવા અગ્નિમાં કોઇ પડતું નથી” - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે મધ્યમબુદ્ધિ જીવો આચારને પ્રધાન-મુખ્ય માને છે. માત્ર વેષને તેઓ પ્રધાન માનતા નથી. પ્રાણાતિપાત, મૃષાવાદ વગેરે આશ્રવોની જેમાં નિવૃત્તિ છે, એવા સદનુષ્ઠાનને અહીં વૃત્ત-આચાર મનાય

છે. જોકે આત્માની સર્વસાવદ્યથી વિરામ પામવાદિની પરિણતિને જ વાસ્તવિક રીતે વૃત્ત-આચાર કહેવાય છે. એવી પરિણતિ (પરિણામ-ભાવ) વિના; સર્વથા નિરવદ્ય (શુદ્ધ) જણાતાં પણ બાહ્ય અનુષ્ઠાનોને આચાર તરીકે મનાતાં નથી. પરંતુ સર્વસાવદ્ય યોગથી વિરામ પામવાના પરિણામપૂર્વકના તે અનુષ્ઠાનમાં પરિણામનો (કાર્યમાં કારણનો) ઉપચાર કરવાથી તે અનુષ્ઠાનને પણ વૃત્ત-આચાર કહેવાય છે. જે; ચારિત્રસ્વરૂપ છે અને ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી પ્રગટેલું હોવાથી શુદ્ધ છે.

જે લોકોનું કીર્ત્તિ, માન, સન્માન અને સંસારનાં સુખો વગેરેના ઉદ્દેશથી શુદ્ધ ચારિત્ર જેવું અનુષ્ઠાન દેખાય છે; તે અનુષ્ઠાનને અહીં વૃત્ત તરીકે વર્ણવ્યું નથી. અપ્રમાર્જના, અપ્રતિલેખનાદિ સ્વરૂપ સૂક્ષ્મ દોષોનો ત્યાગ કરનારા અને સન્માર્ગ તેમ જ તેના આરાધકાદિની નિંદા કરવા વગેરે સ્વરૂપ મોટા દોષોને સેવનારા, એવા લોકોનું એ અનુષ્ઠાન (સદનુષ્ઠાન-જેવું દેખાતું) સર્વથા ત્યાજ્ય છે. કોઇ પણ રીતે એ ઉપાદેય નથી. કારણ કે પ્રવચનનો ઉપઘાત (વિનાશ) કરનારા એ મોટા દોષોને લઇને; શુદ્ધ ચારિત્ર જેવાં દેખાતાં પણ અનુષ્ઠાનો મોક્ષનાં કારણ બનતાં નથી. માટે એવાં અનુષ્ઠાનો કોઇ પણ રીતે પ્રધાન નથી. આ વાતને દૃષ્ટાંતથી સમજાવતાં શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવ્યું છે કે શરીરમાં ગમે તેટલી શીતતા હોય પરંતુ તેના ત્યાગ માટે (નિવારણ માટે) બળતા અગ્નિમાં પડવાનું કોઇ પણ રીતે ઉચિત નથી. શરીરની શીતતાને દૂર કરવા અગ્નિમાં પડવાનું જેટલું ભયંકર છે, એટલું જ ભયંકર; નાના દોષના પરિહાર માટે પ્રયત્ન કરનારા અને મોટા દોષોને મજેથી આચરનારાનું વૃત્ત પણ છે. ॥૨-૮॥

પંડિત જનો સર્વ પ્રયત્ને શાસ્ત્રતત્ત્વને પરીક્ષે છે - એ પ્રમાણે છઠ્ઠા શ્લોકમાં જણાવ્યું છે, ત્યાં શાસ્ત્રતત્ત્વનું સ્વરૂપ જણાવાય છે.

**शास्त्रतत्त्वं बुधज्ञेयमुत्सर्गादि-समन्वितम् ।**
**तद् दृष्टेष्टाविरुद्धार्थमैदम्पर्यविशुद्धिमत् ॥२-९॥**

शास्त्रेति–शास्त्रतत्त्वं बुधज्ञेयं पण्डितैकगम्यम् । उत्सर्गादिभिः समन्वितम् । आदिनाऽपवादनिश्चयव्यवहारादिग्रहः । तद्दृष्टेष्टाभ्यां प्रत्यक्षादिनागमान्तरेण चाविरुद्धार्थम् । तथा ऐदम्पर्यविशुद्धिमत् तात्पर्यतः शुद्धम् ॥२-९॥

"ઉત્સર્ગ અને અપવાદ વગેરેથી યુક્ત; દષ્ટ અને ઈષ્ટ પ્રમાણથી અવિરુદ્ધ અને તાત્પર્યને આશ્રયીને શુદ્ધ એવું શાસ્ત્રતત્ત્વ પંડિતજનોથી જ જ્ઞેય છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે શાસ્ત્રતત્ત્વ બાલ કે મધ્યમ જીવો સમજી શકતા નથી. માત્ર પંડિતજનો જ સમજી શકે છે. તે શાસ્ત્રતત્ત્વ ઉત્સર્ગ અને અપવાદ તેમ જ વ્યવહાર અને નિશ્ચય... વગેરેથી સમન્વિત હોય છે. ત્યાં; તે તે સ્વરૂપે જણાવેલો જે અર્થ છે તે દષ્ટ અને ઈષ્ટ પ્રમાણથી અવિરુદ્ધ (અબાધિત) હોય છે. પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણને દષ્ટ પ્રમાણ કહેવાય છે. અને આગમપ્રમાણને ઈષ્ટ પ્રમાણ કહેવાય છે.

જે શાસ્ત્રમાં જણાવેલો અર્થ પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી બાધિત ન હોય તે શાસ્ત્ર જ તાત્ત્વિક છે. પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી બાધિત એવો અર્થ જો શાસ્ત્ર જણાવે તો તેનું પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી જ નિરાકરણ થવાથી તે શાસ્ત્રમાં તત્ત્વ (પ્રામાણ્ય) રહેતું નથી. આવી જ રીતે શાસ્ત્રમાં (આગમમાં) જણાવેલો અર્થ શાસ્ત્રાંતરથી(આગમાંતરથી) બાધિત ન હોય તો જ તે શાસ્ત્ર પ્રમાણભૂત મનાય છે. આગમાંતરનો વિરોધ આવે એ રીતે જો આગમ; પદાર્થનું નિરૂપણ કરે તો તેનું નિરાકરણ આગમાંતરથી જ થઈ જાય. તેથી તે આગમની પ્રામાણિકતા નહીં રહે. જે શાસ્ત્રનાં વાક્યોનું તાત્પર્ય બાધિત ન હોય તે શાસ્ત્રતત્ત્વ ઐદંપર્ય(તાત્પર્ય-કહેવાનો આશય)ની શુદ્ધિવાળું છે. આવું શાસ્ત્રતત્ત્વ પંડિતો સિવાય બીજા કોઈ સમજી શકતા નથી. અર્થાદ્ આવું શાસ્ત્રતત્ત્વ જેઓ સમજે છે તે જ પંડિતજનો છે. ધર્મના સ્વરૂપમાં નિરંતર શાસ્ત્રતત્ત્વનું દર્શન કરવામાં પંડિત પુરુષો પ્રયત્નશીલ હોય છે. બાહ્યવેષ અને આચાર ગમે તેટલા સારા હોય પરંતુ તેમાં શાસ્ત્રતત્ત્વ જોવા ન મળે તો બાહ્યવેષાદિનું કોઈ પણ જાતનું મહત્ત્વ નથી - એ વાત તેઓ સારી રીતે સમજે છે. ॥૨-૯॥

શાસ્ત્રતત્ત્વ જે રીતે પ્રાપ્ત થાય છે; તે ઉપાયો જણાવવા પૂર્વક તેનું સ્વરૂપ જણાવાય છે–

**श्रुतचिन्तोत्तरोत्पन्नभावनाभाव्यमस्त्यदः ।**
**श्रुतं सर्वानुगाद् वाक्यात्, प्रमाणनयवर्जितात् ॥२-१०॥**

श्रुतेति—श्रुतचिन्ताभ्यामुत्तरोत्पन्ना या भावना तया भाव्यं सुग्रहतात्पर्यकम् । अदः शास्त्रतत्त्वमस्ति । तत्र श्रुतं सर्वानुगात् सर्वशास्त्राविरोधिनिर्णीतार्थात् । वाक्यात् । प्रमाणनयवर्जितात् प्रमाणनयाधिगमरहितात् । पदार्थमात्रावग्रहोत्तरस्य वाक्यार्थस्य कथम्भावाकाङ्क्षागर्भत्वेनेहारूपत्वात् प्रमाणनयाधिगमयोश्च कृत्स्नैकदेशापायरूपत्वात् ॥२-१०॥

"શ્રુત અને ચિંતા(શ્રુતજ્ઞાન અને ચિંતાજ્ઞાન)થી ઉત્તરક્ષણમાં ઉત્પન્ન થનારી ભાવના(ભાવનાજ્ઞાન)થી ભાવ્ય-થનારું આ શાસ્ત્રતત્ત્વ છે. ત્યાં શ્રુતજ્ઞાન તેને કહેવાય છે કે જે; સકલશાસ્ત્રના અવિરોધી એવા અર્થને જણાવનારા અને પ્રમાણ તથા નયથી રહિત વાક્યથી ઉત્પન્ન થયેલું હોય છે." - આ પ્રમાણે દસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે; હવે પછીના શ્લોકો(૧૧-૧૨-૧૩)થી શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનનું સ્વરૂપ વર્ણવ્યું છે, એ પ્રમાણે શ્રુત અને ચિંતા જ્ઞાનથી ઉત્તરમાં ઉત્પન્ન થનારી ભાવના છે. તે ભાવનાજ્ઞાનથી શાસ્ત્રતત્ત્વનો પરમાર્થ સારી રીતે ગ્રહણ કરાય છે. એકલા શ્રુતજ્ઞાનથી કે ચિંતાજ્ઞાનથી એ શક્ય બનતું નથી. એ માટે ભાવનાજ્ઞાન આવશ્યક છે. ભાવનાજ્ઞાન; શ્રુતજ્ઞાન અને ચિંતાજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. શ્રુતજ્ઞાન અને ચિંતાજ્ઞાનની ઉપયોગિતા જ એ છે, જેથી તે બંને જ્ઞાનના ઉત્તરકાળમાં ભાવનાજ્ઞાન થાય છે. એનાથી વાક્યાર્થ પારમાર્થિકસ્વરૂપે જણાય છે. આ પ્રમાણે આ શ્લોકના પૂર્વાર્દ્ધથી; પંડિતજનો જેની પરીક્ષા કરે છે તે શાસ્ત્રતત્ત્વનું નિરૂપણ પૂર્ણ થયું. જોકે આટલા નિરૂપણથી શાસ્ત્રતત્ત્વનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. પરંતુ હવે પછી ભાવનાજ્ઞાનના નિરૂપણ વખતે એ માટે પ્રયત્ન કરાશે.

હવે આ શ્લોકના ઉત્તરાર્દ્ધથી ત્રણ જ્ઞાનમાંના શ્રુતજ્ઞાનનું નિરૂપણ કરાય છે. આ શ્લોકનો ઉત્તરાર્દ્ધ અને અગિયારમો સંપૂર્ણ શ્લોક : એમ દોઢ શ્લોકથી શ્રુતજ્ઞાનનું સ્વરૂપ વર્ણવેલું હોવાથી આ શ્લોકના ઉત્તરાર્દ્ધ-માત્રના વિવેચનથી એ અંગે (શ્રુતજ્ઞાનના સ્વરૂપ અંગે) ચોક્કસ ખ્યાલ નહીં આવે. તેથી અહીંના વિવેચનનું અનુસંધાન કરી આગળના (૧૧મા) શ્લોકનું વિવેચન જોવું.

અહીંના **प्रमाणनयवर्जितात् सर्वानुगाद् वाक्यात्** - આ પઞ્ચમ્યન્ત પદો; અગિયારમા શ્લોકમાં **उत्पन्नम्** અહીં જોડવાનાં છે. સકલશાસ્ત્રના અવિરોધી એવા અર્થનો નિર્ણય જે વાક્યથી થાય છે, તે વાક્યને સર્વાનુગ વાક્ય કહેવાય છે.

'**न हिंस्यात् सर्वभूतानि**'; '**नानृतं वदेत्**' અને '**नादत्तं गृह्णीयात्**' વગેરે વાક્યો (હિંસા કરવી નહિ; અસત્ય બોલવું નહિ અને ન આપેલી વસ્તુ ગ્રહણ કરવી નહિ ઇત્યાદિ અર્થને જણાવનારાં વાક્યો) સર્વાનુગ વાક્ય છે. કારણ કે તે વાક્યથી જણાવેલો અર્થ કોઇ પણ શાસ્ત્રથી વિરુદ્ધ નથી. સર્વાનુગવાક્યથી જે જ્ઞાન થાય છે તે શ્રુતજ્ઞાન છે. આ જ્ઞાન, પ્રમાણ અને નયના જ્ઞાનથી નિરપેક્ષ હોય છે. આશય એ છે કે સામાન્ય રીતે શ્રુતજ્ઞાનાદિ ત્રણેય જ્ઞાનો વાક્યથી થાય છે. સર્વાનુગવાક્યથી શ્રુતજ્ઞાન થાય છે - એ કહેવાનો અર્થ એ નથી કે એ વાક્યથી ચિંતાજ્ઞાન કે ભાવનાજ્ઞાન થતાં નથી. સર્વાનુગવાક્યથી જ્યારે શ્રવણમાત્રના કારણે જ્ઞાન થાય છે અને ત્યારે પ્રમાણ કે નયના જ્ઞાનની અપેક્ષાએ અર્થની વિચારણા હોતી નથી ત્યારે એ જ્ઞાન શ્રુતજ્ઞાનસ્વરૂપ હોય છે. શ્રુતજ્ઞાનમાં પ્રમાણનયના અધિગમનો અભાવ હોય છે. કારણ કે વાક્યના શ્રવણમાત્રથી પદાર્થમાત્રનો અવગ્રહ થાય છે. ત્યાર બાદ; 'આ અર્થ કયો હશે' !... ઇત્યાદિ સ્વરૂપ આકાંક્ષા(જિજ્ઞાસા)ગર્ભિત વાક્યાર્થની ઇહા થાય છે, જે; શ્રુતજ્ઞાનસ્વરૂપ છે. પ્રમાણનો અધિગમ સમગ્રાંશના અપાય સ્વરૂપ છે અને નયનો અધિગમ વસ્તુના એકદેશના અપાય સ્વરૂપ છે. તેથી અપાયરૂપ પ્રમાણનયનો અધિગમ શ્રુતજ્ઞાનમાં ન હોય - એ સમજી શકાય છે. ॥૨-૧૦॥

શ્રુતજ્ઞાનના સ્વરૂપનું નિરૂપણ પૂર્ણ કરાય છે–

**उत्पन्नमविनष्टं च, बीजं कोष्ठगतं यथा ।**
**परस्परविभिन्नोक्तपदार्थविषयं तु न ॥२-११॥**

उत्पन्नमिति–उत्पन्नमित्यत्र प्राक्तनपञ्चम्यन्तस्यान्वयः । ज्ञानमिति व्यवहितोत्तरश्लोकस्थमत्रानुपज्यते । एवमग्रेऽपि । अविनष्टं च यथा कोप्ठगतं वीजं । परस्परविभिन्नोक्ता ये पदार्थास्तद्विपयं तु न, तस्य सन्देहरूपत्वात् । यैस्तु वाच्या(क्या)र्थमात्रविपयस्यात्र व्यवच्छेद उच्यते तैर्विशकलितस्यैवायमेष्टव्यः, न तु दीर्घैकोपयोगानुस्यूतस्य पदवाक्यमहावाक्यैदम्पर्यार्थमूर्तिकस्य, तस्योपदेशपदप्रसिद्धत्वादिति ध्येयम् । यद्वा तत्र स्वतन्त्रसञ्ज्ञाव्यवच्छेद एवेप्यते इति न दोपः ॥२-११॥

પૂર્વશ્લોકમાંના પંચમ્યન્ત **सर्वानुगात्**... ઇત્યાદિ પદોનો અને તેરમા શ્લોકમાંના '**ज्ञान**' પદનો અહીં **उत्पन्नम्** ની સાથે અન્વય (સંબંધ) છે. તેથી

"પ્રમાણનયવર્જિત સર્વાનુગવાક્યથી થયેલું કોઠીમાં રહેલા બીજ જેવું અને પરસ્પર ભિન્ન રીતે જણાવેલા પદાર્થોને નહિ જણાવનારું - એવું શ્રુતજ્ઞાન છે." આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ **न हिंस्यात् सर्वभूतानि** ઇત્યાદિ સર્વાનુગવાક્ય(સર્વશાસ્ત્રાવિરોધી)થી શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે, જે કોઠીમાં રહેલા બીજ જેવું છે. એ બીજથી અંકુરાદિ ઉત્પન્ન થયેલા ન હોવા છતાં તેમાં અંકુરાદિને ઉત્પન્ન કરવાની યોગ્યતા રહેલી છે. તેમ શ્રુતજ્ઞાનથી ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન થયેલું જ છે; એવું નથી. પરંતુ તેમાં તે બંને જ્ઞાનને પ્રાપ્ત કરાવવાની યોગ્યતા રહેલી છે. સામગ્રીવિશેષનું સંનિધાન પ્રાપ્ત થાય તો ચોક્કસ જ શ્રુતજ્ઞાનથી ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન થાય છે.

આ શ્રુતજ્ઞાન પરસ્પર ભિન્ન(વિરુદ્ધ)સ્વરૂપે જણાવેલા પદાર્થનું અવગાહન કરાવતું નથી. કારણ કે પરસ્પર વિભિન્ન (વિરુદ્ધ) અર્થાવગાહી જ્ઞાન સંશયસ્વરૂપ હોય છે અને શ્રુતજ્ઞાન તો દસમા શ્લોકમાં જણાવ્યા મુજબ ઇહાસ્વરૂપ છે. ઇહા અપાયને કરાવવામાં તત્પર હોય છે. અને સંશય અપાયને અવરોધવામાં તત્પર હોય છે. તેથી સંશય અને ઇહામાં ભેદ છે.

જે લોકો; 'શ્રુતજ્ઞાનમાં પદાર્થમાત્રનો જ બોધ હોય છે અને વાક્યાર્થમાત્રનો બોધ હોતો નથી' - એ પ્રમાણે માને છે, તેમણે; 'વિશકલિત(પરસ્પર અસંબદ્ધ) જ વાક્યાર્થ બોધ શ્રુતજ્ઞાનમાં હોતો નથી.' - આ પ્રમાણે માનવું જોઇએ. કારણ કે દીર્ઘ એક ઉપયોગથી અનુસ્યૂત (અવિરત પ્રવાહવાળો) એવો પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદમ્પર્યાર્થ સ્વરૂપવાળા વિષયનો બોધ શ્રુતજ્ઞાનમાં હોય છે એવું ઉપદેશપદમાં જણાવ્યું છે. વાક્યાર્થમાત્રનો બોધ શ્રુતજ્ઞાનસ્થળે હોતો નથી - એમ માની લેવામાં આવે તો 'ઉપદેશપદ' ની સાથે વિરોધ આવશે. જોકે પદાર્થમાત્રનો પણ બોધ શ્રુતજ્ઞાનસ્થળે માનવામાં ન આવે તો ઉપદેશપદનો વિરોધ આવે છે. પરંતુ અહીં પરસ્પર વિભિન્ન પદાર્થવિષયક જ બોધનો વ્યવચ્છેદ કર્યો હોવાથી કોઇ દોષ નથી.

'શ્રુતજ્ઞાન વાક્યાર્થમાત્રવિષયક હોય છે' - આ પ્રમાણે જણાવ્યા પછી ખરી રીતે પદાર્થમાત્રવિષયક હોતું નથી એ કહેવાની આવશ્યકતા નથી. કારણ કે સંશ્લિષ્ટ પદસમુદાયસ્વરૂપ જ વાક્ય છે. તદર્થવિષયકશ્રુતજ્ઞાન માનવામાં

કોઇ દોષ નથી. અને અસંશ્લિષ્ટ પદોનો સમુદાય વાક્યસ્વરૂપ ન હોવાથી તદર્થવિષયક શ્રુતજ્ઞાન માનવાનો કોઇ પ્રસંગ જ નથી.

'પદસમૂહસ્વરૂપ વાક્ય છે' - એમ માનવામાં આવે તો અસંશ્લિષ્ટ પદાર્થવિષયક શ્રુતજ્ઞાન હોતું નથી - એમ જણાવવાનું આવશ્યક છે. પરંતુ ઉપદેશપદમાં શ્રુતજ્ઞાનના વિષય તરીકે પદાર્થમાત્રને પણ વર્ણવ્યો હોવાથી તેના વિરોધનો પ્રસંગ આવશે. તેથી અહીં **यद्वा तत्र**... ઇત્યાદિ ગ્રંથ છે. એનો આશય એ છે કે પદાર્થજ્ઞાન(પદાર્થમાત્રવિષયક જ્ઞાન)ને 'શ્રુતજ્ઞાન'નું નામ અપાતું નથી. પરંતુ સંશ્લિષ્ટ પદાર્થજ્ઞાનને શ્રુતજ્ઞાન કહેવાય છે, તે વાક્યાર્થવિષયકજ્ઞાનસ્વરૂપ હોવાથી કોઇ વિરોધ નથી.

નવમા શ્લોકથી આરંભીને આ શ્લોક સુધીના ત્રણ શ્લોકમાં જણાવેલી વસ્તુને જિજ્ઞાસુઓએ સમજી લેવા માટે પૂરતો પ્રયત્ન કરી લેવો જોઇએ. વાંચતાંની સાથે સમજાય એવી એ વસ્તુ નથી. સંસ્કૃત ભાષા કે દાર્શનિકોની પરિભાષા વગેરેનું પ્રાથમિક પણ જ્ઞાન ન હોય ત્યારે - આ બધું સમજવાનું ઘણું જ અઘરું છે. અહીં જણાવેલી વાતનો થોડોઘણો ખ્યાલ આવે - એ માટે નીચે જણાવ્યા મુજબ થોડું સમજી લેવું જોઇએ.

સામાન્યથી પદાર્થજ્ઞાન, વાક્યાર્થજ્ઞાન, મહાવાક્યાર્થજ્ઞાન અને ઐદમ્પર્યાર્થજ્ઞાન : આ પ્રમાણે ચાર પ્રકારનું જ્ઞાન છે. '**न हिंस्यात् सर्वभूतानि**'... ઇત્યાદિ વાક્યોનાં તે તે પદોના અર્થના જ્ઞાનને પદાર્થજ્ઞાન કહેવાય છે. સંપૂર્ણ વાક્યાર્થના જ્ઞાનને વાક્યાર્થજ્ઞાન કહેવાય છે. પૂર્વાપરવાક્યાર્થના જણાતા વિરોધને દૂર કરવાના જ્ઞાનને મહાવાક્યાર્થ જ્ઞાન કહેવાય છે અને તે તે વાક્યના તાત્પર્યાર્થના જ્ઞાનને ઐદંપર્યાર્થ જ્ઞાન કહેવાય છે. **न हिंस्यात्**... ઇત્યાદિ વાક્યનાં પદોનો નિષેધ વગેરે જે અર્થ છે તેના જ્ઞાનને પદાર્થજ્ઞાન કહેવાય છે. હિંસા નહીં કરવી જોઇએ... ઇત્યાદિ આકાર (સ્વરૂપ) વાક્યાર્થજ્ઞાન કહેવાય છે. હિંસા નહિ કરવી; તો વિહારાદિ વખતે નદી ઊતરવાદિનું વિધાન કઇ રીતે શક્ય બને ? અર્થાત્ ન બને; તેથી અપવાદસ્વરૂપે મમત્વાદિ દોષના પરિહાર માટે નદી ઊતરવાદિ વખતે હિંસા થવા છતાં દોષ નથી. ઉત્સર્ગથી હિંસા કરવી ના જોઇએ. પરંતુ આપવાદિક હિંસા, દોષનું કારણ બનતી નથી. તેને પણ દોષનું કારણ માની લેવામાં આવે તો મમત્વાદિ ઉત્કટ દોષોનો પરિહાર શક્ય નહિ બને.

આવા પ્રકારના જ્ઞાનને મહાવાક્યાર્થજ્ઞાન કહેવાય છે. અને 'અંતે તો ભગવાન શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા જ પ્રમાણ છે. તેની આરાધનામાં જ ધર્મ છે અને તેની વિરાધનામાં અધર્મ જ છે. અહિંસા કે હિંસામાં ધર્મ કે અધર્મ નથી' - આ પ્રમાણેના જ્ઞાનને ઐદંપર્યાર્થજ્ઞાન કહેવાય છે. આવી રીતે શાસ્ત્રના દરેકેદરેક વાક્યના ઐદમ્પર્યાર્થને મુમુક્ષુ આત્માઓએ જાણી લેવો જોઇએ. શ્રુતજ્ઞાન વાક્યાર્થના જ્ઞાન સ્વરૂપ છે. ચિંતાજ્ઞાન મહાવાક્યાર્થના જ્ઞાન સ્વરૂપ છે; અને ભાવનાજ્ઞાન ઐદમ્પર્યાર્થના જ્ઞાન સ્વરૂપ છે... ઇત્યાદિ વ્યવસ્થિત રીતે સમજી લેવું જોઇએ. પદાર્થજ્ઞાનનો ઉપર જણાવ્યા મુજબ વાક્યાર્થજ્ઞાનમાં સમાવેશ કે અસમાવેશ કરી શ્રુતજ્ઞાનસ્વરૂપે પદાર્થજ્ઞાનને વર્ણવી શકાય છે અથવા નથી પણ વર્ણવાતું. ।।૨-૧૧।।

હવે ચિંતામય જ્ઞાનનું સ્વરૂપ વર્ણવાય છે—

**महावाक्यार्थजं सूक्ष्मयुक्त्या स्याद्वादसङ्गतम् ।**
**चिन्तामयं विसर्पि स्यात्, तैलबिन्दुरिवाम्भसि ।।२-१२।।**

महेति—महावाक्यार्थेन वस्त्वाकाङ्क्षारूपेण जनितम् । सूक्ष्मया सूक्ष्मबुद्धिगम्यया युक्त्या । स्याद्वादेन सप्तभङ्ग्यात्मकेन सङ्गतं ज्ञानम् । अम्भसि तैलबिन्दुरिव । विसर्पि प्रवर्धमानं चिन्तामयं स्यात् ।।२-१२।।

"મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલું, સૂક્ષ્મ યુક્તિથી સ્યાદ્વાદસંગત અને પાણીમાં વિસ્તરતા તેલના બિંદુની જેમ વિસ્તરતું ચિંતામય જ્ઞાન છે" - આ પ્રમાણે બારમા શ્લોકનો અક્ષરાર્થ છે. આશય એ છે કે વાક્યથી જેમ શ્રુતજ્ઞાન થાય છે તેમ ચિંતામયજ્ઞાન પણ તેનાથી થાય છે. વાક્યાર્થજ્ઞાન પછી તે વાક્યથી અન્ય તે તે વાક્યના અર્થની સાથે પૂર્વવાક્યાર્થ સંગત કઇ રીતે થાય - આવી આકાંક્ષા-જિજ્ઞાસા હોય છે. તેથી ચિંતામયજ્ઞાન મહાવાક્યાર્થસ્વરૂપ તે તે વસ્તુની આકાંક્ષાથી ઉત્પન્ન થતું હોય છે. કોઇ પણ પ્રાણીની હિંસા કરવી નહિ... ઇત્યાદિ વાક્યાર્થને જાણ્યા પછી શ્રી જિનેશ્વરદેવોનાં મંદિર બંધાવવાં; નવકલ્પી વિહાર કરવા તેમ જ એક પગ પાણીમાં અને એક પગ બહાર ઊંચે અદ્ધર રાખીને નદી ઊતરવી... વગેરે કઇ રીતે શક્ય બને; એ બધાં વાક્યોનો અર્થ કઇ રીતે સંગત કરવો... વગેરે જિજ્ઞાસા થાય છે. એ જિજ્ઞાસાસ્વરૂપ

મહાવાક્યાર્થના કારણે પૂર્વમાં થયેલું જ્ઞાન; સંબંધિત સકલ વાક્યાર્થનું અવગાહન કરે છે. પાણીમાં પડેલું તેલનું બિંદુ જેમ બધે ફેલાય છે તેમ ચિંતાજ્ઞાન; અનેક વિષયોમાં વિસ્તરે છે. આ રીતે તે તે વાક્યાર્થસાપેક્ષ અર્થનો નિર્ણય સૂક્ષ્મયુક્તિપૂર્વક થાય છે. સૂક્ષ્મ એવી બુદ્ધિથી સમજી શકાય એવી યુક્તિને સૂક્ષ્મ યુક્તિ કહેવાય છે. તે તે અર્થનો, અનેકવિધ અપેક્ષાએ પૂર્વાપરના વિરોધને દૂર કરી જે નિર્ણય કરાય છે તે નિર્ણય સપ્તભંગી સ્વરૂપ સ્યાદ્વાદથી સંગત હોય છે.

સત્ત્વ-અસત્ત્વ; નિત્યત્વ-અનિત્યત્વ અને ભિન્નત્વ-અભિન્નત્વ... વગેરે ધર્મોનો તે તે અપેક્ષાએ એક જ ઘટાદિ વસ્તુમાં સ્વીકાર કરવો - તેને 'સ્યાદ્વાદ' કહેવાય છે. પ્રમાણ અને નયવાક્યથી એવો સ્યાદ્વાદસંગત બોધ થતો હોય છે. વસ્તુના સમગ્ર સ્વરૂપને જણાવનારાં તે તે વાક્યોને પ્રમાણવાક્ય કહેવાય છે. અને વસ્તુના એક અંશને (અસમગ્ર સ્વરૂપને) જણાવનારાં વાક્યને નયવાક્ય કહેવાય છે. બંન્ને વાક્યોને આશ્રયીને સપ્તભંગી પ્રવર્તે છે. કોઈ પણ વસ્તુને જણાવવા માટેના વચનના પ્રકારને ભંગ કહેવાય છે. **स्यादस्ति; स्यान्नास्तिः स्यादस्ति नास्ति; स्यादवक्तव्यः; स्यादस्ति अवक्तव्यः; स्यान्नास्ति अवक्तव्यः** અને **स्यादस्ति नास्ति अवक्तव्यः** - આ પ્રમાણે સપ્તભંગી છે. આ પ્રમાણે સાત ભંગોને છોડીને અન્ય આઠમો ભંગ નથી. નય, પ્રમાણ અને સપ્તભંગીનું સ્વરૂપ વિસ્તારથી સમજવા માટે તેની જિજ્ઞાસાવાળાએ રત્નાકરાવતારિકા, જૈનતર્કભાષા વગેરે ગ્રંથોનું અધ્યયન કરી લેવું જોઈએ. ॥૨-૧૨॥

ભાવનામય જ્ઞાનનું સ્વરૂપ જણાવાય છે—

**सर्वत्राज्ञापुरस्कारि, ज्ञानं स्याद् भावनामयम् ।**
**अशुद्धजात्यरत्नाभासमं तात्पर्यवृत्तितः ॥२-१३॥**

सर्वत्रेति—सर्वत्र महावाक्यनिर्णीतेऽर्थे विपक्षशङ्कानिरासदार्ढ्याय । आज्ञा पुरस्कारि भगवदाज्ञाप्राधान्यद्योतकम् । तात्पर्यवृत्तितो जायमानं ज्ञानं भावनामयं स्याद् । अशुद्धजात्यरत्नस्य स्वभावत एव अन्यजीवरत्नेभ्योऽधिकज्ञानदीप्तिस्वभावस्य भव्यरूपस्य आभासमं कान्तितुल्यम् । एकस्य वाक्यस्य कथं श्रुतादयो व्यापारा इति परप्रत्यवस्थाने

तु यथेन्द्रियस्य तव सविकल्पके जननीये सन्निकर्षादय इत्युत्तरमधिकमुपदेशरहस्ये विपञ्चितमस्माभिः ।।२-१३।।

"તાત્પર્યને આશ્રયીને દરેક સ્થાને ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા જ પ્રધાન છે - એ પ્રમાણેનું, અશુદ્ધ જાત્યરત્નની કાન્તિ જેવું જે જ્ઞાન છે; તેને ભાવનામયજ્ઞાન કહેવાય છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે મહાવાક્ય(વાક્યોનો સમુદાય)થી દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિની અપેક્ષાએ તેમ જ ઉત્સર્ગાદિની અપેક્ષાએ જે અર્થનો નિર્ણય થાય છે તે બધાં સ્થાને અંતે એક જ તાત્પર્ય છે કે ભગવાન શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા જે પ્રમાણે છે તેમ કરવું. ભગવાનની આજ્ઞા હોય તો કરવું, ભગવાન નિષેધ કરતા હોય તો ન કરવું. કારણ કે ભગવાનની આજ્ઞામાં જ ધર્મ છે, અન્યથા અધર્મ છે. આવી રીતે દરેક પ્રવૃત્તિ-નિવૃત્તિપ્રસંગે આજ્ઞાને આગળ કરનારું અર્થાત્ આજ્ઞાની પ્રધાનતાને જણાવનારું જે જ્ઞાન થાય છે; તેને ભાવનામય જ્ઞાન તરીકે વર્ણવ્યું છે. આ જ્ઞાનથી વિપક્ષની શંકાનું નિરાકરણ થવાથી પ્રવૃત્તિનિવૃત્તિમાં દૃઢતા આવે છે.

કહેવાનો આશય એ છે કે કોઈની પણ હિંસા કરવી નહિ એ સમજ્યા પછી શ્રી જિનમંદિરાદિના નિર્માણકાર્યથી અને નદી ઊતરવાદિની પ્રવૃત્તિથી જે હિંસા થાય છે તેના કારણે પૂર્વે જાણેલી વાતનો વિરોધ આવે છે. તેને દૂર કરવા માટે વિચારવાથી એ સમજાય છે કે શ્રી જિનાલયાદિના નિર્માણ આદિમાં સ્વરૂપહિંસા છે, અનુબંધહિંસા નથી. શ્રી વીતરાગપરમાત્માએ અનુબંધહિંસાનો નિષેધ કર્યો છે, સ્વરૂપહિંસાનો નહિ. તેથી કોઈ વિરોધ નથી. આવું સમજાયા પછી પણ અનુબંધહિંસાસ્થળે અને સ્વરૂપહિંસાસ્થળે હિંસા તો થાય છે જ, તો એક સ્થળે દોષ અને બીજા સ્થળે દોષનો અભાવ કઈ રીતે મનાય ? આવા પ્રકારની વિપક્ષ(વિરોધ)ની શંકા થતી હોવાથી હિંસાની નિવૃત્તિમાં અને શ્રી જિનાલયાદિના નિર્માણાદિમાં દૃઢતા રહેતી નથી. આવા સમયે ભાવનામયજ્ઞાનથી ભગવાનની આજ્ઞાનું પ્રાધાન્ય બરાબર જણાય છે. તેથી તે સમજે છે કે ભગવાન જેની ના પાડે તે નહીં કરવાનું અને ભગવાન જેની આજ્ઞા(વિધાન) આપે તે કરવાનું. આ સમજણથી મુમુક્ષુઓને પ્રવૃત્તિ-નિવૃત્તિ પ્રત્યે ખૂબ જ દૃઢતા પ્રાપ્ત થાય છે, જે; માર્ગમાં સ્થિરતા અને ધીરતા પ્રત્યે અનિવાર્ય છે.

આવી રીતે સર્વત્ર મહાવાક્યથી નિર્ણય કરેલા અર્થમાં વિધિ કે નિષેધનું તાત્પર્ય ભગવાનની આજ્ઞા જ છે. દરેક અર્થના તાત્પર્યને જણાવનારું ભાવનામય જ્ઞાન છે. આ જ્ઞાન જેને પ્રાપ્ત થયું હોય તે જીવનું સ્વરૂપ અન્ય જીવો કરતાં અધિક દેદીપ્યમાન હોય છે. ખાણમાં પડેલા જાત્યરત્નની પ્રભા; તે અશુદ્ધ (અસંસ્કૃત) હોવા છતાં બીજાં રત્નોની કાન્તિની અપેક્ષાએ જેમ અધિક હોય છે તેમ ભાવનામયજ્ઞાનવાળા ભવ્ય આત્માની પ્રભા; અન્ય જીવરત્નની પ્રભા કરતાં અધિક હોય છે. તેથી આ ભાવનામય જ્ઞાનને અશુદ્ધ જાત્યરત્નની આભા સમાન વર્ણવ્યું છે. ભાવનાજ્ઞાનવાળા કેવલજ્ઞાની નથી; તેથી શુદ્ધ નથી. પરંતુ અન્યજીવોની અપેક્ષાએ તે ભવ્યાત્માઓના જ્ઞાનની આભા અધિક હોય છે.

"**न हिंस्यात् सर्वभूतानि**... ઇત્યાદિ એક વાક્યથી શ્રુત, ચિંતા અને ભાવના સ્વરૂપ વ્યાપાર કઇ રીતે સંગત થાય ? કારણ કે એક વાક્યથી એક શ્રુત (શ્રુતજ્ઞાનના કારણભૂત) સ્વરૂપ વ્યાપાર થઇ જાય તો તેનાથી બીજો વ્યાપાર થઇ શકશે નહિ." - આ પ્રમાણે નૈયાયિક શંકા કરે તો તેમને જણાવવું કે તમારા પોતાના મતમાં **नीलो घटः** (ઘટ નીલરૂપાશ્રય છે)... ઇત્યાદિ એક જ જ્ઞાનમાં ચક્ષુસ્વરૂપ એક જ ઇન્દ્રિયના સંયોગ, સંયુક્તસમવાય અને સંયુક્તસમવેતસમવાય... ઇત્યાદિ અનેક સન્નિકર્ષ હોય છે. અને તેથી સવિકલ્પક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે - એ બધું જેમ તમે સંગત કરો છો તેમ એક વાક્યના શ્રુતાદિ વ્યાપાર પણ સંગત કરી લેવા. આથી વિશેષ આ વિષયમાં ગ્રંથકારશ્રીએ 'શ્રી ઉપદેશરહસ્ય' માં જણાવ્યું છે. જિજ્ઞાસુઓએ તે ગ્રંથનું અવલોકન કરવું જોઇએ. ॥૨-૧૩॥

શ્રુતમય અને ચિંતામય જ્ઞાન દરમ્યાન જે અવસ્થાવિશેષ હોય છે; તે જણાવાય છે–

**आद्येऽविरुद्धार्थतया, मनाक् स्याद् दर्शनग्रहः ।**
**द्वितीये बुद्धिमाध्यस्थ्यचिन्तायोगात् कदाऽपि न ॥२-१४॥**

आद्य इति–आद्ये श्रुतमये ज्ञाने सति । मनाग् ईषद् । अविरुद्धार्थतया स्वाभिमतस्य दर्शनग्रहो भवति, अस्मदीयं दर्शनं शोभनं नान्यदित्येवंरूपः । द्वितीये चिन्तामये ज्ञाने सति । बुद्धेर्नयप्रमाणाधिगमरूपाया माध्यस्थ्येन स्वपरतन्त्रोक्तस्य न्यायवलाया-

तस्यार्थस्य समर्थनसामर्थ्याविशेषरूपेण चिन्तायोगात् कदापि न स्याद्दर्शनग्रहः । अत एवान्यत्राप्यविसंवादिनोऽर्थस्य दृष्टिवादमूलकत्वात्तन्निराकरणे दृष्टिवादस्यैव तत्त्वतो निराकरणमिति व्यक्तमुपदेशपदे ।।२-१४।।

"શ્રુતમય જ્ઞાન હોતે છતે અવિરુદ્ધ (સર્વસંમત) અર્થના કારણે થોડો પોતાના દર્શનનો આગ્રહ થાય છે. ચિંતામય જ્ઞાન હોય ત્યારે બુદ્ધિની મધ્યસ્થતાથી અર્થની વિચારણાના કારણે ક્યારે પણ પોતાના દર્શનનો ગ્રહ થતો નથી." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ સર્વ શાસ્ત્રનો અવિરોધી એવો જે અર્થ છે (હિંસા કરવી નહિ... વગેરે) તેને જણાવનારા વાક્યથી શ્રુતજ્ઞાન થાય છે. એ વખતે શ્રુતજ્ઞાનવાળાને અર્થનો વિરોધ જણાતો ન હોવાથી; 'બધાં શાસ્ત્રો પોતાની માન્યતાનું જ નિરૂપણ કરે છે; તેથી પોતાનું દર્શન સારું છે બીજાનું નહિ' - આવી જાતનો પોતાના દર્શન પ્રત્યે થોડો આગ્રહ થાય છે. વિશેષ જ્ઞાન ન હોવાથી થયેલો એ આગ્રહ કદાગ્રહસ્વરૂપ ન હોવાથી અલ્પ છે. અન્યથા એને ઉત્કટ કહ્યો હોત. માત્ર શ્રુતજ્ઞાનના કારણે જીવને એમ લાગે છે કે પોતાનું જ દર્શન સારું છે. પૂ. ગુરુદેવશ્રીની પરમતારક દેશનાના શ્રવણથી વાસ્તવિકતાનું જ્ઞાન થવાથી એ આગ્રહ નાશ પામે છે.

બીજું ચિંતામયજ્ઞાન થયે છતે નય અને પ્રમાણથી પ્રાપ્ત થયેલા જ્ઞાનના માધ્યસ્થ્યના કારણે ક્યારે પણ ઉપર જણાવ્યા મુજબ પોતાના દર્શન સંબંધી થોડો પણ આગ્રહ થતો નથી. નય અને પ્રમાણના અધિગમથી જેમ સ્વદર્શનમાં જણાવેલા અર્થની વાસ્તવિકતાનું સમર્થન કરી શકાય છે તેમ પરદર્શનમાં જણાવેલા અર્થની પણ યથાસંભવ વાસ્તવિકતાનું સમર્થન કરી શકાય છે. આવા પ્રકારના સમાન(તુલ્ય) સામર્થ્યને માધ્યસ્થ્ય કહેવાય છે. માત્ર સ્વદર્શનમાં જણાવ્યું છે માટે સારું છે અને પરદર્શનમાં જણાવ્યું છે માટે ખોટું છે - એમ સમજીને સ્વ-પરદર્શનમાં જણાવેલા અર્થનું સમર્થન કે નિરાકરણ કરવું, તે માધ્યસ્થ્ય નથી. વસ્તુની વાસ્તવિકતા અને અવાસ્તવિકતાને જોઈને તેનું સમર્થન કે નિરાકરણ કરવામાં માધ્યસ્થ્ય છે. આવું સામર્થ્ય નય અને પ્રમાણના અધિગમથી સ્વપરદર્શનમાં જણાવેલા પદાર્થના વિષયમાં એકસરખું હોય છે. બધાને સરખા માનવા અથવા એ વિષયમાં તદ્દન મૌન સેવવું - એ માધ્યસ્થ્ય

નથી. જેમાં જેટલી વાસ્તવિકતા છે તેમાં તેનું પક્ષપાત વિના સમર્થન કરવાનું જે સામર્થ્ય છે; તે માધ્યસ્થ્ય છે. નય અને પ્રમાણની અપેક્ષાએ કરાતી વિચારણાના કારણે એ માધ્યસ્થ્ય પ્રાપ્ત થાય છે. તેના યોગે આત્માને સ્વદર્શન પ્રત્યે થોડો પણ આગ્રહ થતો નથી. પોતાના એ સામર્થ્યથી પરદર્શનમાં વર્ણવેલી વસ્તુની વાસ્તવિકતાનું સમર્થન, જેટલા પણ અંશે શક્ય હોય તેટલા અંશમાં ચિંતાજ્ઞાન વખતે કરી લેવાય છે. પરદર્શનની વાત છે માટે તેનું નિરાકરણ કરવું : એવું ચિંતામયજ્ઞાન વખતે બનતું નથી. આથી જ 'ઉપદેશપદ'માં સ્પષ્ટપણે જણાવ્યું છે કે પરદર્શનમાં પણ અવિસંવાદી જે અર્થ જણાય છે તે દષ્ટિવાદમૂલક હોવાથી તેનું નિરાકરણ કરવાથી ખરી રીતે દૃષ્ટિવાદનું જ નિરાકરણ થાય છે. આશય એ છે કે - સર્વદર્શનોનું (પ્રવાદોનું) મૂળ દૃષ્ટિવાદ છે. જૈનદર્શનની સાથે અવિસંવાદી એવો જે કોઇ અર્થ અન્યદર્શનમાં જણાય છે તે દૃષ્ટિવાદમાંથી આવેલો છે. આમ છતાં તે અન્યદર્શનમાં હોવાથી તેનું નિરાકરણ કરાય તો ખરી રીતે તેથી દૃષ્ટિવાદનું જ નિરાકરણ થાય છે, જે મુમુક્ષુઓ માટે યોગ્ય નથી.

અહીં યાદ રાખવું જોઇએ કે અન્યદર્શનમાં જે વિસંવાદી અર્થ છે, તેનું નિરાકરણ કરવામાં કોઇ દોષ નથી. જે કોઇ દોષ છે તે ત્યાં છે કે જ્યાં અવિસંવાદી અર્થ હોવા છતાં માત્ર અન્યદર્શનનો હોવા માત્રથી તેનું નિરાકરણ કરવામાં આવે છે. અર્થના નિરાકરણનો હેતુ તેની વિસંવાદિતા હોવો જોઇએ, તે પરદર્શનોક્ત છે તેથી તે નિરાકાર્ય નથી. અર્થની નિરાકાર્યતા તેની વિસંવાદિતાના કારણે છે. ॥૨-૧૪॥

ભાવનામયજ્ઞાનની અવસ્થાવિશેષ જણાવાય છે–

**सर्वत्रैव हिता वृत्तिः, समापत्त्यानुरूपया ।**
**ज्ञाने सञ्जीविनीचारज्ञातेन चरमे स्मृता ॥२-१५॥**

सर्वत्रेति–सर्वत्रैव भव्यसमुदाये । हिता हितकारिणी । वृत्तिः प्रवृत्तिः । समापत्त्या सर्वानुग्रहपरिणत्या । अनुरूपया उचितया । सञ्जीविनीचारज्ञातेन चरमे ज्ञाने भावनामये स्मृता । अत्रायं भावार्थो वृद्धैरुपदिश्यते–यथा किल कयाचित् स्त्रिया कृत्रिमगवीकृतस्य स्वपत्युर्वटवृक्षाधःस्थितया विद्याधरीवचनेनोपलब्धस्वभावलाभोपायभावं सञ्जीविनीसद्भावं तत्र विशिष्याजानानया तत्प्रदेशवर्तिनी सर्वैव चारिस्तस्य चारिता अनुषङ्गतः

सञ्जीविन्युपभोगाच्च स पुरुषः संवृत्त इति । एवं सर्वत्रैव कृपापरं भावनाज्ञानं भवति, हितं तु योग्यतानियतसम्भवमिति ॥२-१५॥

"છેલ્લું ભાવનામયજ્ઞાન હોતે છતે બધે સ્થાને ઉચિત અનુગ્રહ કરવાના પરિણામના કારણે સંજીવિનીયુક્ત ચારો ચરાવવાના દૃષ્ટાંતથી હિતકારિણી પ્રવૃત્તિ થાય છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ સર્વશાસ્ત્રનાં વાક્યોના તાત્પર્યને આશ્રયીને ભાવનામયજ્ઞાનમાં શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞાનું જ પ્રાધાન્ય સમજાય છે. આ અસાર સંસારમાંથી મુક્ત બનાવનારી એકમાત્ર એ પરમતારક આજ્ઞાની જ આરાધના છે. "દરેક ભવ્યાત્માઓને એનો યોગ થાય તો તેઓ બધા આ અસાર સંસારથી મુક્ત બની શકે" આવા પ્રકારની અનુગ્રહની પરિણતિ સ્વરૂપ (તે તે જીવોને) ઉચિત એવી સમાપત્તિથી ભાવનામય જ્ઞાન વખતે જે કોઈ પ્રવૃત્તિ થાય છે તે હિતકારિણી જ બને છે. દેખીતી રીતે તે હિતકારિણી ન દેખાય તોપણ અંતે (પરિણામે) તે હિતને કરનારી બને છે. એ સમજાવવા માટે અહીં સઞ્જીવિનીચારનું દૃષ્ટાંત જણાવ્યું છે. તેનો આશય વૃદ્ધ પુરુષો નીચે જણાવ્યા મુજબ વર્ણવે છે.

કોઈ એક સ્ત્રી હતી. પોતાના પતિને વશ કરવા તેણીએ કોઈ પરિવ્રાજિકાએ દર્શાવેલા ઉપાય વડે બળદ બનાવ્યો. પછી બહુ જ દુઃખ થયું. તે કૃત્રિમ બળદને તે સ્ત્રી દરરોજ ચરવા માટે લઈ જાય છે. એક વાર વડના વૃક્ષ નીચે બેસેલી તે સ્ત્રીએ વિદ્યાધરીના વચનથી બળદને પુરુષ બનાવવાના ઉપાય તરીકે સંજીવિનીને જાણી. પરંતુ સંજીવિનીવિશેષને જાણતી ન હોવાથી તે સ્ત્રીએ તે વડના વૃક્ષની નીચેનો બધો જ ચારો બળદને ચરાવ્યો. કાલાંતરે તે બળદને ચારાની સાથે સંજીવિની ચરવામાં આવી. અને તેથી બળદ પાછો પુરુષ થયો. અહીં ચારો ચરાવવાની પ્રવૃત્તિ પરિણામે જેમ હિતકારિણી બની તેમ ભાવનામય જ્ઞાન સર્વત્ર કૃપાપરાયણ હોય છે. સામી વ્યક્તિનું તેથી હિત થાય જ એવો એકાંતે નિયમ નથી. કારણ કે હિત તો તેની યોગ્યતા મુજબ થતું હોય છે. યોગ્યતા સિદ્ધિમાત્રનું પ્રધાન કારણ છે. અયોગ્યને કોઈ પણ કાર્યની પ્રત્યે અધિકાર નથી.

(આ શ્લોકના ભાવાનુવાદ વખતે **द्वात्रिंशद्-द्वात्रिंशिका भा.१**; (પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટ-ધોળકા) આ પુસ્તકમાં 'સ્વસિદ્ધાંત સર્વદર્શનોના સમૂહ રૂપ છે' આવી બુદ્ધિની થયેલી વ્યુત્પત્તિના પ્રભાવે અન્યદર્શનમાં રહેલા જીવો પર પણ અનુગ્રહ કરવાની પરિણતિ ઊભી થાય છે... વગેરે જે જણાવ્યું છે, તે વિચારણીય છે.) ॥૨-૧૫॥

एतस्यैव फलमभिष्टौति–

ભાવનાજ્ઞાનના જ ફળનો પ્રભાવ જણાવાય છે–

**एतेनैवोपवासादेर्वैयावृत्त्यादिघातिनः ।**
**नित्यत्वमेकभक्तादे र्जानन्ति बलवत्तया ॥२-१६॥**

एतेनेति–एतेनैव भावनाज्ञानेनैव । उपवासादेर्वैयावृत्त्यादिवलवद्गुणघातिनः सकाशात् । वलवत्तया नित्यत्वं सार्वदिकत्वम् "अहो णिच्चं तवोकम्मं" इत्याद्यागम-प्रसिद्धमेकभक्तादेर्जानन्ति निश्चिन्वन्ति उपदेशपदादिकर्तारः । अन्यथा हि यथाश्रुतार्थ-मात्रग्राही एकभक्तापेक्षयोपवासादेरेव वलवत्त्वश्रयणात् पूर्वापरविरोधोद्भावनेनैव म्रियेतेति भावः । विस्तरस्तूपदेशरहस्ये ॥२-१६॥

"વૈયાવૃત્ત્યાદિગુણનો નાશ કરનારા ઉપવાસાદિની અપેક્ષાએ નિત્ય એકાશનાદિને આ ભાવનામય જ્ઞાનથી જ બલવત્ તરીકે શાસ્ત્રકારો જાણે છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે સામાન્ય રીતે શ્રી દશવૈકાલિકાદિમાં ફરમાવ્યું છે કે સંયમના અનુપાલનનો વિરોધ ન આવે તે રીતે દેહના પાલન માટે નિત્ય એકાશન - આ તપ શ્રેષ્ઠ છે. તેમ જ એકાશન કરતાં ઉપવાસાદિ શ્રેષ્ઠ છે - એમ પણ શાસ્ત્રમાં જણાવ્યું છે. તો એ બે કઇ રીતે સંગત થાય ? આ પ્રમાણેની જિજ્ઞાસામાં ભાવનાજ્ઞાનથી મુમુક્ષુ આત્માને સમજાય છે કે ઉપવાસાદિ તપ કર્યા પછી પ્રબળ એવા વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, વિહાર અને પ્રતિલેખનાદિ વિહિત ક્રિયાઓ વગેરે ગુણોનો નાશ થતો હોય તો; આવા ઉપવાસાદિ તપ કરતાં એવા ગુણોની પ્રાપ્તિ કે રક્ષા માટે કારણભૂત નિત્ય એકાશન શ્રેષ્ઠ છે. ભાવનાજ્ઞાનથી જ એ સમજી શકાય છે. ભાવનાજ્ઞાન ન હોય તો આ રીતે સમજી નહિ શકાય.

ઉપર જણાવ્યા મુજબ ભાવનાજ્ઞાનથી જ; બલવાન એવા વૈયાવૃત્ત્યાદિગુણની હાનિ કરનારા ઉપવાસાદિ તપ કરતાં **अहो णिच्चं तवोकम्मं**... ઇત્યાદિ આગમપ્રસિદ્ધ નિત્ય એકાશનાદિ તપ શ્રેષ્ઠ-બલવાન છે. - આ પ્રમાણે શ્રી ઉપદેશપદાદિના કર્તા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા નિશ્ચિત કરે છે. અન્યથા આ ભાવનાજ્ઞાન ન હોય તો યથાશ્રુતાર્થમાત્રને ગ્રહણ કરનાર, એકાશન કરતાં ઉપવાસ જ બલવાન છે - એમ સમજીને પૂર્વાપરવાક્યના વિરોધનું ઉદ્ભાવન કરવામાં જ પોતાનું જીવન પૂર્ણ કરશે. વિસ્તારથી આ બધું સમજવાની ભાવના જેમને હોય તેમણે ઉપદેશરહસ્યનું અવલોકન કરવું જોઇએ.

**'द्वात्रिंशद्-द्वात्रिंशिका' भाग-१** (પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટ-ધોળકા) આ પુસ્તકમાં આ શ્લોકની (૨-૧૬ની) ટિપ્પણીમાં તેના ભાવાનુવાદકારે જે જણાવ્યું છે તે તદ્દન વિચિત્ર છે. એનો ખ્યાલ આવે-એ માટે એ અંગે 'શ્રી જિનશાસનની મોક્ષૈકલક્ષિતા'માં થોડું જણાવ્યું હતું. તે અહીં પણ જણાવવાનું આવશ્યક હોવાથી નીચે જણાવ્યું છે.

દેશનાદ્વાત્રિંશિકાના ભાવાનુવાદકારે ભાવનાજ્ઞાનનું સ્વરૂપ સમજાવતી વખતે... "ધર્મ મોક્ષ માટે જ કરવો જોઇએ - આવા મતલબના શાસ્ત્રવચન પરથી ભાવનામયજ્ઞાન સુધી ન પહોંચનાર ને માત્ર પદાર્થજ્ઞાનનો જ્ઞાતા બનેલો કહેવાતો વિદ્વાન આટલો બોધ કરી લે છે કે, 'ધર્મનું પ્રયોજન મોક્ષ જ હોવું જોઇએ' પણ પછી જ્યારે **अर्थकामाभिलाषिणापि धर्मे एव यतितव्यम्** આવું શાસ્ત્રવચન એની સામે ઉપસ્થિત થાય છે ત્યારે એ ભાવનામયજ્ઞાનને પામેલો ન હોવાથી આટલો સરળ વિષયવિભાગ કરી શકતો નથી કે ધર્મનું પ્રયોજન બતાડવાના અધિકારમાં તેમ જ આશયશુદ્ધિ અંગેના અધિકારમાં, 'ધર્મ મોક્ષ માટે જ કરવો જોઇએ' એવું વિધાન આવેલું છે, જ્યારે 'અર્થકામ માટે શું કરવું' એવી જિજ્ઞાસાના અધિકારમાં એનો નિરવદ્ય ઉપાય દર્શાવવા માટે તેમ જ પાપક્રિયાઓમાંથી જીવને બહાર કાઢી વધુ ને વધુ ધર્મક્રિયાઓ તરફ વાળવાના અભિપ્રાયથી 'અર્થકામના ઇચ્છુકે પણ ધર્મ જ કરવો જોઇએ' ઇત્યાદિ વિધાન આવેલું છે. માટે આમાં કોઇ વાસ્તવિક વિરોધ નથી"... ઇત્યાદિ જણાવ્યું છે.

આ અંગે જણાવવાનું કે - દેશનાદ્વાત્રિંશિકાના સોળમા શ્લોકની ટિપ્પણીમાં અનુવાદકારે જણાવેલી વિગત તદ્દન ખોટી છે. ઉપર જણાવ્યા

મુજબના એવા કોઈ અધિકાર શાસ્ત્રકારશ્રીએ પાડ્યા નથી અને તેથી વિષય-વિભાગ કરવાની પણ આવશ્યકતા નથી. એ માટે ભાવનાજ્ઞાનનો ઉપયોગ કરવાની જરૂર નથી. શાસ્ત્રકાર પરમર્ષિઓની વાતને સમજવા માટે ભાવનાજ્ઞાનની આવશ્યકતા છે. વાતને વિકૃતસ્વરૂપે જણાવવા માટે ભાવનાજ્ઞાનનો ઉપદેશ નથી. મોક્ષ માટે જ ધર્મ કરવો જોઈએ અને અર્થકામના ઈચ્છુકે પણ ધર્મ જ કરવો જોઈએ - આવા ભાવને સ્પષ્ટપણે જણાવનારાં તે તે વાક્યોમાં કોઈ જ વિરોધ નથી. ધર્મના મુખ્ય ફળને દર્શાવનારાં અને ધર્મના આનુષંગિક ફળને દર્શાવનારાં તે તે વાક્યોમાં પરસ્પર કોઈ જ વિરોધ નથી. એક વસ્તુના તે તે સહકારીકારણવિશેષના સંબંધથી જુદાં જુદાં ફળ હોય - એ સમજી શકાય છે. ખેતી કરવાના કારણે અનાજ પ્રાપ્ત થાય છે અને ઘાસ પણ પ્રાપ્ત થાય છે : એમાં કોઈ જ વિરોધ નથી. વિવાદ એમાં જ છે કે અનાજ માટે ખેતી કરે છે કે ઘાસ માટે ખેતી કરે છે ? અનાજ માટે ખેતી કરાય કે ઘાસ માટે ખેતી કરાય ? સંસારનાં પૌદ્ગલિક સુખોને તૃણથી પણ તુચ્છ કોટિનાં વર્ણવવાનું કાર્ય શાસ્ત્રકારોએ કર્યું છે કે નહિ ? આનુષંગિક ફળને ઉદ્દેશીને પ્રવૃત્તિ હોય કે મુખ્ય ફળની ઈચ્છાએ પ્રવૃત્તિ હોય ? ધર્મથી મોક્ષ મળે છે અને પૌદ્ગલિક સુખો પણ મળે છે : એમાં કોઈ જ વિરોધ નથી. પરંતુ ધર્મથી શું મેળવવું; મુખ્ય ફળ મોક્ષ કે આનુષંગિક ફળ પૌદ્ગલિક સુખો - એ માટે વિવેકની જરૂર છે, જે ભાવનાજ્ઞાનથી જ મળી શકે છે. ભાવનાજ્ઞાન વિનાના વિવેકહીન બને છે. માત્ર પદાર્થજ્ઞાનથી સૂત્રના અર્થમાં ગોટાળા કેવા કરે છે - એ દેશના-દ્વાત્રિંશિકાના શ્લો.નં.૧૬ની ટિપ્પણી જોવાથી બરાબર સમજી શકાશે.

દેશનાદ્વાત્રિંશિકાના શ્લોક નં.૧૬ માં જ ભાવનાજ્ઞાનની ઉપયોગિતાને સમજાવતાં મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ ફરમાવ્યું છે કે બલવદ્ એવા વૈયાવચ્ચ વગેરે ગુણનો ઘાત (હાનિ) કરનારા ઉપવાસ કરતાં શ્રી દશવૈકાલિકસૂત્રમાં જણાવ્યા મુજબનાં નિત્ય એકાશન શ્રેષ્ઠ છે - આ પ્રમાણે ભાવનાજ્ઞાનથી જ પૂ. સાધુભગવંતો સમજી શકે છે, અન્યથા ભાવનાજ્ઞાનને પામ્યા વિનાના પદાર્થમાત્રના જ્ઞાતાઓ તો નિત્ય એકાશન કરતાં વૈયાવૃત્ત્યાદિ બલવદ્ ગુણના ઘાતક પણ ઉપવાસને શ્રેષ્ઠ સમજે છે. આથી સમજી શકાશે કે - દેશનાદ્વાત્રિંશિકાના સોળમા શ્લોકમાં જે જણાવ્યું છે અને તેના વિવરણકારે

ટિપ્પણીમાં જે જણાવ્યું છે - એ બેના આશયમાં ઘણું અંતર છે. એનું કારણ વિવરણકારનું અજ્ઞાન નથી; પરંતુ બીજા જ કોઇ કદાગ્રહ વગેરે છે - એ સ્પષ્ટ છે... ખેર ! એની સાથે આપણને કોઇ જ નિસબત નથી. ।।૨-૧૬।।

ભાવનાજ્ઞાનથી જેમ ઇષ્ટની સિદ્ધિ થાય છે તેમ તેના અભાવમાં અનિષ્ટની પ્રાપ્તિ થાય છે, તે જણાવાય છે–

**विनैतन्नूनमज्ञेषु, धर्मधीरपि न श्रिये ।**
**गृहीतग्लानभैषज्यप्रदानाभिग्रहेष्विव ।।२-१७।।**

विनेति–एतद्भावनाज्ञानं विना । नूनं निश्चितम् । धर्मधीरपि धर्मबुद्धिरपि । न श्रियं चारित्रलक्ष्म्यै प्रभवति । गृहीतो ग्लानभैषज्यप्रदानस्य अभिग्रहो ग्लानाय मया भैषज्यं दातव्यमित्येवंरूपो यैस्तेषु इव अज्ञेषु पूर्वापरानुसन्धानविकलेषु ।।२-१७।।

"ભાવનાજ્ઞાનનો અભાવ હોય તો ગ્લાનને ઔષધ આપવાના અભિગ્રહવાળા સાધુઓની જેમ અજ્ઞ(અજ્ઞાની) માણસોને વિશે ચોક્કસ જ ધર્મબુદ્ધિ પણ કલ્યાણકારિણી થતી નથી." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે 'મારે ગ્લાનને ઔષધ આપવું જોઇએ' - આવા પ્રકારનો અભિગ્રહ ચાતુર્માસ દરમ્યાન કેટલાક સાધુભગવંતોએ ગ્રહણ કર્યો હતો. આ રીતનો અભિગ્રહ ધારણ કરવાની તેમની બુદ્ધિ ધર્મવિષયક(ધર્મની) હોવા છતાં તેમને ભાવનાજ્ઞાન ન હોવાથી એ બુદ્ધિ તેમના માટે જેમ કલ્યાણકારિણી ન બની તેમ ભાવનાજ્ઞાન વિના ધર્મબુદ્ધિ પણ કલ્યાણકારિણી થતી નથી. ।।૨-૧૭।।

અભિગ્રહ ધારણ (દવા આપવાનો અભિગ્રહ ધારણ) કરવાની ધર્મબુદ્ધિ પણ કલ્યાણકારિણી કેમ ના બની તે સ્પષ્ટપણે જણાવાય છે–

**तेषां तथाविधाप्राप्तौ, स्वाधन्यत्वविभाविनाम् ।**
**चित्तं हि तत्त्वतः साधुग्लानभावाभिसन्धिमत् ।।२-१८।।**

तेषामिति–तेषां गृहीतोक्ताभिग्रहाणाम् । तथाविधस्य ग्लानस्याप्राप्तौ । स्वाधन्यत्वविभाविनाम् 'अहोऽहमधन्यो न सिद्धं मे वाञ्छितम्" इत्येवमालोचनपराणां । चित्तं हि यतः । तत्त्वतोऽभिग्रहविषयाप्राप्तौ शोकगमनलक्षणाद्भावात् । साधूनां ग्लानभावऽभिसन्धिमदभिप्रायान्वितं भवति । भावनान्वितश्च नैवं प्रतिजानीते । यतः परैरप्येव-

मिष्यते । यदाह तारावाप्तौ रामं प्रति सुग्रीवः–“अङ्गेष्वेव जरां यातु यत्त्वयोपकृतं मम । नरः प्रत्युपकाराय विपत्सु लभते फलम् ।।१।।” इति । एवं दानदीक्षादिकमपि भावनां विना स्थूलवुद्ध्या न श्रियै, किं त्वनर्थकृदेव । यदुक्तमष्टके–“एवं विरुद्धदानादौ हीनोत्तमगतेः सदा । प्रव्रज्यादिविधाने च शास्त्रोक्तन्यायबाधिते ।।१।। इति ।।२-१८।।

“ગ્લાનને ઔષધ પ્રદાન કરવાનો અભિગ્રહ જેમણે ધારણ કર્યો છે તેમને ગ્લાન મહાત્માઓની પ્રાપ્તિ નહિ થવાથી પોતાની જાતને તેઓ અધન્ય માનવા લાગ્યા. તેથી તત્ત્વથી (ભાવથી) તેઓનું ચિત્ત, ‘સાધુભગવંતો માંદા થયા હોત તો સારું !’ આવા અભિપ્રાયવાળું છે.” - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે જેઓએ ઉપર જણાવ્યા મુજબ અભિગ્રહ ધારણ કર્યો. પરંતુ સદ્ભાગ્યે એ વખતે કોઇ જ મહાત્મા માંદા ન પડ્યા. ત્યારે અભિગ્રહધારી આ મહાત્માને એમ થયું કે ‘અહો ! હું અધન્ય છું; મારું અભીષ્ટ સિદ્ધ ન થયું.’ - આ પ્રમાણે વિચારનારા એ મહાત્માઓનું ચિત્ત અભિગ્રહનો વિષય (બીમાર સાધુમહાત્મા) ન મળવાથી શોકાતુર બન્યું. આથી તત્ત્વદૃષ્ટિએ તો એ ચિત્ત; પૂ. સાધુભગવંતો માંદા પડે તો સારું - આવી ભાવનાવાળું છે. આવી ભાવના કોઇ પણ રીતે કલ્યાણકારિણી નથી. જેને ભાવનાજ્ઞાન છે તે આ પ્રમાણે પ્રતિજ્ઞા કરતા નથી. તેઓ પ્રતિજ્ઞાનો પરમાર્થ સમજતા હોવાથી કોઇ બીમાર પડશે તો તેમને દવા લાવી આપવાની પ્રતિજ્ઞા કરે છે. પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થાય - એ માટે પૂ. સાધુભગવંતોની બીમારીને તેઓ ઇચ્છતા નથી.

આથી જ અન્યદર્શનકારોએ પણ એ પ્રમાણે માન્યું છે. શ્રી રામચંદ્રજી દ્વારા સુગ્રીવને તારાની પ્રાપ્તિ થઇ ત્યારે સુગ્રીવે શ્રી રામચંદ્રજી પ્રત્યે કહ્યું કે જે તમારા વડે મારી ઉપર તારાને પ્રાપ્ત કરાવીને ઉપકાર કરાયો છે તે ઉપકાર શરીરમાં જ વિલીન થાઓ. કારણ કે એ ઉપકાર રહેશે તો મારે પ્રત્યુપકાર કરવા આપશ્રીની વિપત્તિની રાહ જોવી પડશે. ઉપકારનું ફળ પ્રત્યુપકાર સામા માણસની વિપત્તિમાં જ મળતું હોય છે. તેથી ઉપકારનું અસ્તિત્વ જ ન રહે - એ સારું છે.

આવી જ રીતે ભાવનામય જ્ઞાનના અભાવમાં માત્ર સ્થૂલ બુદ્ધિથી કરાતાં દાન-દીક્ષાદિ કાર્યો પણ અનર્થને જ કરનારાં છે. કલ્યાણકારી નથી. તેથી જ આ વાત જણાવતાં શ્રી અષ્ટક પ્રકરણમાં જણાવ્યું છે કે સદાને માટે હીન પાત્રાદિને

ઉત્તમ માનવાથી વિરુદ્ધકોટિનાં દાનાદિમાં તેમ જ શાસ્ત્રે જણાવેલી મર્યાદાથી વિપરીત રીતે દીક્ષાદિ આપવાથી ધર્મનો વ્યાઘાત જ થાય છે. આશય એ છે કે સામાન્ય રીતે સુપાત્રદાનાદિ કરતી વખતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવનો વિચાર કર્યા વિના અકલ્પ્ય વસ્તુને વહોરાવવાથી તેમ જ અપાત્રને નિર્દોષ વહોરાવવાથી ધર્મ થતો નથી. પરંતુ ધર્મનો વ્યાઘાત થાય છે. ભાવનાજ્ઞાન ન હોવાથી, 'દાન આપવું જોઇએ' એમ સમજીને પાત્ર કે કલ્પ્ય વગેરેનો વિવેક કર્યા વિના કરાતાં દાનાદિથી ધર્મનો વ્યાઘાત થાય - એ સમજી શકાય છે. આવી જ રીતે શાસ્ત્રમાં યોગ્ય મુમુક્ષુને દીક્ષા કે દેશવિરતિ વગેરેનું પ્રદાન કરવા જણાવ્યું હોવા છતાં ભાવનાજ્ઞાનના અભાવે પૂર્વાપરનું અનુસંધાન કર્યા વિના ગમે તે રીતે દીક્ષા આપવાથી પણ ધર્મનો વ્યાઘાત થાય છે. જેટલા દિવસ પાળશે તેટલો તો લાભ છે ને - એમ સમજી ગમે તેને દીક્ષા આપવાનું કાર્ય ભાવનામય જ્ઞાનનું નથી. નાનામાં નાના કાર્યને, પરિણામે સારામાં સારા ફળને આપનારું બનાવવાનું કામ જો કોઇ કરતું હોય તો તે ભાવનામય જ્ઞાન કરે છે. તેના અભાવમાં મોટામાં મોટું કાર્ય પણ અનર્થનું જ કારણ બને છે. આ ભાવનાજ્ઞાનનું વર્ણન કરતી વખતે **'द्वात्रिंशद् द्वात्रिंशिका' भा.१** (પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટ-ધોળકા) માં ભાવાનુવાદકારે જે જણાવ્યું છે; તેનું વિવેકપૂર્વક પરીક્ષણ કરવું જોઇએ. ઉન્માર્ગમાંથી માર્ગસ્થ બનાવનારું અને માર્ગમાંથી ઉન્માર્ગે જતાં અટકાવનારું આ ભાવનામય જ્ઞાન છે - આટલું યાદ રાખીને ભાવાનુવાદમાંની તે પુસ્તકમાંની વાતનો વિચાર કરવાથી અનુપપત્તિ જણાશે. ॥૨-૧૮॥

इत्थं च भावनैव सर्वक्रियाजीवातुरिति निगमयति–

આ રીતે ભાવના જ સર્વક્રિયાઓને ક્રિયાસ્વરૂપે રાખનારી છે; તે દૃઢતાપૂર્વક (સહેતુક) વર્ણવાય છે–

**तस्माद् भावनया भाव्यं, शास्त्रतत्त्वं विना परम् ।**
**परलोकविधौ मानं, बलवन्नात्र दृश्यते ॥२-१९॥**

तस्मादिति–परलोकविधौ धर्मक्रियायां मानं प्रमाणं बलवदन्यानुपजीवि ॥२-१९॥

"ઉપર જણાવ્યા મુજબ ભાવનાજ્ઞાન વિનાની સઘળીય ધર્મક્રિયાઓ અનર્થને કરનારી હોવાથી એ નિશ્ચિત થાય છે કે ભાવનાજ્ઞાનથી ભાવિત બનેલા

શાસ્ત્રતત્ત્વને છોડીને બીજું કોઇ; પરલોકની સાધનામાં પ્રબળ પ્રમાણ નથી.'' - આ પ્રમાણે ઓગણીશમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે પરલોકમાં કલ્યાણ થાય એ માટે જે ધર્મક્રિયાઓ કરાય છે, તે ધર્મક્રિયાઓ વિવક્ષિત (ઇષ્ટ) ફળને આપવા સમર્થ ત્યારે જ બને છે કે જ્યારે તે ભાવનામયજ્ઞાનથી ભાવિત એવા શાસ્ત્રતત્ત્વને અનુસરતી હોય, અન્યથા તે ક્રિયાઓ પ્રમાણભૂત બનતી નથી. સર્વ ધર્મક્રિયાઓનું પ્રામાણ્ય; આ રીતે ભાવનામય જ્ઞાનથી ઉપજીવી છે. ભાવનાજ્ઞાનના પ્રામાણ્યને આધીન બધી ક્રિયાઓનું પ્રામાણ્ય છે. પરંતુ ભાવનાજ્ઞાનનું પ્રામાણ્ય આ રીતે કોઇ બીજાના પ્રામાણ્યને આધીન નથી. એ જ્ઞાન સ્વયં પ્રમાણભૂત છે. બીજા કોઇના આધારે ભાવનાજ્ઞાનમાં પ્રામાણ્ય આધારિત નથી. તેથી સર્વ ક્રિયાઓને ક્રિયાસ્વરૂપે જિવાડનારું આ ભાવનામય જ્ઞાન છે. ભાવનાજ્ઞાનથી ભાવિત એવા શાસ્ત્રતત્ત્વને પંડિતજનો પરીક્ષે છે. ||૨-૧૯||

બાલાદિ જીવોનું સ્વરૂપ આ રીતે વર્ણવ્યું. હવે તેમને કેવી દેશના આપવી તે જણાવાય છે–

**बाह्यक्रियाप्रधानैव, देया बालस्य देशना ।**
**सेवनीयस्तदाचारो, यथाऽसौ स्वास्थ्यमश्नुते ।।२-२०।।**

वाह्येति–स्पष्टः ।।२-२०।।

''બાહ્યક્રિયાપ્રધાન જ દેશના બાલજીવોને આપવી જોઇએ. અને તે બાહ્ય આચારો ઉપદેશકે બાલજીવોની સામે પાળવા જોઇએ, જેથી બાલજીવો સ્વાસ્થ્ય પામી શકે.'' - આ પ્રમાણે વીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ બાલજીવો બાહ્યલિંગ(વેશ-આકારાદિ)ને જોઇને તેની મુખ્યતાએ ધર્મને માનતા હોય છે. તેથી આવા જીવોને બાહ્ય-આકાર-ક્રિયા-પ્રધાન દેશના આપવી જોઇએ. હવે પછીના શ્લોકમાં જણાવ્યા મુજબ લોકોત્તર ધર્મના એવા ઉત્કટ કોટિના બાહ્ય આચાર સમજાવવા કે જેથી એ સાંભળીને બાલજીવોને બાહ્યક્રિયાઓની અપેક્ષાએ પણ લૌકિક ધર્મ કરતાં લોકોત્તર ધર્મ સર્વશ્રેષ્ઠ જણાય.

આવા આચારોની અપેક્ષાએ લોકોત્તર ધર્મ સહજ રીતે જ સર્વ-શ્રેષ્ઠ જણાવતી વખતે ઉપદેશકે એ તકેદારી રાખવી જોઇએ કે પોતે જે આચારોનું

વર્ણન કરે તે બધા જ બાલજીવોની સામે સરળતાથી પાળીને બતાવવા. અન્યથા ઉપદેશક એ પાળે નહિ અને માત્ર ઉપદેશ આપ્યા કરે તો બાળ જીવોને એમ થાય કે 'બોલે છે કાંઇ અને કરે છે કાંઇ.' આવું થવાથી તેઓ ઉપદેશકના વચન ઉપર શ્રદ્ધા કેળવી નહિ શકે અને મિથ્યાત્વનો ત્યાગ કરી શકશે નહિ. મિથ્યાત્વના ત્યાગમાં અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં જ કોઇ પણ ધર્માત્માનું સ્વાસ્થ્ય સમાયેલું છે.

આ એક જ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ બાલજીવોને કેવી દેશના આપવી જોઇએ તે સ્પષ્ટ રીતે સંક્ષેપથી જણાવ્યું છે. બાલજીવો સંસારના સુખના અર્થી હોય છે અને તેમને સંસારના સુખ માટે ધર્મનો ઉપદેશ આપવો જોઇએ એવી વાત કરી નથી. આચારની દૃષ્ટિએ પણ લોકોત્તર માર્ગના આરાધક પૂ. નિર્ગ્રન્થ સાધુભગવંતો સર્વશ્રેષ્ઠ છે-એ સમજાવવાની અને તેની પ્રતીતિ કરાવવાની વાત અહીં ઉપદેશકને આશ્રયીને જણાવી છે.

બાલજીવોને આપવાની એ દેશનાનું સ્વરૂપ જોઇએ તો સમજાશે કે વર્તમાનની દેશનાપદ્ધતિનું સ્તર કેટલું નીચું આવ્યું છે. પૂ. સાધુભગવંતોની બાહ્યક્રિયાઓની મુખ્યતાએ જ બાલજીવોને દેશના આપવાના બદલે માત્ર સંસારના સુખને પ્રાપ્ત કરવાના ઉપાય સ્વરૂપે અપાતી દેશના બાલજીવો માટે પણ હિતકારિણી નથી. પૂ. મુનિભગવંતોના આચારો પ્રત્યે આદર હોય તો જ એવી દેશના આપી શકાશે. માનવ બનાવવાની વાત સાધુ ન રહેવાની ભાવનામાંથી તો જન્મી નહિ હોય ને ? - એવી શંકા જાગ્યા વગર રહેતી નથી. દર્દ ઉત્કટ હોય તો ઔષધ વધુ ઉત્કટ હોવું જોઇએ. કાળ વિષમ હોય તો થોડું વધુ સત્ત્વ કેળવવું જોઇએ ને ? આપણે આચાર પાળતા નથી માટે આચાર કહેવાનું માંડી વાળવાનું યોગ્ય નથી. આચારકથન તો કરવાનું જ, એ સાથે આચાર-પાલન પણ કરવા માટે પ્રયત્ન કરતા રહેવાનું. ॥૨-૨૦॥

બાલજીવોને બાહ્ય-આચારપ્રધાન જ દેશના આપવાની છે. તેમાં કેટલાક બાહ્ય આચારો જણાવાય છે–

**सम्यग्लोचो धराशय्या, तपश्चित्रं परीषहाः ।**
**अल्पोपधित्वमित्यादि, बाह्यं बालस्य कथ्यते ॥२-२१॥**

सम्यगिति–आदिनाऽनुपानत्कत्वं, रजन्यां प्रहरद्वयं स्वापः, महती पिण्डविशुद्धिः, द्रव्याद्यभिग्रहाः, विकृतित्यागः, एकसिक्थादिपारणकम्, अनियतविहारकल्पः, नित्यं कायोत्सर्गश्च इत्यादिकं गृह्यते ।।२-२१।।

"સારી રીતે લોચ કરવો; પૃથ્વી ઉપર શયન કરવું; ભિન્ન ભિન્ન જાતના તપ કરવા; પરીષહો સહન કરવા અને અલ્પ ઉપધિ રાખવી... ઇત્યાદિ બાહ્ય (જોનારની નજરે દેખાય તેવા) આચારો બાલજીવોને કહેવાય છે." - આ પ્રમાણે એકવીશમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે બાલજીવોને પૂ. સાધુભગવંતોના બાહ્ય આચારો કેવા હોય છે તે જણાવતી વખતે જણાવવું કે માથાના અને દાઢીમૂછના વાળનો લોચ સારી રીતે કરવો. કોઇ પણ જાતની અરતિ વગેરે ન કરવી. 'દેહદુઃખં મહાફલમ્' - એમ સમજીને લોચ કરવો. પરંતુ અસ્ત્રા વગેરેથી હજામત કરવી નહિ. પૃથ્વી ઉપર સંથારો પાથરીને શયન કરવું. પલંગ વગેરેનો ઉપયોગ કરવો નહિ. બે ઉપવાસ, ત્રણ ઉપવાસ વગેરે તપ કરવો. ક્ષુધા, તૃષા, ઉષ્ણ, શીત અને વધ વગેરે બાવીશ પરીષહો સહન કરવા. કોઇ પણ જાતની દીનતા ન રાખવી. તેમ જ સાધુપણા માટે આવશ્યક એટલી જ ઉપધિ (વસ્ત્ર-પાત્રાદિ) રાખવી. કોઇ પણ વસ્તુ મૂકી રાખવી પડે અને બીજા દ્વારા મંગાવવી પડે એટલી ઉપધિ ન રાખવી. અલ્પ જ ઉપધિ રાખવી. આ બધા બાહ્ય આચારો બાલજીવોને કહેવા.

શ્લોકમાંના '**आदि**' પદથી સૂચવેલા બીજા પણ આચારો કહેવા. જેમ કે ચાલતી વખતે ખુલ્લા પગે જ ચાલવું. પગમાં કોઇ પણ જાતના ચંપલ કે પાવડી વગેરે ધારણ કરવા નહિ. રાત્રે બે પ્રહર જ નિદ્રા લેવી. પહેલા અને છેલ્લા પ્રહરમાં ઊંઘવાનું નહિ, સ્વાધ્યાય જ કરવાનો. પોતાના માટે રાંધેલું, કાપેલું કે ખરીદેલું હોય તે ભિક્ષામાં લેવાનું નહિ. બેંતાળીશ દોષથી રહિત જ ભિક્ષા લેવાની... વગેરે પિંડવિશુદ્ધિનું પાલન અઘરું છે. દ્રવ્યને આશ્રયીને અમુક જ વસ્તુ લેવાની. ક્ષેત્રને આશ્રયીને અમુક જ જગ્યામાં લેવાની. કાળને આશ્રયીને અમુક જ કાળે અને ભાવને આશ્રયીને અમુક જ પાસેથી લેવાની... વગેરે અભિગ્રહ ધારણ કરવા. દૂધ, દહીં, ઘી વગેરે વિગઇનો ત્યાગ કરવાનો. તપમાં એક, બે વગેરે જ દ્રવ્ય વાપરવાનાં અથવા એક, બે વગેરે કોળિયા વાપરવાના.

સદાને માટે અનિયતપણે વિહાર કરવાનો, એક જ સ્થાને નહિ રહેવાનું અને સદાને માટે કાયાનો ત્યાગ કરવો, મમત્વ નહિ રાખવાનું... આ બધા પણ બાહ્ય આચારો બાલજીવોને જણાવવા. અને અવસરે અવસરે તેની આગળ સેવીને બતાવવા. કોઈ વાર આપણાથી એ શક્ય ન હોય તોપણ બાલજીવોની દેખતાં અપવાદ નહિ સેવવા. અન્યથા ઉપદેશકની પ્રત્યે અશ્રદ્ધા થવાથી શ્રોતા(બાલજીવો)ઓને મિથ્યાત્વની વૃદ્ધિનો પ્રસંગ આવશે.

બાલજીવોને ઉદ્દેશીને વર્ણવેલા પૂ. સાધુભગવંતોના બાહ્ય આચારો ખરેખર જ સર્વશ્રેષ્ઠ છે. બીજા કોઈ પણ ધર્મમાં આવા આચારો ઉપદેશેલા નથી. સાધુપણાનું બાહ્ય સ્વરૂપ પણ કેટલું અઘરું છે - એ આથી સમજી શકાય છે. દુનિયાના દાર્શનિકોની જ્યાં નજર પણ પહોંચી નથી એવા આચારોને આત્મસાત્ કરનારા પૂ. મુનિભગવંતોનું બાહ્ય સ્વરૂપ પણ અદ્ભુત છે. મુનિજીવનની સર્વ - શ્રેષ્ઠતાનો પરિચય કરવા માટે આ આચારોનું પરિશીલન નિરંતર કરવું જોઈએ. કેટલીક વાર બાહ્ય આચારો પણ આંતરિક પરિણામોનું પ્રતિબિંબ પાડતા હોય છે. આવા પ્રકારના બાહ્ય આચારોની ઉપેક્ષા ખરી રીતે આંતરિક અશ્રદ્ધામલને સૂચવનારી છે. સમ્યગ્લોચ; ધરા શય્યા; ચિત્ર તપ; પરીષહ; અલ્પોપધિત્વ; પાદત્રાણરહિતત્વ; બે પ્રહરની રાત્રે નિદ્રા; પિંડવિશુદ્ધિ; દ્રવ્યાદિ-અભિગ્રહ; વિગઈનો ત્યાગ; એકસિક્થાદિ પારણું; અનિયતવિહારકલ્પ અને નિત્ય કાયોત્સર્ગ... આ બધા આચારો ઉપર એક વાર નજર સ્થિર કરવાની જરૂર છે. શ્રોતા-ગણમાંથી સાચા બાલજીવો તો લગભગ અદૃશ્ય થયા છે. એના અભાવમાં ઉપર જણાવ્યા મુજબની દેશના ન પણ થાય તો ચિંતા કરવાની આવશ્યકતા નથી. પરંતુ આ આચારો મુનિજીવનમાંથી અદૃશ્ય થાય તો શું થાય - એ ચિંતા કર્યા વિના ચાલે એવું નથી. ગમે તે રીતે એ આચારો પ્રત્યે શ્રદ્ધા કેળવીને એની દેશના દ્વારા બાલ-જીવોના હિતની ચિંતા કરવી જોઈએ. અન્યથા શ્રી જિનશાસનની દેશનાપદ્ધતિ લુપ્ત થશે. ॥૨-૨૧॥

મધ્યમજીવોને આપવા યોગ્ય દેશનાનું વર્ણન કરાય છે—

**मध्यमस्य पुनर्वाच्यं, वृत्तं यत्साधुसङ्गतम् ।**
**सम्यगीर्यासमित्यादि, त्रिकोटीशुद्धभोजनम् ॥२-२२॥**

मध्यमस्येति–आदिनाऽन्यप्रवचनमातृग्रहः । तिस्रः कोट्यो रागद्वेषमोहरूपाः कृतकारितानुमतिभेदेन हननपचनक्रयरूपा वा ।।२-२२।।

"મધ્યમ કોટિના જીવોને; સારી રીતે ઈર્યાસમિતિ, ભાષાસમિતિ વગેરેનું પાલન કરવું તેમ જ ત્રિકોટીપરિશુદ્ધ ભોજન ગ્રહણ કરવું... વગેરે જે પૂ. સાધુભગવંતોનું સદ્વૃત્ત છે - તે જણાવવું." આ પ્રમાણે બાવીશમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય એ છે કે મધ્યમબુદ્ધિવાળા જીવો વૃત્ત(આચાર)ને પ્રાધાન્ય આપે છે. તેથી તેમને તે વૃત્ત સમજાવવું. બાહ્યદષ્ટિએ પ્રસિદ્ધ એવા આચારો બાલજીવોને સમજાવવાના છે. અને મધ્યમબુદ્ધિવાળા જીવોને આંતરિક દૃષ્ટિએ (લોકમાં અપ્રસિદ્ધ) પ્રસિદ્ધ એવા આચારો સમજાવવાના છે. તે જાણવાથી શ્રોતાને એમ સમજાય છે કે લોકો તો જાણતા જ નથી એવા આચારો આ સાધુભગવંતો પાળે છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સ્વરૂપ અષ્ટ પ્રવચનમાતાનું પાલન કરવા સ્વરૂપ પૂ. સાધુભગવંતોનું સદ્વૃત્ત મધ્યમ-બુદ્ધિવાળાને જણાવતી વખતે સમિતિ-ગુપ્તિનું વિસ્તારથી વર્ણન કરવું. સાથે સાથે તેનું પાલન કરીને પણ બતાવવું. ત્યાર બાદ બીજા આચાર તરીકે ત્રિકોટીપરિશુદ્ધ ભોજન જણાવવું. રાગથી, દ્વેષથી કે અજ્ઞાનથી ગ્રહણ કરેલું કે વાપરેલું જે ન હોય તે ત્રિકોટીપરિશુદ્ધ ભોજન કહેવાય છે. પોતાના માટે કરેલું, કરાવેલું કે અનુમોદેલું જે ન હોય તે ત્રિકોટિપરિશુદ્ધ ભોજન કહેવાય છે. તેમ જ પોતાના માટે કાપેલું, રાંધેલું કે ખરીદેલું જે ન હોય તેને ત્રિકોટિપરિશુદ્ધ ભોજન કહેવાય છે. આવા ભોજનને જ પૂ. સાધુભગવંતો ગ્રહણ કરતા હોય છે અને વાપરતા હોય છે. જે આવું પરિશુદ્ધ ભોજન ન હોય તેને તેઓ ગ્રહણ કરતા નથી... આ બધું મધ્યમબુદ્ધિવાળા જીવોને સમજાવવું. અન્યદર્શનમાં આ આચારનું દર્શન નહિ થાય. તેની વાત પણ સાંભળવા નહિ મળે. ।।૨-૨૨।।

મધ્યમબુદ્ધિવાળાને જ સમજાવવાના કેટલાક આચારો જણાવાય છે–

**वयःक्रमेणाध्ययनश्रवणध्यानसङ्गतिः ।**
**सदाशयेनानुगतं, पारतन्त्र्यं गुरोरपि ।।२-२३।।**

वय इति–क्रमोऽत्र प्रथमे वयस्यध्ययनं द्वितीयेऽर्थश्रवणं तृतीये च ध्यानेन भावनमित्येवंरूपः । सदाशयः संसारक्षयहेतुर्गुरुरयमिति कुशलपरिणामः ।।२-२३।।

"વયના ક્રમે અધ્યયન, શ્રવણ અને ધ્યાન કરવું તેમ જ સદાશયથી યુક્ત ગુરુનું પારતન્ત્ર્ય રાખવું... આ પણ મધ્યમબુદ્ધિવાળા જીવોને સમજાવવું." - આ પ્રમાણે ત્રેવીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પૂ. સાધુભગવંતોએ પ્રથમ વયમાં સૂત્રનું અધ્યયન કરવું જોઇએ. મધ્યમ વયમાં અર્થનું શ્રવણ કરવું જોઇએ અને છેલ્લી વયમાં ધ્યાનથી આત્માને ભાવિત બનાવવો જોઇએ : આ પૂ. સાધુભગવંતોનો આચાર છે. - આ પ્રમાણે મધ્યમબુદ્ધિવાળાને સમજાવવું. નિરંતર સ્વાધ્યાયમાં લીન રહેનારા પૂ. સાધુભગવંતોની જ્ઞાનસંપાદનની પદ્ધતિ સમજી લેવાની આવશ્યકતા છે. શાસ્ત્રીય રીતે સામાન્યથી બાર વર્ષ સુધી સૂત્ર ભણવાનું છે અને ત્યાર બાદ તેના અર્થનું શ્રવણ કરવાનું છે. આ રીતે સૂત્ર અને અર્થ : ઉભયના જ્ઞાતા બન્યા પછી ધ્યાનથી આત્માને ભાવિત બનાવવો જોઇએ. પૂ. સાધુભગવંતોને ઉદ્દેશીને અહીં અધ્યયનાદિનો વિચાર કર્યો હોવાથી સામાન્ય રીતે દીક્ષા ગ્રહણ કરેલા દિવસથી વયની ગણતરી કરવાની છે. સંયમજીવનનાં શરૂઆતનાં વર્ષોમાં સૂત્રનું અધ્યયન; વચ્ચેનાં વર્ષોમાં અર્થનું અધ્યયન અને છેલ્લાં વર્ષોમાં ધ્યાનથી આત્માને ભાવિત કરવાનું - આ પ્રમાણે પૂ. સાધુભગવંતોનો આચાર મધ્યમજીવોને જણાવવો જોઇએ.

તદુપરાંત સદાશયથી ગુરુપારતંત્ર્યની સેવા પણ પૂ. સાધુભગંવતોનો આચાર છે - તે મધ્યમજીવોને સમજાવવું. 'આ મારા ભવનિસ્તારક છે, સંસારનો અંત લાવવામાં નિમિત્ત છે...' ઇત્યાદિ સ્વરૂપ અધ્યવસાયને અહીં સદાશય તરીકે વર્ણવ્યો છે. આવા એકમાત્ર સદાશયથી પૂ. ગુરુદેવશ્રીને આધીન થઇને રહેવું તેને ગુરુપારતંત્ર્ય કહેવાય છે. અઘરું છે આ ગુરુપારતંત્ર્ય ! સ્વાર્થમૂલક ગુરુપારતંત્ર્ય હજુ સહેલું છે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ સદાશયથી અનુગત એવું ગુરુપારતંત્ર્ય ઘણું જ અઘરું છે. મહાત્યાગી(?) અને મહાતપસ્વી(?)ઓને પણ એ કેળવવાનું બનતું નથી. એટલું જ નહિ, જરૂરી પણ લાગતું નથી. પોતાની ઇચ્છાથી માણસ દુ:ખ વેઠી શકે છે પરંતુ કોઇની આજ્ઞામાં રહેવાનું ખરેખર જ અતિશય કષ્ટપ્રદ છે. પૌદ્ગલિક ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ જેટલો પીડાકારક છે એના કરતાં કંઇકગુણો પીડાકારક કોઇની આજ્ઞા માનવાનો પ્રસંગ છે. જેના વિના ચાલે એવું નથી, એ જ જો આ રીતે અનિષ્ટ, અઘરું અને

અત્યંતકષ્ટપ્રદ જણાય તો ભવનિસ્તાર કઇ રીતે થાય ? - આ બધું મધ્યમ-બુદ્ધિવાળા જીવોને પૂ. સાધુભગવંતોના સદ્વૃત્તમાં જણાવવું. ॥૨-૨૩॥

પંડિતજનોને ઉચિત દેશનાને જણાવાય છે–

**वचनाराधनाद् धर्मोऽधर्मस्तस्य च बाधनात् ।**
**धर्मगुह्यमिदं वाच्यं, बुधस्य च विपश्चिता ॥२-२४॥**

वचनेति–वचनाराधनादागमाराधनयैव धर्मः । तस्य वचनस्य च बाधनादेवाधर्मो नान्यत्रैकान्त इत्येतदुपसर्जनीकृतसकलक्रियं प्रधानीकृतभगवद्वचनं धर्मगुह्यं बुधस्य विपश्चिता वाच्यं, वचनायत्तत्वात्सर्वानुष्ठानस्य ॥२-२४॥

"વચનની આરાધનાથી ધર્મ છે અને અધર્મ વચનના બાધથી થાય છે - આ ધર્મનું રહસ્ય વિદ્વાને પંડિતજનોને સમજાવવું જોઇએ" - આ પ્રમાણે ચોવીશમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે ભાવનાજ્ઞાનથી ભાવવાયોગ્ય વસ્તુના ઐદમ્પર્યને માનનારા પંડિતજનોને વિદ્વાન ધર્મોપદેશકે ધર્મનું પરમ રહસ્ય સમજાવવું જોઇએ. શ્રી તીર્થંકરપરમાત્માએ પ્રરૂપેલા પરમતારક આગમને અનુસારે જ આરાધના કરવાથી ધર્મ થાય છે. અને એ પરમતારક આગમનો બાધ થવાથી (આગમવિરુદ્ધ વર્તવાથી) અધર્મ થાય છે. આ ધર્મનું પરમ રહસ્ય છે.

પરમાત્માના વચનની આરાધનામાં જ ધર્મ છે અને તે વચનની બાધામાં જ અધર્મ છે - આવો એકાંત; કોઇ પણ ક્રિયા વગેરેમાં નથી. અહિંસાદિમાં એકાંતે ધર્મ નથી અને હિંસાદિમાં એકાંતે અધર્મ નથી. શ્રી તીર્થંકરપરમાત્માના વચનાનુસાર અહિંસાદિમાં ધર્મ છે અને તેની બાધાનુસાર તેમાં અધર્મ છે. આવી જ રીતે શ્રી તીર્થંકરપરમાત્માના વચનાનુસાર યતનાપૂર્વક નદી ઊતરવાદિમાં થતી હિંસામાં અધર્મ નથી અને વચનનિરપેક્ષ તેમાં અધર્મ છે. આ રીતે અહિંસાદિમાં કથંચિદ્ ધર્મ છે અને હિંસાદિમાં કથંચિદ્ અધર્મ છે. વચનની આરાધનામાં કે બાધામાં અનુક્રમે એકાંતે ધર્મ અને અધર્મ છે. આ રીતે બધી જ ક્રિયાઓને ગૌણ બનાવી છે અને ભગવાનના પરમતારક વચનને પ્રધાન બનાવ્યું છે જેમાં એવું ધર્મગુહ્ય-રહસ્ય પંડિત-જીવોને સમજાવવું. શ્રી વીતરાગ-પરમાત્માએ ઉપદેશેલાં સઘળાંય અનુષ્ઠાનો તેઓશ્રીના પરમતારક વચનને આધીન છે. વચન કરતાં અનુષ્ઠાન કોઇ પણ રીતે મહાન નથી - એ નિરંતર

યાદ રાખવું. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનના પ્રાધાન્યને સમજવાનું ખૂબ જ અઘરું છે. પંડિતજનોને એ સમજાય છે. આજ્ઞાનું પ્રાધાન્ય સમજાવવા દરેક ધર્માનુષ્ઠાનના રહસ્યને સમજાવવાનું આવશ્યક બને છે. અંતે ધર્મના પરમ રહસ્ય-રૂપે આજ્ઞાની પ્રતીતિ થાય છે. વિદ્વાન ધર્મોપદેશક સિવાય એ રીતે આજ્ઞાની પ્રધાનતાને વર્ણવવાનું બીજા ઉપદેશકો માટે શક્ય નથી. ભાવનાજ્ઞાનથી ભાવિત ઉપદેશક ન હોય તો કેવી સ્થિતિ નિર્માણ પામે છે - તેનું વર્ણન કરવાની જરૂર નથી. ઓછાવધતા પ્રમાણમાં એનો અનુભવ આપણને છે જ. ॥૨-૨૪॥

ભાવનામય જ્ઞાનથી ધર્મના રહસ્યભૂત આજ્ઞાના પ્રાધાન્યને પ્રાપ્ત કરવાથી પ્રાપ્ત થતા ફળને જણાવાય છે–

**इत्थमाज्ञादरद्वारा, हृदयस्थे जिने सति ।**
**भवेत् समरसापत्तिः, फलं ध्यानस्य या परम् ॥२-२५॥**

इत्थमिति–इत्थमनया रीत्या । आज्ञादरद्वारा भगवद्वचनबहुमानद्वारेण । हृदयस्थे ध्यानसाक्षात्कृते जिने सति भवेत् समरसापत्तिः समतापत्तिः । या ध्यानस्य परं प्रकृष्टं फलं. तदाह–"सैषेह योगिमातेति" इत्थं च समापत्तिसञ्ज्ञकासङ्गानुष्ठानफलकस्य वचनानुष्ठानस्य आज्ञादरद्वारैवोपपत्तेरयमेव गरीयानिति फलितम् । क्रियान्तरे च नैत-दुपपत्तिः, न च तदनन्तरं भगवदनुध्यानादुपपत्तिः, अनियमादनुषङ्गत एवासङ्गसम्भ-वाच्चेति ॥२-२५॥

"આ રીતે આજ્ઞાદર દ્વારા શ્રી જિનેશ્વરદેવ હૃદયસ્થ બન્યે છતે 'સમરસાપત્તિ' પ્રાપ્ત થાય છે, જે ધ્યાનનું શ્રેષ્ઠ ફળ છે." - આ પ્રમાણે પચીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચન પ્રત્યેના બહુમાન દ્વારા શ્રી તીર્થંકરપરમાત્મા હૃદયસ્થ બને છે. વિહિત તે તે અનુષ્ઠાન કરતી વખતે તેમ જ તે તે નિષિદ્ધની નિવૃત્તિ વખતે નિરંતર ભગવાનના વચનમાં પ્રાધાન્યનો ઉપયોગ હોવાથી પરમાત્માનું જ ધ્યાન હોય છે. આ ધ્યાન દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. તેને જ અહીં પરમાત્માની હૃદયસ્થતા જણાવી છે.

પરમાત્મા હૃદયસ્થ બન્યા પછી આત્માને સમરસાપત્તિ પ્રાપ્ત થાય છે. સમરસાપત્તિનો અર્થ સમતાપત્તિ છે. પરમાત્માની સાથે જીવાત્માની સમાન અવસ્થાને સમતાપત્તિ કહેવાય છે. ધ્યાનના પરમ ફળ તરીકે આ સમરસાપત્તિને

વર્ણવી છે. 'મોક્ષના બીજભૂત સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ યોગના સ્વામીઓની આ સમતાપત્તિ માતા છે.' - આ પ્રમાણે શ્રીષોડશક પ્રકરણમાં **सैषेह योगिमाता** આ ગ્રંથથી જણાવ્યું છે. એ વાત ખૂબ જ સરળતાથી સમજી શકાય એવી છે. કારણ કે શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલાં પરમતારક વચનોનું પ્રાધાન્ય ન સમજાય તો આત્માને યોગની પ્રાપ્તિ જ થાય એમ નથી. યોગીજનોનો જન્મ જ ઉપર જણાવ્યા મુજબ વચનમય સમાપત્તિથી થતો હોય છે. આથી સમજી શકાશે કે સમાપત્તિસ્વરૂપ અસંગાનુષ્ઠાન જેનું ફળ છે તે વચનાનુષ્ઠાન આજ્ઞાના આદર દ્વારા જ ઉપપન્ન થાય છે, તેથી આજ્ઞાનો આદર જ શ્રેષ્ઠ છે.

કહેવાનો આશય એ છે કે સદનુષ્ઠાન ચાર પ્રકારનું છે. સામાન્ય રીતે પ્રીતિના કારણે થતું અનુષ્ઠાન પ્રીત્યનુષ્ઠાન છે. પવિત્રતાના કારણે થતું અનુષ્ઠાન ભક્ત્યનુષ્ઠાન છે. માત્ર શ્રી તીર્થંકરદેવોએ ઉપદેશેલું અનુષ્ઠાન છે માટે જે અનુષ્ઠાન કરાય છે તે વચનાનુષ્ઠાન છે. અને વચનાનુષ્ઠાનના અભ્યાસાતિશયથી સ્વાભાવિક રીતે થતા અનુષ્ઠાનને અસંગાનુષ્ઠાન કહેવાય છે. અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિથી આત્મા શ્રી તીર્થંકરપરમાત્માના વચનમય બને છે. મુખ્યપણે સામર્થ્યયોગમાં પ્રાપ્ત થનારું અસંગાનુષ્ઠાન; સમરસાપત્તિ(સમાપત્તિ-સમતાપત્તિ)સ્વરૂપ છે. અને તે વચનાનુષ્ઠાનનું એકમાત્ર ફળ છે. વચનની પવિત્ર આરાધનાનો એ એકમાત્ર ઉદ્દેશ્ય હોય છે. ભગવાનની આજ્ઞા પ્રત્યે બહુમાન ન હોય તો વચનાનુષ્ઠાનની પ્રાપ્તિની જ સંભાવના નથી, તેથી તેના ફળસ્વરૂપે પ્રાપ્ત થનારા સમાપત્તિસ્વરૂપ અસંગાનુષ્ઠાનની સંભાવના પણ રહેતી નથી. આ રીતે શ્રી તીર્થંકરપરમાત્માની પરમતારક આજ્ઞા પ્રત્યેનો આદર શ્રેષ્ઠ છે. મુમુક્ષુઓએ આજ્ઞા પ્રત્યે આદર કેળવી લેવો જોઇએ. આજ્ઞાનું પ્રાધાન્ય નહિ સમજનારા પંડિત નથી; એ યાદ રાખવાનું આવશ્યક છે.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોના વચનપૂર્વકના અનુષ્ઠાનથી જેમ અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે, તેમ વચનનિરપેક્ષ કે વચનના ઉપયોગથી શૂન્ય એવા અનુષ્ઠાનથી અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થતી નથી. તેથી વચન પ્રત્યેનો આદર જ શ્રેષ્ઠ છે. "ઉપયોગશૂન્ય કે વચનનિરપેક્ષ એવી ક્રિયા પછી ભગવાનનું અનુધ્યાન થવાથી અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થઇ શકે છે. તેથી વચનપૂર્વકની જ ક્રિયાથી સમાપત્તિ થાય છે અને તન્નિરપેક્ષ એવી ક્રિયાંતરોમાં તેની ઉપપત્તિ થતી

નથી.' - આ પ્રમાણે કહેવાનું અયુક્ત છે." આ મુજબ નહીં કહેવું જોઇએ. કારણ કે વચનનિરપેક્ષાદિ ક્રિયાઓ પ્રસંગે ચોક્કસપણે ભગવાનનું અનુધ્યાન થાય જ એવો નિયમ નથી. ક્વચિદ્ એવી ક્રિયાઓ પછી જ્યાં પણ અસંગની પ્રાપ્તિ થાય છે, ત્યાં પણ ભગવાનના અનુધ્યાનથી જ થાય છે. તેથી અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિમાં પ્રાધાન્ય તો ભગવાનની આજ્ઞાના આદરનું જ રહે છે. એ આદરના સંબંધથી જ અન્યત્ર ક્રિયાંતરમાં સમાપત્તિની પ્રયોજકતા હોવાથી ક્રિયાંતરનું પ્રાધાન્ય નથી. (ગૌણત્વ છે) - એ સ્પષ્ટ છે - આ બધું જ પંડિતજનોને સમજાવવું.

ચોવીશમા અને પચીશમા શ્લોકમાં જણાવેલી વાતનો કોઇ પણ જાતના કદાગ્રહ વિના વિચાર કરવાથી ભાવનાજ્ઞાન; વચન પ્રત્યેનો આદર; સમાપત્તિ; અસંગાનુષ્ઠાન અને પંડિતજનોને આપવા યોગ્ય દેશના વગેરેનો સ્પષ્ટ ખ્યાલ આવ્યા વિના નહિ રહે. છેલ્લા બે શ્લોકમાં સામર્થ્યયોગની નજીકમાં પહોંચવા માટેની પરમતારક ભૂમિકાનું, સંક્ષેપથી પણ ખૂબ જ સ્પષ્ટ નિરૂપણ છે. સમગ્ર પ્રકરણનો સાર ભગવાન શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનના આદરમાં સમાવિષ્ટ છે. મુમુક્ષુજનોએ એ આદરની પ્રકર્ષ અવસ્થાને પ્રાપ્ત કરવા શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાને આત્મસાત્ કરી લેવી જોઇએ... આ જણાવવાનું કારણ એ છે કે '**द्वात्रिंशद्-द्वात्रिंशिका**' **ભા.૧** (પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટ-ધોળકા) આ પુસ્તકના પે.નં.૫૫ માં અનુવાદકશ્રીએ જે જણાવ્યું છે, તેની વિચિત્રતાનો વાંચકોને ખ્યાલ આવે.

અનુવાદકશ્રીની દૃષ્ટિએ જે સાચું છે તે ક્ષણવાર માની લઇએ કે શાસ્ત્રના નામે દંભ કરનારાને આશ્રયીને સાચું છે. પરંતુ એમાં શાસ્ત્ર કે શાસ્ત્રવિદોનો કયો અપરાધ છે કે અનુવાદકશ્રીને આ રીતે વિકૃત લખવાની આવશ્યકતા ઊભી થાય. અનુવાદકશ્રીએ પોતાનું લખાણ નિષ્પક્ષભાવે શાંતિથી વારંવાર વાંચી લેવું જોઇએ, જેથી તેઓ સમજી શકશે કે પોતે કરેલી ટીકાના ભોગ પોતે જ બન્યા છે. પોતાના અનુયાયીવર્ગને એ બધું વારંવાર વંચાવવાની જરૂર છે. દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા જેવા આત્મલક્ષી આકર ગ્રંથના અનુવાદ વખતે અનુવાદકશ્રીએ પોતાની જાત છૂપાવી નથી - એ આપણું ખરેખર જ સદ્ભાગ્ય છે. અન્યથા આપણને તેઓશ્રીનો પરિચય કરવાની તક મળત નહિ. શાસ્ત્રના નામે પોતાની કદાગ્રહપૂર્ણ માન્યતાઓનું સમર્થન કરવાની વૃત્તિ જેમ ભાવનામય જ્ઞાનનું લક્ષણ

નથી તેમ વર્ષોથી જેનું લખી-બોલીને સમર્થન કરતા આવેલા; તેનાં માત્ર એક વ્યક્તિ પ્રત્યેનાં દ્વેષ, ઈર્ષ્યા અને માત્સર્ય વગેરેના કારણે ત્યાગ કરવાની પ્રવૃત્તિ પણ ભાવનામય જ્ઞાનનું લક્ષણ નથી. પોતાને ઈષ્ટ એવા અર્થને સિદ્ધ કરવા શાસ્ત્ર જોવાં નથી, શાસ્ત્રકારોને અપ્રામાણિક ગણાવવા છે અને શાસ્ત્રના જાણકારોની મશ્કરી કરવી છેઃ - આ બધી પ્રવૃત્તિ ભાવનામય જ્ઞાન માટે અહિતકારિણી છે. વ્યવહાર-નિશ્ચય; ઉત્સર્ગ-અપવાદ અને સાપેક્ષ-નિરપેક્ષ... વગેરે વિકલ્પગર્ભિત વાતો કરી અનુવાદકારે વિચિત્ર રજૂઆત કરી છે. એની પાછળની એમની ભાવના ગમે તે હોય પરંતુ એ પ્રવૃત્તિ ભાવનાજ્ઞાનથી આત્માને દૂર કરનારી છે. ।।૨-૨૫।।

આ રીતે બાલ, મધ્યમ અને પંડિત જીવોને આપવાયોગ્ય દેશનાનું વર્ણન પૂર્ણ થયું. બાલાદિ જીવોને ઉપર જણાવ્યા મુજબ તે તે નયની દેશના કઈ રીતે અપાય ? કારણ કે દેશના તો સર્વનયોની - પ્રમાણભૂત આપવી જોઈએ. આવી શંકા કરીને તેનું સમાધાન કરાય છે–

**देशनैकनयाक्रान्ता, कथं बालाद्यपेक्षया ।**
**इति चेदित्थमेव स्यात्, तद्बुद्धिपरिकर्मणा ।।२-२६।।**

देशनेति–धर्मगुह्यानुक्तौ बालाद्यपेक्षया एकनयाक्रान्ता व्यवहारादिमात्रप्रधाना देशना कथं युज्यते ? "एगंते होइ मिच्छत्तं" इति वचनादिति चेद्–इत्थमेव बालाद्यपेक्षया व्यवहारादिमात्रप्राधान्येनैव । तद्बुद्धेर्बालादिबुद्धेः परिकर्मणा अर्थान्तरग्रहणसौकर्यरूपा स्याद् । इत्थं चात्रार्थान्तरप्रतिपक्षाभावान्नयान्तरव्यवस्थापनपरिणामाच्च न दोषः, शिष्यमतिपरिकर्मणार्थमेकनयदेशनाया अपि सम्मत्यादौ व्युत्पादनात् ।।२-२६।।

બાલાદિ જીવોને ધર્મનું રહસ્ય કહેવામાં ન આવે તો માત્ર વ્યવહાર કે નિશ્ચયનયની પ્રધાનતાએ દેશના આપવાનું કઈ રીતે યોગ્ય છે ? - આ પ્રમાણે શંકા નહિ કરવી જોઈએ. કારણ કે બાલાદિ જીવોની બુદ્ધિ આ રીતે જ પરિકર્મિત થતી હોય છે. - આ પ્રમાણે છવ્વીશમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ બાલજીવોને બાહ્ય આચારની મુખ્યતાએ; મધ્યમજીવોને આભ્યંતર આચારની મુખ્યતાએ વ્યવહારનયપ્રધાન દેશના આપવાની છે અને પંડિતજનોને ધર્મના રહસ્યની પ્રધાનતાએ નિશ્ચય(આંતરિક આજ્ઞા-બહુમાનાદિ-

પરિણતિ) નયપ્રધાન દેશના આપવાની છે. પરંતુ આ રીતે એક નયપ્રધાન દેશના આપવાનું ઉચિત નથી. કારણ કે આવી એકાંતદેશનામાં મિથ્યાત્વદોષનો પ્રસંગ આવે છે. - આ પ્રમાણે શંકાકારનું કહેવું છે. તેના સમાધાનમાં ગ્રંથકારશ્રી ફરમાવે છે કે આ રીતે બાલાદિ જીવોની અપેક્ષાએ વ્યવહાર કે નિશ્ચયાદિની મુખ્યતાએ જ દેશના આપવાથી બાલાદિ જીવોની બુદ્ધિ પરિકર્મિત બને છે. સામાન્ય રીતે વર્તમાનમાં બાલાદિ જીવોને વ્યવહારાદિનયની મુખ્યતાએ જે અર્થ જણાવાય છે; તેનાથી બીજો નિશ્ચયાદિનયની મુખ્યતાએ જે અર્થ જણાવાય, તે અર્થ સ્વરૂપ અર્થાંતરને ભવિષ્યમાં સરળતાથી ગ્રહણ કરી શકવાનું સામર્થ્ય અહીં બુદ્ધિનું પરિકર્મ છે.

યદ્યપિ આ રીતે પણ બાલાદિ જીવોને એકાંતદેશના આપવાથી મિથ્યાત્વનો પ્રસંગ આવે જ છે. કારણ કે એકાંતમાં મિથ્યાત્વ છે. પરંતુ અહીં બાલાદિ જીવોને વ્યવહારાદિપ્રધાન દેશના આપતી વખતે નિશ્ચયાદિ-અર્થાંતરના પ્રતિપક્ષ તરીકે વ્યવહારાદિનું પ્રાધાન્ય જણાવાતું નથી. તેમ જ ભવિષ્યમાં બુદ્ધિની પરિકર્મિતતામાં નિશ્ચયાદિનયાંતરના વ્યવસ્થાપનનો પરિણામ છે. આથી સમજી શકાશે કે નિશ્ચયાદિનયાંતરની વ્યવસ્થાપનાના પરિણામકાળે વ્યવહારાદિનયપ્રધાન દેશના નિશ્ચયાદિનયસ્વરૂપ અર્થાંતરના પ્રતિપક્ષ સ્વરૂપ ન હોવાથી પરમાર્થથી કોઇ દોષ નથી. શિષ્યની બુદ્ધિને પરિકર્મિત કરવા માટે વ્યવહારાદિનયપ્રધાન દેશનાનું પણ સમર્થન સમ્મતિતર્કાદિ-ગ્રંથમાં કરાયું છે. ॥૨-૨૬॥

ઉપર જણાવ્યા મુજબ બાલાદિ જીવોને અપાતી એકનયાક્રાંતદેશનામાં કોઇ દોષ ન હોય તોપણ તે દેશનાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થતી ન હોવાથી તેને પ્રમાણભૂત કઇ રીતે મનાય ? - આવી શંકાનું સમાધાન કરાય છે—

**प्रमाणदेशनैवेयं, ततो योग्यतया मता ।**
**द्रव्यतः सापि नो मानं, वैपरीत्यं यया भवेत् ॥२-२७॥**

प्रमाणेति—तदियं योग्यतया प्रमाणदेशनैव मता । व्युत्पादयिष्यमाणनयान्तरसमाहारेण तत्त्वोपपत्तेः । तद्भावेन तत्फलसम्भवाच्च । द्रव्यतः फलानुपयोगलक्षणात् । सापि प्रमाणदेशनापि । नो मानं न प्रमाणं, यया वैपरीत्यं ध्यान्ध्यलक्षणं भवेत् ॥२-२७॥

'બાલાદિ જીવોને અપાતી વ્યવહારપ્રધાનાદિ દેશના; તેમની બુદ્ધિની પરિકર્મિતતાથી અન્યનયાદિને ગ્રહણ માટે યોગ્ય બને છે. તેથી તેને લઇને આ દેશના પણ પ્રમાણદેશના જ મનાય છે. જેનાથી બુદ્ધિની વિપરીતતા થાય છે - એવી પ્રમાણદેશનાથી તત્ત્વપ્રાપ્તિ થતી ન હોવાથી તે દ્રવ્યથી જ (અપ્રધાન દ્રવ્યથી જ) પ્રમાણદેશના હોવાથી તે પ્રમાણ મનાતી નથી.' - આ પ્રમાણે સત્તાવીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે બાલાદિ જીવોને વ્યવહારપ્રધાનાદિ દેશના આપવાથી તેમની બુદ્ધિ પરિકર્મિત બને છે. તેથી ભવિષ્યમાં તે આત્માઓને નયાંતર(નિશ્ચયાદિ)ની વ્યુત્પત્તિ કરાવાય છે, જેથી તેમને ક્રમે કરી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ રીતે પ્રમાણદેશનાથી સાધ્ય એવું કાર્ય પણ તે તે નયોની દેશના દ્વારા ક્રમે કરી થતું હોય છે. પ્રમાણદેશનાના કાર્ય(વસ્તુતત્ત્વની પ્રાપ્તિ)ને સિદ્ધ કરવાની યોગ્યતા હોવાથી તે તે નયોની દેશના પણ પ્રમાણદેશના છે. બાલાદિ જીવોને અપાતી વ્યવહારપ્રધાન દેશના અને બુદ્ધિ પરિકર્મિત થયે છતે ભવિષ્યમાં આપવામાં આવનારી નયાંતર(નિશ્ચય)પ્રધાનાદિ દેશના : એ બેના સમાહારથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. બાલાદિ જીવોને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે આ જ રીત છે. એ સિવાય બીજો કોઇ ઉપાય નથી.

આનાથી તદ્દન વિપરીત એ છે કે બાલાદિ જીવોને વસ્તુના સમગ્ર સ્વરૂપને જણાવનારી પ્રમાણભૂત દેશના અપાય તો તે પ્રમાણભૂત મનાતી નથી. કારણ કે એવી દેશના માટે બાલાદિ જીવો પરિકર્મિત બુદ્ધિવાળા ન હોવાથી યોગ્ય નથી. તેથી તેવા જીવોને તેવી દેશના આપવાથી તે જીવોને બુદ્ધિના નાશ સ્વરૂપ વિપરીતતાની જ પ્રાપ્તિ થતી હોય છે. પ્રમાણભૂત દેશનાના ફળ તરીકે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ન થવાથી બાલાદિ જીવોની અપેક્ષાએ તે દેશના દ્રવ્યદેશના બને છે. કારણ કે જે; ફળની પ્રત્યે કારણ બનતું નથી તે અપ્રધાનદ્રવ્ય છે, ભાવ કે પ્રધાનદ્રવ્ય સ્વરૂપ નથી મનાતું. આથી સમજી શકાશે કે અયોગ્ય જીવોને અપાતી પ્રમાણભૂત દેશના અપ્રધાનદ્રવ્યદેશના-સ્વરૂપ હોવાથી અપ્રમાણ છે, પ્રમાણભૂત નથી. એની અપેક્ષાએ બાલાદિ જીવોને વ્યવહારપ્રધાનાદિ દેશના આપવાથી; તેમની બુદ્ધિને પરિકર્મિત કરવા દ્વારા કાલાંતરે નયાંતરની વ્યુત્પત્તિ કરાવવાથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઇ શકે છે. તેથી નયપ્રધાન દેશના પણ પ્રમાણદેશના માટે યોગ્ય હોવાથી પ્રમાણભૂત છે. ॥૨-૨૭॥

બાલાદિ જીવોને એક નયની દેશના પણ જે રીતે આપવાની છે તે જણાવાય છે–

**आदौ यथारुचि श्राव्यं, ततो वाच्यं नयान्तरम् ।**
**ज्ञाते त्वेकनयेऽन्यस्मात्, परिशिष्टं प्रदर्शयेत् ।।२-२८।।**

आदाविति–आदौ प्रथमं । यथारुचि श्रोतृरुच्यनुसारिनयानुगुण्येन । श्राव्यं जिनवचनम् । ततः स्वपारतन्त्र्यं बुद्धिपरिकर्मणां च श्रोतुर्ज्ञात्वा नयान्तरं वाच्यम् । अन्यस्मात् स्वव्यतिरिक्तात्त्वेकस्मिन्नये श्रोत्रा ज्ञाते सति परिशिष्टमज्ञातनयान्तरं प्रदर्शयेद् । अप्राप्तप्रापणगरीयस्त्वान्महतामारम्भस्य ।।२-२८।।

"શરૂઆતમાં શ્રોતાની રુચિ પ્રમાણેના નયને અનુકૂળ એવું શ્રી જિનવચન સંભળાવવું, ત્યાર પછી શ્રોતાને બીજા નયનું શ્રવણ કરાવવું. આ રીતે એક નયની વાત શ્રોતાએ જાણી લીધી હોય ત્યારે બાકીની બધી વાતો જણાવવી." આ પ્રમાણે અઠ્ઠાવીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે જ્યારે બાલાદિ શ્રોતા ધર્મશ્રવણ માટે ઉપસ્થિત થાય ત્યારે ધર્મદેશકે સૌથી પ્રથમ શ્રોતાને જે નયમાં રુચિ હોય તે નયને અનુકૂળ એવી શ્રી જિનવચનની વાત કરવી. ત્યાર પછી શ્રોતા પોતાને પરતંત્ર થયો છે કે નહિ, તેમ જ તેની બુદ્ધિ પરિકર્મિત થઇ છે કે નહિ તે જાણીને પોતાના સિદ્ધાંતથી અતિરિક્ત એવા નયાંતરનું પ્રતિપાદન કરવું. આથી શ્રોતા એક નયનો જ્ઞાતા બને એટલે પછી શ્રોતાને જેનું જ્ઞાન નથી એવા બાકીના અજ્ઞાત નયાંતરોનું પ્રતિપાદન કરવું. કારણ કે મહાપુરુષોની પ્રવૃત્તિ; બીજાને જે અપ્રાપ્ત છે તેને પ્રાપ્ત કરાવનારી હોવાથી શ્રેષ્ઠ છે.

ધર્મના પરમતારક એવા ઉપદેશકાદિ મહાત્માઓ આપણને નહિ મળેલા જ્ઞાનાદિગુણોની પ્રાપ્તિ થાય એ માટે પ્રવૃત્તિ કરતા હોય છે. એ મુજબ પોતાની પાસે ઉપસ્થિત શ્રોતાને આકૃષ્ટ કરવા ધર્મોપદેશક તેની રુચિ પ્રમાણેના નયને અનુકૂળ શ્રી જિનવચનની દેશના આપે છે. શ્રોતા આકૃષ્ટ ન બને તો ધર્મના ઉપદેશકની વાત ઉપયોગપૂર્વક તે નહિ સાંભળે. અને શ્રોતાની બુદ્ધિ પરિકર્મિત બને નહિ તો તેને બીજા નયોની વાત સમજાશે નહિ. તેથી ધર્મોપદેશકે તે તે શ્રોતાને પ્રથમ તેની રુચિ મુજબ અને ત્યાર બાદ નયાંતરસાપેક્ષ એવું શ્રી

જિનવચન સમજાવવું જોઇએ. આ રીતે આકૃષ્ટ શ્રોતા અને પરિકર્મિતબુદ્ધિવાળો શ્રોતા પરિશિષ્ટ અર્થશ્રવણ કરવા માટે યોગ્ય બને છે, જે; ક્રમે કરી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનું કારણ બને છે. ||૨-૨૮||

મહાત્માઓનો કોઇ પણ કાર્યનો આરંભ અપ્રાપ્તની પ્રાપ્તિ કરાવવા માટે હોય છે - તે વાતનું દૃષ્ટાંતથી સમર્થન કરાય છે–

**संविग्नभाविता ये स्यु र्ये च पार्श्वस्थभाविताः ।**
**मुक्त्वा द्रव्यादिकं तेषां, शुद्धोञ्छं तेन दर्शितम् ॥२-२९॥**

संविग्नेति–संविग्नभाविता वालाः पण्डिताश्च स्युः, पार्श्वस्थवासिता वालाः स्युः, तत्र पार्श्वस्थवासिता वाला आभिनिवेशिकाश्च वोध्याः । ये संविग्नभाविता वालास्तेऽपरिणता यथापरिणतिमजानाना द्रव्यादिकमविशेषतया एकान्तव्यवस्थानाः । तेन हेतुना । ये संविग्नभाविताः स्युः, ये च पार्श्वस्थभाविताः, तेषां द्रव्यादिकं मुक्त्वा । आदिना क्षेत्रादिग्रहः । शुद्धोञ्छं शुद्धपिण्डविधानं दर्शितं–"संविग्गभाविआणं लुद्धयदिट्ठंतभाविआणं च । मुत्तूण खित्तकालं भावं च कहिंति सुद्धुंछं ।१।" इत्यादिना वृहत्कल्पादौ । अत्र हि संविग्नभावितान् प्रति द्रव्यादिकारणेष्वशुद्धस्यापि व्युत्पादनं, पार्श्वस्थभावितान् प्रति च शुद्धोञ्छविधेरेव तत्सार्थकमिति लभ्यते, इतरत्तु पिष्टपेपणतुल्यमिति ॥२-२९॥

"જેઓ સંવિગ્નોથી ભાવિત છે અને જેઓ પાર્શ્વસ્થથી ભાવિત છે તેમને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની વિવક્ષા કર્યા વિના શુદ્ધ પિંડ જ ગ્રહણ કરનારા પૂ. સાધુભગવંતો હોય છે - આ પ્રમાણે જણાવવાનું શાસ્ત્રમાં જણાવ્યું છે." - આ પ્રમાણે ઓગણત્રીશમી ગાથાનો સામાન્ય અર્થ છે.

કહેવાનો આશય એ છે કે આ પૂર્વેના શ્લોકમાં જણાવ્યું છે કે અપ્રાપ્તને પ્રાપ્ત કરાવવા માટેનો કોઇ પણ મહાત્માઓનો કાર્યારંભ હોય છે. એ મુજબ ધર્મોપદેશકો શ્રોતાની રુચિ મુજબ શ્રી જિનવચનનું પુણ્યશ્રવણ કરાવીને તેની સ્વ-પરતંત્રતાને અને બુદ્ધિની પરિકર્મિતતાને જાણીને નયાંતરનું શ્રવણ કરાવે છે. આ વાતનું સમર્થન કરતાં આ શ્લોકમાં જણાવ્યું છે કે સંવિગ્ન અને પાર્શ્વસ્થથી ભાવિત એવા શ્રોતાને દ્રવ્ય, ક્ષેત્ર વગેરેના કારણે ગ્રહણ કરાતા અશુદ્ધ પિંડને

છોડીને માત્ર શુદ્ધ પિંડ જ પૂ. સાધુભગવંતોને ગ્રહણ કરવાનો છે - એ સમજાવવાનું શાસ્ત્રમાં જણાવ્યું છે.

મોક્ષની તીવ્ર અભિલાષાવાળા - સંવિગ્ન મહાત્માઓથી ભાવિત બાલજીવો અને પંડિતજીવો હોય છે. પાર્શ્વસ્થવાસિત બાલજીવો હોય છે અને તે અહીં અભિનિવેશવાળા સમજવા. સંવિગ્ન મહાત્માઓથી ભાવિત પણ પરિણત(પરિપક્વ) થયેલા ન હોવાથી તેઓ એમ જ માને છે કે પૂ. સાધુભગવંતોએ શુદ્ધ જ પિંડ ગ્રહણ કરવો જોઇએ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને તેઓ સંયોગવિશેષમાં અશુદ્ધ પણ પિંડને લઇ શકે છે : એ વાતને તેઓ જાણતા નથી. દહીં વગેરે વિશિષ્ટ દ્રવ્ય; અટવી વગેરે ક્ષેત્ર; દુષ્કાળાદિ કાળ અને રોગાદિ ભાવવિશેષને લઇને પૂ. સાધુભગવંતોને અશુદ્ધ પિંડ ગ્રહણ કરવાનો નિષેધ નથી - આ વાત સંવિગ્નભાવિત એવા અપરિણત શ્રોતાને ખ્યાલમાં ન હોવાથી તેની રુચિ અનુસાર તેને શુદ્ધ પિંડની ઉપાદેયતા સમજાવવી. કારણ કે તેઓ દ્રવ્યાદિની વિશેષતાને ધ્યાનમાં લીધા વિના એકાંતે શુદ્ધ જ પિંડ પૂ. સાધુભગવંતે ગ્રહણ કરવો જોઇએ - એવું માને છે. તેથી તેમને તેમની રુચિ અનુસાર તે સમજાવવું. આ રીતે '**आदौ यथारुचि श्राव्यम्**' આનું સમર્થન થયું. હવે **ततो वाच्यं नयान्तरम्** આનું સમર્થન કરાય છે.

આશય એ છે કે શ્રોતાને જે વસ્તુની ખબર નથી તે વસ્તુ પણ અવસરે તેને જણાવવાની છે. પાર્શ્વસ્થ(સાધુપણાના આચારમાં શિથિલ)થી ભાવિત એવા અભિનિવેશવાળા શ્રોતાને પાર્શ્વસ્થોએ એવું સમજાવ્યું હોય છે કે પૂ. સાધુભગવંતોને વહોરાવવાથી બહુ લાભ મળે છે. શિકારી જેમ શિકાર(મૃગાદિ)ની પાછળ પડે છે તેમ ગૃહસ્થોએ પૂ. સાધુભગવંતોને ગમે તે રીતે વહોરાવવું જોઇએ. પાર્શ્વસ્થોના આવા પરિચયના કારણે અને પોતાના અભિનિવેશના કારણે એ શ્રોતાને બીજી વાતનું કોઇ જ જ્ઞાન હોતું નથી. તેથી આવા પાર્શ્વસ્થભાવિત શ્રોતાને; 'પૂ. સાધુભગવંતોએ શુદ્ધ પિંડ જ ગ્રહણ કરવો જોઇએ' આ વાત જ સમજાવવી. પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને અશુદ્ધ પિંડ પણ લઇ શકાય છે - એ વાત ન સમજાવવી : આ પ્રમાણે શ્રી બૃહત્કલ્પમાં જણાવ્યું છે. ત્યાં ફરમાવ્યું છે કે સંવિગ્નભાવિત અને શિકારીના દૃષ્ટાંતથી ભાવિત(પાર્શ્વસ્થથી ભાવિત અભિનિવેશી) શ્રોતાને ક્ષેત્ર, કાળ અને

ભાવ (તેમ જ દ્રવ્ય)ને છોડીને (અર્થાત્ તેને લઈને અશુદ્ધ પિંડ ગ્રહણ કરવાની વાતને છોડીને) શુદ્ધ જ પિંડ જણાવવો. અહીં સમજી લેવું જોઈએ કે સંવિગ્નભાવિત શ્રોતાઓને તેમની રુચિ મુજબ શુદ્ધ પિંડ જણાવ્યા પછી દ્રવ્યાદિ કારણે અશુદ્ધ પિંડ પણ પૂ. સાધુભગવંતો લઈ શકે છે - એ જણાવવું. પાર્શ્વસ્થભાવિત શ્રોતાઓને તો, શુદ્ધપિંડ જ ગ્રહણ કરવાનો છે - તે જણાવવું. આનાથી બીજું જણાવવાનું પિષ્ટપેષણ (પીસેલાને પીસવું) જેવું નિરર્થક છે. કારણ કે સંવિગ્ન અને પાર્શ્વસ્થથી ભાવિત તે તે શ્રોતાને; અનુક્રમે શુદ્ધ અને અશુદ્ધ પિંડ પૂ. સાધુભગવંતો ગ્રહણ કરી શકે છે - એની જાણ છે જ. તેથી તે જણાવવાનું અર્થહીન છે. કારણ કે મોટાઓનો પ્રયાસ અપ્રાપ્તની પ્રાપ્તિ માટેનો હોય છે. ॥૨-૨૯॥

ઉપર જણાવ્યા મુજબ સંવિગ્નભાવિતાદિ માટે જે રીતે દેશના આપવાની, તે જણાવ્યું. હવે જો શ્રોતા કુનયાદિની દેશનાથી ભાવિત હોય અને અભિનિવેશવાળો હોય તો શું કરવું તે જણાવાય છે–

**दुर्नयाभिनिवेशे तु, तं दृढं दूषयेदपि ।**
**दुष्टांशच्छेदतो नाङ्घ्री, दूषयेद् विषकण्टकः ॥२-३०॥**

दुर्नयेति–परस्य कुदेशनया दुर्नयाभिनिवेशे त्वेकान्तग्रहरूपे ज्ञाते । तं दुर्नयम् । दृढं दूषयेदपि, यतो दुष्टांशस्य छेदतो विषकण्टकोऽङ्घ्री न दूषयेदेवमिहापि दुर्नयलवच्छेदे द्वावपि नयौ सुस्थितावतिष्ठेते इति । न चैवमितरांशप्रतिक्षेपाद्दुर्नयापत्तिस्तस्य प्रकृत-नयदूषणातात्पर्येण नयान्तरप्राधान्यग्राहकत्वेन परेषां तर्कवदनुग्राहकत्वेन तत्र तत्र व्यवस्थितत्वात् । निर्णीतमेतन्नयरहस्ये ॥२-३०॥

"એકાંતગ્રહસ્વરૂપ દુર્નયનો અભિનિવેશ હોય તો તે દુર્નયને દૃઢતાપૂર્વક દૂષિત કરવો જોઈએ. કારણ કે દુષ્ટાંશના છેદનથી વિષકંટક પગને પીડા પહોંચાડતો નથી." - આ પ્રમાણે ત્રીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે - કુદેશના(પરસ્થાનદેશના ઉન્માર્ગદેશનાદિ)ના શ્રવણના કારણે શ્રોતાને દુર્નય(દુષ્ટનય-નયાભાસ)માં અભિનિવેશ છે - એવું જણાય તો તે દુર્નયમાં દૃઢતાપૂર્વક દૂષણ બતાવવાં. કારણ કે દુષ્ટાંશના ઉચ્છેદથી જેમ ઝેરી કાંટો પગને વિષની બાધાથી દૂષિત કરતો નથી તેમ અહીં પણ તે દુર્નયના દુષ્ટ અંશનો છેદ

કરવાથી બંને નયો સુસ્થિત થાય છે. ધર્મોપદેશક જે વાત જણાવે છે તે એક નય અને શ્રોતા જે સમજે છે તેમાંના દુષ્ટ અંશથી રહિત જે વાત છે તે બીજો નય : આ બંન્ને નયો સુસ્થિત બને છે.

જોકે આ રીતે દુર્નયના દુષ્ટ અંશનો ઉચ્છેદ કરવાથી ઈતરાંશનો પ્રતિક્ષેપ કરવાના કારણે પોતાના નયમાં દુર્નયત્વનો પ્રસંગ આવશે. કારણ કે નય, બીજા નયનો પ્રતિક્ષેપ કરનારા નથી હોતા. બીજા નયનો પ્રતિક્ષેપ કરનારા નયને દુર્નય કહેવાય છે. પરંતુ પ્રકૃતસ્થળે દુર્નયને દૂષિત કરવાનું તાત્પર્ય ન હોવાથી કોઈ દોષ નથી. આશય એ છે કે દુર્નયનાં દૂષણ બતાવતી વખતે એ નયમાંના દુષ્ટ અંશનો જ ઉચ્છેદ કરવાનું તાત્પર્ય છે. એમ કરવાથી દુર્નયના દુષ્ટ અંશનો નાશ થવાથી તે સુનય બને છે અને નયાંતરની વાતનું વ્યવસ્થાપન થાય છે. અન્યદર્શનકારોની એકાંતવાદની કુદેશનાથી જેને એકાંતે નિત્યત્વ કે એકાંતે અનિત્યત્વનો અભિનિવેશ છે, એવા શ્રોતાને એકાંતવાદની માન્યતામાં દઢતાપૂર્વક દૂષણ બતાવવાથી શ્રોતાને, અભિનિવેશનો નાશ થવાથી અન્યદર્શનકારની વાત કેટલા અંશમાં સાચી છે - એનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. અને સાથે સાથે ધર્મોપદેશક - પૂ. ગુરુભગવંતે જણાવેલી સ્વદર્શનની (જૈન દર્શનની) વાતની પારમાર્થિકતાનો પણ ખ્યાલ આવી જાય છે. આ રીતે દુર્નયના દુષ્ટ અંશનો ઉચ્છેદ કરવાથી નયાંતરનું પ્રાધાન્ય ગ્રહણ કરાવી શકાય છે, તેથી દુર્નયત્વનો પ્રસંગ આવતો નથી. ન્યાયદર્શનાદિમાં તર્ક અયથાર્થજ્ઞાનરૂપ હોવા છતાં અનુમાનમાં વ્યભિચારશંકાની નિવૃત્તિ કરાવવા દ્વારા અનુમાન-પ્રામાણ્યનો અનુગ્રાહક હોવાથી તર્કની પ્રામાણ્યોપયોગિતાદિ જેમ મનાય છે તેમ અહીં પણ દુર્નયના દુષ્ટાંશનો પ્રતિક્ષેપ હોવા છતાં પ્રકૃતનયમાં દુર્નયત્વનો પ્રસંગ આવતો નથી. એક નય બીજા નયનો પ્રતિક્ષેપ કરે ત્યારે નયાંતરને દૂષિત બનાવવાનું તાત્પર્ય હોય અને નયાંતરના પ્રાધાન્યનું ગ્રાહકત્વ ન હોય તો પ્રતિક્ષેપ કરનાર નયમાં દુર્નયત્વનો પ્રસંગ આવે છે. તર્કની અનુગ્રાહકતાદિનું સ્વરૂપ ન્યાયની પરિભાષાને સમજનારા સારી રીતે સમજી શકે છે. ન્યાયની પરિભાષાના જેઓ સાવ જ અજાણ છે; તેમને ઉપર જણાવેલી વિગત સમજવાનું અઘરું છે. સ્થૂલ દૃષ્ટિએ ઉપર જણાવેલી વિગત સમજવી હોય તો એ રીતે સમજવી જોઈએ કે બહારથી જોતાં એમ લાગે કે પ્રવૃત્તિ દુષ્ટ છે, પરંતુ તેની પાછળનો ઉદ્દેશ ઉપર

જણાવ્યા મુજબ નયાંતરના પ્રાધાન્યના વ્યવસ્થાપનનો હોય. આવા સ્થળે કોઇ જ દોષ નથી. ઉદ્દેશ નિર્દોષ હોય તો પ્રવૃત્તિની દુષ્ટતાનો વિચાર કરવાની આવશ્યકતા નથી. સત્યનો અસ્વીકાર : એ નયાંતરની દુર્નયતાનું બીજ છે. અસત્યાંશને દૂર કરવાથી દુર્નયતાનો પ્રસંગ આવતો નથી. 'નયરહસ્ય'માં ગ્રંથકારશ્રીએ આ વિષયનો નિર્ણય કર્યો છે. વિશેષ જિજ્ઞાસુઓએ તે ગ્રંથનું અધ્યયન કરવું જોઇએ. ।।૨-૩૦।।

પ્રકરણાર્થનો ઉપસંહાર કરતાં વાસ્તવિક-ધર્મદેશના-પ્રદાતા પૂ. ગીતાર્થભગવંતોની સ્તવના કરાય છે–

**जानाति दातुं गीतार्थो, य एवं धर्मदेशनाम् ।**
**कलिकालेऽपि तस्यैव, प्रभावाद् धर्म एधते ।।२-३१।।**

जानातीति—व्यक्तः ।।२-३१।।

"આ પ્રમાણે બાલાદિ જીવોને તેમની તેમની યોગ્યતા મુજબ ધર્મદેશના આપવાનું જે પૂ. ગીતાર્થ ગુરુભગવંત જાણે છે, તેમના જ પ્રભાવથી કલિકાલમાં પણ ધર્મ શોભે છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. આશય ખૂબ જ સ્પષ્ટ છે.

શ્રી તીર્થંકરપરમાત્માએ ઉપદેશેલા પરમતારક ધર્મનો પ્રસાર દરેક ભવ્યાત્માઓના હૃદય સુધી કરવા માટે ધર્મદેશના વિના બીજો કોઇ ઉપાય નથી. એ પરમતારક ધર્મદેશના આપવાનો અધિકાર માત્ર પૂ. ગીતાર્થ ગુરુભગવંતને છે. પૂ. ગીતાર્થ ગુરુભગવંત દેશના આપવાના વિધિના જાણકાર હોવા જોઇએ. તેઓશ્રીના અચિંત્ય સામર્થ્યથી કલિકાલમાં પણ ધર્મ દીપે છે. શ્લોકમાં જણાવેલી આ વાત નિરંતર વિચારવી જોઇએ. શ્રી વીતરાગસ્તવમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ એ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે શ્રદ્ધાસંપન્ન શ્રોતા હોય અને સુંદર બુદ્ધિમાન વક્તા હોય તો એ બંન્નેના યોગે કલિકાલમાં પણ ભગવાનના શાસનનું સામ્રાજ્ય એકછત્રી બની જાય.

વર્તમાનની છિન્ન-ભિન્ન પરિસ્થિતિનું મુખ્ય કારણ આજની દેશના-પદ્ધતિ છે. ઉપર જણાવ્યા મુજબની શાસ્ત્રીય રીતે દેશના આપવાનું જ્યારથી બંધ થયું; ત્યારથી આજની વેરવિખેર સ્થિતિની શરૂઆત તો થઇ જ ગયેલી. મન બદલાય

એટલે પ્રવૃત્તિ બદલાવાની જ. મોક્ષનું અર્થીપણું નાશ પામે એટલે બધું જ નષ્ટ છે. મોક્ષની સાધનાનો એ (મોક્ષનું અર્થીપણું) તો પ્રાણ હતો. એના નાશ પછી શું બચવાનું હતું ?

જે ગીતાર્થ પૂ. ગુરુભગવંતો, કલિકાલજેવા ખરાબ કાળમાં પણ ધર્મને દીપ્તિમાન રાખી શકે છે, એમાં એકમાત્ર આ ધર્મદેશનાનો જ પ્રભાવ છે. શાસ્ત્રીય રીતે દેશના આપવાનું કાર્ય બધા જ ધર્મદેશકો કરે તો ચોક્કસ જ ધર્મનો વાસ્તવિક પ્રભાવ વધ્યા વિના નહિ રહે. શ્લોકમાં જણાવ્યા મુજબ ધર્મદેશના, શાસ્ત્રીય રીતે જ પૂ. ગીતાર્થ ગુરુભગવંતોએ જ આપવી જોઇએ. અન્યથા ધર્મદેશનાથી ધર્મની વૃદ્ધિ નહીં થાય - એ ભૂલવું ના જોઇએ. ॥૨-૩૧॥

શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનના એકમાત્ર પ્રભાવક એવા પૂ. ગીતાર્થ ગુરુભગવંતને નમસ્કાર કરી આ પ્રકરણનું સમાપન કરાય છે—

**गीतार्थाय जगज्जन्तुपरमानन्ददायिने ।**
**मुनये भगवद्धर्मदेशकाय नमो नमः ॥२-३२॥**

गीतार्थायेति—व्यक्तः ॥२-३२॥

જગતના જીવોને પરમાનંદ આપનારા અને ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલા ધર્મની દેશનાને આપનારા ગીતાર્થ મુનિભગવંતને નમસ્કાર હો... ! નમસ્કાર હો... ! - આ પ્રમાણે બત્રીશમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે પૂ. ગીતાર્થ મુનિભગવંતો શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા જ પરમતારક ધર્મની દેશના આપે છે. એ પરમતારક દેશના દ્વારા તેઓશ્રી જગતના જીવોને પરમાનંદનું પ્રદાન કરે છે.

શ્રી તીર્થંકરપરમાત્માએ પ્રરૂપેલા પરમતારક ધર્મની દેશનાને છોડીને બીજું કોઇ એવું સાધન નથી કે જેથી વાસ્તવિક પરમાનંદ પ્રાપ્ત કરી શકાય. અનંતદુ:ખમય આ સંસારમાં સુખનો લેશ પણ નથી. પુણ્યના ઉદયથી પ્રાપ્ત થનારાં પૌદ્ગલિક સુખો પણ પરિણામે દુ:ખરૂપ હોવાથી વસ્તુતઃ એ દુ:ખસ્વરૂપ છે. આધિ, વ્યાધિ અને ઉપાધિથી સંતપ્ત સમસ્ત જગતના ત્રિવિધ તાપને દૂર કરી પરમાનંદનો અનુભવ કરાવનારી પરમતારક ધર્મદેશના છે. દુ:ખમાં દુ:ખ ભુલાવી દે અને સુખ યાદ આવે નહિ : એ રીતે પરમાનંદનો અનુભવ

ધર્મદેશનાના પુણ્યશ્રવણથી થાય છે. આ પ્રમાણે પૂ. ગીતાર્થ મુનિભગવંતો ભગવાને પ્રરૂપેલા ધર્મની દેશનાને આપવા દ્વારા જગતના જીવોને પરમાનંદનું પ્રદાન કરે છે. આવા પરમતારક પૂ. ગીતાર્થ ગુરુભગવંતની ધર્મદેશનાના શ્રવણથી આપણે પણ પરમ આનંદનો અનુભવ કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા. ॥૨-૩૨॥

॥ इति देशना-द्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## अथ मार्गद्वात्रिंशिका प्रारभ्यते

देशनया मार्गो व्यवस्थाप्य इति तत्स्वरूपमिहोच्यते–

બીજી દેશના-દ્વાત્રિંશિકામાં દેશનાવિધિનું વર્ણન કર્યું. હવે એ પરમતારક દેશનાથી જે માર્ગનું વ્યવસ્થાપન કરાય છે તે માર્ગનું સ્વરૂપ જણાવાય છે–

**मार्गः प्रवर्त्तकं मानं, शब्दो भगवतोदितः ।**
**संविग्नाशठगीतार्थाचरणं चेति स द्विधा ।।३-१।।**

मार्ग इति–प्रवर्तकं स्वजनकेच्छाजनकज्ञानजननद्वारा प्रवृत्तिजनकम् । मानं प्रमाणम् । स च भगवता सर्वज्ञेनोदितो विधिरूपः शब्दः । संविग्नाः संवेगवन्तोऽशठा अभ्रान्ता गीतार्थाः स्वभ्यस्तसूत्रार्थास्तेषामाचरणं चेति द्विधा, विधेरिव शिष्टाचारस्यापि प्रवर्तकत्वात् । तदिदमाह धर्मरत्नप्रकरणकृद्–"मग्गो आगमणीई अहवा संविग्गबहुजणाइण्णं त्ति ।।३-१।।

"પ્રવર્ત્તક પ્રમાણને માર્ગ કહેવાય છે. શ્રી સર્વજ્ઞ ભગવંતનો શબ્દ અને સંવિગ્ન, અશઠ એવા ગીતાર્થ પુરુષોનું આચરણ : એ બે રીતે માર્ગ બે પ્રકારનો છે." - આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે બાલ, મધ્યમ અને પંડિત જનોને તેમના માટે ઉચિત એવી દેશના આપવા દ્વારા શુદ્ધસંયમની પ્રાપ્તિ કરાવવા માટે ધર્મદેશકનો પ્રયત્ન હોય છે. શુદ્ધ સંયમના ઉપાયને માર્ગ કહેવાય છે. અહીં પ્રવર્ત્તક એવા પ્રમાણને માર્ગ તરીકે વર્ણવ્યું છે. ઇષ્ટની પ્રાપ્તિ માટે જે પ્રવૃત્તિ કરાવે છે તે પ્રવર્ત્તક છે. ઇષ્ટવસ્તુને પ્રાપ્ત કરવાના ઉપાયનું જ્ઞાન થાય એટલે તે ઉપાયને પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય અને એ ઇચ્છા ઇષ્ટ વસ્તુના ઉપાયમાં પ્રવૃત્તિ કરાવે છે. આ રીતે સમજી શકાય છે કે પ્રવૃત્તિની પ્રત્યે ઇચ્છા કારણ છે. અને ઇચ્છાની પ્રત્યે જ્ઞાન કારણ છે. ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિના ઉપાયોનું જ્ઞાન કરાવનાર પ્રમાણ પ્રવર્ત્તક છે. પ્રવૃત્તિજનક (ઉત્પન્ન કરનાર) જે ઇચ્છા; એ ઇચ્છાનું જનક જે જ્ઞાન; તે જ્ઞાનને ઉત્પન્ન કરવા દ્વારા જે પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે; તેને પ્રવર્ત્તક કહેવાય છે. આવું પ્રવર્ત્તક જે પ્રમાણ છે; તેને માર્ગ કહેવાય છે, જે શુદ્ધસંયમના ઉપાય સ્વરૂપ છે. એ માર્ગના આસેવનથી આત્માને શુદ્ધસંયમની પ્રાપ્તિ થાય છે.

આ માર્ગ બે પ્રકારનો છે. શ્રી સર્વજ્ઞભગવંતે કહેલો વિધિસ્વરૂપ શબ્દ માર્ગ છે અને સંવિગ્ન, અશઠ એવા ગીતાર્થમહાત્માઓનું આચરણ પ્રમાણ-માર્ગ છે. આશ્રવ (પ્રાણાતિપાતાદિ કર્મબંધકારણ)નો ત્યાગ કરવો જોઈએ અને સંવર(તપ વગેરે)નું ઉપાદાન કરવું જોઈએ... ઈત્યાદિ વિધિસ્વરૂપ શબ્દો(વચનો) શ્રી સર્વજ્ઞભગવંતે કહેલા છે. એ વચનોથી ઉપર જણાવ્યા મુજબ જ્ઞાન થવાથી આશ્રવના ત્યાગની અને સંવરના ઉપાદાનની ઈચ્છા થાય છે; જેથી આત્મા આશ્રવના ત્યાગમાં અને સંવરના ઉપાદાનમાં પ્રવૃત્ત થાય છે અને તેથી ક્રમે કરી આત્માને શુદ્ધસંયમની પ્રાપ્તિ થાય છે. આવી રીતે શ્રી સર્વજ્ઞપરમાત્માનો શબ્દ પ્રવર્ત્તક બનતો હોવાથી તે માર્ગ છે.

સંવેગ(મોક્ષ પ્રાપ્ત કરવાનો તીવ્ર અભિલાષ)વંત આત્માને સંવિગ્ન કહેવાય છે. અભ્રાંત (ભ્રમથી રહિત) જનોને અશઠ કહેવાય છે. અને સારી રીતે સૂત્ર અને અર્થનો અભ્યાસ જેઓએ કર્યો છે; તેઓ ગીતાર્થ છે. મોક્ષની તીવ્ર અભિલાષા હોવા છતાં અને ભ્રાંતાવસ્થા ન હોવા છતાં સૂત્ર-અર્થનું જ્ઞાન ન હોવાથી અગીતાર્થ આત્માઓનું આચરણ પ્રમાણ મનાતું નથી. સૂત્રાર્થનું સારી રીતે જ્ઞાન હોય અને ભ્રમથી રહિત હોય તોપણ મોક્ષની અભિલાષા ન હોવાથી અસંવિગ્નોનું આચરણ પ્રમાણ મનાતું નથી. કારણ કે મોક્ષનો આશય ન હોવાથી આચરણનો ઉદ્દેશ ઉચિત નથી. તેમ જ મોક્ષની તીવ્ર અભિલાષા હોય અને સારી રીતે સૂત્ર તથા અર્થનો અભ્યાસ પણ કર્યો હોય તોપણ ભ્રાંત (કોઈ પૂર્વગ્રહાદિ દોષના કારણે અર્થ કરતી વખતે ભ્રમ થયો છે જેમને એવા) જનોનું આચરણ પ્રમાણ નથી. અશઠ, સંવિગ્ન અને ગીતાર્થ એવા એક-બે આત્માઓને અનુપયોગાદિના કારણે વિપરીત આચરણ થવાનો સંભવ હોવાથી સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ એવા ઘણા આત્માઓનું જ આચરણ પ્રમાણ છે - આ વસ્તુને જણાવવા **संविग्नाशठगीतार्थाचरणम्** અહીં **संविग्नाशठगीतार्थानामाचरणम्** - આ પ્રમાણે બહુવચનની વિવક્ષા કરી છે.

શ્રી સર્વજ્ઞભગવંતના પરમતારક વચનથી જેમ પ્રવૃત્તિ થાય છે તેમ સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ એવા શિષ્ટ જનોના આચારથી પણ ઈષ્ટોપાયમાં પ્રવૃત્તિ થાય છે. શિષ્ટ જનોની તે તે પ્રવૃત્તિને જોઈને તે તે પ્રવૃત્તિ કરવા જેવી છે - એવું જ્ઞાન થાય છે અને તેથી શિષ્ટોની પ્રવૃત્તિને જોનારા તે તે પ્રવૃત્તિ કરે છે. શ્રી

સર્વજ્ઞપરમાત્માના વિધિ - સ્વરૂપ શબ્દોની જેમ શિષ્ટ જનોનો આચાર પણ પ્રવર્ત્તક હોવાથી માર્ગ છે. આ રીતે માર્ગ બે પ્રકારનો છે. આ જ વાત શ્રી ધર્મરત્નપ્રકરણમાં જણાવી છે. "**मग्गो आगमणीई...**" આ ૮૦મી ગાથાના પૂર્વાર્દ્ધમાં જણાવ્યું છે કે આગમની નીતિ માર્ગ છે અને સંવિગ્ન એવા ઘણા આત્માઓનું આચરણ માર્ગ છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનને આગમ કહેવાય છે. તેની નીતિ ઉત્સર્ગ અને અપવાદ સ્વરૂપ છે; જે શુદ્ધસંયમના ઉપાય સ્વરૂપ છે; તે માર્ગ છે. અથવા સંવિગ્ન બહુ જનોએ આચરેલું - તે માર્ગ છે... ધર્મરત્નપ્રકરણમાં ખૂબ જ સ્પષ્ટપણે માર્ગનું સ્વરૂપ વર્ણવ્યું છે. વિસ્તારથી જાણવાના અર્થીએ ત્યાંથી જાણી લેવું. અહીં એ વાત સંક્ષેપથી જણાવી છે. ॥૩-૧॥

શ્રી સર્વજ્ઞપરમાત્માએ કહેલો વિધિસ્વરૂપ શબ્દ માર્ગ છે જ. પરંતુ સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ આત્માઓનું આચરણ પણ માર્ગ છે - એ માનવાનું બરાબર નથી, કારણ કે વાક્યાર્થ-જ્ઞાનાદિના ક્રમે ભાવનાજ્ઞાનમાં પ્રધાનપણે આજ્ઞાનું જ પ્રામાણ્ય વર્ણવ્યું છે. આજ્ઞાના પ્રામાણ્યથી જ દરેક અનુષ્ઠાનોનું પ્રામાણ્ય વ્યવસ્થિત છે. શિષ્ટાચારની પ્રામાણિકતા પણ શ્રી સર્વજ્ઞપરમાત્માના શબ્દની પ્રામાણિકતાને લઈને છે. તેથી સ્પષ્ટ છે કે શ્રી સર્વજ્ઞપરમાત્માનો શબ્દ જ માર્ગ છે. શિષ્ટાચારને માર્ગ માનવાની આવશ્યકતા નથી... આવી શંકાના સમાધાનમાં જણાવાય છે—

**द्वितीयानादरे हन्त, प्रथमस्याप्यनादरः ।**
**जीतस्यापि प्रधानत्वं, साम्प्रतं श्रूयते यतः ॥३-२॥**

द्वितीयेति—द्वितीयस्य शिष्टाचरणस्य अनादरे प्रवर्तकत्वेनानभ्युपगमे । हन्त प्रथमस्यापि भगवद्वचनस्यापि अनादर एव, यतो जीतस्यापि साम्प्रतं प्रधानत्वं व्यवहार-प्रतिपादकशास्त्रप्रसिद्धं श्रूयते । तथा च जीतप्राधान्यानादरे तत्प्रतिपादकशास्त्रानादराद् व्यक्तमेव नास्तिकत्वमिति भावः ॥३-२॥

"શિષ્ટાચરણને પ્રવર્ત્તક તરીકે આદરવામાં ન આવે તો શ્રી સર્વજ્ઞપરમાત્માના વચનનો પણ વસ્તુતઃ અનાદર જ થાય છે. કારણ કે વર્તમાનમાં જીતાચારનું પણ પ્રાધાન્ય પ્રસિદ્ધ છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે શ્રી સર્વજ્ઞ ભગવાનનો શબ્દ અને સંવિગ્નાશઠ એવા ગીતાર્થપુરુષોનું આચરણ (શિષ્ટાચરણ) : આ બે પ્રકારના માર્ગમાં બીજા

શિષ્ટાચારને માર્ગ તરીકે માનવામાં ન આવે તો ખરી રીતે પ્રથમ શ્રી સર્વજ્ઞભગવંતના શબ્દને પણ માર્ગ માનવામાં આદર રહેતો નથી. કારણ કે આગમવ્યવહાર; શ્રુતવ્યવહાર અને ધારણાવ્યવહારાદિ વ્યવહાર પ્રતિપાદક શાસ્ત્રમાં જીતવ્યવહારનું પણ પ્રાધાન્ય વર્ણવેલું છે. આમ છતાં જીતવ્યવહાર - શિષ્ટાચરણ(સંવિગ્ન, અશઠ, ગીતાર્થમહાત્માઓનું આચરણ)ના પ્રાધાન્યનો આદર ન કરીએ તો જીતવ્યવહારના પ્રાધાન્યને જણાવનારા શાસ્ત્રનો અનાદર સહજ રીતે જ થઇ જાય છે. અને તેથી શાસ્ત્રનો અનાદર કરવા સ્વરૂપ નાસ્તિકતા પ્રગટ રીતે પ્રાપ્ત થાય છે, જે મિથ્યાત્વનું લિંગ છે.

મિથ્યાત્વ, ખૂબ જ ભયંકર કોટિનું પાપબંધનું કારણ છે. મિથ્યાત્વના કારણે બંધાતા પાપની તીવ્રતાનો ખ્યાલ ન હોય તો તેના કારણે થતા કર્મબંધને નિવારવાનું શક્ય નહિ બને. નાસ્તિકતા બધા જ પાપનું મૂળ છે. શ્રી સર્વજ્ઞભગવંતના વચનનો અનાદર કયું પાપ નહિ કરાવે-એ એક પ્રશ્ન છે. ખરી રીતે આગમ પ્રત્યે અનાદર કરવાનું કોઇ જ કારણ નથી. તેથી વ્યવહારનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રમાં જણાવ્યા મુજબ જીતવ્યવહારસ્વરૂપ શિષ્ટાચરણને પણ પ્રમાણ-મોક્ષમાર્ગ માનવો જોઇએ.

અહીં યાદ રાખવું જોઇએ કે - ગમે તેના આચરણને પ્રમાણ માનવાની વાત નથી. પણ સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ એવા મહાત્માઓના જ આચરણને પ્રમાણ માનવાની વાત છે. સંવિગ્ન અશઠ અને ગીતાર્થ કોને કહેવાય છે એનું નિરૂપણ સ્પષ્ટપણે શાસ્ત્રે કરેલું જ છે. એ મુજબ જ આચરણને મોક્ષમાર્ગ તરીકે માનવાનું ઉચિત છે. દસ-વીસ જણા ભેગા થઇ પોતાની જાતને ગીતાર્થ સંવિગ્ન માની, શાસ્ત્રનિરપેક્ષ નિર્ણયો કરે અને એને માર્ગસ્વરૂપે પ્રમાણભૂત દર્શાવે : એની અહીં વાત નથી. આજની વર્તમાન સ્થિતિમાં નવા માર્ગને સ્થાપન કર્યા વિના શાસ્ત્રીય પ્રણાલિકાનું વ્યવસ્થાપન કરવામાં આપણા સૌનું હિત છે. માર્ગ તો સુનિશ્ચિત છે; એ માર્ગે ક્યારે ચાલવું છે - એનો જ નિશ્ચય કરવાની આવશ્યકતા છે. અચિંત્ય પુણ્યપ્રભાવે પ્રાપ્ત થયેલા પરમતારક માર્ગની આરાધના કરવાની શક્તિ હોવા છતાં એ માર્ગને છોડીને નવો માર્ગ સ્થાપવાની પ્રવૃત્તિ સ્વ-પરના હિતનું કારણ નહિ બને. ॥૩-૨॥

સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ એવા મહાત્માઓના આચરણને જોઇને તે મુજબ પ્રવૃત્તિ કરનારા; 'એકે કર્યું માટે બીજાએ કર્યું' - આ નીતિથી પ્રવૃત્તિ કરતા હોવાથી તે એક રીતે અંધપરંપરા છે. કારણ કે એ વખતે કોઇ જ્ઞાન નથી... આવી શંકાનું નિરાકરણ કરાય છે–

**अनुमाय सतामुक्ताचारेणागममूलताम् ।**
**पथि प्रवर्त्तमानानां शङ्क्या नान्धपरम्परा ।।३-३।।**

अनुमायेति - उक्ताचारेण संविग्नाशठगीतार्थाचारेण । आगममूलतामनुमाय । सतां मार्गानुसारिणाम् । पथि महाजनानुयातमार्गे । प्रवर्तमानानामन्धपरम्परा न शङ्कनीया । इत्थं चात्रागमबोधितेष्टोपायताकत्वमेवानुमेयम्, आगमग्रहणं चान्धपरम्पराशङ्काव्युदासायेति नागमकल्पनोत्तरं विध्यर्थबोधकल्पनाद्वारव्यवधानेन प्रवर्तकतायाः शब्दसाधारण्यक्षतिः, अप्रत्यक्षेणागमेन प्रकृतार्थस्य बोधयितुमशक्यत्वाद्, व्यवस्थितस्य चानुपस्थितेः सामान्यत एव तदनुमानात् । तदिदमुक्तं–"आयरणा वि हु आणत्ति ।" वस्तुत उपपत्तिकेन शिष्टाचारेणैव विध्यर्थसिद्धावागमानुमानं भगवद्बहुमानद्वारा समापत्तिसिद्धये इति द्रष्टव्यम् ।।३-३।।

"સંવિગ્ન, અશઠ એવા ગીતાર્થમહાત્માઓના આચરણથી આગમમૂલકતાનું અનુમાન કરીને માર્ગે પ્રવર્ત્તનારા માર્ગાનુસારી આત્માઓની તે તે પ્રવૃત્તિમાં અંધપરંપરાની શંકા નહિ કરવી જોઇએ." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ એવા શિષ્ટ જનોનું આચરણ જોઇને 'એકે કર્યું માટે બીજાએ કર્યું અને બીજાએ કર્યું માટે ત્રીજાએ કર્યું... આ રીતે જડતાપૂર્વક કોઇ પણ આચરણ કરાય તો અંધપરંપરાની શંકા ઉચિત જ છે. પરંતુ તેવા પ્રકારના શિષ્ટ પુરુષોના આચરણમાં આગમમૂલકતાનું અનુમાન કરીને (એ આચરણને આગમમૂલક માનીને) એ આચરણથી, મહાજનો દ્વારા અનુસરાયેલા માર્ગમાં પ્રવૃત્તિ કરનારા માર્ગાનુસારી - સત્પુરુષો માટે 'અંધપરંપરા'ની શંકા કરવાનું ઉચિત નથી.

"આ આચરણ આગમમૂલક છે. કારણ કે તે સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ એવા શિષ્ટોએ આચર્યું છે." - આ પ્રમાણે શિષ્ટોના આચરણમાં આગમમૂલકતાનું અનુમાન કરીને શિષ્ટોના આચરણથી પ્રવૃત્તિ કરનારને 'અંધપરંપરા'નો દોષ

નથી. પરંતુ માત્ર આગમમૂલકતાનું અનુમાન કરીને શિષ્ટ પુરુષોના આચરણથી અન્ય લોકો તે આચરણમાં પ્રવૃત્તિ નહિ કરી શકે, કારણ કે પ્રવૃત્તિની પ્રત્યે ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. આગમમૂલકત્વનું જ્ઞાન થયા પછી પણ ઈષ્ટસાધનતાનું જ્ઞાન નહિ હોય તો આગમમૂલક પણ આચરણમાં પ્રવૃત્તિ નહિ થાય. તેથી શ્લોકમાંના **आगममूलतामनुमाय** આ પદોનો અર્થ સ્પષ્ટ કરાય છે - **इत्थं चात्र**... ઈત્યાદિ ગ્રંથથી. આશય સ્પષ્ટ છે કે શિષ્ટપુરુષો જે આચરણ કરે છે તે આગમમાં જણાવેલા ઈષ્ટનું સાધન છે. દા.ત. સંયમનું પાલન. શિષ્ટજનો સંયમપાલનાદિ જે અનુષ્ઠાન કરે છે તે ઈષ્ટનાં સાધન છે. જો તે ઈષ્ટનાં સાધન ન હોત તો શિષ્ટ જનો તેનું આચરણ ન કરત. - આ રીતે શિષ્ટ જનોના આચરણમાં આગમ દ્વારા જણાવાયેલી ઈષ્ટસાધનતાનું અનુમાન કરીને અન્ય જનો; મહાજનો દ્વારા અનુસરાયેલા માર્ગમાં પ્રવૃત્તિ કરે છે. ઈષ્ટસાધનતાનું અને આગમમૂલકતાનું અહીં જ્ઞાન હોવાથી પ્રવૃત્તિ શક્ય બને છે.

યદ્યપિ શિષ્ટજનોના આચરણથી અન્ય જનોની પ્રવૃત્તિ ઉપપન્ન થાય એ માટે શિષ્ટજનોના આચરણમાં ઈષ્ટસાધનતાના અનુમાનથી જ નિર્વાહ થઈ જાય છે. કારણ કે પ્રવૃત્તિની પ્રત્યે ઈષ્ટસાધનતાનું જ્ઞાન કારણ છે. તેથી આગમમૂલકતાના અનુમાનને સૂચવવા માટે શ્લોકમાં '**आगम**' પદનું ગ્રહણ નિરર્થક છે. પરંતુ શિષ્ટપુરુષોના આચરણથી પ્રવર્ત્તનારા સત્પુરુષોની પ્રવૃત્તિમાં અંધની પરંપરાનો દોષ ન આવે એ માટે મૂળમાં '**आगम**' પદનું ગ્રહણ કર્યું છે. મૂળમાં '**आगम**' પદનું ઉપાદાન ન કરીએ તો ઈષ્ટસાધનતાનું અનુમાન કરીને શિષ્ટાચરણથી પ્રવૃત્તિ તો શક્ય બનશે; પણ ઉપર જણાવ્યા મુજબ એમાં અંધપરંપરાની શંકાનું નિરાકરણ નહિ થાય - એ સ્પષ્ટપણે સમજી શકાય છે. કારણ કે '**आगम**' પદના ઉપાદાનથી શિષ્ટાચારની આગમમૂલકતાનો નિર્ણય થાય છે. શિષ્ટાચાર આગમમૂલક છે અને અજ્ઞાનમૂલક નથી. તેથી તેમાં અંધપરંપરાની શંકાનો અવકાશ નથી.

"શ્રી સર્વજ્ઞપરમાત્માના વિધિસ્વરૂપ શબ્દોથી મુમુક્ષુ આત્માઓ ઈષ્ટસાધનતાનું જ્ઞાન કરીને તે તે અનુષ્ઠાનમાં પ્રવર્તે છે તેમ જ ઉપર જણાવ્યા મુજબ શિષ્ટાચારથી પણ તેમાં આગમમૂલકતાનું અનુમાન કરીને તે આગમ દ્વારા ઈષ્ટસાધનતાનું જ્ઞાન થવાથી મુમુક્ષુ આત્માઓ તે તે અનુષ્ઠાનમાં પ્રવર્ત્તે છે. તેથી

શબ્દ(આગમ) તથા શિષ્ટાચાર બંનેની પ્રવર્ત્તકતા એકસરખી જ હોવાથી શિષ્ટાચારમાં શબ્દસાધારણ્ય (શબ્દ જેવું જ પ્રામાણ્ય) આવે છે.'' - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે શ્રીસર્વજ્ઞપરમાત્માના પરમતારક વિધિસ્વરૂપ શબ્દથી(આગમથી) વિધ્યર્થ-ઇષ્ટસાધનતાનો બોધ સાક્ષાત્ થાય છે. શિષ્ટાચારમાં તો આગમમૂલકતાનું અનુમાન કરીને વિધ્યર્થબોધની કલ્પના કરાય છે. 'આ આચરણ શિષ્ટપુરુષોનું હોવાથી આગમમૂલક છે અને શિષ્ટપુરુષો આ આચરતા હોવાથી તે ઇષ્ટસાધન છે.' - આ રીતે આગમમૂલકતાનું અનુમાન કર્યા પછી શિષ્ટ જનોના આચરણથી પ્રવૃત્તિ થવા પૂર્વે વિધ્યર્થ(ઇષ્ટસાધનતા)ના બોધની કલ્પના કરવી પડે છે. તે દ્વારા ત્યાં તે તે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ થાય છે. ભગવાનના વચનથી તો વિધ્યર્થનો બોધ તુરત જ થતો હોવાથી શબ્દમાં(આગમમાં) પ્રવર્ત્તકતા વ્યવધાન વિના છે અને શિષ્ટાચરણમાં પ્રવર્ત્તકતા વ્યવધાન સાથે છે. તેથી ઉપર જણાવ્યા મુજબ શિષ્ટાચરણમાં પ્રવર્ત્તકતા શબ્દસાધારણ (આગમની પ્રવર્ત્તકતા જેવી) નથી.

યદ્યપિ શિષ્ટાચરણમાં આગમમૂલતાનું અનુમાન કરીને; જે કલ્પિત આગમ છે તે આગમથી જ ઇષ્ટસાધનતાનો બોધ કરી લેવાથી પ્રવર્ત્તકતામાં વ્યવધાન નહિ રહે અને તેથી શબ્દ- સાધારણ્યનો (આગમ જેવી જ પ્રવર્ત્તકતા માનવાનો) પ્રસંગ આવશે; પરંતુ આગમ પ્રત્યક્ષ ન હોવાથી; કલ્પિત આગમ વિધ્યર્થ-ઇષ્ટસાધનતાનો બોધ કરાવી શકશે નહિ. તેથી શિષ્ટાચારમાં પ્રવર્ત્તકતા વિધ્યર્થબોધકલ્પનાદ્વારના વ્યવધાનયુક્ત હોવાથી શબ્દસાધારણ્યનો પ્રસંગ આવશે નહિ. શિષ્ટ જનો જે આચરણ કરે છે તે આગમમૂલક છે. તે આચરણસંબંધી આગમ યદ્યપિ વ્યવસ્થિત છે, તેમના માટે તે પ્રત્યક્ષ છે, પરંતુ શિષ્ટાચરણને જોઇને પ્રવૃત્તિ કરનારાને વ્યવસ્થિત તે આગમની ઉપસ્થિતિ નથી. તેથી અનુપસ્થિત આગમથી વિધ્યર્થ-ઇષ્ટસાધનતાનો બોધ શક્ય નથી. શિષ્ટાચરણથી આગમમૂલકતાદિનું અનુમાન કરીને તે તે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરનારાને આગમની ઉપસ્થિતિ યદ્યપિ છે; પરંતુ શિષ્ટાચરણમાં આગમમૂલકતાનું જે અનુમાન કરાય છે, તે સામાન્યથી જ આગમનું અનુમાન કરાય છે, ચોક્કસ અક્ષરોવાળા વિશેષ આગમનું અનુમાન કરાતું નથી. તેથી શિષ્ટાચરણસ્થળે આગમથી (કલ્પિત આગમથી) વિધ્યર્થ-ઇષ્ટસાધનતાનો બોધ શક્ય નથી. અને

તેથી ઉપર જણાવ્યા મુજબ શબ્દસાધારણ્યનો પ્રસંગ પણ આવતો નથી. આથી સ્પષ્ટ છે કે શિષ્ટપુરુષોનું આચરણ પણ માર્ગ છે. તે મુજબ અન્યત્ર કહ્યું છે કે - આચરણા (શિષ્ટાચરણ) પણ આજ્ઞા (માર્ગ) છે.

શિષ્ટ-સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ - એવા મહાત્માઓના આચરણને જોઇને; તેમાં અવિસંવાદી (ચોક્કસ ફળને આપનારું) ઇષ્ટ-સાધનતાનું જ્ઞાન કરવા દ્વારા તે આચરણથી પ્રવૃત્તિ શક્ય છે. તેમ જ તેમાં અવિસંવાદિત્વ હોવાથી અંધપરંપરાની શંકાનો પણ સંભવ નથી. તેથી આગમમૂલકતાનું અનુમાન કરવાની આવશ્યકતા નથી. કહેવાનો આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ શિષ્ટાચરણ એ એક જાતનો મોક્ષમાર્ગ છે. સર્વજ્ઞભગવાનના શબ્દો જેમ પ્રવર્ત્તક છે, તેમ મુમુક્ષુઓને મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરાવવાનું કાર્ય શિષ્ટાચરણથી પણ થાય છે. શિષ્ટાચરણમાં આગમમૂલકત્વનું અને ઇષ્ટસાધનત્વનું અનુમાન કરીને શિષ્ટજનોએ અનુસરેલા માર્ગમાં મુમુક્ષુ આત્માઓ પ્રવૃત્તિ કરે છે. શિષ્ટોના આચરણમાં આ રીતે પ્રવર્ત્તકતા રહેલી છે. અહીં યદ્યપિ આગમમૂલકતાના અનુમાનની જરૂર નથી. કારણ કે શિષ્ટોનું આચરણ; શિષ્ટોનું હોવાથી એ અવિસંવાદી ઇષ્ટનું સાધન છે - એમ સમજીને મુમુક્ષુ આત્માઓની પ્રવૃત્તિ તેમાં થઇ શકે છે. તેથી તેમાં આગમમૂલકતાનું અનુમાન કરવાની આવશ્યકતા નથી. પરંતુ આ જ આશયથી શંકાનું સમાધાન કરતાં **वस्तुत उपपत्तिकेन**... ઇત્યાદિ ગ્રંથથી જણાવ્યું છે કે - ઉપપત્તિક(અવિસંવાદી) એવા શિષ્ટાચારથી વિધ્યર્થ-ઇષ્ટસાધનતાનું જ્ઞાન (અનુમાન) કરીને શિષ્ટ જનોના આચરણમાં પ્રવર્ત્તકતા સિદ્ધ થઇ જાય છે. તેથી શિષ્ટાચારમાં આગમમૂલકતાનું અનુમાન કરવાની આવશ્યકતા યદ્યપિ નથી; પરંતુ આગમમૂલકતાનું અનુમાન કરવાથી ભગવાનની પ્રત્યેના બહુમાનથી પરમાત્માની સાથે સમાપત્તિ (પરમાત્માના પરમતારક વચનની સાથે એકરૂપતા) પ્રાપ્ત થાય છે. આ સમાપત્તિની પ્રાપ્તિ માટે શ્લોકમાં આગમમૂલકતાના અનુમાનને શિષ્ટાચારમાં કરવાનું ફરમાવ્યું છે... ઇત્યાદિ ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું જોઇએ. 'દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકાઃ' જેવા ગ્રંથના પરિશીલનમાં આથી વધારે સરળ કરવાનું શક્ય નથી. અક્ષરશઃ ગ્રંથના અર્થને સમજાવતી વખતે દાર્શનિક પરિભાષાનો ઉપયોગ કર્યા વિના બીજો કોઇ

ઉપાય નથી. મુખ્યપણે આવા ગ્રંથોનું પરિશીલન દાર્શનિકભાષાના પરિચિતો માટે છે. બીજા લોકોને અહીં જણાવેલી બધી જ વાતો સમજાય : એવું તો નહિ બને. ॥૩-૩॥

સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ એવા મહાત્માઓનું આચરણ પ્રમાણ(માર્ગ) છે : એનું સમર્થન કરાય છે–

**सूत्रे सद्धेतुनोत्सृष्टमपि क्वचिदपोद्यते ।**
**हितदेऽप्यनिषिद्धेऽर्थे किं पुनर्नास्य मानता ? ॥३-४॥**

सूत्र इति–सूत्रे आगमे । उत्सृष्टमपि उत्सर्गविषयीकृतमपि । सद्धेतुना पुष्टे-नालम्बनेन । क्वचिदपोद्यते अपवादविषयीक्रियते । हितदेऽपीष्टसाधनेऽपि । अनिषिद्धे सूत्रावारिते अर्थे । किं पुनरस्य शिष्टाचारस्य न मानता न प्रमाणता ? ॥३-४॥

"આગમમાં ઉત્સર્ગસ્વરૂપે પણ જણાવેલું; કોઇ વાર પુષ્ટ (પ્રબળ) આલંબનને લઇને અપવાદસ્વરૂપે (ઉત્સર્ગથી જુદા સ્વરૂપે) જણાવાય છે, તો હિતને કરનારું અને શાસ્ત્રમાં નિષેધ નહિ કરાયેલું એવું શિષ્ટાચરણ કેમ પ્રમાણભૂત ન હોય ?" - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે - આગમમાં આધાકર્મી (પૂ. સાધુ-સાધ્વી માટે તૈયાર કરેલ) આહારાદિના ગ્રહણનો ઉત્સર્ગથી સર્વથા નિષેધ કરેલો છે. આમ છતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સ્વરૂપ પ્રબળ આલંબનના કારણે તેવા પ્રકારના નિષેધનો નિષેધ; અપવાદસ્વરૂપે કરાય છે. પ્રમાણભૂત શ્રી સર્વજ્ઞપરમાત્માના વચનમાં પણ જો આવો ફરક થતો હોય તો સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ મહાત્માઓનું આચરણ ઇષ્ટને આપનારું હોય અને આગમમાં તેનો નિષેધ ન હોય તો તે શિષ્ટાચારમાં પ્રમાણતા કેમ ન હોય ? અર્થાત્ તેને પ્રમાણ માનવામાં કોઇ દોષ નથી.

શ્રી સર્વજ્ઞપરમાત્માએ કહેલા શબ્દોમાં પણ કોઇ વાર પ્રબળ કારણે ફેરફાર કરી અપવાદસ્વરૂપે વિધાન કરાય છે. આધાકર્મિક આહારાદિ લેવાનો નિષેધ હોવા છતાં દ્રવ્યાદિ પુષ્ટ આલંબને અપવાદસ્વરૂપે આધાકર્મિક આહારાદિને ગ્રહણ કરવામાં જો દોષ નથી; તો શાસ્ત્ર જેનો નિષેધ કરતું નથી અને જે ઇષ્ટનું પ્રદાન કરે છે; તે શિષ્ટાચારને અવશ્યપણે પ્રમાણભૂત માનવો જોઇએ. ॥૩-૪॥

उदासीनेऽर्थे भवत्वस्य मानता, चारितं तु कारणसहस्रेणापि परावर्तयितुमशक्यमित्यत आह–

જેનો શાસ્ત્રથી વિધિ-નિષેધ નથી એવા શિષ્ટપુરુષોના આચરણને પ્રમાણ માનવાનું બરાબર છે. પરંતુ શાસ્ત્રથી જેનું વારણ (અહીં કેટલીક પ્રતોમાં **चारितं** આવો પાઠ છે. તેના સ્થાને **वारितं** આવો પાઠ હોવો જોઇએ.) કરાયું છે (નિષેધ કરાયો છે) તેનું પરાવર્તન હજારો કારણે પણ કરાય નહિ - આવી શંકાનું સમાધાન કરાય છે–

**निषेधः सर्वथा नास्ति, विधि र्वा सर्वथागमे ।**
**आयं व्ययं च तुलयेल्लाभाकाङ्क्षी वणिग्यथा ॥३-५॥**

निषेध इति–सूत्रे विधिनिषेधौ हि गौणमुख्यभावेन मिथः संवलितावेव प्रतिपाद्येते, अन्यथाऽनेकान्तमर्यादातिक्रमप्रसङ्गादिति भावः ॥३-५॥

"આગમમાં કોઇ પણ વસ્તુનો સર્વથા નિષેધ નથી અને કોઇ પણ વસ્તુનો સર્વથા વિધિ (વિધાન) પણ નથી. લાભનો (ધનલાભનો) અર્થી એવો વાણિયો; આય (પ્રાપ્તિ) અને વ્યય(હાનિ)નો વિચાર કરી જેમ વ્યાપારમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરે છે, તેમ કર્મનિર્જરા અને કર્મબંધનો વિચાર કરી મુમુક્ષુ આત્માઓ કોઇ પણ વસ્તુમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરે" - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે શ્રી વીતરાગપરમાત્માએ પ્રરૂપેલા પરમતારક આગમમાં સામાન્યથી કોઇ પણ વસ્તુનું સર્વથા - એકાંતે વિધાન પણ નથી અને કોઇ પણ વસ્તુનો એકાંતે નિષેધ પણ નથી. જે વસ્તુનું સામાન્યથી વિધાન કર્યું છે તેનો સંયોગવિશેષમાં નિષેધ પણ કર્યો છે. અને સામાન્યથી જેનો નિષેધ કર્યો છે, સંયોગવિશેષમાં તેનો (નિષેધનો) નિષેધ કરવા દ્વારા તે વસ્તુનું વિધાન પણ કર્યું છે. આ રીતે વિધાન અને નિષેધ; નિષેધ અને વિધાનથી સંવલિત જ હોય છે. તેથી જેનો નિષેધ કરાયો છે; તેમાં હજારો કારણે પણ પરાવર્ત્તન ન થાય : એ કહેવાનું બરાબર નથી. કારણ કે ઉપર જણાવ્યા મુજબ જ્યારે મુખ્ય સ્વરૂપે કોઇના વિધિ કે નિષેધ જણાવાય છે, ત્યારે ગૌણરૂપે તેના નિષેધ કે વિધિને સાથે જ જણાવાય છે. અન્યથા એકાંતે વિધિ કે નિષેધનું જ પ્રતિપાદન કરાય તો અનેકાંતવાદની મર્યાદાના અતિક્રમણનો પ્રસંગ આવશે. શ્રી વીતરાગપરમાત્માના

પરમતારક શાસનના પરમાર્થને પામેલા કોઇ પણ શાસ્ત્રકાર પરમર્ષિઓ અનેકાંતવાદની મર્યાદાનું અતિક્રમણ ન જ કરે - એ સમજી શકાય છે. ઉત્સર્ગ અને અપવાદ પરસ્પર સંવલિત જ ગૌણમુખ્યભાવે જણાવાય છે. આવા વખતે પોતાની યોગ્યતાદિનો વિચાર કરી મુમુક્ષુઓએ વ્યાપારી માણસની જેમ પ્રવૃત્તિ કરવી જોઇએ. લાભ અને નુકસાનનો વિચાર કરી વ્યાપારી માણસો પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરતા હોય છે. તેમ મુમુક્ષુ જનોએ પણ જેમાં કર્મનિર્જરા ઘણી થાય છે એમાં પ્રવૃત્તિ કરવી જોઇએ અને જેમાં કર્મબંધ થાય છે એનાથી નિવૃત્ત થવું જોઇએ. અનેકાંતવાદની મર્યાદાનું પાલન કરવાથી જેમાં ઉત્સર્ગ-અપવાદાદિનું સંવલિતત્વ (પરસ્પર સાપેક્ષતા) હોય છે; તેમાં જ પ્રામાણ્ય મનાય છે, નિશ્ચયથી અન્યત્ર પ્રામાણ્ય મનાતું નથી. 'ઉપદેશરહસ્ય'માં આ વિષયમાં વિસ્તારથી નિરૂપણ કરેલું છે. જિજ્ઞાસુઓએ તેનું અધ્યયન કરી લેવું જોઇએ. ॥૩-૫॥

શિષ્ટ જનોના આચરણના પ્રામાણ્યનું જ સમર્થન કરાય છે–

**प्रवाहधारापतितं, निषिद्धं यन्न दृश्यते ।**
**अत एव न तन्मत्या, दूषयन्ति विपश्चितः ॥३-६॥**

प्रवाहेति–शिष्टसम्मतत्वसन्देहेऽपि तद्दूषणमन्याय्यं किं पुनस्तन्निश्चय इति भावः । तदिदमाह–"जं च विहिअं ण सुत्ते ण य पडिसिद्धं जणंमि चिररूढं । समइविगप्पियदोसा तं पि ण दूसंति गीयत्था ॥१॥" ॥३-६॥

"પ્રવાહથી ચાલી આવેલું હોય અને એનો નિષેધ કોઇ સ્થાને જોવામાં આવતો ન હોય તો આથી જ (શિષ્ટાચરણ પ્રમાણ હોવાથી જ) વિદ્વાનો પોતાની બુદ્ધિથી તેને દૂષિત કરતા નથી." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે કોઇ શિષ્ટાચરણ ક્યારે શરૂ થયું, કોણે શરૂ કર્યું, કયા સંયોગોમાં શરૂ કર્યું... વગેરે જાણી શકાય એમ ન હોય પરંતુ તે વર્ષોથી ચાલતું આવ્યું હોય - એવા પ્રવાહધારાપતિત શિષ્ટાચરણનો જો કોઇએ નિષેધ કરેલો ન હોય તો; વિદ્વાનો પોતાની બુદ્ધિથી તે શિષ્ટાચરણને દૂષિત કરતા નથી. એનું કારણ એ જ છે કે શિષ્ટાચરણ પ્રમાણ છે. જો શિષ્ટાચરણ પ્રમાણ ન હોત તો પ્રવાહથી - પરંપરાથી ચાલ્યા આવતા શિષ્ટાચરણનો વિરોધ વિદ્વાનોએ પોતાની બુદ્ધિ મુજબ ચોક્કસ કર્યો હોત.

આથી સમજી શકાશે કે ઉપર જણાવ્યા મુજબ જે શિષ્ટાચરણમાં શિષ્ટસંમતત્વનો સંદેહ હોય તોપણ તેને વિદ્વાનો દૂષિત (દુષ્ટ-અપ્રમાણ) કરતા નથી, તો જે શિષ્ટાચરણમાં શિષ્ટસંમતત્વ વગેરેનો નિર્ણય છે; એ શિષ્ટાચરણની પ્રામાણિકતા અંગે કોઇ વિવાદ જ રહેતો નથી. આવા શિષ્ટાચરણને અપ્રમાણ માનવાનું ન્યાયસંગત નથી. આ વાતનું સમર્થન કરતાં શ્રી ધર્મરત્નપ્રકરણમાં ફરમાવ્યું છે કે, 'જે આગમમાં વિહિત નથી અને નિષિદ્ધ પણ નથી અને ગીતાર્થ પુરુષોમાં લાંબા કાળથી રૂઢ (માન્ય-પ્રસિદ્ધ) છે, તેને પોતાની બુદ્ધિથી દોષોની કલ્પના કરીને ગીતાર્થ મહાત્માઓ દૂષિત કરતા નથી.' આથી સમજી શકાશે કે સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ મહાત્માઓનું આચરણ માર્ગ છે, તેને છોડીને બીજાનાં આચરણો માર્ગ નથી. માટે તે પ્રમાણ નથી. ॥૩-૬॥

કેટલાંક પ્રમાણભૂત અને અપ્રમાણભૂત આચરણો જણાવાય છે—

**संविग्नाचरणं सम्यक्कल्पप्रावरणादिकम् ।**
**विपर्यस्तं पुनः श्राद्धममत्वप्रभृति स्मृतम् ॥३-७॥**

संविग्नेति—संविग्नानामाचरणं सम्यक् साधुनीत्या कल्पप्रावरणादिकम् । तदाह— अन्नह भणियं पि सुए किंची कालाइकारणाविक्खं । आइन्नमन्नहच्चिय दीसइ संविग्ग-गीएहिं ॥१॥ कप्पाणं पावरणं अग्गोअरच्चाओ झोलिआभिक्खा । उवग्गहियकडा-हयतुंवयमुहदाणदोराई ॥२॥" इत्यादि । विपर्यस्तमसंविग्नाचरणं पुनः श्राद्धममत्वप्रभृति स्मृतम् । तदाह "जह सड्ढेसु ममत्तं राढाइ असुद्धउवहिभत्ताई । णिद्दिट्ठवसहितूलीमसूरगाईण परिभोगे त्ति ॥१॥" ॥३-७॥

"સારી રીતે કપડાં ઓઢવાં વગેરે સંવિગ્નમહાત્માઓનું આચરણ છે. અને એનાથી વિપરીત શ્રાવકોની પ્રત્યે મમત્વ... વગેરે અસંવિગ્નોનું આચરણ છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે સાધુઓની મર્યાદાથી કલ્પપ્રાવરણ વગેરે સંવિગ્નપુરુષોનો આચાર છે. આ વિષયમાં જણાવતાં શ્રી ધર્મરત્નપ્રકરણમાં ફરમાવ્યું છે કે; સૂત્રમાં બીજી જ રીતે જણાવ્યું હોવા છતાં પણ કાલાદિ કારણને લઇને સંવિગ્ન એવા ગીતાર્થ પુરુષોએ જુદી જ રીતે આચરેલું વર્તમાનમાં દેખાય છે. જેમ કે— કલ્પપ્રાવરણ, અગ્રાવતારનો ત્યાગ, ઝોળીની ભિક્ષા, ઔપગ્રહિક કડાઇ તગારું પરાત, તરપણી, તેની ઉપર

કાંઠો બનાવવો અને તેમાં દોરો નાંખવો. સાડી ત્રણ હાથ લાંબો અને અઢી હાથ પહોળો જે કપડો છે તેને આગમની પરિભાષામાં કલ્પ કહેવાય છે. ગોચરી વગેરે જતી વખતે ખભા ઉપર એ કપડો મૂકવાનું વિધાન આગમમાં છે. વર્તમાનમાં એ કપડો ઓઢીને ગોચરી વગેરે જવાય છે.

વર્તમાન ચોલપટ્ટાના સ્થાને પૂર્વે અગ્રાવતાર પહેરવાનું વિધાન હતું. પાછળના ભાગને આચ્છાદિત કર્યા વિના માત્ર આગળના જ ભાગમાં અગ્રાવતાર ધારણ કરવાનું આગમમાં વિધાન હતું. પરંતુ તેનો ત્યાગ કરી વર્તમાનમાં તેના સ્થાને ચોલપટ્ટો પહેરવાનું વિહિત છે.

પૂર્વે ચોરસ કપડાંમાં પાત્રાં મૂકી મૂઠીમાં વસ્ત્રના ચાર છેડા પકડી ગોચરી લાવવાનું વિહિત હતું. વર્તમાનમાં ઝોળીને ગાંઠ મારી હાથમાં લટકાવીને ભિક્ષા લવાય છે; તેને ઝોળીની ભિક્ષા કહેવાય છે.

ઔપગ્રહિક કડાઈ, પરાત વગેરે પાત્રાદિ પૂર્વે ગ્રહણ કરતા નહિ, વર્તમાનમાં લેવાય છે. તેમ જ તરપણી પૂર્વે વપરાતી નહિ, અત્યારે તુંબડા વગેરેમાંથી બનાવેલી તરપણી લેવાય છે, તેની ઉપર કાંઠો કરાય છે અને તેમાં દોરો નંખાય છે... ઇત્યાદિ સંવિગ્ન ગીતાર્થ મહાત્માઓના પ્રમાણભૂત આચાર વર્ણવ્યા છે.

એ આચારોથી વિપરીત અપ્રમાણભૂત આચારોનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે– શ્રાવકો પ્રત્યે મમત્વ; શરીરની વિભૂષા માટે અશુદ્ધ ઉપધિ-અશન-પાનાદિ ગ્રહણ કરવાની પ્રવૃત્તિ; કાયમ માટે આપેલા ઉપાશ્રયાદિને વાપરવા અને ઓશિકા, ગાદી વગેરે વાપરવા - આ બધા પ્રમાદનું કારણ હોવાથી પ્રમાદાચરણસ્વરૂપ છે તેથી પ્રમાણભૂત નથી. સંવિગ્ન, અશઠ એવા ગીતાર્થમહાત્માઓના એ આચાર નથી. ||૩-૭||

શિષ્ટ જનોના આચરણમાં અને અશિષ્ટ જનોના આચરણમાં જે ભેદ છે તે જણાવાય છે–

**आद्यं ज्ञानात् परं मोहाद्, विशेषो विशदोऽनयोः ।**
**एकत्वं नानयोर्युक्तं, काचमाणिक्ययोरिव ।।३-८।।**

आद्यमिति–ज्ञानं तत्त्वज्ञानम् । मोहो गारवमग्नता ।।३-८।।

"આદ્ય-સંવિગ્નગીતાર્થનું આચરણ (કલ્પપ્રાવરણાદિ) જ્ઞાનથી (તત્ત્વ-જ્ઞાનથી) થયેલું છે અને બીજું - અસંવિગ્ન પુરુષોનું આચરણ (શ્રાદ્ધમમત્વાદિ) મોહથી (રસગારવાદિની મગ્નતાથી) થયેલું છે. તેથી એ બેમાં મોટો ફરક છે. કાચ અને મણિની જેમ એ બેમાં સામ્ય માનવાનું યુક્ત નથી." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે કલ્પપ્રાવરણાદિ કે શ્રાદ્ધમમત્વાદિ આચારોનું શાસ્ત્રમાં વિધાન નથી. પાછળથી મહાત્માઓએ તે શરૂ કર્યું છે - એ રીતે બંનેની એકરૂપતા હોવા છતાં બંને એકરૂપ નથી. એ બેમાં ઘણું અંતર છે. કાચ અને મણિમાં જેટલું અંતર છે; એટલું અંતર એ બેમાં છે. કારણ કે શિષ્ટ જનોનું કલ્પપ્રાવરણાદિસ્વરૂપ આચરણ જ્ઞાનથી જન્ય છે અને શ્રાદ્ધમમત્વાદિનું કારણ મોહ છે.

જ્ઞાન અને મોહનું સ્વરૂપ સમજાવતાં ગ્રંથકારશ્રીએ ખૂબ જ ઓછા શબ્દમાં માર્મિક વાત જણાવી છે. અહીં જ્ઞાનનો અર્થ તત્ત્વજ્ઞાન કર્યો છે અને મોહનો અર્થ ગારવમગ્નતા કર્યો છે. સંવિગ્ન, અશઠ એવા ગીતાર્થ પુરુષોના જ્ઞાનની તાત્ત્વિકતામાં કોઇ વિવાદ નથી. તત્ત્વાનુસારી એ જ્ઞાન આત્મતત્ત્વની પ્રાપ્તિનું ખૂબ જ મહત્ત્વનું કારણ છે. એ શિષ્ટ જનો જે કોઇ આચરણ કરે છે, તે આત્મતત્ત્વની પ્રાપ્તિના એકમાત્ર ઉદ્દેશથી કરે છે. સ્વ-પરના આત્માને તત્ત્વની પ્રાપ્તિ માટે ગીતાર્થ મહાત્માઓએ જે આચરણ શરૂ કર્યું હોય તે તત્ત્વજ્ઞાનપૂર્વકનું જ હોય છે. અન્યથા તે આત્મતત્ત્વની પ્રાપ્તિનું કારણ નહીં બને.

સંવિગ્નગીતાર્થમહાત્માઓના આચરણને છોડીને અન્ય જે શ્રાદ્ધમમત્વાદિ આચરણ છે; તે મોહથી જન્ય છે. ગ્રંથકાર પરમર્ષિએ અહીં મોહને ગારવ-મગ્નતાસ્વરૂપે વર્ણવ્યો છે. રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવ આ ત્રણ ગારવ છે. આત્માને કર્મથી લચપચ (લિપ્ત) કરનાર ગારવ છે. પાંચ ઇન્દ્રિયના વિષયની આસક્તિ રસગારવ છે. માનપાન અને વૈભવાદિની આસક્તિ ઋદ્ધિગારવ છે અને સુખની આસક્તિવિશેષ શાતાગારવ છે. અનાદિકાળથી ચાલી આવતા અનાચારનું કારણ; એ ગારવની મગ્નતા છે. સર્વવિરતિધર્મને અને પરમશ્રેષ્ઠ કોટિના જ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી પણ ગારવની મગ્નતાને લઇને આત્મા પ્રમાદાદિપરવશ નિગોદાદિ ગતિમાં જાય છે. ગારવની મગ્નતા સાચું માનવા; સાચું સમજવા અને સાચું કરવા દેતી નથી. શ્રાવકો પ્રત્યે મમત્વ અને

અશુદ્ધ વસ્ત્રપાત્ર-અશનપાનાદિનો ઉપયોગ... વગેરે આચરણો ગારવ-મગ્નતાસ્વરૂપ મોહના કારણે છે. મૂળમાંથી જ સમજણ ન હોવી અને પ્રાપ્ત થયેલી સમજણ ઉપર આવરણ આવી જવું - એ બેમાં ઘણું અંતર છે. પરિણામ તો બંનેનું ખરાબ છે જ. ગારવમગ્નતાના કારણે બીજા પ્રકારનું અજ્ઞાન વિસ્તરે છે. વિષયાદિની આસક્તિની ભયંકરતાના કારણે તેના પરિણામ સ્વરૂપે અનેક દોષોની પરંપરા સર્જાય છે. ભયંકર વિષયની આસક્તિ; જીવને ગારવમગ્ન બનાવે છે અને પછી આત્માને પ્રાપ્ત થયેલી સમજણ ઉપર આવરણ આવવા માંડે છે. રસાદિગારવની સમજણ પણ એ ગારવની મગ્નતાના કારણે નષ્ટ થાય છે. રસાદિગારવની મગ્નતા ક્યારે પણ જ્ઞાનાદિમાં મગ્નતા નહિ આવવા દે. રસ, ઋદ્ધિ અને શાતાની આસક્તિને તોડવાનું ઘણું જ અઘરું છે. અપ્રતિમ સામર્થ્યને વરેલાને પણ તદ્દન અસમર્થ બનાવવાનું કાર્ય રસાદિ ગારવની મગ્નતાનું છે. આ મોહના કારણે વિસ્તાર પામતું અજ્ઞાન ખૂબ જ ભયંકર છે. ઔષધના સેવન પછી પણ વધતા જતા રોગની ભયંકરતાને જેઓ સમજી શકે છે, તેમને ગારવમગ્નતા-સ્વરૂપ મોહના કારણે દુષ્ટાચરણ કેવું વધે છે - તે સમજાવવાની જરૂર નથી.

આ બત્રીશીના આ આઠમા શ્લોકનું વિવેચન કરનારાએ '**द्वात्रिंशद्-द्वात्रिंशिका**' **ભા.૧** (પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટ-ધોળકા) આ પુસ્તકમાં એ શ્લોકની ટિપ્પણીમાં જે જણાવ્યું છે, તે અંગે થોડી વિચારણા કરી લેવાનું આવશ્યક છે. તેમના લખાણની વિસંગતિને સ્પષ્ટપણે જણાવવા માટે એકાદ પુસ્તિકા લખવી પડે. અહીં એ શક્ય નથી. સામાન્ય રીતે વિદ્વાન પુરુષોનું ધ્યાન ખેંચવાનો અહીં પ્રયાસ છે. બાકી તો તેઓ સ્વયં તે લખાણમાંની વિસંગતિ સમજી શકશે. પુસ્તકના પૃ.નં.૭૩ ઉપરની એ ટિપ્પણીમાં ભાવાનુવાદક પોતે જે ભાવ સમજ્યા છે, એની પાછળનો એમનો જે આશય છે; અને એ આશયનું જે કારણ છે - એની જેમને ખબર છે, તેઓ બધાને એ લખાણની વિસંગતિ સમજવાનું ખૂબ જ સરળ છે.

અહીં એ યાદ રાખવું જોઈએ કે સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ એવા શિષ્ટ જનોનું આચરણ પ્રમાણ છે. અસંવિગ્ન, શઠ કે અગીતાર્થ એવા અશિષ્ટ જનોનું આચરણ પ્રમાણ નથી. શિષ્ટસ્વરૂપ એક-બે જનનું પણ આચરણ પ્રમાણ નથી. સૂત્રમાં જેનો સ્પષ્ટ નિષેધ છે અને દ્રવ્યાદિનું પુષ્ટાલંબન ન હોય એવું આચરણ પણ પ્રમાણ નથી. 'જેનું શાસ્ત્રમાં વિધાન છે તેનાથી ઇતરનો નિષેધ હોય છે' -

આ ન્યાયનો ઉપયોગ કરતી વખતે વિવેકસંપન્નતા કેળવવી જોઇએ. ન્યાયનો ઉપયોગ વૃદ્ધ પુરુષોની લાકડીની જેમ ઇષ્ટની સિદ્ધિ માટે કરવાનો છે, ઇષ્ટના ઉચ્છેદ માટે કરવાનો નથી. દ્રવ્યાદિનું આલંબન આરાધના માટે છે, આજ્ઞાની અનારાધના માટે નથી... ઇત્યાદિ ખૂબ જ વિવેકપૂર્વક વિચારવું જોઇએ. આગમાનુસારી પ્રવૃત્તિમાં કયા સંયોગે કઇ જાતનો ફેરફાર કરી શકાય - એ અંગે પણ મર્યાદા છે. એ મર્યાદાનો ખ્યાલ રાખ્યા વિના પોતાની જાતને શિષ્ટ માની એ પ્રવૃત્તિમાં મનસ્વીપણે ફેરફાર કરવાની પ્રવૃત્તિ પ્રમાણભૂત નથી. લોકને રાજી કરવા, લોકચાહના મેળવવા, લોક તરફથી સ્થાનમાનાદિ મેળવવા અથવા તો એક વ્યક્તિ પ્રત્યેના દ્વેષ, ઇર્ષ્યા, માત્સર્ય વગેરેના કારણે શાસ્ત્રસિદ્ધ આચરણમાં ફેરફાર કરવાનું પ્રમાણભૂત નથી. એ શિષ્ટાચરણ નથી, પરંતુ મહાઅશિષ્ટાચરણ છે. એને માર્ગ ન કહેવાય, ઉન્માર્ગ કહેવાય.

ઉત્સર્ગ અને અપવાદ સ્થળે પણ વિવેકનું જ પ્રાધાન્ય છે. રાગાદિ દોષોની જેમાં હાનિ થવી જોઇએ તેના બદલે તેની વૃદ્ધિ થાય એવી પ્રવૃત્તિ પણ શિષ્ટાચાર તરીકે ગણાય તો દુનિયામાં કોઇ જ અશિષ્ટાચાર નથી. બધા જ શિષ્ટાચાર તરીકે વર્ણવવા પડશે. મોક્ષસાધક સંયમની સાધના માટે તે તે જીવોની યોગ્યતાનુસાર ફેરફાર કરી કોઇ પ્રવૃત્તિ કરાવવી પડે - એ સમજી શકાય છે. પરંતુ એકતા માટે કરાતી પ્રવૃત્તિ મોક્ષસાધક ન હોવાથી તેને શિષ્ટાચરણ તરીકે વર્ણવવાનું ખૂબ જ અનુચિત છે. પ્રવૃત્તિનું પ્રામાણ્ય તેની મોક્ષસાધકતાને લઇને છે. એકતા મોક્ષસાધના માટે ઉપયોગિની નથી. એકતા માટે કરાતી કોઇ પણ પ્રવૃત્તિ શિષ્ટાચરણસ્વરૂપ નથી. મોક્ષ-સાધક વિહિત અનુષ્ઠાનો સામર્થ્યના અભાવે જ્યારે લગભગ સર્વથા અશક્ય બને છે, ત્યારે સંવિગ્ન, અશઠ અને ગીતાર્થ એવા મહાત્માઓ ઉદ્દેશને બાધ ન પહોંચે - એ રીતે તે અનુષ્ઠાનોમાં થોડો ફરક કરી તેનું આચરણ શરૂ કરે છે, જે પ્રમાણભૂત છે. અશિષ્ટ જનોને મોક્ષનો ઉદ્દેશ જ ન હોવાથી તેમના આચરણને પ્રમાણ માનવાનો કોઇ પ્રશ્ન જ રહેતો નથી. '**द्वात्रिंशद् द्वात्रिंशिका भा.१**' માં ભાવાનુવાદકર્તાએ તિથિચર્ચા અંગે પણ ચિકાર અસંબદ્ધ વાતો કરી છે. એ અંગે ખરી રીતે હવે કાંઇ પણ જણાવવાની જરૂર નથી. અત્યાર સુધીમાં એ બધી વાતો અંગે વિસ્તારથી અનેક વાર જણાવાયું છે. પરંતુ સાચું સમજવાનું, ગ્રહણ કરવાનું અને આચરવાનું જેમના સ્વભાવમાં જ

નથી એવા લોકો માટે સહેજ પણ પ્રયત્ન કરવાની જરૂર નથી. રાજકારણીઓ જેમ દેશકલ્યાણની ભાવનાથી રાતોરાત અંતરના અવાજે પક્ષપલટો કરતા હોય છે તેમ શાસનના કલ્યાણની ભાવનાથી અંતરના અવાજે રાતોરાત સિદ્ધાંતમાં ફેરફાર કરનારની પ્રવૃત્તિ શિષ્ટાચરણ નથી - એટલું મુમુક્ષુ આત્માઓ યાદ રાખે. સામા પક્ષની માન્યતા સમજવાની જેમનામાં પાત્રતા નથી તેઓ સામા પક્ષનું ખંડન કરે છે. ભાવાનુવાદ કર્ત્તાને બેવડી જવાબદારી નભાવવાની છે. એક તો અત્યાર સુધી તિથિ વગેરેની જે આરાધના કરી તે ખોટી હતી : એ સ્પષ્ટ કરવાનું. અને બીજી એ કે હવે જે રીતે આરાધના કરવાની છે; તે સાચી છે એ સ્પષ્ટ કરવાનું. આથી તાલ ન રહે એ બનવાજોગ છે. આપણે એવી જવાબદારી નભાવવાની નથી એટલે આપણે તાલ ચૂકી જવાની આવશ્યકતા નથી.

તિથિ સામાચારી છે કે સિદ્ધાંત છે : આ વિષયમાં વિવાદ-વિપ્રતિપત્તિ છે. એના જવાબમાં ભાવાનુવાદકશ્રી સંવત્સરીની આરાધના સામાચારી છે - એ પ્રમાણે જણાવે છે. આવું જ આ. શ્રી નરેન્દ્રસાગરજી મ. પણ જણાવે છે. તિથિ સામાચારી છે કે નહિ અથવા સિદ્ધાંત છે કે નહિ : આ પ્રમાણે પ્રશ્ન કરનારાના આશયને સમજીને પ્રશ્નને અનુરૂપ મહાનુભાવો જવાબ આપશે : એવી અત્યારે તો આશા રાખીએ. ત્યાં સુધી પરમતારક શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ પર્વાપર્વ-સઘળીય તિથિઓની; ક્ષય-વૃદ્ધિ શ્રી સંઘમાન્ય પંચાંગમાં જણાવ્યા મુજબ માન્ય રાખી 'ક્ષયે પૂર્વા...' ઈત્યાદિ નિયમ મુજબ આરાધના કરવાનું ચાલુ રાખીએ. ॥૩-૮॥

આ રીતે સંવિગ્ન શિષ્ટ જનોના આચરણને માર્ગ તરીકે જણાવીને હવે ત્રણ શ્લોકથી અસંવિગ્ન-અશિષ્ટ પુરુષોનું આચરણ, એ માર્ગ નથી : એ જણાવવા પૂર્વક તેનાથી વિશ્વવિડંબના થાય છે - તે જણાવાય છે—

**दर्शयद्भिः कुलाचारलोपादामुष्मिकं भयम् ।**
**वारयद्भिः स्वगच्छीयगृहिणः साधुसङ्गतिम् ॥३-९॥**
**द्रव्यस्तवं यतीनामप्यनुपश्यद्भिरुत्तमम् ।**
**विवेकविकलं दानं, स्थापयद्भि र्यथा तथा ॥३-१०॥**
**अपुष्टालम्बनोत्सिक्तैर्मुग्धमीनेषु मैनिकैः ।**
**इत्थं दोषादसंविग्नैर्हहा विश्वं विडम्बितम् ॥३-११॥**

दर्शयद्भिरिति–आमुष्मिकं प्रेत्यप्रत्यवायविपाकफलम् ।।३-९।।

द्रव्यस्तवमिति–अपिना आगमे यतीनां तन्निषेधो द्योत्यते । अनुपश्यद्भिर्मन्यमानैः ।।३-१०।।

अपुष्टेति–व्यक्तः ।।३-११।।

કુલાચારના લોપ(ત્યાગ)થી ભવાંતરમાં માઠાં પરિણામ ભોગવવાં પડશે... ઇત્યાદિ ભય દર્શાવનારા; પોતાના ગચ્છના ગૃહસ્થોને પૂ. સાધુમહાત્મા પાસે જતા રોકનારા; પૂ. સાધુભગવંતોને પણ દ્રવ્યસ્તવ ઉત્તમ છે - એ પ્રમાણે માનનારા; જેમ-તેમ પણ દાન આપવું જોઇએ, આપવાથી બહુ લાભ છે... ઇત્યાદિ રીતે વિવેકહીન દાનને ઉપાદેય માનનારા; અપુષ્ટાલંબન લેવામાં તત્પર બનેલા એવા અસંવિગ્નોએ, મુગ્ધ માછલીઓને વિશે માછીમારોની જેમ મોહથી વિશ્વની વિડંબના કરી છે. આ પ્રમાણે નવમા, દશમા અને અગિયારમા - ત્રણ શ્લોકનો અર્થ છે.

આશય સ્પષ્ટ છે કે– 'કુલાચારનું ઉલ્લંઘન કરવાથી પરલોકમાં તેના દુષ્ટ વિપાક પ્રાપ્ત થશે' - આ પ્રમાણે કુલાચારલોપથી પ્રાપ્ત થનારા ભયને બતાવતા અસંવિગ્ન પુરુષો પોતાના પરિચિતોને જણાવતા હોય છે કે "આપણે તો વર્ષોથી આ પ્રમાણે જ કરીએ છીએ. તમારા બાપદાદાઓ પણ આ રીતે કરતા હતા. તમારા કુળમાં આ જ પરંપરા છે. માટે અહીં જ આવવાનું, સાધુઓ પાસે નહીં જવાનું..." વગેરે કહીને પોતાના તે તે ગૃહસ્થને પૂ. સાધુભગવંતોની પાસે જતા રોકતા હોય છે. ત્યાર પછી શ્રી જિનમંદિરાદિ બંધાવવાં, પૂજા-મહોત્સવાદિ કરવા વગેરે સ્વરૂપ દ્રવ્યસ્તવ(દ્રવ્યના વ્યયથી કરાતા અનુષ્ઠાન)નો પૂ. સાધુભગવંતો માટે નિષેધ હોવા છતાં પૂ. સાધુભગવંતો પણ તે (દ્રવ્યસ્તવ) કરી શકે છે - એમ તેઓ(અસંવિગ્ન પુરુષો) માનતા હોય છે. સામાન્ય રીતે સુપાત્રને ભક્તિપૂર્વક ન્યાયથી પ્રાપ્ત એવી નિર્દોષ વસ્તુનું દાન કરવાનું છે. આમ છતાં અસંવિગ્ન જનો એમ જણાવવાના બદલે એમ જણાવે છે કે આપવાથી એકાંતે લાભ છે. ગમે તેને ગમે તેનું દાન કરવું જોઇએ. આ રીતે તેઓ વિવેકરહિત દાનનો ઉપદેશ આપે છે. તેમ જ કોઇ પણ જાતના પુષ્ટ આલંબન વિના નિરકુંશપણે માર્ગમાં અપવાદાદિનો આશ્રય લે છે. આ મોહસ્વરૂપ દોષના કારણે વિશ્વની વિડંબના કરી છે. માછીમાર મુગ્ધમાછલીઓના જેમ પ્રાણ હરી લે છે, તેમ આ અસંવિગ્ન

પુરુષો પોતાની દુષ્ટ આચરણાથી પોતાના પરિચયમાં આવનારાના ભાવપ્રાણ લઈને તેમની વિડંબના કરે છે. એ અત્યંત ખેદજનક છે.

અસંવિગ્ન પુરુષોનાં દુષ્ટ આચરણો અહીં તો બહુ થોડાં વર્ણવ્યાં છે. મોક્ષની સાધનાના અર્થીઓને તેમના માર્ગથી વિચલિત કરનારાં સઘળાંય અનુષ્ઠાનો મોહથી જ થતાં હોય છે. ઉપલક્ષણથી એ બધાંનો જ અહીં સંગ્રહ કરી લેવાનો છે. અહીં યાદ રાખવું જોઈએ કે સંવિગ્ન પુરુષો મુમુક્ષુ આત્માઓને અસંવિગ્ન જનોથી દૂર રાખવા માટે ભવાંતરના ભય વગેરેની વાત કરે તો તે દુરાચરણ નથી. તેથી વિડંબના પણ થતી નથી. કારણ કે તે મોહજન્ય આચરણ નથી, જ્ઞાનજન્ય આચરણ છે. '**द्वात्रिंशद्-द्वात्रिंशिका भा.१**' માં ભાવાનુવાદકારે આ અંગે ઘણી સ્પષ્ટતા કરવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ જ્ઞાન અને મોહનો ભેદ સમજાવવાનું રહી ગયું લાગે છે. ખરેખર મોહ દુરતિક્રમ છે. ॥૩-૯।૧૦।૧૧॥

અસંવિગ્નોનું જ બીજું આચરણ જણાવવા પૂર્વક મોહની દુષ્ટતા જણાવાય છે–

**अप्येष शिथिलोल्लापो, न श्राव्यो गृहमेधिनाम् ।**
**सूक्ष्मोऽर्थ इत्यदोऽयुक्तं, सूत्रे तद्गुणवर्णनात् ॥३-१२॥**

अपीति–एषोऽपि शिथिलानामुल्लापो यदुत न श्राव्यो गृहमेधिनां सूक्ष्मोऽर्थः, इत्यदो वचनमयुक्तम् । सूत्रे भगवत्यादौ । तेषां गृहमेधिनामपि केषाञ्चिद्गुणवर्णनाद् "लद्धट्ठा गहिअट्ठा" इत्यादिना साधूक्तसूक्ष्मार्थपरिणामशक्तिमत्त्वप्रतिपादनात् । सम्यक्त्व-प्रकरणप्रसिद्धोऽयमर्थः ॥३-१२॥

"આ પણ; શિથિલ એવા અસંવિગ્ન પુરુષોનો ઉલ્લાપ (બકવાસ) છે કે– 'શ્રાવકોને સૂક્ષ્મ અર્થ નહિ જણાવવો.' એ વચન અયુક્ત છે. કારણ કે આગમમાં કેટલાક ગૃહસ્થના ગુણ તરીકે તેનું વર્ણન કરાયું છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે 'શ્રાવકોને સૂક્ષ્મ અર્થ જણાવવો નહિ જોઈએ' - આ મુજબ શિથિલ - અસંવિગ્ન - જનો જણાવતા હોય છે, પરંતુ તેમનું તે કથન અયુક્ત છે. કારણ કે શ્રી ભગવતી વગેરે ગ્રંથમાં કેટલાક શ્રાવકોના ગુણ તરીકે તેનો ઉલ્લેખ કર્યો છે. ત્યાં ફરમાવ્યું છે કે કેટલાક શ્રાવકો લબ્ધાર્થ અને ગૃહીતાર્થ છે. અર્થાત્ કેટલાક શ્રાવકો તત્ત્વાર્થને પામેલા છે અને કેટલાક શ્રાવકો મોક્ષમાર્ગને ગ્રહણ કરેલા છે. પૂ. સાધુભગવંતોએ કહેલા સૂક્ષ્મ

અર્થને પરિણામ પમાડવાના સામર્થ્યનું એ પદોથી પ્રતિપાદન કરાયું છે. '**सम्यक्त्व-प्रकरण**' માં ઉપર જણાવેલી વિગત પ્રસિદ્ધ છે. આથી સમજી શકાશે કે અસંવિગ્ન - શિથિલ જનોના જણાવ્યા મુજબ શ્રાવકોને સૂક્ષ્મ અર્થ જણાવવાનો જ ન હોય તો તે તે સૂત્રમાં શ્રાવકોના લદ્ધટ્ઠા અને ગહિઅટ્ઠા ઈત્યાદિ પદોથી જણાવેલા ગુણોનું વર્ણન સંગત નહીં થાય. પૂ. સાધુભગવંતે કહેલા સૂક્ષ્મ અર્થને પરિણમાવવાનું સામર્થ્ય શ્રાવકોમાં છે - એ તે પદોથી જણાવાયું છે. પૂ. સાધુભગવંતો, ગૃહસ્થને એવા સૂક્ષ્મ અર્થને જણાવતા હોય તો જ તે વર્ણન સંગત બને. ॥૩-૧૨॥

અસંવિગ્ન પુરુષોનું જ બીજું આચરણ જણાવાય છે–

**तेषां निन्दाल्पसाधूनां, बह्वाचरणमानिनाम् ।**
**प्रवृत्ताङ्गीकृतात्यागे, मिथ्यादृग्गुणदर्शिनी ॥३-१३॥**

तेषामिति–तेषामसंविग्नानाम् । अल्पसाधूनां विरलानां यतीनाम् । बह्वाचरितमानिनां "बहुभिराचीर्णं खलु वयमाचरामः स्तोकाः पुनरेते संविग्नत्वाभिमानिनो दाम्भिका" इत्यभिमानवताम् । निन्दा, अङ्गीकृतस्य मिथ्याभूतस्यापि बह्वाचीर्णस्यात्यागेऽभ्युपगम्यमाने मिथ्यादृशां गुणदर्शिनी प्रवृत्ता, सम्यग्दृगपेक्षया मिथ्यादृशामेव बहुत्वात् । तदाह–बहुजणपवित्तिमिच्छं (मेत्तं) इच्छंतेण इहलोइओ चेव । धम्मो न उज्झियव्वो जेण तहिं बहुजणपवित्ती ॥१॥" ॥३-१३॥

"ઘણા લોકોએ જે આચર્યું છે તે અમે આચરીએ છીએ - એમ માનનારા તે અસંવિગ્ન પુરુષો; અલ્પ એવા સાધુભગવંતોની જે નિંદા કરે છે; તે, પોતે સ્વીકારેલ મિથ્યાભૂત આચારનો ત્યાગ નહિ કરવાનું માનવાથી મિથ્યાત્વીઓના ગુણને જોવાના સ્વભાવે પ્રવર્ત્તી છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે અસંવિગ્ન જનો દુષ્ટ પ્રવૃત્તિઓ તો કર્યા જ કરે છે. અને સાથે સાથે બહુ જ પરિમિત સંખ્યામાં રહેલા સાધુઓની એ નિન્દા કરે છે. "ઘણા લોકોએ આચરેલું અમે કરીએ છીએ, અમારી બહુમતી છે, આ સાધુઓ તો થોડા છે, સંવિગ્નપણાનું તેમને અભિમાન છે અને દંભને સેવનારા છે." - આવી જાતના અભિમાનને ધરનારા અસંવિગ્નજનો ખૂબ જ અલ્પસંખ્યામાં રહેલા સાધુઓની એ રીતે નિંદા કરે છે. તેમની આ નિંદા; ઘણા

લોકોથી કરાયેલ આચરણ મિથ્યાસ્વરૂપ હોવા છતાં તેનો ત્યાગ નહિ કરવાનું સ્વીકારવાથી સ્પષ્ટ છે કે મિથ્યાત્વીઓના ગુણને જોઇને પ્રવર્ત્તેલી છે. કારણ કે સમ્યક્ત્વવંત આત્માઓની અપેક્ષાએ મિથ્યાત્વીઓની સંખ્યા ઘણી છે. સદાને માટે તેમની જ (મિથ્યાત્વીઓની જ) બહુમતી રહેવાની. ઘણાઓએ આચરેલ જ આચરવાનું હોય તો મિથ્યાત્વીઓનો જ ધર્મ આરાધવો પડશે. આ જ વાત 'ઉપદેશપદ'માં જણાવી છે કે - બહુજનપ્રવૃત્તિ માત્ર જેમને માન્ય હોય તેમણે લૌકિક ધર્મનો ત્યાગ કરવો નહિ, કારણ કે બહુજનપ્રવૃત્તિ લૌકિક ધર્મમાં છે.

વસ્તુની સદસદ્રૂપતાનો વિચાર કર્યા વિના, માત્ર ઘણા લોકોની એ પ્રવૃત્તિ છે; એમ માનીને તેને ઉપાદેય માનનારા માટે અહીં જણાવેલી વાતનો વિચાર કરવાનું ખૂબ જ આવશ્યક છે. એકતા, સંગઠન અને બહુમતીના નામે આજે જે રીતે મનસ્વીપણે આચરણ કરાય છે - તે ખૂબ જ ચિંતાજનક છે. ગંભીરપણે એ અંગે વિચારવામાં નહિ આવે તો આજની પરિસ્થિતિ ક્યાં જઇને અટકશે - એ કહી શકાય એમ નથી. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શબ્દના પ્રામાણ્યના ઉદ્દેશની હાનિ થાય એ રીતે શિષ્ટાચારનું પ્રામાણ્ય કોઇ પણ ન જ માને એ સમજી શકાય છે. સ્પષ્ટ પાઠ હોવા છતાં અને એ મુજબ ખૂબ જ સરળતાથી વર્ત્તી શકાય એમ હોવા છતાં માત્ર બીજાની સાથે રહેવા માટે આચારમાં ફેરફાર કરવો : એ શિષ્ટાચરણ નથી - એનો ખ્યાલ મુમુક્ષુઓએ તો રાખવો જોઇએ. પોતાની જાતને શિષ્ટ માન્યા કરતાં શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શબ્દને અનુસરવામાં આપણા સૌનું હિત સમાયેલું છે. ॥૩-૧૩॥

ઉપર જણાવ્યા મુજબના અશિષ્ટાચરણની દુષ્ટતા વર્ણવાય છે—

**इदं कलिरजः पर्वभस्म भस्मग्रहोदयः ।**
**खेलनं तदसंविग्नराजस्यैवाधुनोचितम् ॥३-१४॥**

इदमिति—व्यक्तः ॥३-१४॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે અસંવિગ્ન પુરુષોનું આચરણ કઇ જાતનું દુષ્ટ છે - તે જણાવવા પૂર્વક વર્તમાનમાં તેમનો જે અભ્યુદય જણાય છે તેનું કારણ આ શ્લોકથી જણાવાય છે. આ (દુષ્ટ આચરણ) કલિકાલની રજ છે. તેમ જ ભસ્મગ્રહના ઉદય સ્વરૂપ આ હોળીની રાખ છે. આવી ધૂળ

અને રાખથી રમવાનું કાર્ય અસંવિગ્નોમાં શ્રેષ્ઠ એવા પુરુષને જ હાલમાં ઉચિત છે. જે સામાન્યથી પણ શિષ્ટ હોય તેને આવી રમત કરવાનું ગમે એવું જ નથી. આથી સમજી શકાશે કે હોળીની રાખ અને કલિકાલની રજથી રમવાનું જેમ શિષ્ટજનોચિત નથી, તેમ અસંવિગ્નજનોચિત આચરણ પણ શિષ્ટ પુરુષોને છાજે એવું નથી. આમ છતાં જ્યાં જઇએ ત્યાં હોળીના દિવસોમાં રાખથી રમનારા અશિષ્ટ પુરુષો જ જોવા મળશે. તે દિવસોમાં તો શિષ્ટ પુરુષોને ઘરની બહાર નીકળવાનું પણ કપરું થઇ પડે છે. આવું જ ભસ્મગ્રહોદયના પ્રભાવે બન્યું છે. અસંવિગ્ન પુરુષોનો પુણ્યપ્રકર્ષ લગભગ બધે જ જોવા મળે છે. સંવિગ્ન પુરુષોને તો લગભગ શોધવા નીકળવું પડે તેમ છે - આ એક ભસ્મગ્રહની જ અસર છે. એક બાજુ દુષ્ટ આચરણ અને બીજી બાજુ પુણ્યનો ઉદય - આ ભસ્મગ્રહોદયની દુષ્ટ અસર છે. એના ઉપક્રમે અસંવિગ્નો દિન-પ્રતિદિન પૂજાતા જ રહેવાના. હોળીની રાખમાં રમવું કે ન રમવું - એનો નિર્ણય આપણે જાતે જ કરવો પડશે. દુનિયાની હોળી તો વરસમાં એક વાર આવે છે. અહીં તો સદાને માટે હોળી છે. તેની રાખમાં રમવાનું સર્વથા દૂર કર્યા વિના ચાલે એવું નથી.

અસંવિગ્ન પુરુષોની આચરણાને અહીં હોળીમાં રમનારા અશિષ્ટ જનોના આચાર જેવી વર્ણવી છે. એનાથી એની દુષ્ટતાનો ખ્યાલ આવી જાય છે. ભસ્મગ્રહની અસરના કારણે એવા લોકોનો આદર થતો જ રહેવાનો. એ ખ્યાલમાં રાખી મુમુક્ષુઓએ એવા આદરાદિને જોઇને પ્રભાવિત થવું ના જોઇએ. અન્યથા અસંવિગ્ન જનોના આચરણથી દૂર રહી શકાશે નહિ. ॥૩-૧૪॥

અસંવિગ્ન જનોની આચરણાને દુષ્ટસ્વરૂપે વર્ણવીને પ્રસંગથી કેટલાક સંવિગ્નમહાત્માઓના આચરણની દુષ્ટતા જણાવાય છે–

**समुदाये मनाग्दोषभीतैः स्वेच्छाविहारिभिः ।**
**संविग्नैरप्यगीतार्थैः, परेभ्यो नातिरिच्यते ॥३-१५॥**

समुदाय इति–समुदाये मनाग्दोषेभ्य ईषत्कलहादिरूपेभ्यो भीतैः । स्वेच्छाविहारिभिः स्वच्छन्दचारिभिः । संविग्नैरपि बाह्याचारप्रधानैरपि । अगीतार्थैः । परेभ्योऽसंविग्नेभ्यो नातिरिच्यते नाधिकीभूयते ॥३-१५॥

"સમુદાયમાંના થોડા દોષથી ગભરાયેલા એવા પોતાની ઇચ્છા મુજબ વિચરનારા અગીતાર્થ સંવિગ્નજનો પણ અસંવિગ્ન જનોથી જુદા નથી." - આ પ્રમાણે શ્લોકાર્થ સ્પષ્ટ છે. એનો આશય એ છે કે સમુદાયમાં; ગુરુભગવંતની સાથે રહેવાથી કોઇ વાર સહવર્ત્તી સાધુઓની સાથે સામાન્ય ઝઘડો થઇ જાય, દોષિત ગોચરીપાણી કે વસતિ વગેરે ગ્રહણ કરવા પડે... વગેરે થોડા દોષો સેવવા પડે છે, જેના પરિણામે પાપબંધ થાય છે - આવા પ્રકારના ભયને લઇને પોતાની ઇચ્છા મુજબ કેટલાક સંવિગ્ન પુરુષો સમુદાયથી અલગ થઇને વિહાર કરે છે. ખરી રીતે તો આવાઓને સંવિગ્ન માની શકાય નહિ. પરંતુ કપડાંનો કાપ કાઢવો નહિ; અલ્પ ઉપધિ રાખવી, ગમે તેવાં વસ્ત્ર-પાત્ર રાખવાં ઇત્યાદિ બાહ્ય આચારો ઉત્કટ રીતે તેઓ પાળે છે. તેથી તે આચાર(બાહ્ય આચાર)ની અપેક્ષાએ તેમને અહીં સંવિગ્ન તરીકે વર્ણવ્યા છે. બાકી તો સ્વેચ્છાચારી હોવાથી અગીતાર્થ અને અસંવિગ્ન જ છે. માત્ર બાહ્ય આચારને જોઇને સંવિગ્ન તરીકે તેઓને વર્ણવ્યા છે.

આ રીતે સમુદાય-ગુરુકુલવાસમાં રહેવાથી સંભવિત તે દોષથી ઉત્પન્ન ભયના કારણે સમુદાયથી છૂટા પડી પોતાની ઇચ્છા મુજબ જેઓ વિચરે છે તે અગીતાર્થ એવા સંવિગ્ન જનો અસંવિગ્ન જનોની અપેક્ષાએ કાંઇ જુદા - સારા નથી. જેમ અસંવિગ્ન જનો પોતાના અનાચારથી દોષના ભાજન બને છે, તેમ આ સ્વેચ્છાચારી અગીતાર્થ સંવિગ્નો પણ પોતાના ઉત્કટ બાહ્ય આચારથી દોષના જ ભાજન બને છે. ॥૩-૧૫॥

સ્વેચ્છાવિહારી અગીતાર્થ સંવિગ્ન જનોને પ્રાપ્ત થતા દોષને જણાવાય છે—

**वदन्ति गृहिणां मध्ये, पार्श्वस्थानामवन्द्यताम् ।**
**यथाच्छन्दतयात्मानमवन्द्यं जानते न ते ॥३-१६॥**

वदन्तीति—परदोषं पश्यन्ति, स्वदोषं च न पश्यन्तीति महतीयं तेषां कदर्थनेति भावः ॥३-१६॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે સમુદાયને છોડીને પોતાની ઇચ્છા મુજબ વિચરનારા સંવિગ્ન અગીતાર્થ સાધુઓ વ્યાખ્યાનાદિમાં ગૃહસ્થોને સમજાવતા હોય છે કે પાર્શ્વસ્થ (પાસત્થા) શિથિલાચારી વંદનીય નથી. એ

શિથિલ હોવાથી તેમને વંદન કરીએ તો પાપ લાગે... વગેરે કહીને પોતાના પરિચિતોને પાસત્થાદિ સાધુઓને વંદન કરતા રોકે છે. પરંતુ પોતે યથાચ્છંદ એટલે કે પોતાની ઇચ્છા મુજબ વર્તનારા હોવા છતાં, પોતે પણ વંદનીય નથી - એ વાતને જાણતા નથી. આ રીતે સંવિગ્ન અગીતાર્થ બીજાના દોષ જુએ છે, પરંતુ પોતાના દોષ તેઓ જોતા નથી. તેમની આ મોટી કદર્થના છે. આવી કદર્થના આજે ઘણા લોકો અનુભવી રહ્યા છે, પણ તેનો તેમને ખ્યાલ આવે એવી કોઇ શક્યતા જણાતી નથી.

કહેવાતા બે-તિથિવર્ગ ઉપર જેટલા તેઓ આક્ષેપ કરી રહ્યા છે, એ બધા જ આક્ષેપો એમની જાત માટે પણ કરી શકાય છે. પરંતુ શિષ્ટાચરણના નામે અશિષ્ટ જનોના આચરણને વિસ્તારવાનો તેઓ પ્રયત્ન કરી રહ્યા છે. જીતાચારના નામે શાસ્ત્રનિષિદ્ધ આચરણના વ્યવસ્થાપનનો ઉદ્દેશ સિદ્ધ કરવા તેઓ પ્રયત્નશીલ છે. આજથી સેંકડો વર્ષ પૂર્વે જણાવેલી વાતો તેના યથાર્થ સ્વરૂપે આજે આપણે જોઇ શકીએ છીએ. સંવિગ્ન અગીતાર્થોની પ્રવૃત્તિમાં કોઇ પણ જાતનો સુધારો થાય એવી આશા લગભગ નથી. આપણે એમની વાતોમાં આવી ના જઇએ. એટલે બસ !

ઓછા-વધતા પ્રમાણમાં આવા લોકોનો વર્ગ લગભગ દરેક સમુદાયમાં જ નહિ દરેક ગ્રુપમાં તૈયાર થઇ ગયો છે. ઉત્કટ આચારોના નામે સ્વેચ્છા મુજબ જીવવાનો ઉપાય સંવિગ્ન અગીતાર્થ મહાત્માઓએ બરાબર શોધી લીધો છે. ગુરુપારતંત્ર્ય સમગ્ર સાધુસામાચારીનો એકમાત્ર આધાર છે. સ્વેચ્છાચારિતાએ એ એકમાત્ર આધારને જ તોડી પાડ્યો છે. આધાર વિનાના આધેયની કેવી દશા થાય - એનું વર્ણન કરવાની ખરેખર જ જરૂર નથી. આપણે એ નજરે જોઇ જ રહ્યા છીએ. સંવિગ્ન (બાહ્યાચરણની અપેક્ષાએ) અગીતાર્થોનું સ્વેચ્છાચારિતા એ ખૂબ જ મોટું દૂષણ છે. ॥૩-૧૬॥

સંવિગ્ન અગીતાર્થ આત્માઓ સમુદાયના દોષોના કારણે સમુદાયથી છૂટા થયા છે, જલસા કરવા માટે તેઓ છૂટા થયા નથી. પોતાની બુદ્ધિ મુજબ ચારિત્રની ઉત્કટ આરાધના તેઓ કરે છે. એ ઉત્કટ આરાધનાથી જ તેમને મોક્ષની પ્રાપ્તિ થશે. તો પછી તેમને કદર્થનાનો સંભવ ક્યાં છે ? - આવી શંકાનું સમાધાન કરાય છે–

**गीतार्थपारतन्त्र्येण, ज्ञानमज्ञानिनां मतम् ।**
**विना चक्षुष्मदाधारमन्धः पथि कथं व्रजेत् ।।३-१७।।**

गीतार्थेति—मुख्यं ज्ञानं गीतार्थानामेव तत्पारतन्त्र्यलक्षणं गौणमेव तदगीतार्थानामिति भावः ।।३-१७।।

"અજ્ઞાનીઓને ગીતાર્થની પરતંત્રતાના કારણે જ્ઞાન છે. દેખતા માણસના આધાર વિના અંધ માણસ માર્ગમાં કઇ રીતે ગમન કરે ?" - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે - મોક્ષપ્રાપ્તિની ભાવનાથી મોક્ષમાર્ગે ગમન કરતી વખતે મુમુક્ષુ આત્માઓને એની ખબર છે કે જ્ઞાન અને ક્રિયા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાન અને ક્રિયામાં પણ પ્રધાનતા જ્ઞાનની છે. ક્રિયા પણ જ્ઞાનપૂર્વકની હોય તો મોક્ષની પ્રત્યે કારણ બને છે, અન્યથા તે કારણ બનતી નથી. સંયમજીવનની સાધનામાં જ્ઞાનનું કેવું મહત્ત્વ છે એ સૌ કોઇ સમજે છે.

સમુદાયના થોડા દોષોથી ગભરાઇને જેઓ સમુદાયને છોડીને જતા રહે છે; તે બધાને જ્ઞાનની જ પ્રાપ્તિ થતી નથી. કારણ કે મુખ્યપણે જ્ઞાન; ગીતાર્થમહાત્માઓને જ હોય છે. તેઓશ્રીની પરમતારક આજ્ઞા મુજબ વર્તનારા અજ્ઞાનીઓને પણ જ્ઞાન મનાય છે, જે ગીતાર્થની પરતંત્રતા સ્વરૂપ છે. સંવિગ્ન (માત્ર બાહ્યાચરણની અપેક્ષાએ) અને અગીતાર્થ એવા એ સાધુઓ સ્વેચ્છાચારી હોવાથી ગીતાર્થ નથી અને ગીતાર્થપરતંત્ર પણ નથી. તેથી ઉભય રીતે (મુખ્ય અને ગૌણ રીતે) તેમને જ્ઞાન નથી. જ્ઞાન વિના તેમના ઉત્કટ પણ આચારથી મોક્ષની પ્રાપ્તિ શક્ય નહિ જ બને. તેથી તેમને કદર્થના સ્પષ્ટ છે. કષ્ટ વેઠ્યા પછી પણ જ્યારે ફળની પ્રાપ્તિ થતી નથી, ત્યારે તે કષ્ટ વેઠવાની પ્રવૃત્તિ કદર્થનાસ્વરૂપ છે. તે એક જાતનું અજ્ઞાનકષ્ટ છે. એનાથી ખાસ કોઇ લાભ નથી, ઉપરથી નુકસાન ઘણું છે. મોક્ષપ્રાપ્તિ માટે સાધનાનો આરંભ કર્યા પછી નહિજેવા દોષના નિવારણ માટે સ્વચ્છંદી બની સંસારમાં પરિભ્રમણ કરવું - એના કરતાં બીજી કોઇ મોટી કદર્થના છે ? તેથી ગીતાર્થપારતંત્ર્ય કોઇ પણ રીતે કેળવી લેવું જોઇએ. એના ત્યાગમાં હિત નથી. ।।૩-૧૭।।

ગીતાર્થપારતંત્ર્યનો ત્યાગ કરનારાને જે ફળ મળે છે - તેનું વર્ણન કરાય છે—

**तत्त्यागेनाफलं तेषां, शुद्धोञ्छादिकमप्यहो ! ।**
**विपरीतफलं वा स्यान्नौभङ्ग इव वारिधौ ॥३-१८॥**

तदिति–अहो ! तत्त्यागेन गीतार्थपारतन्त्र्यपरिहारेण तेषां संविग्नाभामानां शुद्धोञ्छादिकमप्यफलं विपरीतफलं वा स्यात्, वारिधाविव नौभङ्गः ॥३-१८॥

"ગીતાર્થપારતંત્ર્યનો ત્યાગ કરવાથી સંવિગ્નાભાસીઓની શુદ્ધભિક્ષા ગ્રહણ કરવાદિની પ્રવૃત્તિ ફળથી રહિત છે તેમ જ સમુદ્રમાં નૌકાનો ભંગ થવા સ્વરૂપ વિપરીત ફળવાળી છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ગીતાર્થનું પારતંત્ર્ય છોડીને પોતાની ઇચ્છા મુજબ જેઓ સમુદાયથી જુદા સ્વતંત્રપણે વિચરે છે; તેઓ સંવિગ્નાભાસી છે. આવા સંવિગ્નાભાસીઓ જે કોઇ; શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરવી; નવકલ્પી વિહાર કરવા; મલિનવસ્ત્ર ધારણ કરવાં અને અપ્રમત્તપણે બધી ક્રિયાઓ કરવી... વગેરે પ્રવૃત્તિ કરે છે તેનું કોઇ જ ફળ નથી. કારણ કે એ બધી સ્વેચ્છામૂલક છે, પૂ. ગીતાર્થ ગુરુભગવંતની આજ્ઞામૂલક નથી. કોઇ પણ પ્રવૃત્તિની સફળતા તેની ગીતાર્થપરતંત્રતાના કારણે છે. વિહિત હોવા છતાં પણ જે પ્રવૃત્તિ ગીતાર્થની નિશ્રા વિના કરાયેલી છે તેનું કોઇ જ ફળ નથી. એટલું જ નહિ તેનું વિપરીત ફળ પ્રાપ્ત થાય છે. સમુદ્રને પાર જવા માટે નાવમાં બેસીને નીકળ્યા પછી અધવચ્ચે નાવ ભાંગી જાય તો; ઇષ્ટસ્થાને તો ન જ પહોંચાય પરંતુ મધ્ય દરિયે ડૂબી જવાય. આવું જ સંવિગ્નાભાસીઓના જીવનમાં બને છે. આ સંસારસમુદ્રથી પાર ઊતરવા માટે તેઓએ સંયમનૌકાનો આશ્રય તો લીધો પરંતુ ગીતાર્થ-પારતંત્ર્યનો ત્યાગ કરવાથી તેમની નૌકા જ ભાંગી ગઇ. આવી દશામાં તેમને તેમની પ્રવૃત્તિથી ઇષ્ટ-મોક્ષની પ્રાપ્તિ તો થતી જ નથી, પરંતુ વિપરીત ફળ સ્વરૂપે ભવસમુદ્રમાં ડૂબવાનું જ થાય છે - એ સમજી શકાય છે.

શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ આરાધના કરવાના બદલે પોતે માની લીધેલી આરાધના કરવાથી કેવી સ્થિતિ થાય છે - તે દૃષ્ટાંતથી ખૂબ જ સ્પષ્ટપણે અહીં વર્ણવી છે. દૃષ્ટાંતનો પરમાર્થ સારી રીતે સમજાય છે. મધ્ય દરિયે નૌકાનો ભંગ થાય તો કેવી કરુણ-દયનીય પરિસ્થિતિ સર્જાય - એને આપણે સૌ બરાબર સમજી શકીએ છીએ. એથી પણ ભયંકર સ્થિતિ સંવિગ્નાભાસોની છે.

ભવસમુદ્રની ભયંકરતા સમજાયા વગર ગીતાર્થના પારતંત્ર્યનું મૂલ્ય સમજાશે નહિ. આ સંસારસમુદ્રથી તારનારાં બધાં જ સાધનોની તારકતા ગીતાર્થના પારતંત્ર્યને લઇને છે. એ રીતે જોઇએ તો સમજી શકાશે કે ગીતાર્થના પારતંત્ર્યને છોડીને બીજું કોઇ જ સાધન સંસારસમુદ્રથી તારનારું નથી. ગીતાર્થની પરતંત્રતાનો સ્વીકાર કરવા મન તૈયાર થતું નથી - એનું વાસ્તવિક કારણ એક જ છે કે ભવની ભયંકરતાનો હજી ખ્યાલ આવ્યો નથી. આવી સ્થિતિમાં ભવસમુદ્ર કઇ રીતે તરાશે ? ભવની નિર્ગુણતાનો વાસ્તવિક રીતે પ્રત્યય (વિશ્વાસ) થાય એ પૂર્વે જ ધર્મક્રિયા કરવાનું ચાલુ કર્યા પછી પણ ભવનિર્ગુણતાની વાસ્તવિક પ્રતીતિ કરવા માટે જે રીતે ઉપેક્ષા સેવાય છે, તે અત્યંત ચિંતાજનક છે. મોક્ષની સાધનાનો છેદ કરનાર સ્વચ્છંદતાને દૂર કરવાનું સામર્થ્ય માત્ર ગુરુપારતંત્ર્યમાં છે. એના ત્યાગથી અહિત જ થશે. ॥૩-૧૮॥

यदि नामैतेषां नास्ति ज्ञानं, कथं तर्हि मासक्षपणादिदुष्करतपोऽनुष्ठातृत्वमित्यत आह–

સંવિગ્નાભાસીઓએ ગીતાર્થના પારતંત્ર્યનો ત્યાગ કર્યો હોવાથી તેમને જો જ્ઞાન નથી તો જ્ઞાનથી રહિત એવા તેઓ દુઃખે કરીને કરી શકાય એવા માસક્ષમણ વગેરે શા માટે કરે ? (અર્થાત્ તેમનાં તે તે દુષ્કર અનુષ્ઠાનોને જોઇને તેમને વિશિષ્ટ જ્ઞાન છે - એમ માનવું જોઇએ.) - આવી શંકાનું નિરાકરણ કરવા માટે ઓગણીસમો શ્લોક છે–

**अभिन्नग्रन्थयः प्रायः, कुर्वन्तोऽप्यतिदुष्करम् ।**
**बाह्या इवाव्रता मूढा, ध्वाङ्क्षज्ञातेन दर्शिताः ॥३-१९॥**

अभिन्नेति–अभिन्नग्रन्थयोऽकृतग्रन्थिभेदाः । प्रायः कुर्वन्तोऽप्यतिदुष्करं मासक्षपणादिकं बाह्या इवाव्रताः स्वाभाविकव्रतपरिणामरहिताः । मूढा अज्ञानाविष्टाः । ध्वाङ्क्षज्ञातेन वायसदृष्टान्तेन दर्शिताः । यथा हि केचन वायसा निर्मलसलिलपूर्णसरित्परिसरं परित्यज्य मरुमरीचिकासु जलत्वभ्रान्तिभाजस्ताः प्रति प्रस्थिताः, तेभ्यः केचनान्यैर्निषिद्धाः प्रत्यायाताः सुखिनो बभूवुः, ये च नायातास्ते मध्याह्नार्कतापतरलिताः पिपासिता एव मृताः । एवं समुदायादपि मनाग्दोषभीत्या ये स्वमत्या विजिहीर्षवो गीतार्थनिवारिताः प्रत्यावर्तन्ते, तेऽपि ज्ञानादिसम्पद्भाजनं भवन्ति, अपरे तु

ज्ञानादिगुणेभ्योऽपि भ्रश्यन्तीति । तदिदमाह–पायं अभिन्नगंठी तवाइ तह दुक्करं पि कुव्वंता । वज्झव्व ण ते साहू धंखाहरणेण विन्नेया ॥१॥" आगमेऽप्युक्तं–"नममाणा वेगे जीविअं विप्परिणामंति" । द्रव्यतो नमन्तोऽप्येके संयमजीवितं विपरिणामयन्ति नाशयन्तीत्यतदर्थः ॥३-१९॥

"સંવિગ્નાભાસો પ્રાયઃ ગ્રંથિભેદ કરેલા નથી હોતા. અત્યંત દુષ્કર એવા તપ વગેરે કરતા હોવા છતાં તેઓ બાહ્ય-સાધુસંન્યાસી જેવા, કાગડાના દૃષ્ટાંતથી મૂઢ છે." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે જેઓ સમુદાયમાં પ્રાપ્ત થતા કલહ વગેરે દોષોના ભયથી ગીતાર્થપારતંત્ર્યનો ત્યાગ કરી સ્વચ્છંદપણે વિચરે છે તે સંવિગ્નાભાસો પ્રાયઃ કરીને ગ્રંથિ(રાગ-દ્વેષનો ગાઢ પરિણામ)ના ભેદને કરેલા હોતા નથી. અન્ય (મિથ્યાદૃષ્ટિ) સંન્યાસીઓની જેમ અત્યંત દુષ્કર એવા માસક્ષમણ તપ વગેરેને કરતા હોવા છતાં તેમને સ્વાભાવિક રીતે વ્રત(વિરતિ)ના પરિણામ હોતા નથી. કાગડાના દૃષ્ટાંતથી તેમને અજ્ઞાનથી આવિષ્ટ-મૂઢ તરીકે જણાવ્યા છે.

જેમ કે કેટલાક કાગડાઓ નિર્મળ એવા પાણીથી પરિપૂર્ણ એવા સરોવરના વિસ્તારને છોડીને જળના ભ્રમથી મૃગજળ તરફ ચાલવા માંડ્યા. ત્યારે કેટલાકે તેમને ત્યાં જતા રોક્યા. તે વખતે તેમનું માનીને જે પાછા ફર્યા તે સુખી થયા. જે પાછા ન આવ્યા તે મધ્યાહ્નના સૂર્યના પ્રખર તાપથી વ્યાકુળ બનેલા તરસ્યા જ મરી ગયા. આવી જ રીતે થોડા દોષથી ભય પામીને સમુદાયથી છૂટા પડીને પોતાની મતિકલ્પનાથી વિહરવાની ઇચ્છાવાળા સંવિગ્નાભાસોને ગીતાર્થમહાત્માઓએ છૂટા પડતા રોક્યા. તેમનું માનીને જેઓ સમુદાયમાં રહ્યા તે જ્ઞાનાદિસંપત્તિના ભાજન બન્યા. પરંતુ જેમણે ગીતાર્થભગવંતોની વાત માની નહિ અને સમુદાયથી છૂટા થઈને મનસ્વીપણે વિચરવા લાગ્યા; તેઓ જ્ઞાનાદિગુણોથી ભ્રષ્ટ થયા. આ વસ્તુને જણાવતાં અન્યત્ર પણ કહ્યું છે કે - પ્રાયઃ ગ્રંથિભેદને નહિ કરેલા એવા (સંવિગ્નાભાસો) તપ વગેરે દુષ્કર કરતા હોય છે, પરંતુ તે સાધુઓ બાહ્ય(શાસન-બાહ્ય) સંન્યાસીઓની જેમ કાગડાના દૃષ્ટાંતથી જાણવા. આ વિષયમાં શ્રી આચારાંગસૂત્રમાં પણ ફરમાવ્યું છે કે - કેટલાક (સંવિગ્નાભાસો) દ્રવ્યથી સંયમજીવનની સાધના કરે છે, પરંતુ સંયમજીવનનો

નાશ કરે છે. અર્થાત્ બાહ્ય રીતે ઉત્કટ તપ વગેરે દુષ્કર અનુષ્ઠાનો કરવા છતાં ગીતાર્થપારતંત્ર્ય વગેરેનો ત્યાગ કરવા દ્વારા ભાવથી સંયમજીવનનો નાશ કરે છે.

સંવિગ્નાભાસો ગીતાર્થપારતંત્ર્યનો ત્યાગ કરી પોતાની ઇચ્છા મુજબ સમુદાયથી છૂટા રહીને જે સંયમની આરાધના કરે છે - તેને ઉપાદેય ન માને અને વહેલામાં વહેલી તકે ગુરુપારતંત્ર્ય કેળવી લેવાની ભાવના હોય એવા જીવો ભિન્નગ્રંથિવાળા હોય છે - એ જીવોના વ્યવચ્છેદ માટે શ્લોકમાં **प्रायः** પદનું ઉપાદાન છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. અન્યથા ગ્રંથકારશ્રીના કહેવાના આશય સુધી પહોંચવાનું શક્ય નહીં બને. ॥૩-૧૯॥

પોતાની સ્વચ્છંદપણે વિચરવાની પ્રવૃત્તિને ઉપાદેય માનનારા સંવિગ્નાભાસો કેવા હોય છે તે જણાવાય છે–

**वदन्तः प्रत्युदासीनान्, परुषं परुषाशयाः ।**
**विश्वासादाकृतेरेते, महापापस्य भाजनम् ॥३-२०॥**

वदन्त इति–उदासीनान् मध्यस्थान् शिक्षापरायणान् प्रति । परुषं "भवन्त एव सम्यक्क्रियां न कुर्वते कोऽयमस्मान् प्रत्युपदेशः" इत्यादिरूपं वचनम् । वदन्तः । परुषोऽज्ञानावेशादाशयो येषां ते तथा । एते आकृतेराकारस्य । विश्वासान्महापापस्य परप्रतारणलक्षणस्य भाजनं भवन्ति, पामराणां गुणाभासमात्रेणैव स्खलनसम्भवात् ॥३-२०॥

ગીતાર્થના પારતંત્ર્યનો ત્યાગ કરવાની પ્રવૃત્તિને કરનારા મહાત્માઓને; કોઇ પણ અંગત દ્વેષ ન હોવા છતાં માત્ર હિતબુદ્ધિથી મધ્યસ્થ પુરુષો જ્યારે હિતશિક્ષા આપે ત્યારે, "તેમની પ્રત્યે અજ્ઞાનના આવેશને લઇને કઠોર આશયવાળા તે મહાત્માઓ કઠોર વચનો બોલતા હોય છે. તેથી તેઓ તેમની બાહ્ય-ઉત્કટ આચારાદિ સ્વરૂપ આકૃતિ ઉપરના વિશ્વાસથી મહાપાપનું ભાજન બને છે..." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો ભાવ એ છે કે; ગીતાર્થના પારતંત્ર્યનો ત્યાગ કરી સ્વચ્છંદપણે જેઓ વિચરે છે, ત્યારે તેમને સ્ખલનાનો ચિકાર સંભવ હોય છે. એવી જ કોઇ સ્ખલનાને જોઇને કોઇ ગીતાર્થમહાત્માઓ જ્યારે તેમને હિતશિક્ષા આપે છે ત્યારે તે મહાત્માઓ સામેથી તેમને કહેતા હોય છે કે "તમે જ ક્રિયાઓ બરાબર કરતા નથી. અમે તો બધી ક્રિયાઓ બરાબર કરીએ છીએ. તમારે અમને ઉપદેશ

આપવાની જરૂર નથી."... વગેરે કહેતી વખતે સ્વચ્છંદીઓનો; અજ્ઞાનના કારણે ઉત્પન્ન થયેલા આવેશને લઇને કઠોર આશય હોય છે. એ આશયથી ખૂબ જ કઠોર ભાષા તેઓ બોલતા હોય છે. પરંતુ શુદ્ધભિક્ષા અને મલિનવસ્ત્રને ધારણ કરવાદિ સ્વરૂપ તેમની આકૃતિ (બાહ્ય પ્રવૃત્તિ) ઉપર લોકોને વિશ્વાસ હોવાથી લોકોને ઠગવા સ્વરૂપ મહાપાપના તેઓ ભાજન બને છે. ગુણના આભાસમાત્રથી પામર પુરુષો ખૂબ જ સહેલાઇથી ઠગાતા હોય છે.

આથી સમજી શકાશે કે ગીતાર્થપારતંત્ર્યને સ્વીકારવાનું કેટલું દુષ્કર છે. બાહ્ય દૃષ્ટિએ ઉત્કટ ચારિત્રને ધારણ કરવા છતાં ગીતાર્થની આજ્ઞામાં રહેવાનું ખૂબ જ કપરું છે. ગીતાર્થની આજ્ઞામાં રહેવાનું મન ન હોય તો તે ઉત્કટ ચારિત્ર; ગુણનું કારણ બનતું નથી પરંતુ ગુણાભાસનું જ કારણ બનતું હોય છે. ગુણ અને ગુણાભાસની વચ્ચેના ભેદને સમજી નહિ શકનારા પામર પુરુષો ગુણાભાસને જ ગુણ માની લે છે, જેથી પરિણામે તેમને ઠગાવાનું બને છે. એમાં સ્વચ્છંદપણે વિચરનારા સંવિગ્નાભાસો પ્રબળ નિમિત્ત બને છે અને તેથી જ તેઓ મહાપાપના ભાજન બને છે. વિશ્વસ્ત જનોને ઠગવાનું પાપ ઘણું જ ભયંકર છે, ઇત્યાદિ યાદ રાખવું જોઇએ. આચારનો પ્રેમ કેળવતાં પહેલાં આજ્ઞા પ્રત્યે પ્રેમ કેળવી લેવો જોઇએ. અન્યથા આચારના પ્રેમનું જ નહિ, પાલનનું પણ કોઇ જ મહત્ત્વ નથી. ||૩-૨૦||

ઉપર જણાવ્યા મુજબ સ્વચ્છંદપણે વિચરનારા સંવિગ્નાભાસોનું વર્ણન કરીને હવે સંવિગ્નપાક્ષિકોનું નિરૂપણ કરાય છે–

**ये तु स्वकर्मदोषेण, प्रमाद्यन्तोऽपि धार्मिकाः ।**
**संविग्नपाक्षिकास्तेऽपि, मार्गान्वाचयशालिनः ॥३-२१॥**

ये त्विति–ये तु स्वकर्मदोषेण वीर्यान्तरायोदयलक्षणेन । प्रमाद्यन्तोऽपि क्रियासु अवसीदन्तोऽपि । धार्मिका धर्मनिरताः । संविग्नपाक्षिकाः संविग्नपक्षीकृताः । तेऽपि । मार्गस्यान्वाचयो भावसाध्वपेक्षया पृष्ठलग्नतालक्षणस्तेन शालन्त इत्येवंशीलाः । तदुक्तं– "लब्भिहिसि तेण पहं ति" ॥३-२१॥

આશય એ છે કે આ પૂર્વે સામાન્યથી સંવિગ્ન, અશઠ એવા ગીતાર્થનું આચરણ માર્ગ છે - એ જણાવીને તેનાથી તદ્દન જુદા એવા સંવિગ્નાભાસોનું

આચરણ મોહથી થતું હોવાથી માર્ગ નથી : તે વર્ણવ્યું. હવે જેઓ સ્વયં ગીતાર્થ છે પરંતુ વીર્યાંતરાયકર્મના ઉદયથી ચારિત્રની આરાધનામાં શિથિલ છે, એવા સંવિગ્નપાક્ષિકોનો આચાર માર્ગ છે કે નહિ ? - આવી શંકાના સમાધાન માટે એકવીસમો શ્લોક છે. તેનો અર્થ એ છે કે "પોતાના તીવ્ર એવા કર્મદોષથી ચારિત્રની ક્રિયામાં સિદાય છે છતાં જેઓ ધર્મમાં નિરત છે, તે સંવિગ્નપાક્ષિકો માર્ગને વળગેલા છે."

કહેવાનું તાત્પર્ય એ છે કે જે સાધુભગવંતો માર્ગના જ્ઞાતા-ગીતાર્થ છે પરંતુ પૂર્વે ઉપાર્જેલા વીર્યાંતરાયકર્મના ઉદય સ્વરૂપ કર્મદોષના કારણે ચારિત્રની તે તે ક્રિયાઓ કરવા સમર્થ થતા ન હોવા છતાં શક્ય ધર્મમાં નિરત છે, એવા સંવિગ્નપાક્ષિક (સંવિગ્ન સાધુઓનો પક્ષ સ્વીકારનારા) આત્માઓ ભાવસાધુઓની અપેક્ષાએ તેમની પાછળ લાગેલા હોવાથી માર્ગાન્વાચયશાલી છે. તેથી આ સંવિગ્નપાક્ષિકોનો માર્ગ માર્ગપ્રાપક હોવાથી માર્ગ છે. આ વાત જણાવતાં ઉપદેશમાળામાં જણાવ્યું છે કે 'તેનાથી મોક્ષમાર્ગ મળશે.' એનો આશય એ છે કે બહુવાર સમજાવવા છતાં સાધુવેષ પ્રત્યે અત્યંત રાગ હોવાથી જ્યારે કર્મના દોષથી શિથિલ આચારવાળા બનેલા આત્માઓ સાધુવેષનો ત્યાગ કરતા નથી ત્યારે તેમને કહેવામાં આવે છે કે 'તો તમે સંવિગ્નપાક્ષિકપણું સ્વીકારો તેથી તમને માર્ગ(મોક્ષમાર્ગની)ની પ્રાપ્તિ થશે.' આ રીતે સંવિગ્નપાક્ષિકોનો માર્ગ; મોક્ષમાર્ગની પ્રાપ્તિનો માર્ગ હોવાથી માર્ગ છે. અહીં યાદ રાખવું જોઇએ કે સંવિગ્નપાક્ષિક આત્માઓને સાધુપણાની આવશ્યકાદિ ક્રિયા કરવાનું મન નથી - એવું નથી. માત્ર ભૂતકાળના પ્રબળ કર્મના ઉદયથી જ તેઓ તે તે ક્રિયાઓ કરવા માટે સમર્થ બનતા નથી. તેથી સાધુવેષ પ્રત્યેના તીવ્ર અનુરાગના કારણે તેઓ સાધુવેષનો ત્યાગ કરતા નથી અને સંવિગ્નપાક્ષિકપણાનો સ્વીકાર કરે છે. આગળના શ્લોકોમાં વર્ણવાતા તેમના આચારોને જોતાં તેમની ગીતાર્થતાનો અને ચારિત્રધર્મનો પક્ષપાત સ્પષ્ટપણે સમજાશે. આગ વગેરેમાં ફસાયેલા પાંગળા માણસો ખસી શકતા ન હોવા છતાં તેમની જે મનઃસ્થિતિ છે, તેને આપણે સમજી શકતા હોઇએ તો સંવિગ્નપાક્ષિકોની પરિણતિને પણ આપણે સમજી શકીશું. ॥૩-૨૧॥

સંવિગ્નપાક્ષિક આત્માઓને ભવિષ્યમાં મોક્ષમાર્ગની જે પ્રાપ્તિ થાય છે, તેમાં કારણ બનતા એવા તેમના આચાર જણાવાય છે–

**शुद्धप्ररूपणैतेषां, मूलमुत्तरसम्पदः ।**
**सुसाधुग्लानिभैषज्यप्रदानाभ्यर्चनादिकाः ॥३-२२॥**

शुद्धेति–एतेषां संविग्नपाक्षिकाणाम् । शुद्धप्ररूपणैव मूलं सर्वगुणानामाद्यमुत्पत्तिस्थानं, तदपेक्षं यतनाया एव तेषां निर्जराहेतुत्वात् । तदुक्तं–"हीणस्स वि सुद्धपरूवगस्स संविग्गपक्खवाइस्स । जा जा हविज्ज जयणा सा सा से निज्जरा होइ ॥१॥" इच्छायोगसम्भवाच्चात्र नेतराङ्गवैकल्येऽपि फलवैकल्यम् । सम्यग्दर्शनस्यैवात्र सहकारित्वात् । शास्त्रयोग एव सम्यग्दर्शनचारित्रयोर्द्वयोस्तुल्यवदपेक्षणात् । तदिदमुक्तं– "दंसणपक्खो सावय चरित्तभट्ठे य मंदधम्मे य । दंसणचरित्तपक्खो समणे परलोगकंखिमि ॥१॥" उत्तरसम्पद उत्कृष्टसम्पदश्च सुसाधूनां ग्लानेरपनायकं यद्भैषज्यं तत्प्रदानं चाभ्यर्चनं च तदादिकाः ॥३-२२॥

"સંવિગ્નપાક્ષિકોને બધા ગુણોની ઉત્પત્તિના સ્થાન સ્વરૂપ શુદ્ધપ્રરૂપણા હોય છે અને સુસાધુઓને દવા આપવી, તેમની અભ્યર્ચના કરવી વગેરે ઉત્કૃષ્ટ સંપદા હોય છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે આ સંવિગ્નપાક્ષિકમહાત્માઓને ભવિષ્યમાં જે જે ગુણોની પ્રાપ્તિ થતી હોય છે તેના મૂળમાં તેઓની શુદ્ધ(માર્ગ)પ્રરૂપણા કાર્યરત છે. કારણ કે તેઓ સાધ્વાચારનું પાલન કરવામાં અત્યંત શિથિલ હોવા છતાં સાધ્વાચાર પ્રત્યેના દઢપક્ષપાતના કારણે જે કોઈ પણ પ્રવૃત્તિ કરે છે તે યતનાપૂર્વક કરે છે. શુદ્ધપ્રરૂપણા; એ યતનામાં ખૂબ જ ઉપયોગી બને છે. શુદ્ધપ્રરૂપણાની અપેક્ષાવાળી તે યતના (શક્ય પ્રયત્ને પાપથી દૂર રહેવાનો પરિણામ) સંવિગ્નપાક્ષિક મહાત્માઓની કર્મનિર્જરાનું કારણ છે. આવી નિર્જરાના કારણે તે મહાત્માઓને ગુણોનો આવિર્ભાવ થાય છે, જે ઉપર જણાવ્યા મુજબ શુદ્ધપ્રરૂપણામૂલક છે. આ વસ્તુને જણાવતાં અન્યત્ર કહ્યું છે કે - આચારથી હીન એવા શુદ્ધપ્રરૂપક સંવિગ્નપાક્ષિક મહાત્માઓની જે જે યતના છે તે તે નિર્જરાને કરાવનારી છે.

સંવિગ્નપાક્ષિક મહાત્માઓને જ્ઞાન અને દર્શન હોવા છતાં ચારિત્ર ન હોવાથી તેમને નિર્જરા શક્ય નથી - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે

ઇચ્છાયોગનું પ્રબળ ચારિત્ર હોવાથી પ્રવૃત્તિ, સ્થિરતા કે સિદ્ધિ યોગનું ચારિત્ર ન હોવા છતાં નિર્જરાસ્વરૂપ ફળની વિકલતા થતી નથી. તેમને ઇચ્છાયોગમાં સમ્યગ્દર્શન જ સહકારી કારણ બનતું હોવાથી તેનાથી (ઇચ્છાયોગના ચારિત્રથી) તેવા પ્રકારની નિર્જરા થાય છે. યદ્યપિ નિર્જરાની પ્રત્યે સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્ર : આ બંને સરખી રીતે કારણ બને છે. પરંતુ એ વાત શાસ્ત્રયોગને આશ્રયીને છે. શાસ્ત્રયોગના કારણે (વચનાનુષ્ઠાન દરમ્યાન) થતી નિર્જરાની પ્રત્યે સમ્યગ્દર્શનની જેમ સમ્યક્ચારિત્ર પણ સમાન રીતે અપેક્ષિત છે. પરંતુ ઇચ્છાયોગના કારણે (પ્રીત્યાદિ-અનુષ્ઠાન દરમ્યાન) થનારી નિર્જરાની પ્રત્યે સમ્યગ્દર્શન જેનું સહકારી કારણ છે એવું ઇચ્છાયોગનું ચારિત્ર કારણ છે. તેથી સંવિગ્નપાક્ષિક મહાત્માઓને નિર્જરાસ્વરૂપ ફળની પ્રાપ્તિ થવામાં કોઇ જ અવરોધ નથી. તેથી અન્યત્ર આ પ્રમાણે જણાવ્યું છે કે; “શ્રાવક, ચારિત્રભ્રષ્ટ અને મંદધર્મીઓને દર્શનનો પક્ષ હોય છે અને પરલોકાકાંક્ષી એવા સાધુભગવંતોને દર્શન તથા ચારિત્રનો પક્ષ હોય છે.” આથી સ્પષ્ટ છે કે શાસ્ત્રયોગના કારણે થનારી નિર્જરા સંવિગ્નપાક્ષિકોને પ્રાપ્ત ન થાય તોપણ ઇચ્છાયોગના કારણે તેમને નિર્જરા થઇ શકે છે.

આ રીતે સર્વ ગુણોની ઉત્પત્તિ માટે સંવિગ્નપાક્ષિક મહાત્માઓને મૂળભૂત કારણ તરીકે શુદ્ધપ્રરૂપણા હોય છે. તદુપરાંત સુસાધુ-ભગવંતોને રોગને દૂર કરવા દવા આપવી, તેમની ભક્તિ કરવી તેમ જ સંયમની સાધના માટે શક્ય એટલી અનુકૂળતા આપવી વગેરે સંવિગ્નપાક્ષિકોની ઉત્કૃષ્ટ સંપદા છે. આવી પ્રવૃત્તિથી સંવિગ્નો પ્રત્યેનો તેમનો સ્પષ્ટપણે પક્ષપાત જણાય છે. સાધુપણા પ્રત્યે તીવ્ર રાગાદિ હોવાથી જ તેઓ પૂ. સાધુભગવંતોની વૈયાવચ્ચ કરી શકે છે. અન્યથા કોઇ પણ રીતે તે કરી શકાય નહિ. સાધુપણા પ્રત્યેનો તીવ્ર રાગ, અત્યંત બહુમાન અને પરમ આદર જ સંવિગ્નપાક્ષિકોને માર્ગસ્થ રાખે છે. ॥૩-૨૨॥

સંવિગ્નપાક્ષિકોના જ બીજા આચાર જણાવાય છે–

**आत्मार्थं दीक्षणं तेषां, निषिद्धं श्रूयते श्रुते ।**
**ज्ञानाद्यर्थान्यदीक्षा च, स्वोपसम्पच्च नाऽहिता ॥३-२३॥**

आत्मार्थमिति–आत्मार्थं स्ववैयावृत्त्याद्यर्थम् । तेषां संविग्नपाक्षिकाणाम् । दीक्षणं श्रुते निषिद्धं श्रूयते । "अत्तट्ठा न वि दिक्खइ" इति वचनात् । ज्ञानाद्यर्थाऽन्येषां भावचरणपरिणामवत्पृष्ठभाविनामपुनर्बन्धकादीनां दीक्षा च तदर्थं तेषां स्वोपसम्पच्च नाहितकारिणी, असद्ग्रहपरित्यागार्थमपुनर्बन्धकादीनामपि दीक्षणाधिकारात् । तदुक्तं– "सइअपुणवंधगाणं कुग्गहविरहं लहुं कुणइत्ति ।" तात्त्विकानां तु तात्त्विकैः सह योजनमप्यस्याचारः । तदुक्तं–"देइ सुसाहूण बोहेउं ति" ।।३-२३।।

"શાસ્ત્રમાં સંવિગ્નપાક્ષિકોને પોતાના માટે કોઇને દીક્ષા આપવાનો નિષેધ છે. જ્ઞાનાદિ માટે બીજાને દીક્ષા આપવાનું અને પોતાની પાસે તેને રાખવાનું અહિતકર નથી." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે સંવિગ્નપાક્ષિક મહાત્માઓ પૂર્વે જણાવ્યા મુજબ શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરતા હોય છે. તેમની દેશનાને સાંભળીને પ્રતિબોધ પામેલાને 'પોતાની વૈયાવચ્ચ વગેરે સારી રીતે કરશે.' એવી કોઇ સ્વાર્થભાવનાથી દીક્ષા આપવાનો સંવિગ્નપાક્ષિકોને શાસ્ત્રમાં નિષેધ છે. '**अत्तट्ठा न वि दिक्खइ**'... ઇત્યાદિ પાઠથી તેનો નિષેધ કરાયો છે.

ભાવચારિત્રસંપન્ન આત્માઓને અનુસરનારા એવા અપુનર્બંધકાદિ જીવોને જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય - એ માટે એ અપુનર્બંધકાદિ આત્માઓને દીક્ષા આપવાનો તેમ જ જ્ઞાનાદિ માટે પોતાની પાસે તેમને રાખવાનું સંવિગ્નપાક્ષિક મહાત્માઓને માટે અહિતકર નથી. અત્યાર સુધીના અસદ્ગ્રહને દૂર કરવા માટે સંવિગ્નપાક્ષિક મહાત્માઓને; અપુનર્બંધકાદિ આત્માને દીક્ષા આપવાનો અધિકાર છે. આ પ્રમાણે અન્યત્ર પણ જણાવ્યું છે કે - (આગમને અનુસરી ભાવિત કરાતું આ દીક્ષાવિધાન) - સકૃદ્બંધક અને અપુનર્બંધક આત્માઓના કુગ્રહવિરહને શીઘ્ર કરે છે. આ પ્રમાણે સામાન્ય રીતે કુગ્રહવાળા અતાત્ત્વિક આત્માઓને સંવિગ્નપાક્ષિકો પોતે દીક્ષા આપે છે અને પોતાની પાસે પણ રાખે છે. પરંતુ કુગ્રહ વગરના તાત્ત્વિક આત્માઓને પ્રતિબોધીને દીક્ષાપ્રદાન કરાવવા માટે પૂ. મુનિભગવંતોની પાસે મોકલે છે. પોતે દીક્ષા આપતા નથી. કારણ કે તાત્ત્વિકોને તાત્ત્વિકો સાથે મેળવવાનો તેમનો (સંવિગ્નપાક્ષિકોનો) આચાર છે. આથી જ કહ્યું છે કે - સંવિગ્નપાક્ષિક મહાત્માઓ મુમુક્ષુઓને પ્રતિબોધ પમાડીને પૂ. સાધુભગવંતોને આપી દે છે. આથી સમજી શકાશે કે સંવિગ્નપાક્ષિકોને તત્ત્વનો પક્ષપાત કેટલો ઉત્કટ હોય છે. એના યોગે કરાતી શુદ્ધપ્રરૂપણા એમના માટે પરમનિર્જરાનું કારણ

બને છે અને સકલગુણોની ઉત્પત્તિનું મૂળ બને છે. તાત્ત્વિક પક્ષપાતનું અચિંત્ય સામર્થ્ય છે, એ સમજાય તો સંવિગ્નપાક્ષિકોનું મહત્ત્વ સમજાશે. સર્વવિરતિધર્મ પ્રત્યેનો તીવ્ર અનુરાગ અને શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનની અવિચલ શ્રદ્ધા શું કામ કરે છે : તે સંવિગ્નપાક્ષિક મહાત્માઓના સ્વરૂપને જાણવાથી સમજી શકાશે. ॥૩-૨૩॥

સંવિગ્નપાક્ષિક મહાત્માઓને શુદ્ધપ્રરૂપણા અને સુસાધુઓને ઔષધપ્રદાન વગેરે જેમ નિર્જરાનાં કારણ બનવાથી સફળ બને છે તેમ પોતાના ઉલ્લાસ મુજબ કરાતી આવશ્યકાદિ ક્રિયાઓ પણ વ્યર્થ નથી પણ સાર્થક છે - તે જણાવાય છે—

**नावश्यकादिवैयर्थ्यं, तेषां शक्यं प्रकुर्वताम् ।**
**अनुमत्यादिसाम्राज्याद्, भावावेशाच्च चेतसः ॥३-२४॥**

नेति—आवश्यकादिवैयर्थ्यं च तेषां स्ववीर्यानुसारेण शक्यं स्वाचारं प्रकुर्वतां न भवति, तत्करण एवाचारप्रीत्येच्छायोगनिर्वाहात् । तथाऽनुमत्यादीनामनुमोदनादीनां साम्राज्यात् सर्वथाऽभङ्गात् । चेतसश्चित्तस्य भावावेशादर्थाद्युपयोगाच्च श्रद्धामेधाद्युपपत्तेः ॥३-२४॥

“પોતાના ઉલ્લાસ મુજબ શક્ય એવા સ્વાચારને કરતા એવા સંવિગ્નપાક્ષિક મહાત્માઓની આવશ્યક ક્રિયા વગેરે વ્યર્થ (નિષ્ફળ) નથી. કારણ કે એ કરતી વખતે નિરંતર અનુમોદના વગેરે ચાલુ હોય છે અને ચિત્ત ભાવાન્વિત હોય છે.” - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સંવિગ્નપાક્ષિક મહાત્માઓ પોતાના વીર્ય-ઉલ્લાસ મુજબ શક્ય એવી પોતાની ક્રિયાઓ કરતા હોય છે. તે વખતે તેવા પ્રકારના ઉલ્લાસાદિના અભાવે તે તે ક્રિયાઓ બરાબર ન થવા છતાં નકામી જતી નથી. કારણ કે તે વખતે પણ જેઓ તે તે ક્રિયાઓ શુદ્ધ રીતે કરતા હોય છે તેમની નિરંતર અનુમોદના અને તે માટે પ્રેરણા કરવાદિના કારણે તે તે ક્રિયાઓનો સર્વથા ભંગ થતો નથી તેમ જ ચિત્ત; તે તે ક્રિયાઓના અર્થ(પરમાર્થ)ને વિશે ઉપયોગશીલ હોવાથી તેના ફળ સ્વરૂપે શ્રદ્ધા, મેધા અને ધૃતિ વગેરેની પ્રાપ્તિ થાય છે. આવી ક્રિયાઓ કરવાથી જ પોતાના આચાર પ્રત્યેની પ્રીતિના કારણે સંવિગ્નપાક્ષિક મહાત્માઓને ઇચ્છાયોગ સંગત થાય છે. અન્યથા તેમને ઇચ્છાયોગ પણ સંગત નહિ થાય.

ઇચ્છાયોગનું સ્વરૂપ જ એવું છે કે શુદ્ધપ્રવૃત્તિ પ્રત્યે તીવ્રપક્ષપાત હોવાથી ઇચ્છાયોગના યોગી; ક્રિયાની ઉત્કટ ઇચ્છા હોવાથી શક્તિ અને ઉલ્લાસ અનુસાર તે તે ક્રિયાઓ કર્યા વગર રહી જ શકતા નથી. અર્થાત્ એવી ક્રિયાઓ જ તેમના ઇચ્છાયોગની નિર્વાહિકા છે. ક્રિયાઓ બરાબર થતી નથી તેથી સર્વથા કરવામાં ન આવે તો તેની પ્રત્યે ધીરે ધીરે ઉપેક્ષાભાવ આવવાથી તેના વિશેની પ્રીતિ નાશ પામે છે. ઇચ્છાયોગ, અનુમોદનાદિ અને અર્થાદિમાં ચિત્તના ઉપયોગના કારણે સંવિગ્નપાક્ષિક મહાત્માઓનું આવશ્યકાદિ અનુષ્ઠાન વ્યર્થ નથી. પરંતુ તે અનુષ્ઠાનથી શ્રદ્ધા, મેધા અને ધૃતિ વગેરેની ઉપપત્તિ થાય છે. ||૩-૨૪||

સંવિગ્નપાક્ષિક મહાત્માઓની આવશ્યકાદિ ક્રિયાઓ ભાવસાધુની અપેક્ષાએ દ્રવ્યસ્વરૂપ હોવાથી તે તુચ્છ (વ્યર્થ) છે - આવી શંકાનું સમાધાન કરવા માટે પચીસમો શ્લોક છે–

**द्रव्यत्वेऽपि प्रधानत्वात्, तथाकल्पात् तदक्षतम् ।**
**यतो मार्गप्रवेशाय, मतं मिथ्यादृशामपि ।।३-२५।।**

द्रव्यत्वेऽपीति–तदावश्यकस्य भावसाध्वपेक्षया द्रव्यत्वेऽपि प्रधानत्वादिच्छाद्यतिशयेन भावकारणत्वाद् द्रव्यपदस्य क्वचिदप्रधानार्थकत्वेन क्वचिच्च कारणार्थकत्वेनानुयोगद्वारवृत्तौ व्यवस्थापनात् । तथाकल्पात् तथाचारात् । तदावश्यकं तेषामक्षतं, यतो मार्गप्रवेशाय मिथ्यादृशामपि तदावश्यकं मतं गीतार्थैरङ्गीकृतम्, अभ्यासरूपत्वाद्, अस्खलितत्वादिगुणगर्भतया द्रव्यत्वोपवर्णनस्यैतदर्थद्योतकत्वाच्च ।।३-२५।।

"ભાવસાધુઓની અપેક્ષાએ સંવિગ્નપાક્ષિકોની આવશ્યકાદિ ક્રિયાઓ; પ્રધાનદ્રવ્યસ્વરૂપ હોવાથી અને પોતાના આચાર મુજબ હોવાથી તે અક્ષત છે અર્થાદ્ વ્યર્થ (તુચ્છ) નથી. કારણ કે મિથ્યાદષ્ટિઓને મોક્ષમાર્ગે પ્રવેશ કરાવવા માટે પ્રધાન દ્રવ્યક્રિયા આવશ્યક મનાય છે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સંવિગ્નપાક્ષિક મહાત્માઓની આવશ્યકાદિ ક્રિયાઓ ભાવસાધુઓની અપેક્ષાએ દ્રવ્યક્રિયાસ્વરૂપ હોવા છતાં તે પ્રધાનદ્રવ્યક્રિયાસ્વરૂપ હોવાથી વ્યર્થ નથી. કારણ કે આવી દ્રવ્યક્રિયા કરતી વખતે

ભાવક્રિયાસંબંધી ઇચ્છા, બહુમાન વગેરે અત્યંત હોવાથી એ દ્રવ્યક્રિયા ભાવક્રિયાનું કારણ બને છે. જે ભાવનું કારણ છે; તેને પ્રધાનદ્રવ્ય કહેવાય છે.

શ્રી અનુયોગદ્વારસૂત્રની ટીકામાં; '**द्रव्य**' પદ કોઇ વાર (ભાવનું કારણ ન બને ત્યારે) અપ્રધાન અર્થને અને કોઇ વાર ભાવના કારણ સ્વરૂપે પ્રધાન અર્થને જણાવે છે - આ પ્રમાણે વર્ણવ્યું છે. આવી ક્રિયાઓ પણ કરવાનો સંવિગ્નપાક્ષિકોનો પોતાનો આચાર છે. વિહિત આચાર વ્યર્થ નથી, પરંતુ ઉપર જણાવ્યા મુજબ સાર્થક છે. પ્રધાન દ્રવ્યક્રિયાસ્વરૂપ તે આવશ્યક; ભાવની પ્રાપ્તિ કરાવવા માટે અક્ષત-સમર્થ છે.

આથી જ ગીતાર્થમહાત્માઓએ મિથ્યાદૃષ્ટિઓનું પણ તે પ્રધાન દ્રવ્યાવશ્યક મોક્ષમાર્ગમાં પ્રવેશ કરાવવા માટે યોગ્ય માન્યું છે. આ રીતે મિથ્યાદૃષ્ટિઓનું પણ તે પ્રધાન દ્રવ્યાવશ્યક જો યોગ્ય મનાતું હોય અને નિરર્થક મનાતું ન હોય તો સમ્યગ્દૃષ્ટિ એવા સંવિગ્નપાક્ષિક મહાત્માઓનું અનુષ્ઠાન કોઇ પણ રીતે વ્યર્થ નથી - એ સમજી શકાય છે. અભ્યાસસ્વરૂપ હોવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરાવવા માટે મિથ્યાદૃષ્ટિઓના પણ અનુષ્ઠાનને (દ્રવ્યાનુષ્ઠાનને) પૂ. ગીતાર્થ મહાત્માઓએ માન્ય રાખ્યું છે. જો દ્રવ્ય-અનુષ્ઠાન સર્વથા વ્યર્થ હોય તો; 'અસ્ખલિત અહીનાક્ષર... વગેરે ગુણોથી યુક્ત સૂત્ર હોવા છતાં ભાવશૂન્ય (ઉપયોગરહિત) હોય તો તે દ્રવ્યાનુષ્ઠાન(દ્રવ્યાવશ્યક) છે.' - આ પ્રમાણે જે વર્ણન કરાય છે, તે આવશ્યક નહીં રહે; કારણ કે તેની સર્વથા વ્યર્થતામાં તેના અસ્ખલિતત્વાદિ ગુણોનું વર્ણન કોઇ પણ રીતે ઉપયોગી નથી બનતું. આમ છતાં એ વર્ણન છે. તેથી સમજાય છે કે અસ્ખલિતાદિ ગુણોથી અભ્યસ્ત સૂત્ર પણ ઉપયોગરહિતપણે બોલાતું હોય તો તે દ્રવ્યાવશ્યક છે. અભ્યસ્ત સૂત્ર ભાવનું કારણ બને તો તે પ્રધાન દ્રવ્યાવશ્યક બને છે. અન્યથા તો તે અપ્રધાન દ્રવ્યાવશ્યક છે. આવું અસ્ખલિતત્વ વગેરે ગુણથી યુક્ત દ્રવ્યાવશ્યક સર્વથા વ્યર્થ નથી. કાલાંતરે તે ભાવનું કારણ બની શકે છે. તે વખતે અભ્યસ્ત અસ્ખલિતત્વાદિ ગુણો ખૂબ જ ઉપયોગી બને છે. ॥૩-૨૫॥

ઉપર જણાવ્યા મુજબ સંવિગ્નપાક્ષિક મહાત્માઓનો શુદ્ધપ્રરૂપણા, ગ્લાનાદિને ઔષધપ્રદાન વગેરે જેમ માર્ગ છે તેમ જ્ઞાનાદિનો અભાવ હોવા છતાં

આધાકર્મિકાદિ દોષોના નિવારણ માટે એકાકી વિહારાદિ પણ એક માર્ગ કેમ ન મનાય - આ શંકાનું સમાધાન કરાય છે—

**मार्गभेदस्तु यः कश्चिन्निजमत्या विकल्प्यते ।**
**स तु सुन्दरबुद्ध्याऽपि, क्रियमाणो न सुन्दरः ॥३-२६॥**

मार्गेति—व्यक्तः ॥३-२६॥

"પોતાની મતિકલ્પનાથી જે માર્ગવિશેષ પરિકલ્પાય છે; તે સુંદર બુદ્ધિથી પણ કરાતો (પરિકલ્પાતો) હોય તો સુંદર નથી." - આ પ્રમાણે છવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે શાસ્ત્રમાં જે માર્ગ જણાવ્યો છે તેને છોડીને અન્ય માર્ગવિશેષની પોતાની મતિકલ્પનાથી જે કલ્પના કરાય તે સારું નથી. સુંદર બુદ્ધિ-આશયથી પણ એવી કોઇ કલ્પના કરવાનું ઉચિત નથી.

શાસ્ત્રમાં જેનો ઉલ્લેખ છે તેને માર્ગ માનવામાં કોઇ જ દોષ નથી. પરંતુ જેનો શાસ્ત્રમાં ઉલ્લેખ નથી; તેને માર્ગ માનવાનું ઉચિત નથી. સંવિગ્નપાક્ષિકોનો જે શુદ્ધપ્રરૂપણાદિ માર્ગ છે, તેનો ઉલ્લેખ પૂર્વે જણાવ્યા મુજબ શાસ્ત્રમાં (ઉપદેશમાલાદિ ગ્રંથમાં) ઉપલબ્ધ છે. પરંતુ સમુદાયમાં રહેવાથી સંભવતા આધાકર્મિકાદિ દોષના નિવારણ માટે એકાકી વિહારાદિની અનુજ્ઞાનો શાસ્ત્રમાં ઉલ્લેખ નથી. ગુરુપારતંત્ર્યના વિધાનના કારણે એકાકી વિહાર નિષિદ્ધ હોવાથી તેને માર્ગ માનવાનું યોગ્ય નથી. જ્યાં પણ એકાકી વિહારનો ઉલ્લેખ છે તે ગીતાર્થવિશેષને આશ્રયીને છે. મુખ્ય રીતે તો એકાકી વિહાર નિષિદ્ધ છે. તેથી આધાકર્મિકાદિ દોષોના પરિહારની સુંદર બુદ્ધિ(આશય)થી પણ એ રીતે માર્ગવિશેષની કલ્પના કરવી એ ઉચિત નથી.

વર્તમાનમાં પોતાની મતિકલ્પનાથી માર્ગવિશેષની પરિકલ્પના ખૂબ જ વધી રહી છે. પારમાર્થિક ગુરુપારતંત્ર્યના અભાવે શાસ્ત્રનિરપેક્ષ જ નહિ, શાસ્ત્રનિષિદ્ધ તે તે પ્રવૃત્તિઓ ખૂબ જ ઝડપથી વધતી ચાલી છે. કાલાદિ તેમ જ એકતાદિના આશયથી કરાતી એ પ્રવૃત્તિઓ સુંદરબુદ્ધિપૂર્વકની જણાતી હોય તોપણ શાસ્ત્રવિહિત ન હોવાથી તેને માર્ગસ્વરૂપ માની શકાશે નહિ. સંવિગ્નપાક્ષિક મહાત્માઓની શુદ્ધપ્રરૂપણાદિ ક્રિયાઓ શાસ્ત્રવિહિત હોવાથી તે માર્ગ છે. એને આંખ સામે રાખીને શાસ્ત્રનિરપેક્ષ રીતે કરાતો માર્ગભેદ સુંદર નથી જ - એ યાદ

રાખવું જોઇએ. એ પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવામાં નહીં આવે તો માર્ગ અને ઉન્માર્ગ વચ્ચે જે ભેદરેખા છે તેની રક્ષા કરવાનું શક્ય નહીં બને. એ ભેદરેખાનો વિનાશ કરનારો વર્ગ દિવસે દિવસે મજબૂત અને વિશાળ બનતો જાય છે. એની ઉપેક્ષા કરવાથી શાસનને પારાવાર નુકસાન થશે. એ પહેલાં અહીં આ શ્લોક દ્વારા જણાવેલી વાત આપણે બરાબર યાદ કરી લઇએ. પારમાર્થિક માર્ગમાં તેના અનુસરણ માટે જે સત્ત્વ જોઇએ તે મેળવી લેવામાં જ આપણું હિત છે. આપણી પાસે જેટલું સત્ત્વ છે; તેના પ્રમાણમાં માર્ગવિશેષમાં ફેરફાર કરવાથી આપણું હિત નહીં થાય. ॥૩-૨૬॥

સંવિગ્નપાક્ષિકોનો માર્ગ સ્વમતિકલ્પિત નથી પરંતુ શાસ્ત્રપ્રસિદ્ધ છે - તે જણાવવા માટે હવે પછીના બે (૨૭/૨૮) શ્લોક છે.

**निवर्त्तमाना अप्येके, वदन्त्याचारगोचरम् ।**
**आख्याता मार्गमप्येको, नोञ्छजीवीति च श्रुतिः ॥३-२७॥**

निवर्तमाना इति—एके संयमान्निवर्तमाना अपि । आचारगोचरं यथावस्थितं वदन्ति "वयमेव कर्तुमसहिष्णवः, मार्गः पुनरित्थम्भूत एवेति" । यदाचारसूत्रं - "नियट्टमाणा वेगे आयारगोअरमाइक्खंति" । अत्र संयमाल्लिङ्गाद्वा निवर्तमानाः, वाशब्दादनिवर्तमानाश्च लभ्यन्ते । उभयथाप्यवसीदन्त एव योजिता यथास्थिताचारोक्त्या हि तेषामेकैव बालता भवति आचारहीनतया, न तु द्वितीयापि । ये तु हीना अपि वदन्ति "एवम्भूत एवाचारोऽस्ति योऽस्माभिरनुष्ठीयते, साम्प्रतं दुःषमानुभावेन बलाद्यपगमान्मध्यभूतैव वर्तनी श्रेयसी, नोत्सर्गावसर इति" तेषां तु द्वितीयापि बालता बलादापतति, गुणवद्दोषानुवादात् । यदागमः—"सीलमंता उवसंता [1]संखाए रीयमाणा [2]असीला । अणुवयमाणस्स बितिआ मंदस्स बालया ॥१॥ [आचाराङ्गसूत्र १८६ पत्र २५०/५१] तथा मार्गमेक आख्याता न चोञ्छजीवीत्यपि श्रुतिरस्ति । तदुक्तं स्थानाङ्गे—"आघाइत्ता णामं एगे णो उंछजीवी' इति ॥३-२७॥

'સંયમથી નિવૃત્ત થનારા પણ કેટલાક યથાવસ્થિત આચારને જણાવનારા છે' તેમ જ 'માર્ગને જણાવનારા છે પણ ઉંછજીવી નથી.' - આ પ્રમાણે વચન છે. સત્તાવીસમા શ્લોકમાં જણાવેલી વાતનો આશય એ છે કે કેટલાક આત્માઓ

१. प्रज्ञया (संयमे) पराक्रममाणाः । २. 'अशीला एते' इति अनुवदतो मन्दस्य ।

(સંવિગ્નપાક્ષિક મહાત્માઓ જેવા) સંયમથી નિવૃત્ત હોવા છતાં પોતાના અસંયમનો પક્ષપાત કર્યા વિના આચારના વિષયમાં યથાસ્થિત જ પ્રરૂપણા કરે છે. તેઓ સ્પષ્ટપણે જણાવતા હોય છે કે આચાર તો આવો (શાસ્ત્રમાં જણાવ્યા મુજબનો) જ છે. પરંતુ અમે તે પ્રમાણે કરવા માટે શક્તિમાન-સહિષ્ણુ (સહન કરીને પણ કરવાની ભાવનાવાળા) નથી. શ્રી આચારાંગસૂત્રમાં એ જ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે - કેટલાક સંયમથી - લિંગથી નિવર્તમાન હોય અથવા ન પણ હોય તોપણ તેઓ આચારના વિષયમાં યથાસ્થિત જ પ્રરૂપણા કરે છે. શ્રી આચારાંગના આ સૂત્રમાં **नियट्टमाणा वेगे** અહીં **वा** પદનો પ્રયોગ હોવાથી સંયમલિંગથી નિવૃત્ત અને અનિવૃત્ત : બંનેનું ગ્રહણ થાય છે પરંતુ બંને સંયમથી સિદાતા(શિથિલ) જ સમજવાના છે. સંયમથી સિદાતા હોવા છતાં તેઓ યથાસ્થિત(શાસ્ત્રવિહિત) જ આચારનો ઉપદેશ આપતા હોવાથી તેમને એક જ બાલતા હોય છે. આચારહીનતાના કારણે એ બાલતા છે. બીજી બાલતા નથી.

પરંતુ જેઓ આચારથી હીન હોવા છતાં પણ એમ કહે છે કે "અમે જે આચરીએ છીએ; એવો જ આચાર છે. વર્તમાનમાં દુઃષમકાળને લઈને શરીરબળાદિનો હ્રાસ થયો હોવાથી મધ્યમ માર્ગ જ કલ્યાણને કરનારો છે. ઉત્સર્ગમાર્ગનો અત્યારે અવસર નથી." આવાઓને તો બીજી પણ બાલતા પ્રાપ્ત થાય છે. કારણ કે પોતે તો ગુણહીન હતા જ અને ગુણવાન પુરુષોના તેઓ દોષ ગાય છે. આ વાત જણાવતાં આચારાંગમાં ફરમાવ્યું છે કે, 'જેઓ શીલ(અઢાર હજાર પ્રકારે આચાર)સંપન્ન; ઉપશાંત અને પ્રજ્ઞાથી માર્ગે ચાલનારા છે તેમને અશીલ કહેનારાને બીજી બાલતા (મૂર્ખતા) પ્રાપ્ત થાય છે. આચાર અને પ્રરૂપણા : એ બંન્નેમાં તેઓ શિથિલ હોવાથી બંન્ને રીતે તેઓ મૂર્ખ બને છે.

આવી જ રીતે ઉપર જણાવ્યા મુજબ જેમ આચારથી હીન છે, પરંતુ પ્રરૂપણાથી હીન નથી એ પ્રમાણે જણાવનારું વચન છે; 'તેમ પ્રરૂપણા બરાબર છે પણ તેઓ ઉંછજીવી નથી' આ પ્રમાણે જણાવનારું પણ વચન છે. જેમ કે શ્રી સ્થાનાંગસૂત્રમાં જણાવ્યું છે કે, 'કેટલાક પ્રરૂપણા શુદ્ધ કરતા હોવા છતાં તેઓ ઉંછજીવી (શુદ્ધભિક્ષાને ગ્રહણ કરનારા) નથી.' આથી સ્પષ્ટ થાય છે કે શુદ્ધપ્રરૂપણાદિને લઈને; સંયમથી નિવૃત્ત થનારાને પણ એક જ પ્રકારની બાલતા પ્રાપ્ત થાય છે. તેથી સંવિગ્નપાક્ષિક મહાત્માઓનો પણ માર્ગ છે. તેમની

શુદ્ધદેશનાશ્રવણાદિ દ્વારા અનેક આત્માઓને મોક્ષની પ્રાપ્તિ થતી હોય છે તેથી તે પણ મોક્ષમાર્ગ છે. ॥૩-૨૭॥

સંવિગ્નપાક્ષિકો સાધુવેષનો ત્યાગ કરતા ન હોવાથી તેમને સંવિગ્નોમાં સમાવી લેવાથી તેમના માર્ગને સ્વતંત્ર રીતે માર્ગ માનવાની આવશ્યકતા નથી - આવી શંકાનું સમાધાન કરાય છે–

**असंयते संयतत्वं, मन्यमाने च पापता ।**
**भणिता तेन मार्गोऽयं, तृतीयोऽप्यवशिष्यते ॥३-२८॥**

असंयत इति–असंयते संयतत्वं मन्यमाने च पापता भणिता । "असंजए संजयलप्पमाणे पावसमणुत्ति वुच्चइ" इति पापश्रमणीयाध्ययनपाठाद् । असंयते यथास्थितवक्तरि पापत्वानुक्तेः । तेन कारणेनायं संविग्नपक्षरूपस्तृतीयोऽपि मार्गोऽवशिष्यते । साधुश्राद्धयोरिव संविग्नपाक्षिकस्याप्याचारेणाविसंवादिप्रवृत्तिसम्भवात् । तदुक्तं–"सावज्जजोगपरिवज्जणाइ सव्वुत्तमो अ जइधम्मो । बीओ सावगधम्मो तइओ संविग्गपक्खपहो ॥१॥" योगाख्यो मार्गः संविग्नपाक्षिकाणां नासम्भवी । मैत्र्यादिसमन्वितवृत्तादिमत्त्वेनाध्यात्मादिप्रवृत्त्यबाधाद् । अविकल्पतथाकाराविषयत्वेन नैतद्धर्मो मार्गः "कप्पाकप्पे परिनिट्ठिअस्स ठाणेसु पंचसु ठिअस्स । संजमतववड्ढगस्स उ अविगप्पेणं तहक्कारो ॥१॥" इति वचनात् । साधुवचन एवाविकल्पेन तथाकारश्रवणादिति चेन्नैतद्वचनबलादन्यत्र लभ्यमानस्य विकल्पस्य व्यवस्थितत्वेन व्याख्यानात् । व्यवस्था चेयं संविग्नपाक्षिकस्य वचनेऽविकल्पेनैव तथाकारोऽन्यस्य तु विकल्पेनैवेति । विवेचितं चेदं सामाचारीप्रकरणेऽस्माभिः ॥३-२८॥

"અસંયતને સંયત માનવાથી પાપ લાગે છે - એમ જણાવ્યું છે. તેથી સંવિગ્નપાક્ષિકોનો આ ત્રીજો પણ માર્ગ છે." - આ પ્રમાણે અઠ્ઠાવીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે જેઓ અસંયત છે તેમને સંયત માનવાથી પાપનો પ્રસંગ આવે છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં ફરમાવ્યું છે કે અસંયતને સંયત કહેવાથી શ્રમણ પાપશ્રમણ કહેવાય છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના પાપશ્રમણીય અધ્યયનના એ પાઠથી અસંયતને સંયત કહેવાથી પાપનો પ્રસંગ આવે છે. અસંયતને અસંયત કહેનારમાં પાપત્વનો ઉલ્લેખ નથી. તેથી સંવિગ્નપાક્ષિકોનો સંયતમાં સમાવેશ શક્ય ન હોવાથી સંવિગ્નપાક્ષિકોનો પણ એક માર્ગ છે.

સાધુભગવંતો અને શ્રાવકોના આચારને જોઈને જેમ અવિસંવાદિ પ્રવૃત્તિ થાય છે તેમ સંવિગ્નપાક્ષિકોના પણ શુદ્ધપ્રરૂપણાદિ આચારને જોઈને અવિસંવાદિ પ્રવૃત્તિ થાય છે. અવિસંવાદિ પ્રવૃત્તિને કરાવનારા એ ત્રણે ય માર્ગ (મોક્ષપ્રાપક માર્ગ) છે. એ પ્રમાણે 'શ્રી ઉપદેશમાલા'માં જણાવ્યું છે કે સર્વસાવદ્યયોગનું પરિવર્જન હોવાથી યતિધર્મ સર્વોત્તમ છે. ત્યાર પછી બીજો શ્રાવકધર્મ છે અને ત્રીજો સંવિગ્નપાક્ષિકોનો માર્ગ છે.

મોક્ષસાધક આત્મવ્યાપારને યોગ કહેવાય છે. સંવિગ્નપાક્ષિક આત્માઓને એવા યોગમાર્ગની પ્રાપ્તિ કઈ રીતે સંભવે ? કારણ કે તેમને વિરતિનો અભાવ છે. યોગમાર્ગની પ્રાપ્તિ તો વિરતિના સદ્ભાવમાં હોય છે... આવી શંકા કરવી ના જોઈએ. કારણ કે સંવિગ્નપાક્ષિકોનું ચિત્ત મૈત્રી, પ્રમોદ આદિથી ભાવિત હોવાથી મૈત્ર્યાદિભાવથી યુક્ત તેમના તે તે શુદ્ધપ્રરૂપણાદિ આચારના કારણે તેમને અધ્યાત્મ અને ભાવના સ્વરૂપ યોગની પ્રાપ્તિ થાય છે. સામાન્ય રીતે પોતાની ભૂમિકા(યોગ્યતા) મુજબ ઉચિત પ્રવૃત્તિને કરનારા એવા વ્રતને ધારણ કરનારના મૈત્ર્યાદિભાવગર્ભિત શાસ્ત્રાનુસારી જીવાદિતત્ત્વચિંતનને અધ્યાત્મ કહેવાય છે. અધ્યાત્મનો જ દરરોજ ચિત્તવૃત્તિના નિરોધપૂર્વકનો વધતો જે અભ્યાસ છે તેને ભાવના કહેવાય છે. સંવિગ્નપાક્ષિક મહાત્માઓને મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યના કારણે અધ્યાત્માદિ યોગની પ્રવૃત્તિનો સંભવ છે, તેમાં કોઈ બાધ નથી. યદ્યપિ વિરતિના કારણે પ્રાપ્ત થનારો યોગમાર્ગ પૂ. સાધુભગવંતોને અને દેશવિરતિધર શ્રાવકોને હોય છે. સંવિગ્નપાક્ષિક મહાત્માઓને એ યોગ સંભવતો નથી, પરંતુ અપુનર્બંધકાદિને એ યોગના કારણ સ્વરૂપ યોગની પ્રાપ્તિમાં કોઈ બાધક નથી. ઈત્યાદિ આગળની બત્રીસીમાં સ્પષ્ટ કરાશે.

"કલ્પ(સાધ્વાચાર) અને અકલ્પના જાણકાર, પાંચ મહાવ્રતોમાં રહેલા અને સંયમ તથા તપના વૈભવવાળા (કરનારા) એવા પૂ. સાધુભગવંતોના વચનમાં વિકલ્પ વિના (એકાંતે) તથાકાર (તહત્તિ) કરવો. અન્યત્ર વિકલ્પથી તથાકાર કરવો..." આ પ્રમાણેના વચનથી પૂ. સાધુભગવંતોના જ વચનમાં અવિકલ્પથી તથાકાર કરવાનું જણાવ્યું છે. સંવિગ્નપાક્ષિકો સાધુ ન હોવાથી તેમના વચનમાં અવિકલ્પથી તથાકાર (**તથાઽસ્તુ** કહેવા પૂર્વકનો સ્વીકાર) કરાતો નથી, તેથી તેમનો શુદ્ધપ્રરૂપણાદિ ધર્મ માર્ગ નથી - આ પ્રમાણે નહીં કહેવું

જોઇએ. કારણ કે ઉપર જણાવ્યા મુજબના વચનમાં; પૂ. સાધુભગવંતોના વચનથી અન્યત્ર સંવિગ્નપાક્ષિકાદિ મહાત્માઓના વચનમાં જે વિકલ્પથી તથાકાર જણાવ્યો છે ત્યાં; સંવિગ્નપાક્ષિકોનો માર્ગ ત્રીજો છે - આ વચનના સામર્થ્યથી તે વિકલ્પને વ્યવસ્થિતવિભાષાસ્વરૂપે વર્ણવ્યો છે. સામાન્ય રીતે જ્યાં વિભાષા - વિકલ્પથી જે કાર્યનું વિધાન કરાય છે; ત્યાં તે કાર્ય તે તે સ્થાને કરાય અથવા ન પણ કરાય. પરંતુ જ્યાં જે કાર્યનું વિધાન વ્યવસ્થિતવિભાષાથી કરાય છે ત્યાં તે કાર્ય કેટલાંક સ્થાને ચોક્કસ થાય છે અને કેટલાંક સ્થાને તે કાર્ય થતું જ નથી. સામાન્યવિભાષાસ્થળે સર્વત્ર તે કાર્ય અને તે કાર્યનો અભાવ : બંન્ને થાય છે. અહીં પૂ. સાધુભગવંતોના વચનમાં તો અવિકલ્પે (વિકલ્પ વિના) તથાકાર છે. તેને છોડીને અન્ય-સંવિગ્નપાક્ષિકોના વચનમાં અવિકલ્પથી જ તથાકાર છે. અને સંવિગ્નપાક્ષિકોથી પણ અન્યના વચનમાં વિકલ્પથી જ તથાકાર છે. આ વ્યવસ્થિતવિભાષા છે. આ બધી વાત ગ્રંથકારશ્રીએ સામાચારીપ્રકરણમાં વિસ્તારથી જણાવી છે. આથી સમજી શકાશે કે સંવિગ્ન-પાક્ષિકોના વચનમાં પૂ. સાધુભગવંતોના વચનની જેમ જ વિકલ્પ વિના એકાંતે તથાકાર કરવાનો હોવાથી સંવિગ્નપાક્ષિકોનો પણ માર્ગ છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનાનુસાર શુદ્ધ પ્રરૂપકોના વચનમાં વિકલ્પનો કોઇ અવકાશ નથી. કોઇ પણ જાતના ખચકાટ વિના એ પરમતારક વચનમાં તથાકાર (પરમસત્યતાનો સ્વીકાર) કરી જ લેવો જોઇએ. સંવિગ્નપાક્ષિક મહાત્માના વચનમાં પણ એ રીતે જ તથાકાર કરવાથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી હોય છે. તેથી તેમનો ત્રીજો માર્ગ છે. ॥૩-૨૮॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરતાં નિષ્કર્ષ જણાવાય છે–

**साधुः श्राद्धश्च संविग्नपक्षी शिवपथास्त्रयः ।**
**शेषा भवपथा गेहिद्रव्यलिङ्गिकुलिङ्गिनः ॥३-२९॥**

साधुरिति—व्यक्तः ॥३-२९॥

"સાધુ, શ્રાવક અને સંવિગ્નપક્ષી - આ ત્રણ મોક્ષમાર્ગ છે અને બાકીના ગૃહસ્થ, દ્રવ્યલિંગી અને કુલિંગી - આ ત્રણ ભવ - (સંસાર) માર્ગ છે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે પૂ. સાધુભગવંતોનું

આચરણ શ્રી તીર્થંકર-પરમાત્માની પરમતારક આજ્ઞાનું જ્ઞાન કરાવવા દ્વારા મોક્ષમાર્ગમાં મુમુક્ષુ આત્માઓને પ્રવર્ત્તાવે છે. આવી જ રીતે શ્રાવકોનું દેશવિરતિનું આચરણ અને સંવિગ્નપાક્ષિક મહાત્માઓનું શુદ્ધપ્રરૂપણાદિસ્વરૂપ આચરણ પણ શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાનું જ્ઞાન કરાવવા દ્વારા મુમુક્ષુ આત્માઓને મોક્ષમાર્ગમાં પ્રવર્ત્તાવે છે. તેથી તે ત્રણે ય મોક્ષમાર્ગ છે. આનાથી તદ્દન વિપરીત ગૃહસ્થ, દ્રવ્યલિંગી(માત્ર સાધુવેષ રાખનાર) અને કુલિંગી (બાવાઓ વગેરે)ઓનો માર્ગ સંસારમાં ભટકાવનારો છે. ગૃહસ્થો વગેરેનું આચરણ શ્રી તીર્થંકરભગવંતની આજ્ઞાથી સર્વથા વિપરીત હોવાથી એ માર્ગે ચાલનારાને કોઇ પણ સંયોગોમાં મોક્ષની પ્રાપ્તિ થતી નથી, સંસારમાં ભટકવું પડે છે. આ શ્લોકમાં જણાવેલા શિવપથ અને ભવપથને કોઇ પણ જાતના પૂર્વગ્રહ(કદાગ્રહ) વિના સમજી લેવાનું ખૂબ જ આવશ્યક છે.

અહીં એ યાદ રાખવું જોઇએ કે સંવિગ્નપાક્ષિક મહાત્માઓના ત્રીજા મોક્ષમાર્ગની જેમ પૂ. સાધુભગવંતો અને શ્રાવકોનો જે મોક્ષમાર્ગ છે, તે શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞાના પાલનને લઇને છે. માત્ર દ્રવ્યલિંગને ધારણ કરનારા એવા તેમનો માર્ગ શિવપથ નથી; પરંતુ ભવપથ છે. ॥૩-૨૯॥

ત્રણ પ્રકારના મોક્ષમાર્ગનું અને ત્રણ પ્રકારના સંસારમાર્ગનું નિરૂપણ કરીને હવે તે તે માર્ગની માર્ગતાનું બીજ જણાવાય છે.

**गुणी च गुणरागी च, गुणद्वेषी च साधुषु ।**
**श्रूयन्ते व्यक्तमुत्कृष्टमध्यमाधमबुद्धयः ॥३-३०॥**

गुणीति—व्यक्तः ॥३-३०॥

"ગુણી, ગુણના અનુરાગી અને પૂ. સાધુમહાત્માઓને વિશે ગુણના દ્વેષી : આ ત્રણ અનુક્રમે ઉત્કૃષ્ટબુદ્ધિવાળા, મધ્યમબુદ્ધિવાળા અને અધમબુદ્ધિવાળા પ્રગટ રીતે સંભળાય છે - પ્રસિદ્ધ છે." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે ઉત્કૃષ્ટ-શ્રેષ્ઠબુદ્ધિવાળા આત્માઓ ગુણસંપન્ન હોય છે. મધ્યમ-બુદ્ધિવાળા આત્માઓ ગુણના રાગી હોય છે અને ગુણી એવા સાધુભગવંતોને વિશે દ્વેષી જનો અધમબુદ્ધિવાળા હોય છે.

આ શ્લોકમાં જણાવેલી વાતનો વિચાર કરવાની થોડી આવશ્યકતા છે. જન્મમાત્રને અનિષ્ટ-ખરાબ અને દુઃખરૂપ વર્ણવતા શાસ્ત્રકાર પરમર્ષિઓએ મનુષ્યજન્મની એટલી જ પ્રશંસા કરી છે. અનંતાનંત જીવોમાં મનુષ્યોની સંખ્યા ખૂબ જ અલ્પ છે. મનુષ્યની વિશેષતા તેની બુદ્ધિમત્તાને લઇને છે. બીજા દેવાદિ જીવોની અપેક્ષાએ મનુષ્યોને બુદ્ધિ વિશેષ રીતે પ્રાપ્ત થતી હોય છે. શ્રદ્ધા અને જ્ઞાનને કાર્યરત કરી શકે એવી બુદ્ધિ માત્ર મનુષ્યમાં છે. ગુણને ગુણ તરીકે જાણ્યા પછી અને માન્યા પછી પણ તેને પામવા માટેની બુદ્ધિ મનુષ્યમાં છે, દેવાદિમાં નથી. તેથી મનુષ્યને આશ્રયીને અહીં જે બુદ્ધિનો વિચાર કરાયો છે તે સમજી લેવો જોઇએ. સામાન્ય રીતે મનુષ્યો ઉપર જણાવ્યા મુજબ ત્રણ પ્રકારના છે. ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ બુદ્ધિના કારણે એવો વિભાગ કર્યો છે. અને બુદ્ધિના એ પ્રકાર ગુણ, ગુણરાગ અને ગુણદ્વેષના કારણે છે. **गुणद्वेषी च साधुषु** શ્લોકમાંનું આ પદ કાયમ માટે યાદ રાખવું જોઇએ. પૂ. સાધુભગવંતોને છોડીને બીજે ક્યાંય ગુણ નથી - એનો ખ્યાલ જેને છે તે; તે પદનો પરમાર્થ બરાબર સમજી શકશે. સર્વસાવદ્યયોગથી વિરામ પામેલા અને સર્વકર્મથી રહિત બનવા માટે નિરંતર પ્રયત્નશીલ બનેલા પૂ. સાધુભગવંતો જ ગુણસંપન્ન છે. બીજા કોઇને પણ આવી ગુણસંપન્નતા પ્રાપ્ત થઇ નથી... વગેરે સમજીને જેઓ શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞાનુસાર સર્વવિરતિધર્મના આરાધક બન્યા છે તેમને ખરેખર જ ઉત્કૃષ્ટબુદ્ધિ પ્રાપ્ત થઇ છે. પોતાની બુદ્ધિનો એ જ એક ઉત્કૃષ્ટ ઉપયોગ છે. ચારિત્રધર્મ પ્રત્યેની શ્રદ્ધા, જ્ઞાન અને પ્રવૃત્તિ : આ ત્રણે ય જ્યારે ભેગા થાય છે ત્યારે જ વાસ્તવિક રીતે મોક્ષની સાધનાનો પ્રારંભ થાય છે. આવી સાધનાના સાધકોને ઉત્કૃષ્ટ બુદ્ધિ હોય છે. જેમને આ રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતાની બુદ્ધિ (આત્મપરિણામ) પ્રાપ્ત થઇ છે તેમને બધું જ પ્રાપ્ત થયું છે. આ સંસારમાં એ સિવાય કોઇ શ્રેષ્ઠ નથી. સાધુપણા સિવાય આ સંસારમાં કોઇ પણ વસ્તુ શ્રેષ્ઠ લાગે તો સાધુપણાની પ્રાપ્તિ કે પાલન શક્ય નહીં બને. આથી સમજી શકાશે કે ગુણો સાધુપણામાં જ છે અને પૂ. સાધુમહાત્મા જ ગુણી-ગુણસંપન્ન છે, એ મહાત્માઓની જ ઉત્કૃષ્ટ બુદ્ધિ છે.

જેમને સર્વવિરતિધર્મસ્વરૂપ ગુણની પ્રત્યે રાગ છે; તે આત્માઓ ગુણરાગી છે. તેમને મધ્યમબુદ્ધિ હોય છે. ચારિત્રધર્મ વિના બીજો ગુણ નથી. વહેલામાં વહેલા

એ મળે - એ માટેનો શક્ય પ્રયત્ન ચાલુ હોવા છતાં ભૂતકાળના તથાવિધ કર્મયોગે જેમને એ ગુણની પ્રાપ્તિ થતી નથી; એવા સમ્યગ્દર્શનવંત આત્માઓ ગુણરાગી હોય છે. અને તેમને જ મધ્યમબુદ્ધિ પ્રાપ્ત થઇ હોય છે. ગુણને ગુણરૂપે જાણ્યા પછી અને માન્યા પછી જ્યાં સુધી એ મળે નહિ ત્યાં સુધી ગુણનો રાગ વધતો જ હોય છે. સમ્યગ્દર્શનની આ અવસ્થા મધ્યમ બુદ્ધિમાનોની હોય છે. જ્ઞાન અને શ્રદ્ધાની તીવ્રતા હોવા છતાં અહીં આચરણના પરિણામ ન હોવાથી મધ્યમબુદ્ધિ હોય છે. જ્ઞાન અને શ્રદ્ધાને કાર્યરત બનાવનારી એ ઉત્કૃષ્ટબુદ્ધિ અહીં હોતી નથી. ચારિત્રમોહનીયનો તીવ્ર ઉદય; તેના ક્ષયોપશમને રોકે - એ સમજી શકાય છે.

ઉપર જણાવ્યા મુજબ ગુણસંપન્ન એવા પૂ. સાધુભગવંતોને વિશે જેઓ ગુણદ્વેષી છે; તેઓ અધમબુદ્ધિવાળા છે. ખરી રીતે જોઇએ તો ગુણસંપન્ન આત્માઓને વિશે દ્વેષ થવો ના જોઇએ પરંતુ ઇર્ષ્યા; સુખની આસક્તિ અને અજ્ઞાનાદિ પરવશ એ રીતે ગુણ ઉપર દ્વેષ થતો હોય છે. ગુણ અને ગુણનો રાગ : એ બેના બદલે ગુણસંપન્નોના ગુણોની પ્રત્યે દ્વેષ થાય - એ અધમબુદ્ધિને સૂચવનારું છે. બુદ્ધિની અધમતા આત્માના અનંતાનંત ગુણોના સ્વરૂપને જોવા પણ દેતી નથી. અનંતગુણસ્વરૂપી આત્માને ગુણદ્વેષી બનાવનારી બુદ્ધિની અધમતા ભારે વિચિત્ર છે ! ॥૩-૩૦॥

ઉત્કૃષ્ટબુદ્ધિ, મધ્યમબુદ્ધિ અને અધમબુદ્ધિ જે ભૂમિકામાં હોય છે તે ભૂમિકા જણાવાય છે–

**ते च चारित्रसम्यक्त्वमिथ्यादर्शनभूमयः ।**
**अतो द्वयोः प्रकृत्यैव, वर्त्तितव्यं यथाबलम् ।।३-३१।।**

ते चेति–व्यक्तः ।।३-३१।।

‘ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ બુદ્ધિને આશ્રયીને કરેલા ત્રણ વિભાગ અનુક્રમે ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાત્વની ભૂમિકાએ છે; તેથી સ્વભાવથી જ શક્તિ મુજબ ગુણ અને ગુણરાગને વિશે પ્રવૃત્તિ કરવી જોઇએ.’ - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ બુદ્ધિવાળા આત્માઓ પૂર્વે જણાવ્યા મુજબ અનુક્રમે ગુણી, ગુણરાગી અને ગુણદ્વેષી હોય છે. એમાં ગુણસંપન્ન આત્માઓ ચારિત્રસંપન્ન હોય છે. ગુણરાગી

સમ્યક્ત્વવંત હોય છે. અને ગુણદ્વેષી આત્માઓ મિથ્યાત્વી હોય છે. આ પૂર્વે જણાવ્યા મુજબ આ સંસારમાં ગુણસંપન્ન આત્માઓનો ગુણ ચારિત્ર હોવાથી તે ઉત્કૃષ્ટબુદ્ધિવાળા આત્માઓની ભૂમિકા ચારિત્રસ્વરૂપ જ છે. ચારિત્રના રાગી આત્માઓ સમ્યક્ત્વવંત હોવાથી મધ્યમબુદ્ધિવાળા આત્માઓની ભૂમિકા સમ્યક્ત્વસ્વરૂપ જ છે. અને ચારિત્રના દ્વેષી એવા આત્માઓ મિથ્યાત્વી હોવાથી અધમબુદ્ધિવાળા તે આત્માઓની ભૂમિકા મિથ્યાદર્શન-મિથ્યાત્વની છે. તેથી પોતાના બળ અનુસાર ચારિત્ર અને સમ્યક્ત્વની ભૂમિકા વખતે પ્રાપ્ત થતા ગુણ અને ગુણાનુરાગમાં પ્રવર્ત્તવું જોઈએ. ।।૩-૩૧।।

શ્રી વીતરાગપરમાત્માના વચનની જેમ જ સંવિગ્ન, ગીતાર્થ અને અશઠ એવા મહાત્માઓના આચરણને માર્ગ તરીકે વિસ્તારથી વર્ણવીને; તે મોક્ષનું કારણ કઈ રીતે બને છે - તે છેલ્લા શ્લોકથી જણાવાય છે–

**इत्थं मार्गस्थिताचारमनुसृत्य प्रवृत्तया ।**
**मार्गदृष्ट्यैव लभ्यन्ते, परमानन्दसम्पदः ।।३-३२।।**

इत्थमिति–व्यक्तः ।।३-३२।।

“આ રીતે માર્ગમાં રહેલાના આચારનું અનુસરણ કરીને પ્રવર્ત્તેલી માર્ગદૃષ્ટિથી જ પરમાનંદ-સંપદા પ્રાપ્ત થાય છે.” આ પ્રમાણે બત્રીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનથી જેમ માર્ગ(મોક્ષમાર્ગ)નું જ્ઞાન થવાથી ક્રમે કરીને પરમાનંદસ્વરૂપ મોક્ષની સંપદા પ્રાપ્ત થાય છે તેમ અહીં પણ માર્ગમાં રહેલા સંવિગ્ન, ગીતાર્થ અને અશઠ વગેરે મહાત્માઓના આચારને અનુસરવાથી જે માર્ગદૃષ્ટિ (દર્શન-જ્ઞાન) પ્રવર્ત્તે છે; તેથી જ પરમાનંદસંપદા પ્રાપ્ત થાય છે. માત્ર સંવિગ્ન મહાત્માઓ વગેરેના આચરણના અનુસરણથી પરમાનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થતી નથી. પરંતુ તેઓશ્રીના આચરણના અનુસરણથી માર્ગનું જ્યારે જ્ઞાન થાય છે ત્યારે જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ એક જાતની માર્ગાનુસારી પ્રજ્ઞા છે. આ શ્લોકમાંનું **मार्गस्थिताचारम्** આ પદ ખૂબ જ સ્પષ્ટ રીતે રહસ્યભૂત અર્થને જણાવે છે. સંવિગ્નાદિ મહાત્માઓની વિશેષતા એ છે કે તેઓ માર્ગસ્થિત છે. તેથી જ તેઓના આચારનું અનુસરણ કરવાથી માર્ગદૃષ્ટિ પ્રવર્ત્તે છે. જેઓ માર્ગસ્થિત

નથી; તેમના આચારનું અનુસરણ કરવાથી માર્ગનું જ્ઞાન થતું નથી. તેથી આચરણનું અનુસરણ કરતાં પૂર્વે માર્ગસ્થિતાદિનો વિવેક કરવાનું આવશ્યક છે. કોઈ પણ જાતના વિવેક વિના ગમે તેના આચરણનું અનુસરણ કરવાથી માર્ગદૃષ્ટિ પ્રાપ્ત થતી નથી અને તેથી પરમાનંદસંપદા પણ પ્રાપ્ત થતી નથી. અંતે માર્ગાનુસારિણી પ્રજ્ઞાને પ્રાપ્ત કરી પરમાનંદસંપદાની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા. ॥૩-૩૨॥

॥ इति मार्ग-द्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## अथ जिनमहत्त्वद्वात्रिंशिका प्रारभ्यते ।

मार्गविवेचनानन्तरं तद्देशकस्य भगवतो माहात्म्यं व्यवस्थाप्यते–

ત્રીજી બત્રીશીમાં 'માર્ગ'નું વિવેચન કર્યું. હવે આ બત્રીશીમાં માર્ગદેશક શ્રી તીર્થંકરભગવંતનું માહાત્મ્ય વ્યવસ્થાપિત કરાય છે–

**वप्रत्रयध्वजच्छत्रचक्रचामरसम्पदा ।**
**विभुत्वं न विभोस्तादृङ्मायाविष्वपि सम्भवात् ।।४-१।।**

वप्रेति–तादृक् प्रेक्षावच्चमत्कारजनकम् । मायाविष्वपि ऐन्द्रजालिकेष्वपि । यदि हि बाह्यसम्पदेव महत्त्वबुद्धिर्धर्मजननी स्यात्तदा मायाविष्वपि सा तथा स्यादित्यर्थः । तदिदमुक्तं समन्तभद्रेणापि–"देवागमनभोयानचामरादिविभूतयः । मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ।।१।।" इति । न च व्यक्तिविशेषविषयकत्वेन नातिप्रसङ्ग इति शङ्कनीयं, प्रमेयत्वादिना महत्त्वप्रकारकज्ञानादपि फलापत्ते र्विशेषरूपेण महत्त्वप्रकारकत्वनिवेशस्यावश्यकत्वाद् । अत एवासाधावपि आलयविहारादिमत्त्वेन साधुत्वबुद्धावपि विशेषादर्शनदशायां न फलाभाव इति तत्र तत्र व्युत्पादितम् । अव्यक्तसमाधिफलविशेषे तु विषयविशेषोऽपि निवेश्यः । यदि चालयविहारादिलिङ्गेन साधुत्वमनुमीयत एव तदनुमितिप्रयोज्यवन्दनादिना च फलविशेष इति विभाव्यते, तदा भगवत्यपि विशिष्टरूपेण महत्त्वानुमित्यनन्तरमेव स्मरणादिना फलोदयाविशेषाद् 'महत्त्वं न' इत्यनन्तर'मनुमेयम्' इत्यध्याहारान्नानुपपत्तिः स्वेतरनिष्ठात्यन्ताभावप्रतियोगिगुणवत्त्वरूपस्य महत्त्वस्य बाह्यसम्पदाऽनुमातुमशक्यत्वाद् मायाविष्वेव व्यभिचारात् ।।४-१।।

આશય એ છે કે આ પૂર્વેની માર્ગબત્રીશીમાં શ્રી જિનેશ્વરદેવોના પરમતારક વચનને માર્ગરૂપે વર્ણવ્યું છે. પરંતુ જે લોકો શ્રી તીર્થંકરપરમાત્માને મહાન માનતા નથી, તેઓ તેઓશ્રીના પરમતારક વચનને માર્ગસ્વરૂપ નહિ માને; તેથી શ્રી વીતરાગપરમાત્માનું મહત્ત્વ સિદ્ધ કરવા આ બત્રીશી છે. આ બત્રીશીમાં શ્રી તીર્થંકરપરમાત્માનું માહાત્મ્ય અનુમાનપ્રમાણથી સિદ્ધ કર્યું છે. ન્યાયદર્શનની પરિભાષાનો જેમને પરિચય નથી; તેમને આ બત્રીશીમાં જણાવેલી વાત સમજવાનું શક્ય નહિ બને. આમ છતાં વચ્ચે વચ્ચે કેટલીક વાતો

પ્રયત્નથી સમજી પણ શકાશે. ન્યાયદર્શનની પરિભાષાના જાણકારોને અનુલક્ષીને અહીં મુખ્યપણે વિવરણ છે.

"સમવસરણના ત્રણ કિલ્લા(ગઢ), ઈન્દ્રધ્વજ, ત્રણ છત્ર, ધર્મચક્ર અને ચામરની સંપદાના કારણે વિભુ(અનંતજ્ઞાનાદિમય પરમાત્મા)નું વિભુત્વ નથી. કારણ કે તેવું વિભુત્વ તો માયાવી દેવતા વગેરેમાં પણ સંભવે છે." - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે શ્રી તીર્થંકરપરમાત્મા સૌથી મહાન છે - એમાં કોઈ વિવાદ નથી. પરંતુ એ મહત્ત્વ શ્રી તીર્થંકરનામકર્મના વિશિષ્ટ પુણ્યોદયે પ્રાપ્ત થનારી ત્રણ ગઢ વગેરે બાહ્યસંપદાને લઈને નથી. કારણ કે બુદ્ધિમાનોને ચમત્કારનું કારણ બનનારી એ બાહ્યસંપદાસ્વરૂપ મહત્ત્વ માયાવી ઈન્દ્રજાળ રચનારાને પણ હોય છે. માત્ર તેવા પ્રકારની બાહ્યસંપદાના કારણે જ જો મહત્ત્વ માનવાનું હોય તો તે ઐન્દ્રજાલિક માયાવીમાં પણ માનવાનો પ્રસંગ આવશે. અને તેથી શ્રી તીર્થંકરપરમાત્મામાં જેમ મહત્ત્વની બુદ્ધિ ધર્મનું કારણ બને છે તેમ માયાવીમાં પણ તેવા પ્રકારની બાહ્યસંપદાના કારણે થનારી મહત્ત્વની બુદ્ધિ ધર્મનું કારણ બનશે. આથી જ સમંતભદ્ર આચાર્યે પણ આ વાત જણાવતાં ફરમાવ્યું છે કે 'દેવતાઓનું આગમન; આકાશમાં વિહાર (સુવર્ણકમલ ઉપર પગ સ્થાપવા) અને ચામર વગેરે વિભૂતિઓ માયાવી પુરુષોમાં પણ દેખાય છે. તેથી એ વિભૂતિઓને લઈને તમે મહાન છો-એવું અમે માનતા નથી.'

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ બાહ્યસંપદા માયાવીમાં હોય તો ધર્મજનક મહત્ત્વની બુદ્ધિને ઉત્પન્ન કરતી નથી. પરંતુ શ્રી તીર્થંકરપરમાત્મામાં એ બાહ્યસંપદા હોય તો મહત્ત્વની બુદ્ધિને ઉત્પન્ન કરવા દ્વારા ધર્મનું કારણ બને છે. તેથી આ રીતે વ્યક્તિવિશેષની બાહ્યસંપદાને ધર્મની પ્રયોજિકા માનવાથી કોઈ જ અતિપ્રસંગ નથી; પરંતુ આ રીતે વ્યક્તિવિશેષની અપેક્ષાએ બાહ્યસંપદાને મહત્ત્વબુદ્ધિની પ્રત્યે કારણ માનીને અતિપ્રસંગનું નિવારણ કરવાનું હોય તો મહત્ત્વબુદ્ધિની પ્રત્યે દરેક પદાર્થમાં રહેનારા પ્રમેયત્વ (યથાર્થજ્ઞાનની વિષયતા) વગેરે સામાન્યધર્મને કારણ માની મહત્ત્વબુદ્ધિ દ્વારા ધર્મની પ્રાપ્તિનો પ્રસંગ આવશે. યદ્યપિ, પ્રમેયત્વ દરેક પદાર્થમાં વૃત્તિ હોવાથી તેને લઈને તો સર્વત્ર મહત્ત્વબુદ્ધિ દ્વારા ધર્મની પ્રાપ્તિનો અતિપ્રસંગ આવશે, તેથી પ્રમેયત્વાદિ ધર્મને મહત્ત્વબુદ્ધિની પ્રત્યે પ્રયોજક માની શકાશે નહિ; પરંતુ અહીં પણ શ્રી

વીતરાગપરમાત્મામાં જે પ્રમેયત્વ છે, તે જ મહત્ત્વબુદ્ધિની પ્રત્યે પ્રયોજક છે; એ પ્રમાણે વ્યક્તિવિશેષને આશ્રયીને વિશિષ્ટ પ્રમેયત્વને મહત્ત્વબુદ્ધિની પ્રત્યે પ્રયોજક માનવાથી એ અતિપ્રસંગનું નિવારણ કરી શકાય છે. અને તેથી પ્રમેયત્વસ્વરૂપે શ્રી વીતરાગપરમાત્મામાં થનારી મહત્ત્વબુદ્ધિથી પણ ધર્મની પ્રાપ્તિ માનવાનો પ્રસંગ આવશે. એ અનિષ્ટ પ્રસંગનું નિવારણ કરવા માટે મહત્ત્વબુદ્ધિની પ્રત્યે કોઇ વિશેષધર્મ જ પ્રયોજક તરીકે માનવો આવશ્યક છે. એ જો ઉપર જણાવ્યા મુજબ બાહ્યસંપદા માનીએ તો માયાવીમાં પણ તેવા પ્રકારનું બુદ્ધિમાનોને ચમત્કારનું કારણભૂત મહત્ત્વ માનવાનો પ્રસંગ આવશે. કારણ કે ત્રણ ગઢ, ત્રણ છત્ર અને ચામરાદિ સ્વરૂપ બાહ્યસંપદા તો માયાવીમાં પણ જણાય છે.

આ અતિપ્રસંગના નિવારણ માટે ઉપર જણાવ્યા મુજબ વ્યક્તિવિશેષને આશ્રયીને કોઇ વિશેષધર્મને મહત્ત્વબુદ્ધિની પ્રત્યે પ્રયોજક માનવાનું શક્ય ન હોવાથી જ; "કોઇ વાર અસાધુમાં નિરવદ્યવસતિનું આસેવન; નવકલ્પી વિહાર અને નિર્દોષભિક્ષા વગેરેને લઇને સાધુત્વની બુદ્ધિ થાય અને તેમની સ્વચ્છંદચારિતા તથા ગુરુપારતંત્ર્યનો અભાવ વગેરે વિશેષતાનું જ્ઞાન ન થાય તો તેવા પ્રકારની સાધુત્વબુદ્ધિથી ત્યાં ધર્મનો અભાવ થતો નથી." આ પ્રમાણે તે તે ગ્રંથમાં જણાવ્યું છે - તે સંગત બને છે. કારણ કે વ્યક્તિવિશેષને આશ્રયીને મહત્ત્વપ્રયોજક (મહત્ત્વબુદ્ધિને ઉત્પન્ન કરવા દ્વારા ધર્મની પ્રત્યે પ્રયોજક) કોઇ પણ ધર્મને માનવાનો હોય તો અસાધુમાં નિરવદ્યવસતિનું આસેવન વગેરે ધર્મ; વ્યક્તિવિશેષ(સુસાધુ)માંનો ન હોવાથી તેને લઇને સાધુત્વની બુદ્ધિ ઉત્પન્ન કરાવવા દ્વારા તે ધર્મની પ્રત્યે પ્રયોજક નહિ બને. અને તેથી તે તે ગ્રંથમાં જે જણાવ્યું છે કે - 'તેવા સ્થળે ફળનો અભાવ થતો નથી' : આ વાત સંગત નહિ બને. આથી સમજી શકાશે કે વ્યક્તિવિશેષને આશ્રયીને કોઇ પણ ધર્મવિશેષને મહત્ત્વબુદ્ધિની પ્રત્યે પ્રયોજક માનવાનું ઉચિત નથી.

યદ્યપિ આ રીતે મહત્ત્વબુદ્ધિની પ્રત્યે વ્યક્તિવિશેષગત ધર્મની પ્રયોજકતા માનવાની ન હોય તો; સાધુ અને અસાધુના વિશેષધર્મના દર્શનના અભાવમાં સામાન્યથી નિરવદ્યવસતિ વગેરે સામાન્યધર્મને આશ્રયીને સાધુ અને અસાધુ- બંન્નેમાં સાધુત્વની બુદ્ધિએ વંદનાદિ ક્રિયા કરવાથી ફળભેદ(ફલવિશેષ) નહિ

થાય; પરંતુ સામાન્યફળની વિવક્ષામાં જ વ્યક્તિવિશેષગત ધર્મનો નિવેશ કર્યો નથી. અવ્યક્ત(સૂક્ષ્મ)સમાધિ સ્વરૂપ ફલવિશેષની પ્રત્યે તો વ્યક્તિવિશેષગત ધર્મથી જ ઉત્પન્ન થનારી મહત્ત્વબુદ્ધિ પ્રયોજિકા છે, તેથી કોઇ અનુપપત્તિ નથી.

'નિરવદ્ય વસતિ, અપ્રતિબદ્ધ વિહાર અને નિર્દોષભિક્ષા આદિના કારણે અસાધુમાં પણ સાધુત્વની અનુમિતિ થાય છે જ; અને ત્યાર બાદ તે અનુમિતિના કારણે તેમને કરાતા વંદનાદિની ક્રિયાથી ફલવિશેષની પ્રાપ્તિ થાય છે. મહત્ત્વબુદ્ધિની પ્રત્યે વ્યક્તિગત કોઇ ધર્મવિશેષને પ્રયોજક માનતા નથી માટે અસાધુમાં સાધુત્વબુદ્ધિથી (અનુમિતિથી) વંદનાદિ ક્રિયાના કારણે ફળની પ્રાપ્તિ થાય છે - એવું નથી' : આ પ્રમાણે જો માનવામાં આવે તો પ્રકૃત સ્થળે ભગવાન શ્રી વીતરાગપરમાત્મામાં પણ અવ્યભિચારી (અનન્યસાધારણ) એવા વિશિષ્ટ સ્વરૂપથી મહત્ત્વની અનુમિતિ પછી જ તેઓશ્રીના સ્મરણાદિથી ફળની વિશેષ પ્રાપ્તિ થાય છે - એ પ્રમાણે કહી શકાય છે. આથી **महत्त्वं न** (મૂળ શ્લોકમાં **विभुत्वं न** આવો પાઠ છે, ત્યાં **विभुत्वं** ના સ્થાને **महत्त्वं** આવો પાઠ હોવો જોઇએ) આ પદ પછી '**अनुमेयम्**' આ પદ અધ્યાહારથી સમજવું. તેથી શ્લોકનો અર્થ એ થશે કે - ત્રણ ગઢ, ઇન્દ્રધ્વજ, છત્ર, ધર્મચક્ર અને ચામર વગેરેની સંપદાથી પરમાત્માના મહત્ત્વનું અનુમાન ન કરવું. કારણ કે તેવા પ્રકારનું; બુદ્ધિમાનોને ચમત્કાર કરાવનારું મહત્ત્વ તો માયાવી જનોમાં પણ સંભવે છે - આ રીતે શ્લોકના અર્થમાં કોઇ અનુપપત્તિ (અસંગતિ) નથી. પોતાને છોડીને બીજામાં રહેનારા અભાવના પ્રતિયોગી એવા ગુણવત્ત્વ (અનન્યસાધારણ ગુણ) સ્વરૂપ મહત્ત્વ છે. આવા મહત્ત્વનું અનુમાન બાહ્યસંપદાથી કરી શકાય નહિ. કારણ કે માયાવીમાં જ બાહ્યસંપદા હોવા છતાં મહત્ત્વ નથી, તેથી વ્યભિચાર આવે છે. આશય એ છે કે પરમાત્મામાં પોતાના અસાધારણ ગુણોના કારણે મહત્ત્વ છે. એ ગુણવત્ત્વ(ગુણો)સ્વરૂપ જ અહીં મહત્ત્વ છે. પરમાત્માને છોડીને બીજે બધે એ ગુણોનો અભાવ છે. એ ગુણોના અભાવના પ્રતિયોગી (જેનો અભાવ, તે અભાવનો પ્રતિયોગી) ગુણો છે. તે ગુણો માત્ર પરમાત્મામાં જ છે. અનન્યસાધારણ એવા ગુણોસ્વરૂપ મહત્ત્વ; અન્ય(માયાવી)સાધારણ એવી બાહ્યસંપદાથી અનુમાન કરવા યોગ્ય ન જ હોય - એ સ્પષ્ટ છે. **यदि च**... આ ગ્રંથથી જણાવેલી વાતમાં **महत्त्वं न** આ પદ પછી **अनुमेयम्** નો અધ્યાહાર કરવો

પડે છે, તેથી તેમાં **यदि च** કહીને અસ્વારસ્ય સૂચવ્યું છે... ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ॥૪-૧॥

બાહ્યસંપદાના કારણે પરમાત્માનું મહત્ત્વ નથી, તો કયા રૂપથી તે મહત્ત્વ છે - આવી જિજ્ઞાસામાં જણાવાય છે–

**स्वामिनो वचनं यत्तु, संवादि न्यायसङ्गतम् ।**
**कुतर्कध्वान्तसूर्यांशुर्महत्त्वं तद् यदभ्यधुः ॥४-२॥**

स्वामिन इति–यत्तु स्वामिनो वीतरागस्य । वचनं संवादि समर्थप्रवृत्तिजनकम् । न्यायसङ्गतं स्याद्वादमुद्रामनतिक्रान्तम् । एकान्तस्य तत्त्वतोऽन्याय्यत्वाद् धर्मधर्मिसम्बन्धभेदेऽनवस्थानात्, तदभेदे च सहप्रयोगाद्यनुपपत्तेर्धर्मिग्राहकमानेन स्वतः सम्बद्धस्य सम्बन्धान्तरस्य कल्पनापेक्षया तेनैव सिद्धस्य शबलस्य वस्तुनोऽभ्युपगमस्य न्याय्यत्वात् । तदनुभवेऽपि चैकान्तभ्रमस्य दोषप्राबल्यादुपपत्तेः । विशेषदर्शनेन च तस्य निवर्तयितुं शक्यत्वादिति दिक् । कुतर्का एव ध्वान्तानि तेषु सूर्यांशुस्तन्महत्त्वमवच्छेद्यावच्छेदकयोर्लिङ्गलिङ्गिनोर्वा स्याद्वादाश्रयणेन कथञ्चिदभेदात् । यदभ्यधुः श्रीहरिभद्रसूरयः ॥४-२॥

"કુતર્કસ્વરૂપ અંધકારને દૂર કરવા સૂર્યના કિરણ જેવું ન્યાયસંગત અને સંવાદી એવું સ્વામીનું જે વચન છે, તે મહત્ત્વ છે. જેથી શ્રી હરિભદ્રસૂરિમહારાજાએ ફરમાવ્યું છે કે" આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. તેને સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે શ્રી વીતરાગપરમાત્માનું સમર્થ(ફળસાધક) પ્રવૃત્તિને કરાવનારું, સંવાદી અને સ્યાદ્વાદમુદ્રાને અનુસારી એવું જે ન્યાયસંગત વચન છે; તે સ્વરૂપ મહત્ત્વ છે. શ્રી વીતરાગપરમાત્માનું પરમતારક વચન સ્યાદ્વાદમુદ્રા(મર્યાદા)નું અતિક્રમણ કરતું નથી, તેથી તે ન્યાયસંગત છે. સ્યાદ્વાદમુદ્રાનું અતિક્રમણ કરનારાં એકાંતવાદનાં વચનો તત્ત્વને આશ્રયીને અન્યાયસ્વરૂપ છે. એકાંતવાદની અન્યાયરૂપતા '**धर्मधर्मिसम्बन्धभेदेऽनवस्थानात्...**' ઇત્યાદિ ગ્રંથથી જણાવી છે. તેનો આશય એ છે કે **रक्तो घटः** કે **रक्तरूपवान् घटः** (લાલ ઘડો કે લાલરૂપવાળો ઘડો)... વગેરે પ્રયોગસ્થળે રક્ત રૂપ ધર્મ છે, તેનો ધર્મી ઘટ છે. ધર્મ અને ધર્મીનો જે સંબંધ છે (સમવાય... વગેરે) તે સંબંધ; ધર્મ અને ધર્મીથી તદ્દન પટ વગેરેની જેમ ભિન્ન છે (જુદો છે) - આ પ્રમાણે કેટલાક એકાંતવાદી એવા લોકોની માન્યતા

છે. તેમના મતે સંબંધ; ધર્મ અને ધર્મી બંનેમાં હોવાથી **रक्तो घटः** અને **रक्तरूपवान् घटः** વગેરે પ્રતીતિ થાય છે. આ રીતે રક્ત રૂપને ઘડામાં રહેવા માટે જેમ સંબંધની જરૂર છે તેમ એ સંબંધને રક્તરૂપ સ્વરૂપ ધર્મ અને ઘટ સ્વરૂપ ધર્મીમાં પણ રહેવા માટે બીજા સંબંધની જરૂર પડશે. આવી જ રીતે તે બીજા સંબંધને પણ રહેવા માટે ત્રીજા સંબંધની જરૂર પડશે. અને તેથી સંબંધોની પરંપરા ચાલ્યા જ કરશે, જે અનવસ્થાસ્વરૂપ દોષ છે. આથી સમજી શકાશે કે ધર્મ અને ધર્મીથી સંબંધને એકાંતે(સર્વથા) ભિન્ન(જુદો) માનવાથી અનવસ્થા આવે છે.

આવી જ રીતે ધર્મધર્મીના સંબંધને ધર્મધર્મીથી તદ્દન જ અભિન્ન માનવામાં આવે તો **रक्तो घटः** કે **रक्तवान् घटः** ઇત્યાદિ સહપ્રયોગો(સામાનાધિકરણ્યના સૂચક પ્રયોગો) વગેરેની અનુપપત્તિ થશે. કારણ કે સામાનાધિકરણ્ય (સમાન અધિકરણમાં રહેવું) કથંચિદ્(કોઇ પણ રીતે) ભિન્ન અનેક પદાર્થમાં હોય છે. સર્વથા અભિન્ન પદાર્થમાં સામાનાધિકરણ્ય હોતું નથી. તેથી જ **घटो घटः** કે **घटवान् घटः** આવા પ્રયોગો ઉપપન્ન નથી. આથી સ્પષ્ટ છે કે ધર્મધર્મીના સંબંધને ધર્મધર્મીથી સર્વથા અભિન્ન માનવામાં **रक्तो घटः** કે **रक्तवान् घटः** ઇત્યાદિ પ્રયોગો ઉપપન્ન નહિ બને. આ પ્રમાણે એકાંતે ભેદ કે એકાંતે અભેદ પક્ષમાં દોષ સ્પષ્ટ છે. એકાંતાભેદપક્ષમાં **घटो घटवान्** જેમ પ્રયોગ થતો નથી તેમ **रक्तरूपवान् घटः** ઇત્યાદિ આધાર(ઘટ) આધેય(રક્ત રૂપ) ભાવને જણાવનારા પ્રયોગાદિની પણ અનુપપત્તિ છે, તે **सहप्रयोगाद्यनुपपत्तेः** અહીં **आदि** પદથી જણાવ્યું છે.

યદ્યપિ ધર્મ અને ધર્મીના સંબંધને સર્વથા અતિરિક્ત (ધર્મધર્મીથી ભિન્ન) માનવાથી જે અનવસ્થા આવે છે, તેના નિવારણ માટે એ સંબંધને રહેવા જે સંબંધ કલ્પાય છે તે સંબંધ સ્વતઃ સંબદ્ધ છે. તેને રહેવા માટે સંબંધાંતરની કલ્પના કરવાની જરૂર નથી કે જેથી અનવસ્થા આવે. પરંતુ આ રીતે તો વસ્તુની શબલતા (પરસ્પર વિરુદ્ધ દેખાતા ધર્મોનું એક સ્થાને રહેવું) સિદ્ધ થાય છે. સંબંધમાં સ્વતઃ સંબદ્ધત્વ અને પરતઃ સંબદ્ધત્વ માનવાથી શબલત્વ સિદ્ધ જ છે. તેથી વસ્તુમાત્રમાં આ રીતે શબલત્વ માનવું જ ઉચિત છે. એ પ્રમાણે માનવાથી ધર્મધર્મીના સંબંધમાં ધર્મધર્મીથી કથંચિદ્ ભિન્નાભિન્નત્વ માનવાનું હોવાથી સર્વથા ભિન્નત્વ કે સર્વથા અભિન્નત્વ માનવામાં આવતા દોષો નહીં આવે.

'કોઇ કોઇ સ્થાને એકાંતે ભેદ કે એકાંતે અભેદનો અનુભવ થતો હોવાથી સર્વત્ર વસ્તુમાં ઉપર જણાવ્યા મુજબ શબલત્વ માનવાની જરૂર નથી.' - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે સર્વત્ર વસ્તુમાં શબલત્વનો અનુભવ થતો હોવા છતાં એકાંતદર્શનના અત્યંતપરિચયાદિ દોષની પ્રબળતાના કારણે આકાશ અને ઘટ વગેરેમાં એકાંતે નિત્યત્વ અને અનિત્યત્વ વગેરેનો ભ્રમ થતો હોય છે. એકાંતે નિત્યત્વાદિના બાધક એવા વિશેષધર્મનું દર્શન કરાવવા દ્વારા એ ભ્રમને દૂર કરી શકાય છે. સામે રહેલા સ્થાણુ(ઝાડનું થડ)માં પુરુષત્વનો ભ્રમ; શાખાદિના વિશેષ દર્શનથી જેમ દૂર કરી શકાય છે તેમ એકાંતે નિત્યત્વાદિ પક્ષમાં પ્રાપ્ત થતા વ્યવહારબાધાદિ દોષોના દર્શનથી તે ભ્રમ દૂર કરી શકાય છે... આ બધું અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઇએ. ન્યાયની પરિભાષાથી પરિચિત જિજ્ઞાસુઓએ આ સાથે પ્રકાશિત વિવરણથી ગ્રંથની પંક્તિઓ લગાડવી જોઇએ. આથી જ કેટલીક પંક્તિઓનું આ ગુજરાતી વિવરણમાં તેનું અક્ષરશઃ વિવરણ કર્યા વિના જ વિવરણ કર્યું છે - એ યાદ રાખવું.

યદ્યપિ; શ્રી વીતરાગપરમાત્માનું સંવાદિ જે પરમતારક વચન છે, તેને અહીં આ શ્લોકમાં મહત્ત્વસ્વરૂપે વર્ણવ્યું છે તે યોગ્ય નથી. કારણ કે અનન્યસાધારણગુણવત્ત્વસ્વરૂપ તે મહત્ત્વ છે - આ પ્રમાણે આ પૂર્વે પહેલા શ્લોકમાં છેલ્લે વર્ણવ્યું છે. પરંતુ અવચ્છેદ્ય અને અવચ્છેદક તેમ જ લિંગ અને લિંગી - એ બેમાં સ્યાદ્વાદને આશ્રયીને કથંચિદ્ અભેદ હોવાથી એ પ્રમાણે જણાવવામાં કોઇ દોષ નથી. આશય એ છે કે **वीतरागो महान् संवादिवचनवत्त्वाद्** અને **वीतरागः संवादिवचनवत्त्वेन महान्** અહીં શ્રી વીતરાગપરમાત્મામાં મહત્ત્વને સંવાદિવચનવત્ત્વ હેતુથી સિદ્ધ કર્યું છે અને જણાવ્યું છે. એમાં મહત્ત્વ સાધ્ય છે (લિંગી છે) અને તેમાં હેતુ-સાધન (લિંગ) સંવાદિવચનવત્ત્વ (વચન) છે. સ્યાદ્વાદને આશ્રયીને લિંગ (સાધન) અને લિંગી (સાધ્ય) એ બેમાં કથંચિદ્ અભેદ હોવાથી સંવાદિવચનસ્વરૂપ લિંગને મહત્ત્વસ્વરૂપે (લિંગી-સાધ્ય સ્વરૂપે) વર્ણવ્યું છે. તેમ જ **वीतरागः संवादिवचनवत्त्वेन महान्** આ પ્રતીતિમાં વીતરાગપરમાત્માનું વિશેષણ મહત્ત્વ છે અને મહત્ત્વનું વિશેષણ સંવાદિવચન છે. વિશેષણનું વિશેષણ પ્રથમ વિશેષણમાંની વિશેષણતાનું અવચ્છેદક કહેવાય છે. અને તેનાથી અવચ્છેદ્ય

તે વિશેષણતા (વિશેષણ) મનાય છે. આથી સમજી શકાશે કે મહત્ત્વ અવચ્છેદ્ય છે અને તેનું અવચ્છેદક સંવાદિવચન છે. સ્યાદ્વાદને આશ્રયીને એ બંનેનો પણ કથંચિદ્ અભેદ હોવાથી સંવાદિવચનસ્વરૂપે મહત્ત્વનું વર્ણન કરવામાં કોઈ અનુપપત્તિ નથી... વગેરે અધ્યાપક પાસેથી સમજી લેવું. ॥૪-૨॥

પૂર્વ શ્લોકમાં જણાવ્યા મુજબ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ સંવાદિવચનરૂપે જ ભગવાન શ્રી તીર્થંકરપરમાત્માનું મહત્ત્વ જણાવ્યું છે, તે જણાવાય છે—

**पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥४-३॥**

पक्षपात इति—न मे मम वीरे श्रीवर्धमानस्वामिनि । पक्षपातो गुणानालोचनपूर्व एव रागः । कपिलादिषु च न मे द्वेषः । किं तु यस्य वचनं युक्तिमत् तस्य परिग्रहः स्वीकारः कार्यः । इत्थं चात्राविसंवादिवचनत्वेनैव भगवति महत्त्वमाचार्यैरभिप्रेतम् ॥४-३॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે શ્રી મહાવીર પરમાત્માને વિશે મને પક્ષપાત નથી. ગુણની તાત્ત્વિકતાનો વિચાર કર્યા વિના તે તે વ્યક્તિ પ્રત્યે જે રાગ થાય છે; તેને પક્ષપાત કહેવાય છે. એવો રાગ શ્રી વર્ધમાનસ્વામીને વિશે મને નથી. તેમ જ કપિલાદિ(સાઙ્ખ્યાદિ દર્શનોને માનનારા તે તે દાર્શનિકો)ને વિશે મને દ્વેષ નથી. જેમનું વચન યુક્તિમદ્ છે, તેમનો મહાપુરુષ તરીકે સ્વીકાર કરવો જોઈએ. આ પ્રમાણે શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રી વીતરાગપરમાત્માનું મહત્ત્વ અવિસંવાદી (યુક્તિમદ્) વચનને લઈને છે - એ સ્પષ્ટ રીતે જણાવ્યું છે. ॥૪-૩॥

औदयिकभावस्यापि विशिष्टस्य महत्त्वप्रयोजकत्वं व्यवस्थापयति—

બાહ્યસંપદામાત્રથી પરમાત્માનું મહત્ત્વ નથી, તેનું વ્યવસ્થાપન કરીને હવે પુણ્યના ઉદયથી પ્રાપ્ત થનારા બાહ્ય વિશિષ્ટ ભાવો પણ પરમાત્મામાં રહેલા મહત્ત્વના પ્રયોજક બને છે, તે જણાવાય છે—

**पुण्योदयभवैर्भावैर्मतं क्षायिकसङ्गतैः ।**
**महत्त्वं महनीयस्य बाह्यमाभ्यन्तरं तथा ॥४-४॥**

पुण्येति - पुण्योदयभवैस्तीर्थकरनामकर्माद्युदयोत्पन्नैः । भावै र्विशिष्टसंहननरूपसत्त्वसंस्थानगतिप्रभृतिभिः । क्षायिकसङ्गतैः क्षायिकज्ञानादिमिलितैः । महत्त्वं महनीयस्य पूज्यस्य मतं । बाह्यं तथाभ्यन्तरं प्रत्येकं विशिष्टमेव वा कथञ्चिदुभयव्यपदेशभाक् । इत्थं च विशिष्टबाह्यसम्पदोऽन्यासाधारणत्वान्नातिप्रसङ्गत्वमिति भावः ॥४-४॥

"પુણ્યોદયના કારણે પ્રાપ્ત થયેલા અને ક્ષાયિકભાવોથી સંગત એવા ભાવોથી; પૂજ્ય પરમાત્માનું બાહ્ય અને આભ્યંતર મહત્ત્વ છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રી તીર્થંકરનામકર્મ વગેરે વિશિષ્ટ પુણ્યકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિશિષ્ટ સંઘયણ, રૂપ, સત્ત્વ, સંસ્થાન અને ગતિ વગેરે જે ભાવો છે - એ ઔદયિકભાવો; જો ક્ષાયિક (કર્મના સર્વથા ક્ષયથી પ્રાપ્ત) એવા કેવલજ્ઞાન અને કેવલદર્શન વગેરે ભાવોથી યુક્ત હોય તો તે ઔદયિકભાવોના કારણે પણ પરમાત્માનું બાહ્ય અને આભ્યંતર મહત્ત્વ મનાય છે. બાહ્ય ઔદયિકભાવોના કારણે બાહ્યમહત્ત્વ અને આભ્યંતર ક્ષાયિકભાવોના કારણે આભ્યંતર મહત્ત્વ મનાય છે. માત્ર ઔદયિકભાવાદિ સ્વરૂપ મહત્ત્વ માયાવી વગેરેમાં પણ હોવાથી ઔદયિકભાવવિશિષ્ટ ક્ષાયિકભાવ સ્વરૂપ મહત્ત્વ જ કથંચિદ્ બાહ્ય અને આભ્યંતર મહત્ત્વના વ્યવહારનો વિષય બને છે. આ રીતે વિશિષ્ટ(ક્ષાયિકજ્ઞાનાદિવિશિષ્ટ) બાહ્યસંપદા માયાવી વગેરેમાં ન હોવાથી વ્યભિચાર આવતો નથી. ॥૪-૪॥

આભ્યંતર મહત્ત્વને જણાવનાર બાહ્યસંપદાનું મહત્ત્વ તરીકે વર્ણન કરીને હવે તે દૃષ્ટાંતથી જણાવાય છે—

**बहिरभ्युदयादर्शी, भवत्यन्तर्गतो गुणः ।**
**मणेः पटावृतस्यापि, बहिर्ज्योतिरुदञ्चति ॥४-५॥**

वहिरिति—व्यक्तः ॥४-५॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે બહાર અભ્યુદયને જણાવનારો અંતર્ગત ગુણ હોય છે. વસ્ત્રથી આચ્છાદિત એવા પણ મણિની કાંતિ બહાર ફેલાતી હોય છે. આવી જ રીતે આભ્યંતર ગુણથી યુક્ત એવી બાહ્યસંપદાથી પૂજ્ય શ્રી પરમાત્માનું મહત્ત્વ મનાય છે. ॥૪-૫॥

स्वभावभेदादपि कार्यैकलिङ्गकं महत्त्वमाह—

પાંચમા શ્લોકથી શ્રી તીર્થંકરપરમાત્માનું મહત્ત્વ; દૃષ્ટાંતપૂર્વક, બાહ્યસંપદાથી અભિવ્યક્ત થતું આંતરિક ગુણ સ્વરૂપ જણાવ્યું. વસ્ત્રથી આચ્છાદિત હોવા છતાં મણિની બાહ્ય પ્રભાના કારણે જેમ મણિનું આંતરિક મહત્ત્વ જણાય છે તેમ જ કર્માચ્છાદિત હોવા છતાં વિશિષ્ટરૂપાદિ બાહ્યસંપદાના કારણે પરમાત્માનું આંતરિક ક્ષાયિકભાવના ગુણ સ્વરૂપ મહત્ત્વ જણાય છે. આ પ્રમાણે આ પૂર્વે જણાવીને હવે; પરમાત્માનો અનન્યસાધારણ સ્વભાવ હોવાથી જ તેઓશ્રીનું મહત્ત્વ છે, જે સ્વભાવની ભિન્નતાને લઈને પરમાત્માનું મહત્ત્વ છે એ સ્વભાવનો ભેદ તીર્થની સ્થાપના વગેરે કાર્યથી મનાય છે તેથી પરમાત્માનું એ મહત્ત્વ કાર્યલિંગક (કાર્યથી અનુમેય) છે, તે જણાવાય છે–

**भेदः प्रकृत्या रत्नस्य, जात्यस्याजात्यतो यथा ।**
**तथार्वागपि देवस्य, भेदोऽन्येभ्यः स्वभावतः ।।४-६।।**

भेद इति–अर्वागपि मिथ्यात्वादिदशायामपि । स्वभावत इति अन्यथा स्वस्मिन्नन्य-वृत्तिगुणापत्तेः । न च प्रागभावाभावान्नेयमापत्तिः, स्वगुणप्रागभावस्य स्वयोग्यतापरिणति-पर्यवसितत्वादिति भावः ।।४-६।।

'જેમ અજાત્યરત્ન કરતાં જાત્યરત્ન સ્વભાવથી જ શ્રેષ્ઠ હોય છે તેમ શ્રી તીર્થંકરપરમાત્મા, બીજા બધાની અપેક્ષાએ સ્વભાવથી જ મહાન છે.' - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે અનંતાનંત જીવોમાં, શ્રી તીર્થંકરપરમાત્મા થવાની યોગ્યતા ખૂબ જ થોડા આત્માઓમાં રહેલી છે. એ પરમતારક આત્માઓની યોગ્યતા બીજા આત્માઓની યોગ્યતાથી જુદી છે. આ ભેદ(ફરક) અનાદિકાળથી છે, તેથી સ્વભાવથી છે. મિથ્યાત્વદશામાં અને અવ્યવહારરાશિમાં પણ આ ભેદ છે.

આ પ્રમાણે સ્વભાવભેદ માનવામાં ન આવે તો અન્યમાં રહેનારા ગુણોની ઉત્પત્તિ પોતામાં થશે. કારણ કે આવી જાતની સ્વભાવસિદ્ધ યોગ્યતા માનવામાં ન આવે તો બીજાના ગુણો જેમ બીજાના આત્મામાં ઉત્પન્ન થાય છે તેમ આપણા પોતાના આત્મામાં થઈ શકશે. પરંતુ આવું બનતું નથી. તેથી માનવું પડે છે કે પોતાના આત્મામાં પોતાના જ ગુણો ઉત્પન્ન થવાની યોગ્યતા છે, જે અનાદિકાળની છે, દરેક આત્મામાં (પ્રત્યાત્મ) જુદી જુદી છે. એ અસાધારણ

યોગ્યતાને લઇને તે તે આત્મામાં ગુણો ઉત્પન્ન થતા હોય છે. શ્રી તીર્થંકરપરમાત્માનું મહત્ત્વ પણ તેઓશ્રીની અનન્યસાધારણ યોગ્યતાને કારણે છે. અને એ યોગ્યતા પણ અનાદિકાળથી મિથ્યાત્વાદિ દશામાં પણ છે, એ સમજી શકાય છે.

યદ્યપિ બીજાના ગુણોની ઉત્પત્તિ આપણા પોતામાં ન થાય - એ માટે ઉપર જણાવ્યા મુજબની યોગ્યતા માનવાની જરૂર નથી. કારણ કે કાર્યમાત્રની પ્રત્યે તેનો પ્રાગભાવ (ઉત્પત્તિ પૂર્વેનો અભાવ) કારણ છે. ઉત્પત્તિ પૂર્વે કાર્યના સમવાયિકારણ એવા તંતુ વગેરેમાં કાર્ય પટાદિનો પ્રાગભાવ હોય છે. અન્યના ગુણોનો પ્રાગભાવ અન્યમાં જ છે, આપણામાં નથી. તેથી અન્યના ગુણો અન્યમાં જ ઉત્પન્ન થશે, આપણામાં નહિ. તેથી અન્યના ગુણોની ઉત્પત્તિ સ્વમાં (પોતામાં) ન થાય એ માટે યોગ્યતા માનવાની જરૂર નથી; પરંતુ સ્વગુણનો પ્રાગભાવ સ્વયોગ્યતાસ્વરૂપ હોવાથી કોઇ દોષ નથી. સ્વનો (પોતાનો) ભાવ એટલે જ સ્વભાવ; એ સ્વપરિણતિ સ્વરૂપ છે. બીજાના ગુણો પોતામાં ઉત્પન્ન થાય એવો સ્વભાવ ન હોવાથી પોતામાં એ ગુણો ઉત્પન્ન થતા નથી. આ રીતે સ્વગુણનો પ્રાગભાવ અને સ્વયોગ્યતા માત્ર સ્વમાં જ હોવાથી સ્વગુણો સ્વમાં જ ઉત્પન્ન થાય છે. આથી સમજી શકાશે કે સ્વગુણાદિનો પ્રાગભાવ; સ્વાદિ-યોગ્યતા-પર્યવસિત છે. ॥૪-૬॥

પરમાત્મામાં અન્યાભિમત મહત્ત્વાભાવસાધક અનુમાનને જણાવીને તેની દુષ્ટતા જણાવાય છે—

**नित्यनिर्दोषताभावान्महत्त्वं नेति दुर्वचः ।**
**नित्यनिर्दोषता यस्माद्, घटादावपि वर्त्तते ॥४-७॥**

नित्येति—नित्यनिर्दोषताया अभावान्महत्त्वं न । प्रक्रमाद्वीतरागे इति । दुर्वचः दुष्टं वचनं, यस्मान्नित्यनिर्दोषता दोषात्यन्ताभाववत्त्वरूपा नित्यत्वे सति इयमेव वा घटादावपि वर्तते । आदिना आकाशादिग्रहः । इत्थं च वीतरागो न महान् नित्यनिर्दोषत्वाभावादिति अन्वयिनि घटादौ दृष्टान्ते साधनवैकल्यमुपदर्शितं भवति । व्यतिरेकिणि चेश्वरदृष्टान्ते नोभयवादिसम्मतत्वं, वीतरागस्यैवासिद्धौ परस्याश्रयासिद्धिश्च, तत्सिद्धौ वा धर्मिग्राहक-मानेन तन्महत्त्वसिद्धौ बाधश्चेति द्रष्टव्यम् ॥४-७॥

આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ શ્રી વીતરાગ પરમાત્મામાં અનન્યસાધારણ ગુણોની યોગ્યતા સ્વભાવથી જ અનાદિકાળથી હોય છે. કાલાંતરે એ યોગ્યતાને લઈને તથાવિધ સામગ્રીની પ્રાપ્તિથી એ ગુણો પ્રાપ્ત થાય છે. આથી એ સ્પષ્ટ છે કે અનાદિકાળથી (નિત્ય) શ્રી વીતરાગપરમાત્મા મહાન નથી. ગુણની પ્રાપ્તિ પૂર્વે પરમાત્મામાં દોષો હતા. પાછળથી તેઓ સર્વથા નિર્દોષ અને સમગ્ર ગુણથી પરિપૂર્ણ બન્યા. તેથી તેઓશ્રી મહાન છે. પરંતુ આ રીતે તેઓશ્રીને મહાન માનવાનું ઉચિત નથી. કારણ કે તેઓશ્રી નિત્યનિર્દોષ નથી. "**वीतरागो न महान् नित्यनिर्दोषत्वाभावात्**" - આ અનુમાનથી પરમાત્મામાં આપણી જેમ મહત્ત્વાભાવ સિદ્ધ થાય છે. એ અનુમાનને દૂષિત કરતાં શ્લોકમાં **इति दुर्वचः**... ઇત્યાદિ ગ્રંથથી દોષ જણાવાય છે. એનો આશય એ છે કે - 'નિત્યનિર્દોષ ન હોવાથી પરમાત્મામાં મહત્ત્વ નથી.' - આ પ્રમાણે કહેવું એ યોગ્ય નથી. કારણ કે આવી નિર્દોષતા તો ઘટાદિ પદાર્થોમાં પણ હોવા છતાં ત્યાં મહત્ત્વ મનાતું નથી. જ્યાં જ્યાં નિર્દોષતા (નિત્ય-નિર્દોષતા) છે ત્યાં ત્યાં મહત્ત્વ છે - એ કહેવાનું શક્ય નથી. કારણ કે ઘટાદિમાં નિત્યનિર્દોષતા હોવા છતાં મહત્ત્વ ન હોવાથી વ્યભિચાર આવે છે.

દોષના અત્યંતાભાવ સ્વરૂપ નિર્દોષતા છે. એ અત્યંતાભાવરૂપ હોવાથી જ નિત્ય છે. તેથી કેવળ **निर्दोषता** પદથી એ અર્થ (નિત્યનિર્દોષતા) પ્રતીત થતો હોવાથી '**नित्य**' પદ યદ્યપિ વ્યર્થ છે. પરંતુ નિત્યનિર્દોષતાનો અર્થ એ છે કે દોષસામાન્યનો અત્યંતાભાવ હોવો જોઈએ અને દોષાત્યંતાભાવવદ્ વસ્તુ નિત્ય હોવી જોઈએ. અર્થાત્ નિત્યત્વવિશિષ્ટ (નિત્યત્વ જ્યાં રહેતું હોય ત્યાં રહેનાર) નિર્દોષતા વિવક્ષિત છે. તેથી **नित्य** પદ વ્યર્થ નહીં બને. ઘટાદિ પદાર્થમાં યદ્યપિ નિર્દોષતા હોવા છતાં નિત્યત્વ ન હોવાથી નિત્યત્વવિશિષ્ટ નિર્દોષતાના અભાવના કારણે વ્યભિચાર નહીં આવે, પરંતુ આકાશાદિ નિત્ય પદાર્થોમાં નિત્યત્વવિશિષ્ટ નિર્દોષતા હોવાથી ત્યાં વ્યભિચાર આવે છે.

આથી ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે કે '**वीतरागो न महान् नित्यनिर्दोषत्वाभावात्**' અહીં મહત્ત્વાભાવસ્વરૂપ સાધ્ય જ્યાં નિશ્ચિત છે ત્યાં ઘટાદિ (આકાશાદિ) અન્વયદૃષ્ટાંતમાં નિત્યનિર્દોષત્વાભાવસ્વરૂપ સાધન-હેતુનું વૈકલ્ય છે. મહત્ત્વાભાવસ્વરૂપ સાધ્યનો અભાવ જે મહત્ત્વસ્વરૂપ છે, તેનો નિશ્ચય

જેમાં છે એ પરમાત્મા-ઈશ્વરસ્વરૂપ વ્યતિરેકદષ્ટાંત ઉભયવાદિસંમત નથી, તેથી દષ્ટાંતાસિદ્ધિ છે. **वीतरागो न महान्**... આ અનુમાનનો કર્ત્તા; વીતરાગને અસિદ્ધ માને તો તેને પક્ષાऽપ્રસિદ્ધિ દોષ પ્રાપ્ત થાય છે. અને બીજા કોઈ પણ પ્રમાણથી વીતરાગપરમાત્માની સિદ્ધિ કરે તો તે પ્રમાણ કે જે શ્રી વીતરાગપરમાત્મા સ્વરૂપ ધર્મી(પક્ષ-વિશેષ્ય-ઉદ્દેશ્ય)નું ગ્રાહક-સાધક છે, તે પ્રમાણથી જ શ્રી વીતરાગપરમાત્મામાં મહત્ત્વ પણ સિદ્ધ થવાથી મહત્ત્વાભાવને સિદ્ધ કરવા માટે પ્રયુક્ત એ (નિત્યનિર્દોષત્વાભાવ) હેતુમાં બાધ આવે છે... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ॥૪-૭॥

ઉપર જણાવેલા સાધનવૈકલ્યદોષને દૂર કરવા માટે જણાવેલા ઉપાયને જણાવીને તેનું નિરાકરણ કરાય છે–

**सात्मन्येव महत्त्वाङ्गमिति चेत् तत्र का प्रमा ? ।**
**पुमन्तरस्य कल्प्यत्वाद्, ध्वस्तदोषो वरं पुमान् ॥४-८॥**

सेति–सा नित्यनिर्दोषता । आत्मन्येव आत्मनिष्ठैव । महत्त्वाङ्गम् । इत्थं च नित्यनिर्दोषत्वाभावस्य हेतुत्वान्न दृष्टान्ते साधनवैकल्यमिति भावः । अत्राह–इति चेत्तत्रात्मनि नित्यनिर्दोषत्वे । का प्रमा किं प्रमाणम् ? । तथा च प्रतियोग्यप्रसिद्ध्याऽभावाप्रसिद्धेर्हेतुरेवासिद्ध इति भावः । महत्पदप्रवृत्तिनिमित्ततयैव नित्यनिर्दोषात्मत्वं सेत्स्यतीत्यत आह-पुमन्तरस्य नित्यनिर्दोषस्य पुंसः कल्प्यत्वाद्वरं ध्वस्तदोषः पुमान् कल्पनीयः । तथा च दोषात्यन्ताभाववदात्मत्वापेक्षया लघौ दोषध्वंस एव महत्पदप्रवृत्तिनिमित्तत्वकल्पनं न्याय्यमिति भावः । वस्तुतः पदप्रवृत्तिनिमित्तमात्रं न पदार्थान्तरकल्पनक्षममिति द्रष्टव्यम् ॥४-८॥

"આત્મામાં રહેનારી જ (ઘટાદિમાં રહેનારી નહિ) નિત્યનિર્દોષતા મહત્ત્વની પ્રયોજિકા છે. તેનો ઘટાદિમાં અભાવ હોવાથી પરમાત્મામાં મહત્ત્વાભાવ સિદ્ધ થાય છે - આ પ્રમાણે કહેવામાં કોઈ પ્રમાણ નથી. નિત્યનિર્દોષ પુરુષની કલ્પના કરીને તેમાં મહત્ત્વ માનવું; એના કરતાં તો જે પુરુષના દોષો નાશ પામ્યા છે એમાં જ મહત્ત્વ માનવાનું સારું છે." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે **वीतरागो न महान् (महत्त्वाभाववान्) नित्यनिर्दोषत्वाभावात्** આ અનુમાનમાં ઉપર (સાતમા શ્લોકમાં) જણાવ્યા મુજબ ઘટાદિ અન્વયદૃષ્ટાંતમાં સાધન-હેતુની વિકલતા જણાવી છે. એ દોષનું નિવારણ કરવા માટે આત્મવૃત્તિનિત્યનિર્દોષત્વાભાવને હેતુ માનવો જોઇએ. ઘટાદિમાં રહેનારી નિત્યનિર્દોષતા આત્મામાં રહેનારી નથી. તેથી આત્મામાં રહેનારી નિત્યનિર્દોષતા ઘટાદિમાં ન હોવાથી આત્મવૃત્તિનિત્યનિર્દોષત્વનો અભાવ ઘટાદિમાં છે જ. આથી ઘટાદિમાં સાધનની વિકલતાનો પ્રસંગ આવતો નથી. પરંતુ આત્મામાં નિત્યનિર્દોષતા જ પ્રસિદ્ધ (પ્રમાણસિદ્ધ) નથી. તેથી, સાધનસ્વરૂપ અભાવ(આત્મવૃત્તિત્વવિશિષ્ટ નિત્યનિર્દોષત્વાભાવ)નો પ્રતિયોગી (આત્મવૃત્તિત્વવિશિષ્ટ નિત્યનિર્દોષત્વ) પ્રસિદ્ધ ન હોવાથી તેના અભાવ સ્વરૂપ સાધનની (હેતુની) પણ પ્રસિદ્ધિ નથી. આથી સમજી શકાશે કે આત્મવૃત્તિનિત્યનિર્દોષત્વાભાવ સ્વરૂપ હેતુ અસિદ્ધ છે.

યદ્યપિ **महत्** પદ પ્રસિદ્ધ હોવાથી તે પદની પ્રવૃત્તિના નિમિત્ત તરીકે નિત્યનિર્દોષત્વ કોઇ પણ આત્મામાં માનવાનું આવશ્યક છે. તેથી આત્મામાં નિત્યનિર્દોષત્વ અપ્રસિદ્ધ નથી. આશય એ છે કે **नील** વગેરે પદોની પ્રવૃત્તિ (પ્રયોગ) જ્યાં નીલરૂપ વગેરે છે ત્યાં થાય છે. તેથી નીલરૂપ વગેરે, જેમ **नील** પદ વગેરેનું પ્રવૃત્તિનિમિત્ત મનાય છે તેમ **महत्** પદનું પણ કોઇ એક પ્રવૃત્તિનિમિત્ત હોવું જોઇએ. કારણ કે પદમાત્ર પ્રવૃત્તિનિમિત્તવાળાં હોય છે. **महत्** પણ **नीलादि** પદોની જેમ પદ છે. તેથી તેનું પણ કોઇને કોઇ પ્રવૃત્તિનિમિત્ત હોવું જોઇએ. **महत्** પદનું જે પ્રવૃત્તિનિમિત્ત છે; તે 'આત્મવૃત્તિનિત્યનિર્દોષત્વ' છે - આ રીતે **महत्** પદના પ્રવૃત્તિનિમિત્તસ્વરૂપે આત્મવૃત્તિ - નિત્યનિર્દોષત્વ સિદ્ધ થાય છે. અને તેથી ઘટાદિ અન્વયદૃષ્ટાંતમાં (નિશ્ચિત-સાધ્ય-મહત્ત્વાભાવવદ્‌માં) આત્મવૃત્તિનિત્યનિર્દોષ-ત્વાભાવ સ્વરૂપ હેતુ પણ સિદ્ધ છે - એ સમજી શકાય છે.

ઉપર જણાવ્યા મુજબ **महत्** પદના પ્રવૃત્તિનિમિત્ત સ્વરૂપે આત્મવૃત્તિ-નિત્યનિર્દોષત્વને માની તેના આશ્રય તરીકે પુરુષાંતરની કલ્પના કરવા કરતાં જેમના દોષોનો ધ્વંસ થયો છે, તે પુરુષના 'ધ્વસ્તદોષત્વ' ને જ **महत्** પદની પ્રવૃત્તિના નિમિત્ત સ્વરૂપે માનવાનું ઉચિત છે. કારણ કે નિત્યનિર્દોષત્વાભાવ અત્યંતાભાવસ્વરૂપ હોવાથી નિત્યત્વાદિઘટિત છે. તેથી તેની અપેક્ષાએ

'ध्वस्तદોષત્વ' ને **महत्** પદની પ્રવૃત્તિના નિમિત્ત તરીકે માનવામાં લાઘવ છે. એ પ્રમાણે માનવાથી નિત્યનિર્દોષત્વ(આત્મવૃત્તિનિત્યનિર્દોષત્વ)ની અપ્રસિદ્ધિથી તેના અભાવની પણ અપ્રસિદ્ધિ થવાથી **वीतरागो न महान् आत्मवृत्तित्वविशिष्ट-नित्यनिर्दोषत्वाभावात्** આ અનુમાનમાં હેતુ અસિદ્ધ છે.

યદ્યપિ **महत्** પદના પ્રવૃત્તિનિમિત્તસ્વરૂપે ઉપર જણાવ્યા મુજબ ધ્વસ્તદોષત્વ(યાવદ્દોષોના ધ્વંસ)ને માનવાથી તે તે દોષોના ધ્વંસને એટલે કે અનંત દોષધ્વંસોને અથવા તે ધ્વંસોના સમુદાયને **महत्** પદનું પ્રવૃત્તિનિમિત્ત માનવું પડે છે. તેની અપેક્ષાએ તો દોષસામાન્યના અત્યંતાભાવ સ્વરૂપ એક જ નિર્દોષત્વને **महत्** પદનું પ્રવૃત્તિનિમિત્ત માનવામાં લાઘવ છે. અને તેથી એમ કરવાથી ઉપર જણાવ્યા મુજબ હેતુ અસિદ્ધ નહિ બને. કારણ કે નિત્યનિર્દોષત્વ પ્રસિદ્ધ થવાથી ઉપર જણાવ્યા મુજબ તેનો અભાવ પણ પ્રસિદ્ધ થશે. પરંતુ ખરી રીતે પદપ્રવૃત્તિનિમિત્ત માત્ર પદાર્થાંતરને સિદ્ધ કરવા સમર્થ નથી. કારણ કે કોઈ પદ જોઈને લોકમાં પદાર્થની કલ્પના કરાતી નથી, પણ પદાર્થ જોઈને આપ્તપુરુષાદિના વચનાદિના અનુસારે પદનો વ્યવહાર પ્રવર્ત્તે છે. તેથી **महत्** પદના પ્રવૃત્તિનિમિત્ત તરીકે નિત્યનિર્દોષત્વને સિદ્ધ કરવાનું શક્ય ન હોવાથી આત્મવૃત્તિનિત્યનિર્દોષત્વાભાવ સ્વરૂપ હેતુ અસિદ્ધ છે. ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ. ॥૪-૮॥

ध्वस्तदोषत्वे भगवतः समन्तभद्रोक्तं मानमनुवदति ।

જેમના દોષોનો સર્વથા ધ્વંસ થયો છે તેઓમાં રહેલું 'ધ્વસ્તદોષત્વ' **महत्** પદનું પ્રવૃત્તિનિમિત્ત છે - એ પ્રમાણે જણાવીને એ ધ્વસ્તદોષત્વમાં શ્રી સમંતભદ્રાચાર્યે જણાવેલ પ્રમાણ જણાવાય છે. અન્યથા આત્મામાં જેમ નિત્યનિર્દોષત્વ અસિદ્ધ છે તેમ ધ્વસ્તદોષત્વ પણ ક્યાં સિદ્ધ છે ? આવી શંકાનો સંભવ છે. તેથી 'ધ્વસ્તદોષત્વ'માં પ્રમાણ બતાવાય છે–

**दोषावरणयोर्हानिर्निःशेषास्त्यतिशायनात् ।**
**क्वचिद् यथा स्वहेतुभ्यो, बहिरन्तर्मलक्षयः ॥४-९॥**

दोषेति–क्वचिद्दोषावरणयोर्निःशेषा हानिरस्ति, अतिशायनात्तारतम्यात् । यथा स्वहेतुभ्यो मलक्षयहेतुभ्यः स्वर्णादेर्बहिरन्तश्च मलक्षयः । यद्यप्यत्र दोषावरणे निःशेषहानि-

प्रतियोगिनी तारतम्यवद्धानिप्रतियोगित्वादित्यनुमाने पक्षविवेचने बाधासिद्धी न क्वचित्पदग्रहणमात्रनिवर्त्ये, साध्याश्रयतया पृथक्कृतां व्यक्तिमनुपादायापादनाच्च न दिग्नागमतप्रवेशः । न च निःशेषहानिप्रतियोगिजातीयत्वस्य साध्यत्वे सम्प्रतिपन्नस्वर्णमलस्य दृष्टान्तत्वे च न कोऽपि दोष इति वाच्यं, निःशेषक्षीयमाणस्वर्णमलवृत्तिदोषावरणसाधारणौपाधिकत्वजातिसिद्ध्याऽर्थान्तरापत्तेः, दोषत्वादिजातिग्रहे च दृष्टान्तस्य साध्यविकलत्वात्; तथापि दोषत्वमावरणत्वं च निःशेषक्षीयमाणवृत्ति देशतःक्षीयमाणवृत्तिजातित्वात्, स्वर्णमलत्ववदित्यत्र तात्पर्यम् ।।४-९।।

જેમ મલક્ષયના હેતુથી સુવર્ણાદિના બાહ્ય અને આભ્યંતર મલનો ક્ષય થાય છે તેમ રાગાદિ દોષો અને જ્ઞાનાવરણીયાદિ કર્મસ્વરૂપ આવરણોની હાનિ કોઈ સ્થાને સર્વથા થાય છે, કારણ કે તેમાં તરતમતા છે - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે રાગાદિ દોષો અને કર્મસ્વરૂપ આવરણ : એ બંન્નેની હાનિ(ક્ષય-હ્રાસ)માં દરેક જીવને આશ્રયીને તરતમતા (ઓછી-વધારે) દેખાય છે તેથી તે બંન્નેની હાનિ કોઈ આત્મામાં સર્વથા હોય છે. તેમાં સુવર્ણના મલને દષ્ટાંત તરીકે સમજવું. જેમ સુવર્ણમાં કોઈનામાં ઓછો; કોઈનામાં વધારે મલ હોવાથી મલની હાનિ તરતમતાવાળી જણાય છે અને તેથી તે મલની હાનિ કોઈ સ્થાને સર્વથા થાય છે તેમ જીવમાં કોઈનામાં રાગાદિ દોષો અને કર્મસ્વરૂપ આવરણ ઓછા-વધતા પ્રમાણમાં હોવાથી તેની હાનિ તરતમતાવાળી છે. તેથી કોઈ જીવમાં એ હાનિ સર્વથા થાય છે ત્યારે એ જીવમાં ધ્વસ્તદોષત્વ મનાય છે અને તે ધ્વસ્તદોષ આત્મા મહાન મનાય છે.

અહીં નૈયાયિકોની દૃષ્ટિએ અનુમાનનું સ્વરૂપ જણાવીને તેના નિરાકરણ માટે **यद्यपि** ઇત્યાદિ ગ્રંથ છે. એનો આશય એ છે કે; **दोषावरणे, निःशेषहानिप्रतियोगिनी, तारतम्यवद्धानिप्रतियोगित्वात्** - આ અનુમાનમાં દોષાવરણ પક્ષ છે. નિઃશેષહાનિ-પ્રતિયોગિત્વ સાધ્ય છે અને તારતમ્યવદ્હાનિ-પ્રતિયોગિત્વ હેતુ છે. જેની હાનિ થાય છે તે હાનિના પ્રતિયોગી છે અને તેમાં (પ્રતિયોગીમાં) પ્રતિયોગિત્વ છે. ઉપર જણાવેલા અનુમાનમાં છદ્મસ્થના દોષાવરણને પક્ષ માનીએ તો ત્યાં નિઃશેષહાનિનું પ્રતિયોગિત્વ સ્વરૂપ સાધ્ય ન હોવાથી બાધ આવે છે. શ્રી વીતરાગપરમાત્માના દોષાવરણને પક્ષ માનીએ તો ત્યાં

તારતમ્યવદ્હાનિનું પ્રતિયોગિત્વ સ્વરૂપ હેતુ ન હોવાથી સ્વરૂપાસિદ્ધિ આવે છે. તેમ જ વીતરાગ પરમાત્મામાં દોષાવરણ ન હોવાથી પક્ષાપ્રસિદ્ધિ દોષ આવે છે.

ક્વચિદ્ હેતુ અને સાધ્યનું અસ્તિત્વ હોવાથી ઉપર જણાવ્યા મુજબ બાધ અને અસિદ્ધિ ન આવે પરંતુ સાધ્યના આશ્રય તરીકે કોઈને પણ નિશ્ચિત કર્યા વિના સાધ્યનું આપાદન કરવાથી દિગ્નાગના મતમાં પ્રવેશ થતો નથી એમ બનતું નથી. અર્થાત્ દિગ્નાગના મતમાં પ્રવેશ થવાથી સ્વસિદ્ધાંતની હાનિ થાય છે. ક્ષણિકવાદી(બૌદ્ધો)ને પ્રતિક્ષણ સર્વ વસ્તુની ભિન્નતા હોવાથી સંતાનની અપેક્ષાએ જ ઐક્ય પ્રસિદ્ધ છે. જ્યારે નૈયાયિકાદિને તો સર્વત્ર ક્ષણિકતા અભિપ્રેત ન હોવાથી સાધ્યાશ્રયનો નિર્ણય કરીને જ પરને માટે સાધ્યને સિદ્ધ કરવાની આવશ્યકતા છે, જે **क्वचित्** પદના ગ્રહણથી શક્ય બનતું નથી. દિગ્નાગમતમાં પ્રવેશ ન થાય : એ માટે **क्वचित्** પદનું ગ્રહણ ન કરીએ તો ઉપર જણાવ્યા મુજબ બાધ અને અસિદ્ધિ દોષો છે જ - એ સમજી શકાય છે. '**न क्वचित्... दिग्नागमतप्रवेशः**' - આ ગ્રંથનું તાત્પર્ય મને જે રીતે સમજાયું તે રીતે ઉપર મેં જણાવ્યું છે. આ ગ્રંથનું તાત્પર્ય '**द्वात्रिंशद्-द्वात्रिंशिका**' **भा.१** (પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટ-ધોળકા) માં ભાવાનુવાદકારે નીચે જણાવ્યા મુજબ વર્ણવ્યું છે.

[આ દોષોનું વારણ '**क्वचित्**' પદ લગાવવાથી પણ નથી થઈ શકતું. એટલે કે કો'ક આત્મામાં રહેલા દોષ અને આવરણને પક્ષ તરીકે લેવામાં આવે તોપણ એ દોષ દૂર થતા નથી. (એમાં પણ પૂર્વોક્ત દલીલ જ જાણવી. એટલે કે જો ક્વચિત્ તરીકે અવીતરાગ જીવ લેવાનો હોય તો બાધ દોષ અને વીતરાગ જીવ લેવાનો હોય તો અસિદ્ધિ દોષ.) વળી આ આપત્તિ પણ જે દોષ-આવરણ વ્યક્તિઓથી જુદી કરીને પછી એ વ્યક્તિ અંગે આપીએ છીએ એવું નથી. માટે દિગ્નાગના મતમાં પ્રવેશ થઈ જવાનો પણ પ્રશ્ન નથી. એટલે બાધ અને અસિદ્ધિ દોષ ઊભા જ છે.]

યદ્યપિ; આ પૂર્વે જણાવેલા બાધ અને સ્વરૂપાસિદ્ધિ વગેરે દોષોનું વારણ કરવા **दोषावरणे निःशेषहानिप्रतियोगिजातीये तारतम्यवद्धानिप्रतियोगित्वात् सम्प्रतिपन्नस्वर्णमलवत्**; અર્થાત્ દોષ અને આવરણ, નિઃશેષહાનિના પ્રતિયોગીમાં રહેનારી જાતિવાળા છે. કારણ કે તરતમતાવાળી હાનિના એ પ્રતિયોગી છે.

દા.ત. વર્તમાન સુવર્ણનો મલ. - આ પ્રમાણે અનુમાન કરવાથી બાધ વગેરે કોઇ દોષ નહિ આવે. કારણ કે કોઇ પણ દોષાવરણમાં (દોષ અને આવરણમાં) નિઃશેષહાનિના પ્રતિયોગી એવા દોષ અને આવરણની જાતીયતા (દોષત્વ અને આવરણત્વ) પ્રસિદ્ધ હોવાથી બાધ નથી આવતો. અને છદ્મસ્થના દોષાવરણમાં તારતમ્યવદ્ધાનિપ્રતિયોગિત્વ હોવાથી અસિદ્ધિદોષ પણ આવતો નથી. પરંતુ એ અનુમાનથી તો જે જાતિ સિદ્ધ થશે તે દોષ, આવરણ, સુવર્ણમલ : આ ત્રણમાં રહેનારી જાતિ તરીકે ઔપાધિકત્વજાતિની સિદ્ધિ થશે. તેથી દોષ અને આવરણ માત્રમાં રહેનારી જાતિને સિદ્ધ કરનારાને અર્થાંતરદોષનો પ્રસંગ આવશે.

ઉપર જણાવેલા અનુમાનથી દોષત્વ અને આવરણત્વ જાતિની જ સિદ્ધિ થાય છે - એમ માની લઇએ તો સુવર્ણમલ સ્વરૂપ દૃષ્ટાંતમાં દોષત્વાદિ જાતિ ન હોવાથી દૃષ્ટાંતમાં સાધ્ય-વિકલતા આવે છે. આથી સમજી શકાશે કે **दोषावरणे निःशेषहानिप्रतियोगिनी तारतम्यवद्धानिप्रतियोगित्वात्** ઇત્યાદિ અનુમાનમાં પક્ષવિવેચનમાં બાધાસિદ્ધિ દોષનો પ્રસંગ આવે છે, તેનું નિવારણ કરવા **तथापि दोषत्वमावरणत्वम्**... ઇત્યાદિ ગ્રંથથી અનુમાનનું સ્વરૂપ સ્પષ્ટપણે જણાવાય છે. એનો આશય સ્પષ્ટ છે કે - **दोषत्वमावरणत्वं च, निःशेषक्षीयमाणवृत्ति, देशतः क्षीयमाणवृत्तिजातित्वात् स्वर्णमलत्ववद्** - આ પ્રમાણે અનુમાનનું તાત્પર્ય હોવાથી કોઇ દોષ નથી. કારણ કે તારતમ્યવદ્‌હાનિના પ્રતિયોગી એવા દેશથી(અંશતઃ) ક્ષય પામતા દોષ અને આવરણમાં રહેનારી દોષત્વ અને આવરણત્વ જાતિમાં; દેશથી ક્ષય પામતા દોષ અને આવરણમાં રહેનારી જાતિમાં વૃત્તિ (રહેનાર) એવું જાતિત્વ છે તેમ જ શ્રી વીતરાગપરમાત્માના નિઃશેષક્ષીયમાણ દોષ અને આવરણમાં પણ દોષત્વ અને આવરણત્વ વૃત્તિ હોવાથી તેમાં 'નિઃશેષક્ષીય-માણવૃત્તિત્વ' સ્વરૂપ સાધ્ય પણ છે. તેથી પૂર્વે જણાવ્યા મુજબ બાધ કે અસિદ્ધિ દોષ આવતો નથી... ઇત્યાદિ ઉપયોગપૂર્વક સમજી લેવું જોઇએ. ॥૪-૯॥

શ્રી તીર્થંકરપરમાત્મા જગત્કર્તા ન હોવાથી તેમનામાં મહત્ત્વ કઇ રીતે મનાય - આ શંકાનું નિરાકરણ કરાય છે–

**इत्थं जगदकर्त्तृत्वेऽप्यमहत्त्वं निराकृतम् ।**
**कार्ये कर्त्तृप्रयोज्यस्य, विशेषस्यैव दर्शनात् ॥४-१०॥**

इत्थमिति–इत्थं ध्वस्तदोषत्वेनैव महत्त्वसिद्धौ । जगदकर्तृत्वेऽपि सति । भगवतोऽमहत्त्वं निराकृतं, जगत्कर्तृत्वस्य क्वचिदप्यसिद्धेश्च । न च "क्षित्यादिकं सकर्तृकं कार्यत्वाद् घटादिवद्" इत्यनुमानात्तत्सिद्धिः, अप्रयोजकत्वात् । कार्यत्वेन कर्तृत्वेन च कार्यकारणभावस्य विपक्षबाधकस्य तर्कस्य सत्त्वाद् नाप्रयोजकत्वमिति चेन्न, कार्यत्वावच्छिन्नं प्रति कर्तृत्वेन हेतुत्वे प्रमाणाभावात् । कार्ये घटादौ कर्तृप्रयोज्यस्य कर्तृजन्यतावच्छेदकस्य विशेषस्यैव क्षितिमर्वादिव्यावृत्तजातिविशेषस्यैव दर्शनादिदं सकर्तृकमिदं च नेति व्युत्पन्नव्यवहारेण ग्रहणाद्व्याप्यधर्मेण व्यापकधर्मान्यथासिद्धेस्तदवच्छिन्न एव कर्तृत्वेन हेतुत्वात् । पृथिवीत्वादिना साङ्कर्यान्नायं विशेष इति चेन्न, उपाधिसाङ्कर्यस्येव जातिसाङ्कर्यस्याप्यदूषणत्वस्य त्वदीयैरेव व्यवस्थापितत्वात्, कार्यत्वस्य कालिकसम्बन्धेन घटत्वपटत्वादिमत्त्वरूपस्य नानात्वात्, कृत्यव्यवहितोत्तरत्वस्य परम्परासम्बन्धेन कृतित्वस्यैव वा कर्तृजन्यतावच्छेदकत्वौचित्याच्च ॥४-१०॥

"દોષ અને આવરણના સર્વથા ધ્વંસને લઇને પરમાત્મામાં મહત્ત્વ સિદ્ધ થવાથી પરમાત્મા જગત્કર્ત્તા ન હોવા છતાં તેઓશ્રીમાં મહત્ત્વના અભાવનું નિરાકરણ થાય છે. કારણ કે કાર્યમાં; વિશેષ-સ્વરૂપ જ કર્ત્તાનું પ્રયોજ્યત્વ દેખાતું હોવાથી જગત્કર્ત્તા જ સિદ્ધ નથી." આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ ધ્વસ્તદોષત્વના કારણે પરમાત્મામાં મહત્ત્વ સિદ્ધ હોવાથી **परमात्मा न महान् जगदकर्तृत्वाद् अस्मदादिवत्** આ અનુમાનથી પરમાત્મામાં મહત્ત્વાભાવ સિદ્ધ નહિ થાય. કારણ કે જગત્કર્તૃત્વ કોઇ પણ વ્યક્તિમાં સિદ્ધ નથી.

યદ્યપિ **क्षित्यादिकं सकर्तृकं कार्यत्वात् घटादिवत्** આ અનુમાનથી જગત્કર્ત્તા સિદ્ધ થાય છે. જ્યાં જ્યાં કાર્યત્વ છે (જન્યત્વ છે) ત્યાં ત્યાં સકર્તૃકત્વ હોય છે. ઘટાદિમાં કાર્યત્વ છે તેથી ત્યાં કુલાલાદિનું (કુંભારાદિનું) કર્તૃત્વ છે. આવી જ રીતે પૃથ્વી વગેરેમાં કાર્યત્વ હોવાથી ત્યાં પણ કોઇનું પણ કર્તૃત્વ હોવું જ જોઇએ. પૃથ્વી વગેરેમાં આપણા સૌનું કર્તૃત્વ ન હોવાથી પૃથ્વી વગેરેનો જે કર્ત્તા છે, તે જ જગત્કર્ત્તા છે - એ સિદ્ધ થાય છે. પરંતુ 'ક્ષિત્યાદિ(પૃથ્વી વગેરે)માં કાર્યત્વ ભલે રહ્યું (હેતુ ભલે હોય) પરંતુ સકર્તૃકત્વ(સાધ્ય) તેમાં માનતા નથી.' - આવી શંકા (વ્યભિચારશંકા)ને દૂર કરવા માટે કોઇ તર્ક ન હોવાથી અનુમાન પ્રયોજક નહિ બને.

યદ્યપિ; જ્યાં કાર્યત્વ છે ત્યાં કર્તૃપ્રયોજ્યત્વ છે અને જ્યાં કર્તૃપ્રયોજ્યત્વનો અભાવ છે ત્યાં કાર્યત્વનો અભાવ છે - આ નિયમથી કાર્યમાત્રની પ્રત્યે કર્ત્તા કારણ છે - એ સ્પષ્ટ છે. ક્ષિતિ વગેરે કાર્યમાં કાર્યત્વ માનીએ અને કર્ત્તૃપ્રયોજ્યત્વ(સકર્તૃકત્વ) ન માનીએ તો ઉપર જણાવ્યા મુજબ કાર્યમાત્રની પ્રત્યે કર્તા કારણ છે - આવો સામાન્યથી કાર્યકારણભાવ માની શકાશે નહિ. તેથી એ કાર્યકારણભાવના અનુરોધથી ક્ષિત્યાદિમાં સકર્તૃકત્વ માનવાનું આવશ્યક છે. આ કાર્યકારણભાવ જ ઉપર જણાવેલા અનુમાનનો પ્રયોજક છે. આથી સમજી શકાશે કે જગત્કર્તૃત્વરૂપ સાધ્યની અપેક્ષાએ જગદકર્ત્તૃત્વસ્વરૂપ વિપક્ષનો બાધ કરનાર કાર્યસામાન્ય અને કર્ત્તાસામાન્યનો કાર્યકારણભાવસ્વરૂપ અનુકૂળ તર્ક છે. 'ક્ષિત્યાદિમાં કાર્યત્વ હોય અને સકર્તૃકત્વ ન હોય તો ઉપર જણાવ્યા મુજબ કાર્ય અને કર્ત્તા સામાન્યનો કાર્યકારણભાવ નહિ થાય' - આવા પ્રકારનો અનુકૂળ તર્ક હોવાથી **क्षित्यादिकं सकर्तृकं कार्यत्वाद् घटादिवत्** આ અનુમાન અપ્રયોજક નથી. પરંતુ કાર્યમાત્રની પ્રત્યે કર્ત્તા કારણ છે - એવા સામાન્યથી કાર્યકારણભાવમાં જ કોઇ પ્રમાણ નથી. કારણ કે ઘટાદિ કાર્યની પ્રત્યે કુલાલ વગેરે વિશેષકર્ત્તા જ પ્રયોજક બનેલા દેખાય છે. તેથી ઘટાદિમાં રહેલી કાર્યતાથી નિરૂપિત કારણતા કુલાલાદિ વિશેષકર્ત્તામાં જ હોવાથી એ કારણતાનો અવચ્છેદક; કુલાલાદિ વિશેષકર્ત્તામાં જ રહેનાર ધર્મને મનાય છે. જે ધર્મ; ક્ષિતિ મેરુ વગેરે (જેમનો કર્ત્તા અપ્રસિદ્ધ છે) પદાર્થમાં રહેતો ન હોવાથી તેનાથી (ક્ષિતિ વગેરેથી) વ્યાવૃત્ત જાતિવિશેષરૂપ છે.

શ્લોકમાં **कर्तृप्रयोज्यस्य** - આ પદ છે તેનો અર્થ **कर्तृजन्यतावच्छेदकस्य** આ પ્રમાણે ટીકામાં કર્યો છે. એનો આશય એ છે કે કર્ત્તામાં રહેલી જનકતા (કારણતા)નિરૂપિત જન્યતા(કાર્યતા)વચ્છેદક; કર્તૃપ્રયોજ્ય(કર્તૃપ્રયોજ્યત્વ સ્વરૂપ) છે. 'આ(ઘટાદિ) કાર્ય સકર્તૃક છે અને આ(ક્ષિત્યાદિ) કાર્ય સકર્તૃક નથી' - આ પ્રમાણેના પ્રમાણભૂત વ્યવહારથી ઘટાદિ કાર્યમાં કુલાલાદિ કર્ત્તાના પ્રયોજ્યત્વવિશેષનું જ ગ્રહણ થતું હોવાથી, 'કાર્યમાત્રની પ્રત્યે કર્ત્તા કારણ છે' - એ કહી શકાય એવું નથી. તેથી **क्षित्यादिकं सकर्तृकम्**... ઇત્યાદિ અનુમાન પ્રયોજક નથી.

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ ઘટાદિ કાર્યની પ્રત્યે કુલાલાદિકર્તૃવિશેષ-પ્રયોજ્યત્વ દેખાતું હોવા છતાં વિશેષતઃ કાર્યકારણભાવની જેમ સામાન્યતઃ કાર્યકારણભાવ પણ માનવો જોઈએ. કારણ કે 'જે બેમાં વિશેષથી કાર્યકારણભાવ હોય છે; તે બેમાં સામાન્યથી પણ કાર્યકારણભાવ હોય છે' - એવો નિયમ છે. તેથી કાર્યમાત્રની પ્રત્યે કર્ત્તાસામાન્યને કારણ માનવાથી **क्षित्यादिकं सकर्तृकम्**... ઇત્યાદિ અનુમાન અપ્રયોજક નથી. પરંતુ વ્યાપ્ય(વિશેષ)ધર્મથી જો કાર્યકારણભાવ શક્ય હોય તો વ્યાપકધર્મથી (સામાન્યધર્મથી) કાર્યકારણભાવ મનાતો નથી. વિશેષ(વ્યાપ્ય)ધર્મથી સામાન્ય(વ્યાપક)ધર્મ અન્યથાસિદ્ધ મનાય છે. અન્યથા; ઘટ અને દંડનો, ઘટત્વ અને દંડત્વ સ્વરૂપ વ્યાપ્યધર્મથી કાર્યકારણભાવ સિદ્ધ હોવાથી એની અપેક્ષાએ વ્યાપક એવા દ્રવ્યત્વાદિ સામાન્યધર્મથી પણ કાર્યકારણભાવ માનવો પડશે. આથી સમજી શકાશે કે કાર્યમાત્રની પ્રત્યે કર્ત્તાસામાન્ય કારણ છે : એ કહી શકાય એમ નથી. તેથી ઘટાદિ કાર્યવિશેષની પ્રત્યે કુલાલાદિ કર્ત્તાવિશેષનું જ પ્રયોજ્યત્વ હોવાથી ક્ષિતિ વગેરેમાં નહિ રહેનાર (એવા, કુલાલ વગેરેમાં રહેનાર) જાતિવિશેષસ્વરૂપે જ કુલાલાદિ કર્ત્તાને ઘટાદિ કાર્યની પ્રત્યે કારણ મનાય છે. આ રીતે સામાન્યથી કાર્યકારણભાવ અસિદ્ધ હોવાથી **क्षित्यादिकं सकर्तृकं कार्यत्वाद्** આ અનુમાન અપ્રયોજક છે.

જોકે ઉપર જણાવ્યા મુજબ ઘટાદિ કાર્યમાં કર્તૃપ્રયોજ્યત્વવિશેષ જાતિ પણ પ્રસિદ્ધ નથી. કારણ કે પૃથ્વીત્વ વગેરે જાતિની સાથે સાંકર્ય આવે છે. પૃથ્વીત્વને છોડીને કર્ત્તૃપ્રયોજ્યત્વવિશેષ જાતિ સંયોગાદિમાં રહે છે અને એ વિશેષ જાતિને છોડીને પૃથ્વીત્વ ક્ષિતિ વગેરેમાં રહે છે. તેમ જ ઘટાદિમાં એ બંને જાતિઓ રહે છે. (પરસ્પરના અભાવવદ્‌માં જે જાતિઓ રહેતી હોય અને પરસ્પરનું સામાનાધિકરણ્ય જેમાં હોય તે જાતિમાં સાંકર્ય આવે છે.) આ રીતે ઘટાદિ કાર્યમાં કર્ત્તૃપ્રયોજ્યત્વવિશેષ જાતિ; સાંકર્યના કારણે માની શકાશે નહિ. પરંતુ ઉપાધિ(ઘટત્વાદિ જાતિને છોડીને સામાન્ય ધર્મ)સાંકર્ય જેમ દોષાધાયક નથી તેમ જાતિસાંકર્ય પણ દોષાધાયક ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ ઘટાદિ કાર્યમાં (ક્ષિત્યાદિ-વ્યાવૃત્ત) કર્ત્તૃપ્રયોજ્યત્વવિશેષ જાતિ માની શકાશે. આશય એ છે કે ભૂતત્વ(પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ : આ પાંચમા રહેનાર ધર્મવિશેષ)ને છોડીને વેગાશ્રયત્વ મનમાં છે. વેગાશ્રયત્વને છોડીને ભૂતત્વ આકાશમાં છે અને

ભૂતત્વ અને વેગાશ્રયત્વ : બંન્ને પૃથ્વી વગેરે ચારમાં છે. આ પ્રમાણે ભૂતત્વ અને વેગાશ્રયત્વમાં સાંકર્ય હોવા છતાં જેમ ભૂતત્વ અને વેગાશ્રયત્વ : બંન્ને ઉપાધિ મનાય છે તેમ સાંકર્ય હોવા છતાં જાતિ માનવામાં કોઇ દોષ નથી - આ પ્રમાણે તમારા જ (નવીન નૈયાયિકોએ) લોકોએ જણાવ્યું છે.

જોકે પ્રાચીન નૈયાયિકો સાંકર્યને દોષાધાયક માનતા હોવાથી ક્ષિતિ વગેરેમાં નહિ રહેનાર અને ઘટાદિ કાર્યમાં રહેનાર એવા કર્તૃપ્રયોજ્યત્વવિશેષ સ્વરૂપ જાતિની સિદ્ધિ થતી નથી. તેથી તેને કાર્યતાવચ્છેદક મનાશે નહિ. ઘટાદિ કાર્યમાં રહેનાર કાર્યત્વને જ કાર્યતાવચ્છેદક માનવું જોઇએ. જેથી કાર્યસામાન્યની પ્રત્યે કાર્યત્વ અને કર્તૃત્વ સ્વરૂપે કાર્યકારણભાવ સિદ્ધ હોવાથી **क्षित्यादिकं सकर्तृकम्**... આ અનુમાન અપ્રયોજક નથી. પરંતુ **यदा कार्यं तदा कर्त्ता** (જે કાળે કાર્ય છે, તે કાળે કર્ત્તા છે.) આવા પ્રકારના કાલિકસંબંધઘટિત કાર્યકારણભાવમાં કાલિકસંબંધથી કાર્યત્વ; ઘટત્વ, પટત્વાદિ અનેક ધર્મસ્વરૂપ હોવાથી કાર્યતાવચ્છેદક તરીકે કાર્યત્વને નહિ માની શકાય. જ્યાં જ્યાં ઘટાદિ કાર્ય છે; ત્યાં ત્યાં તેની અવ્યવહિત પૂર્વે કુલાલાદિની કૃતિ હોય છે. તેથી ઘટાદિકાર્યોમાં કૃત્યવ્યવહિતોત્તરત્વ છે, તેને જ ઘટાદિ કાર્યમાં રહેલી કાર્યતાનો અવચ્છેદક માનવો જોઇએ. જોકે કૃત્યવ્યવહિતોત્તરત્વ પણ જાતિ ન હોવાથી તેને ઘટાદિમાં રહેલી કાર્યતાનો અવચ્છેદક માનવાનું ઉચિત નથી. પરંતુ સ્વાશ્રય(કૃતિત્વાશ્રય કૃતિ)પ્રયોજ્યત્વ વગેરે પરંપરાસંબંધથી કૃતિત્વ જાતિને ઘટાદિમાં રહેલી કાર્યતાની અર્થાત્ કર્ત્તામાં રહેલી જનકતાનિરૂપિત-જન્યતાની અવચ્છેદક માનવી જોઇએ. આથી સમજી શકાશે કે કર્ત્તાસામાન્ય અને કાર્યસામાન્ય : એ બેમાં કાર્યકારણભાવ સિદ્ધ ન હોવાથી **क्षित्यादिकं सकर्तृकं कार्यत्वाद् घटादिवत्** આ અનુમાન પ્રયોજક નથી. ||૪-૧૦||

**द्रव्यजन्यतावच्छेदकतया सिद्धं जन्यसत्त्वमेव कर्तृकार्यतावच्छेदकं भविष्यतीत्यत आह-**

ઉપર જણાવ્યા મુજબ કર્ત્તાસામાન્ય અને કાર્યસામાન્ય : એ બેમાં કાર્યકારણભાવ અસિદ્ધ હોવાથી **क्षित्यादिकं सकर्तृकं कार्यत्वात्** આ અનુમાન અપ્રયોજક છે - એમ માનવાની જરૂર નથી. કારણ કે ક્ષિત્યાદિમાં કાર્યત્વ (હેતુ) હોય અને સકર્તૃકત્વ ન હોય તો જન્યસત્ત્વ અને કર્ત્તાસામાન્ય : એ બેનો

કાર્યકારણભાવ સંગત નહિ થાય. - આ પ્રમાણે અનુકૂળ તર્ક હોવાથી એ અનુમાન પ્રયોજક છે. આશય એ છે કે ઘટસામાન્યની પ્રત્યે કપાલસામાન્ય કારણ છે. ત્યાં જેમ કપાલસામાન્યમાં રહેનારી કારણતાથી નિરૂપિત, ઘટમાં રહેનારી કાર્યતા, ઘટત્વથી અવચ્છિન્ન છે અર્થાત્ એ કાર્યતાનો અવચ્છેદક ઘટત્વજાતિસ્વરૂપ ધર્મ છે તેમ દ્રવ્યમાત્રમાં રહેનારી કારણતા(સમવાયિકારણતા)થી નિરૂપિત; જન્યસત્(દ્રવ્ય, ગુણ અને કર્મ)માં રહેનારી કાર્યતાનો અવચ્છેદક ધર્મ જન્યસત્ત્વ સિદ્ધ છે. એ સ્વરૂપે જન્યસત્ અને કર્ત્તાસામાન્યને કાર્યકારણભાવ માની શકાશે. અને તેથી જન્યસત્ એવા પૃથ્વી વગેરેનો જે કર્ત્તા છે તે જગત્કર્ત્તા પરમાત્મા છે : એ સિદ્ધ થાય છે. શ્રી વીતરાગપરમાત્માને જગત્કર્ત્તા માનતા ન હોવાથી તે મહાન નથી - આ પ્રમાણે કહેવામાં આવે તો, તેનું સમાધાન જણાવાય છે—

**कर्तृत्वेन च हेतुत्वे, ज्ञातृत्वेनाऽपि तद् भवेत् ।**
**ज्ञानस्यैव च हेतुत्वे, सिद्धे नः सिद्धसाधनम् ।।४-११।।**

कर्तृत्वेनेति—कर्तृत्वेन च हेतुत्वे ज्ञातृत्वेनापि तद्धेतुत्वं भवेत्, तथा चानेककार्यकारणभावकल्पनम्, इत्थमप्रामाणिकमिति भावः । घटतदुपादानप्रत्यक्षयोः कार्यकारणभावः कल्प्यमानः सामान्यव्यभिचारानुपस्थितिलाघवाभ्यां सामान्यत एव सिध्यतीति द्व्यणुकाद्युपादानप्रत्यक्षाश्रयतया जगत्कर्तृत्वं सेत्स्यतीत्यत आह—ज्ञानस्यैव च हेतुत्वेऽभ्युपगम्यमाने सिद्धे नोऽस्माकं सिद्धसाधनं, प्रवाहतस्तेषामनादित्वात् । तदिदमुच्यते—"जं जहा भगवया दिट्ठं तं तहा विपरिणमइत्ति" । अपि चैवमुपादानप्रत्यक्षं निराश्रयमेव सिध्यतु, गुणस्य माश्रयकत्वव्याप्तौ मानाभावात् । क्षणमात्रमिव सदापि कस्यचिद्गुणस्यानाश्रयस्यावस्थितेर्वक्तुं शक्यत्वात् ।।४-११।।

"કાર્યમાત્રની પ્રત્યે કર્તૃત્વરૂપે કર્ત્તાને કારણ માનીએ તો જ્ઞાતૃત્વસ્વરૂપે જ્ઞાતાને પણ કારણ માનવાનો પ્રસંગ આવશે. કાર્યમાત્રની પ્રત્યે જ્ઞાનની કારણતાને સિદ્ધ કરવામાં આવે તો અમારે (જૈનોને) સિદ્ધસાધન આવશે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, "**द्रव्यत्वावच्छिन्नतादात्म्यसम्बन्धावच्छिन्नजनकतानिरूपितसमवायसम्बन्धावच्छिन्नजन्यता (द्रव्यगुणकर्मनिष्ठा); यत्किञ्चिद्धर्मावच्छिन्ना, कार्यतात्वाद् कपालत्वावच्छिन्नतादात्म्यसम्बन्धावच्छिन्नजनकतानिरूपित-**

**समवायसम्बन्धावच्छिन्नघटत्वावच्छिन्नघटनिष्ठजन्यतावद्**" - આ અનુમાનથી સિદ્ધ એવા જન્યસત્ત્વરૂપે કાર્યમાત્રની પ્રત્યે કર્ત્તાને કારણ માનીએ તો જ્ઞાતાને પણ કારણ માનવાનો પ્રસંગ આવશે. કારણ કે **यदा जन्यसत् तदा कर्त्ता** આ વ્યાપ્તિ(નિયમ)ની જેમ **यदा जन्यसत् तदा ज्ञाता** આ વ્યાપ્તિ પણ છે. આથી આ રીતે અનેક કાર્યકારણભાવની કલ્પના કરવાનું પ્રામાણિક નથી. આ પ્રમાણે જગત્કર્ત્તા સિદ્ધ ન હોવાથી તે સ્વરૂપે પરમાત્માને ન માનવા છતાં પરમાત્મામાં મહત્ત્વ માનવામાં કોઇ જ દોષ નથી.

"ઘટાદિ કાર્યની પ્રત્યે તેના ઉપાદાન(સમવાયિ)કારણનું પ્રત્યક્ષ એ કારણ છે. જેને એવું પ્રત્યક્ષ નથી તેને ઘટાદિ કાર્યની ઉત્પત્તિ કરવાનું શક્ય બનતું નથી. સામાન્યથી; આ પ્રમાણે વિશેષ રીતે વિશિષ્ટ સ્થળે કાર્યકારણભાવ નિશ્ચિત થાય છે ત્યારે જો વ્યભિચારનું જ્ઞાન ન હોય અને લાઘવજ્ઞાનનો સહકાર હોય, તો તે સામાન્યસ્વરૂપે જ નિશ્ચિત થતો હોય છે. દા.ત. ઘટની પ્રત્યે કપાલ કારણ છે, કપાલને કપાલત્વસ્વરૂપે જ ઘટની પ્રત્યે કારણ મનાય છે, પૃથ્વીત્વસ્વરૂપે નહિ અને કપાલાન્યતમત્વ સ્વરૂપે પણ નહિ. કારણ કે તે તે સ્વરૂપે કારણ માનવાથી અનુક્રમે વ્યભિચાર આવે છે અને ગૌરવ થાય છે. આવી જાતનું વ્યભિચારનું જ્ઞાન ન હોય અને ગૌરવજ્ઞાન પણ ન હોય તો ઉપર જણાવ્યા મુજબ સામાન્ય સ્વરૂપે જ કાર્યકારણભાવ નિશ્ચિત થતો હોય છે. તેથી કાર્ય-જન્યસત્(દ્રવ્ય-ગુણ-કર્મ)માત્રની પ્રત્યે તેના ઉપાદાન(સમવાયિ)કારણનું પ્રત્યક્ષ કારણ છે - એ સિદ્ધ થાય છે. આથી સમજી શકાશે કે **द्व्यणुकादिकं तदुपादानप्रत्यक्षजन्यं कार्यत्वाद्** - આ અનુમાનથી સિદ્ધ પરમાણુ (**द्व्यणुकोपादान**) વગેરેના પ્રત્યક્ષના આશ્રય તરીકે જગત્-કર્ત્તા સિદ્ધ છે. તેથી **वीतरागो न महान् जगदकर्तृत्वाद्** - આ અનુમાનથી પરમાત્મામાં મહત્ત્વાભાવ સિદ્ધ થાય છે" આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે એ રીતે ઉપાદાનપ્રત્યક્ષને જન્યસત્‌ની પ્રત્યે કારણ માનવાથી અમને (જૈનોને) સિદ્ધસાધન દોષ આવે છે. કારણ કે પ્રવાહને આશ્રયીને દ્વયણુકાદિ કાર્યો અનાદિકાળથી ચાલુ જ છે. એના ઉપાદાનભૂત પરમાણ્વાદિનું પ્રત્યક્ષ અને એના આશ્રયભૂત શ્રી સર્વજ્ઞભગવંતો પણ અનાદિના છે. વ્યક્તિવિશેષને આશ્રયીને તે તે કાર્ય વગેરે અનાદિના ન હોવા છતાં પ્રવાહથી તો તે સદૈવ છે. એટલે તે તે કાર્યની પ્રત્યે તે તે સર્વજ્ઞપરમાત્માઓના

જ્ઞાનને અમે કારણ માનીએ જ છીએ. તેથી નિત્ય એક એવા જગત્કર્ત્તાની કલ્પના કરવાની આવશ્યકતા નથી. અમારે ત્યાં તે પ્રમાણે જણાવ્યું પણ છે કે જે પ્રમાણે જે ભગવાને જોયું છે, તે પ્રમાણે તે થાય છે.

આ પ્રમાણે જ્ઞાનની હેતુતા સિદ્ધ થવા છતાં તે જ્ઞાનના એકમાત્ર આશ્રય તરીકે નિત્ય જગત્કર્ત્તાની સિદ્ધિ થઈ શકશે નહિ. યદ્યપિ આ રીતે દ્વ્યણુકાદિ ઉપાદાનના (પરમાણુ વગેરેના) પ્રત્યક્ષ સ્વરૂપ જ્ઞાનની સિદ્ધિ થાય તો તે જ્ઞાનના આશ્રય તરીકે નિત્ય એક જગત્કર્ત્તાને પણ માન્યા વિના ચાલે એવું નથી. કારણ કે જે જે ગુણ છે તે કોઈને કોઈ દ્રવ્યમાં આશ્રિત હોય છે - આ નિયમ છે. પરંતુ એ નિયમમાં કોઈ પ્રમાણ નથી. આશ્રય-દ્રવ્યના નાશથી તેમાં રહેલા ગુણનો જ્યારે નાશ થાય છે ત્યારે જેમ એક ક્ષણ માટે ગુણ આશ્રય વિના રહે છે તેમ કોઈ ગુણ કાયમ માટે આશ્રય વિના રહે છે - એ પ્રમાણે કહી શકાય છે... ઈત્યાદિ ખૂબ જ સ્થિરતાથી વિચારવું. ॥૪-૧૧॥

"व्रह्माण्डादिधृतिः प्रयत्नजन्या धृतित्वाद् घटादिधृतिवद्" इत्यनुमानाद् व्रह्माण्डादिधारकप्रयत्नाश्रयतया जगत्कर्तृत्वसिद्धिः । तथा च श्रुतिः—"एतस्य चाक्षरस्य प्रशासने गार्गी द्यावापृथिवी विधृते तिष्ठतः" इत्यत आह—

બ્રહ્માંડાદિની ધૃતિ (પતનપ્રતિબંધક સંયોગ) પ્રયત્નથી જન્ય છે. કારણ કે તેમાં ધૃતિત્વ રહેલું છે. જેમાં જેમાં ધૃતિત્વ છે; તેમાં તેમાં પ્રયત્નજન્યત્વ છે. ઘટાદિની ધૃતિમાં જેમ કુલાલાદિના પ્રયત્નનું જન્યત્વ છે તેમ બ્રહ્માંડાદિની ધૃતિમાં પણ કોઈના પણ પ્રયત્નનું જન્યત્વ છે - એ સ્પષ્ટ છે. જેનો એ પ્રયત્ન છે, તે જગત્કર્તા પરમેશ્વર છે. આ પ્રમાણે જગત્કર્તા સિદ્ધ થવાથી '**वीतरागो न महान् जगदकर्तृत्वात्**' - આ અનુમાનથી શ્રી વીતરાગપરમાત્મામાં મહત્ત્વાભાવ સિદ્ધ થાય છે. આ પ્રમાણે નૈયાયિકોના અભિપ્રાયનું સમર્થન કરનારી શ્રુતિ પણ છે. "હે ગાર્ગિ ! આ અક્ષર (અવિનાશી સ્વરૂપવાળા) પરમાત્માના પ્રશાસનમાં સ્વર્ગ અને પૃથ્વી પડી જતાં નથી, સ્થિર રહે છે." - એ નૈયાયિકોના અભિપ્રાયનું નિરાકરણ કરાય છે—

**धृत्यादेरपि धर्मादिजन्यत्वान्नात्र मानता ।**
**कृतित्वेनापि जन्यत्वाच्चेत्यन्यत्रैष विस्तरः ॥४-१२॥**

धृत्यादेरिति–धृतिः पतनप्रतिबन्धकः संयोगः । आदिना स्थितिग्रहः, धर्मादिजन्यत्वाद् । आदिना स्वभावादिग्रहः, नात्र जगत्कर्तृत्वे मानता प्रमाणता । उक्तश्रुतावक्षरप्रशासनपदयोः सङ्ग्रहाभिमतैकात्मतद्धर्मपरतया नानुपपत्तिः । किं च प्रयत्नवदीश्वरसंयोगमात्रस्य धारकत्वेऽतिप्रसङ्गः, धारणानुकूलप्रयत्नवदीश्वरसंयोगस्य धारणावच्छिन्नेश्वरप्रयत्नस्यैव वा तत्त्वे स एव दोषः । यदि च स्वजनकवृत्तिधारणावच्छिन्नविशेष्यताया धारणावच्छिन्नविशेष्यताया एव वा धारकतावच्छेदकसम्बन्धत्वमभ्युपगम्यते, तदभ्युपगमे च तद्ज्ञानेच्छयोरपि धारकत्वापत्तौ गौरवाद्, लाघवाद्धर्मस्यैव धारकत्वौचित्यम् । तदिदमुच्यते–'निरालम्वा निराधारा विश्वाधारा वसुन्धरा । यच्चावतिष्ठते तत्र धर्मादन्यन्न कारणम् ।।१।।" इति । तथा कृतित्वेनापि जन्यत्वाच्च न जगत्कर्तृत्वसिद्धिः । कृतित्वाद्यवच्छिन्ने इच्छादेर्हेतुत्वान्नित्यकृत्यादौ मानाभावाद् जन्यत्वस्य कार्यत्वावच्छेदककोटौ प्रवेशे गौरवात्, फलमुखस्यापि तस्य क्वचिद्दोषत्वाद् । "नित्यविज्ञानमानन्दं ब्रह्म" इति श्रुतेर्नित्यज्ञानसिद्धावपि नित्येच्छाकृत्योरसिद्धेः, अत एव नित्यसुखस्यापीश्वरे सिद्धिप्रसङ्गाच्च । तस्मादुक्तश्रुतिरपि नित्यज्ञानसुखाश्रयतया ध्वस्तदोषत्वेनैव महत्त्वमीश्वरस्य वोधयतीति स्थितम् । इत्येष विस्तरोऽन्यत्र स्याद्वादकल्पलतादौ, दिग्मात्रप्रदर्शनं पुनरेतदिति बोध्यम् ।।४-१२।।

"બ્રહ્માંડાદિની ધૃતિ વગેરે ધર્માદિથી જન્ય હોવાથી જગત્કર્તૃત્વ માનવામાં કોઈ જ પ્રમાણ નથી. તેમ જ કૃતિત્વ સ્વરૂપે પણ જન્યત્વ માનવાથી જગત્કર્તૃત્વની સિદ્ધિ થતી નથી... ઇત્યાદિ વિસ્તારથી અન્યત્ર જણાવ્યું છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ ધૃતિ વગેરે(બ્રહ્માંડાદની ધૃતિ વગેરે)ને પ્રયત્નજન્ય માનવાની જરૂર નથી. કારણ કે તે ધર્માદિથી જન્ય છે. તેથી જગત્કર્ત્તાને માનવામાં કોઈ જ પ્રમાણ નથી. પતનપ્રતિબંધક સંયોગવિશેષને ધૃતિ કહેવાય છે. [ગુરુત્વ(ભારે)વાળી વસ્તુઓનું પતન થતું હોય છે. તેમના પતનના અભાવમાં સંયોગવિશેષ નિમિત્ત બને છે. એ સંયોગ પતનની પ્રત્યે પ્રતિબંધક છે.] શ્લોકમાં '**धृत्यादेरपि**' અહીં જે **आदि** પદ છે, તેનાથી 'સ્થિતિ'નો સંગ્રહ કરી લેવો. અને '**धर्मादि**' અહીંના **आदि** પદથી સ્વભાવાદિનો ગ્રહ કરી લેવો.

બ્રહ્માંડાદિની ધૃતિ વગેરે પ્રયત્નવિશેષથી જન્ય છેઃ એ માનવામાં '**एतस्य चाक्ष०**...' આ શ્રુતિ જ પ્રમાણ છે - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે

એ શ્રુતિમાં **अक्षर** અને **प्रशासन** આ પદો સંગ્રહનય(સામાન્યનું પ્રાધાન્ય જણાવનાર)ની અપેક્ષાએ એક આત્મા અને એક તેનો ધર્મ : એ અર્થને અનુક્રમે જણાવે છે. તેથી એ શ્રુતિનો અર્થ 'હે ગાર્ગિ ! આ આત્માઓના ધર્માદિના કારણે સ્વર્ગ અને પૃથ્વી પડતાં નથી અને સ્થિર છે.' - આ મુજબ છે. એ અર્થને જણાવનારી એ શ્રુતિથી ધૃતિના કારણ તરીકે જીવોના ધર્માદિ જ સિદ્ધ છે. પ્રયત્નવિશેષ કારણ તરીકે વર્ણવ્યો નથી કે જેથી તેને લઇને જગત્કર્ત્તાને માનવાની આવશ્યકતા રહે.

યદ્યપિ '**एतस्य चाक्षरस्य०...**' આ શ્રુતિને સંગ્રહનયની અપેક્ષાએ ઉપર જણાવ્યા મુજબ ક્લિષ્ટાર્થક માનવાના બદલે પૂર્વે જણાવ્યા મુજબના અર્થને જણાવનારી માનીએ તો નૈયાયિકના અભિપ્રાય મુજબ જગત્કર્ત્તાની સિદ્ધિ થાય છે. પરંતુ એ રીતે પ્રયત્નવાળા પરમાત્માના સંયોગને બ્રહ્માંડાદિની ધૃતિના ધારક (ધૃતિજનક) માનીએ તો પતનવાળા ઘટાદિની પણ ધૃતિને માનવા સ્વરૂપ અતિપ્રસંગ આવશે. કારણ કે ઈશ્વર વિભુ હોવાથી પતનપ્રતિબંધક સંયોગ જેમ બ્રહ્માંડની સાથે છે તેમ ઘટાદિની સાથે પણ છે.

યદ્યપિ કોઇ એક વસ્તુના ઉદ્દેશથી સંયોગવિશેષને લઇને એકમાં ધૃતિ થાય છે ત્યારે તે સંયોગવિશેષ; બીજી વસ્તુમાં હોવા છતાં ત્યાં ધૃતિનો ઉદ્દેશ ન હોવાથી ધૃતિ થતી નથી. તેથી ધારણાનુકૂલ પ્રયત્નવદ્ ઈશ્વરના સંયોગને ધૃતિ પ્રત્યે કારણ માનવાથી અતિપ્રસંગ નહીં આવે. કારણ કે પતન પામતા ઘટાદિમાં ધારણાનુકૂલ પ્રયત્નવદ્ ઈશ્વરનો સંયોગ નથી તેમ જ અનુયોગી(જેમાં સંયોગ થાય છે તે)ના ભેદથી સંયોગને ભિન્ન માનીએ તો ધારણાવચ્છિન્ન ઈશ્વરપ્રયત્ન(ધારણાવચ્છિન્નપ્રયત્નવદીશ્વરસંયોગ)ને કારણ માનવાથી પણ ઉપર જણાવ્યા મુજબ અતિપ્રસંગ નહીં આવે. કારણ કે પતન પામતા ઘટાદિમાં ઈશ્વરનો સંયોગ હોવા છતાં તે ધારણાવચ્છિન્ન નથી. જ્યાં ધારણા છે; ત્યાં જ તેવા પ્રકારનો સંયોગ હોય છે. પરંતુ પ્રયત્નવદીશ્વરનો સંયોગ નિત્ય એક જ હોવાથી તેને ધારણાનુકૂલ કે ધારણાવચ્છિન્ન વગેરે કહીને જુદો પાડી શકાશે નહિ અને તેથી અતિપ્રસંગ દોષ સ્પષ્ટ જ છે.

એ અતિપ્રસંગદોષના નિવારણ માટે જો એમ કહેવામાં આવે કે સ્વજનકવૃત્તિધારણાવચ્છિન્નવિશેષ્યતાસંબંધથી અથવા ધારણાવચ્છિન્નવિશેષ્યતા-

સંબંધથી ઈશ્વરપ્રયત્નજન્ય સંયોગને બ્રહ્માંડાદિનો ધારક માનીએ તો અતિપ્રસંગ નહીં આવે. કારણ કે સ્વ એટલે પ્રયત્નવદીશ્વરનો સંયોગ; તેના જનક બ્રહ્માંડાદિમાં રહેલી ધારણાવચ્છિન્નવિશેષ્યતા-સંબંધથી પ્રયત્નવદીશ્વરનો સંયોગ બ્રહ્માંદાડિમાં છે, પતન પામતાં દ્રવ્યોમાં નહિ. (ધારણાના ઉપાદાનમાં વિશેષ્યતા-સંબંધથી તાદૃશ ધારક સંયોગ રહે છે) તેથી અતિપ્રસંગ નહીં આવે. આ રીતે સ્વજનક-વૃત્તિધારણાવચ્છિન્નવિશેષ્યતાસંબંધથી અથવા તેની અપેક્ષાએ લઘુભૂત ધારણાવચ્છિન્નવિશેષ્યતાસંબંધથી (ધારકતાવચ્છેદકસંબંધથી) બ્રહ્માંડાદિમાં જ તાદૃશ ઈશ્વરનો સંયોગ હોવાથી અતિપ્રસંગ આવતો નથી.

પરંતુ આ રીતે અતિપ્રસંગનું વારણ કરવાથી પ્રયત્નની જેમ જ્ઞાન અને ઇચ્છાને પણ ધૃતિના જનક માનવાનો પ્રસંગ આવશે. કારણ કે તે સંબંધથી પ્રયત્નની જેમ જ જ્ઞાન અને ઇચ્છા પણ ધૃતિના અધિકરણ બ્રહ્માંડાદિમાં વૃત્તિ છે. તેથી ધૃતિની પ્રત્યે પ્રયત્નની જેમ જ્ઞાન અને ઇચ્છાને પણ કારણ માનવાનો પ્રસંગ આવે છે. આ રીતે ત્રિતયમાં કારણતા માનવાથી ગૌરવ થતું હોવાથી તેની અપેક્ષાએ ધર્મને જ ધૃત્યાદિના ધારક તરીકે માનવામાં ઔચિત્ય છે. તેથી જ તે પ્રમાણે કહેવાય પણ છે કે - આલંબન વગરની, આધાર વગરની અને વિશ્વની આધાર સ્વરૂપ જે પૃથ્વી ટકી રહી છે, તેમાં ધર્મ સિવાય બીજું કોઇ કારણ નથી.

'ધૃત્યાદિની પ્રત્યે કૃતિસ્વરૂપે કારણ માનવાથી જ્ઞાન અને ઇચ્છાને કારણ માનવાના પ્રસંગથી યદ્યપિ ગૌરવ થાય છે; પરંતુ એનાથી જગત્કર્તાની સિદ્ધિ સ્વરૂપ ફળની પ્રાપ્તિ થવાથી એ ફલમુખ ગૌરવ દોષાધાયક નથી.' - આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે કૃતિત્વસ્વરૂપે પણ જન્યતા હોવાથી એટલે કે કૃતિમાત્ર જન્ય હોવાથી નિત્યકૃતિને માનવાનું શક્ય નથી. આશય એ છે કે **यो जानाति स इच्छति** અને **य इच्छति स करोति** - આ નિયમથી (જે જાણે છે તે ઇચ્છે છે અને જે ઇચ્છે છે તે કરે છે - આ નિયમથી) ઇચ્છાની પ્રત્યે જ્ઞાન કારણ છે અને કૃતિની પ્રત્યે ઇચ્છા કારણ છે - એ સ્પષ્ટ છે. તેથી કૃતિમાત્ર જન્ય છે, એ માન્યા વિના ચાલે એવું નથી. યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ નિયમથી જન્ય એવી કૃતિની પ્રત્યે જ ઇચ્છાદિને કારણ માની લેવાય છે. નિત્યકૃતિની પ્રત્યે તેની કારણતા ન હોવાથી નિત્યકૃતિને માનવામાં કોઇ દોષ નથી. પરંતુ તેમ કરવાથી જન્યકૃતિની પ્રત્યે ઇચ્છાદિને કારણ માનતી વખતે કાર્યતાવચ્છેદક તરીકે કૃતિત્વના

બદલે; ગુરુભૂત જન્યકૃતિત્વને માનવું પડશે. તેથી નિત્યકૃતિને માનવાનું ઉચિત નથી અને તેથી નિત્યકૃતિના આશ્રય તરીકે જગત્કર્તા પણ અસિદ્ધ છે.

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ નિત્યકૃતિને માન્યા પછી જ જન્યકૃતિત્વને કૃતિનિષ્ઠકાર્યતાનો અવચ્છેદક માનવાનું ગૌરવ થાય છે, તેથી તે ફલમુખ ગૌરવ દોષાધાયક નથી. પરંતુ ફલમુખ ગૌરવ પણ ક્વચિદ્ દોષાધાયક મનાય છે. (રહેવા માટે મોટું ઘર લેવાથી પાછળનો ખર્ચ વગેરે ભારે પડે તો વ્યવહારમાં પણ મોટું ઘર લેવાનું દોષાધાયક મનાય છે.) યદ્યપિ ફલમુખ ગૌરવ ક્વચિત જ દોષાધાયક ન હોવાથી કોઇ સ્થાને દોષાધાયક પણ મનાય છે. તેથી નિત્યકૃતિ અસિદ્ધ છે.

'**नित्यविज्ञानमानन्दं ब्रह्म**' આ શ્રુતિથી નિત્યજ્ઞાન સિદ્ધ થાય તોપણ નિત્યઇચ્છા અને નિત્યકૃતિની સિદ્ધિ નહીં થાય. નિત્યવિજ્ઞાનને ઉપલક્ષણ માની નિત્યકૃતિ વગેરેને પણ એ શ્રુતિથી સિદ્ધ કરવામાં આવે તો નિત્યકૃતિ વગેરેની જેમ ઈશ્વરમાં નિત્ય સુખને પણ માનવાનો પ્રસંગ આવશે. તેથી **नित्यविज्ञान०** આ શ્રુતિ પણ; જેમના સમસ્ત દોષો ધ્વંસ પામ્યા છે એવા પરમાત્મામાં કે જેઓશ્રી નિત્યજ્ઞાન-સુખના આશ્રય છે, તેઓશ્રીમાં સમસ્તદોષના ધ્વંસને કારણે જ મહત્ત્વ જણાવે છે. આ બધી વાત વિસ્તારથી 'સ્યાદ્વાદ-કલ્પલતા' વગેરેમાં જણાવી છે. અહીં તો દિશાસૂચનમાત્ર છે. જિજ્ઞાસુઓએ તે તે ગ્રંથોનું અધ્યયન કરી લેવું જોઇએ. ॥૪-૧૨॥

પરમાત્માએ પરિમિત દાન આપ્યું છે; તેથી તે મહાન નથી - આ પ્રમાણે પરમાત્મામાં મહત્ત્વાભાવને માનનારા બૌદ્ધોનું નિરાકરણ કરાય છે—

**अन्ये त्वाहु र्महत्त्वं हि, सङ्ख्यावद्दानतोऽस्य न ।**
**शास्त्रे नो गीयते ह्येतदसङ्ख्यं त्रिजगद्गुरोः ॥४-१३॥**

अन्ये त्विति—अन्ये तु बौद्धास्त्वाहुः—अस्य जिनस्य हि सङ्ख्यावद्दानतो न महत्त्वम् । श्रूयते हि जिनदानस्य सङ्ख्यावत्त्वं "तिन्नेव य कोडिसया अट्ठासीअं च हुंति कोडिओ । असियं च सयसहस्सा एयं संवच्छरे दिन्नं ॥१॥" इत्यादिना । नः- अस्माकं शास्त्रे चैतद्दानमसङ्ख्यं त्रिजगद्गुरोर्बोधिसत्त्वस्य गीयते । तदुक्तं—"एते हाटकराशयः प्रविततताः शैलप्रतिस्पर्द्धिनो, रत्नानां निचयाः स्फुरन्ति किरणैराक्रम्य भानोः प्रभाः । हाराः

पीवरमौक्तिकौघरचितास्तारावलीभासुरा, यानादाय निजानिव स्वगृहतः स्वैरं जनो गच्छति ॥१॥ इत्यादि ॥४-१३॥

"અન્ય-બૌદ્ધો કહે છે કે પરમાત્માએ આપેલું દાન સંખ્યાવત્-પરિમિત હોવાથી તેઓશ્રીમાં મહત્ત્વ નથી. અમારા શાસ્ત્રમાં ત્રણ જગતના ગુરુએ જે દાન આપ્યું છે તે અસંખ્ય-અપરિમિત વર્ણવ્યું છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે શ્રી જિનેશ્વરદેવોએ દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે એક વર્ષ દરમિયાન જે દાન આપ્યું છે તેનું પ્રમાણ વર્ણવતાં ફરમાવ્યું છે કે ૩૮૮ કરોડ અને ૮૦ લાખ (૩૮૮,૮૦,૦૦,૦૦૦) સુવર્ણમુદ્રા પ્રમાણ દાન એક વર્ષમાં આપ્યું હતું. જ્યારે આની સામે અમારા (બૌદ્ધોના) શાસ્ત્રમાં; ત્રણ જગતના ગુરુ-બોધિસત્ત્વે (ગૌતમબુદ્ધે) જે દાન આપ્યું છે તેનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે, "પર્વતોની સ્પર્ધા કરનારા(તેથી પણ ઊંચા) આ બજારમાં વેચાતી વસ્તુઓના આ ઢગલાઓ છે. રત્નોના ઢગલાઓની પ્રભા સૂર્યની પ્રભાને ઓળંગી જાય છે. પુષ્ટ-મોટા મોતીઓના સમુદાયથી રચેલા હારો તારાઓની પ્રભા જેવા દેદીપ્યમાન છે. જેને, આ બધી વસ્તુઓ પોતાની જ છે - એમ સમજીને ઇચ્છા પ્રમાણે ગ્રહણ કરી લોકો જાય છે..." ઇત્યાદિ વર્ણનના આધારે ગૌતમબુદ્ધના દાનની અપેક્ષાએ શ્રી વીતરાગપરમાત્માનું દાન ખૂબ જ અલ્પ પ્રમાણમાં હોવાથી શ્રી વીતરાગપરમાત્મા મહાન નથી. ॥૪-૧૩॥

असङ्ख्यदानदातृत्वेन हि बोधिसत्त्वस्य बहुविभूतिमत्त्वकार्पण्याभावादिना परेण महत्त्वं व्यवस्थाप्यते, सङ्ख्यावद्दानदातृत्वेन च जिनस्य तद्विपर्ययान्न महत्त्वमिति, तच्चायुक्तं, सङ्ख्यावत्त्वस्यान्यप्रयुक्तत्वादित्याशयेन समाधत्ते–

અસંખ્ય-અપરિમિત દાન આપવાના કારણે જણાતી શ્રીમંતાઇ અને કૃપણતાની અવિદ્યમાનતા (અભાવ) વગેરેના કારણે બૌદ્ધો બુદ્ધના મહત્ત્વને સિદ્ધ કરે છે અને સંખ્યાવદ્ (પરિમિત) દાન આપવાના કારણે જણાતી ગરીબાઇ તેમ જ કૃપણતા વગેરેના કારણે શ્રી જિનેશ્વરદેવમાં મહત્ત્વાભાવ સિદ્ધ કરે છે, પરંતુ તે અયુક્ત છે. સંખ્યાવદ્ દાન કૃપણતાદિના કારણે નથી, પણ બીજા કારણે છે - એ આશયથી તેરમા શ્લોકમાં જણાવેલી વાતનું સમાધાન કરાય છે–

**अत्रोच्यते न सङ्ख्यावद्दानमर्थाद्यभावतः ।**
**सूत्रे वरवरिकायाः, श्रुतेः किं त्वर्थ्यभावतः ॥४-१४॥**

अत्रोच्यत इति–अत्र भगवद्दानस्य सङ्ख्यावत्त्वे । उच्यते - न सङ्ख्यावद्दानमर्थाद्यभावतः, आदिना उदारत्वग्रहः । अत्रैव किं मानमित्यत आह-सूत्रे आवश्यकनिर्युक्त्यादिरूपे । वरवरिकाया वृणुत वरं वृणुत वरमित्युद्घोषणारूपायाः श्रुतेः, तस्याश्चार्थाद्यभावविरोधात् । किं तु अर्थ्यभावतोऽन्यादृशयाचकाभावात् । तदिदमुक्तं– "महादानं हि सङ्ख्यावदर्थ्यभावाज्जगद्गुरोः । सिद्धं वरवरिकातस्तस्याः सूत्रे विधानतः ॥१॥" इति ॥४-१४॥

"શ્રી વીતરાગપરમાત્માના સંખ્યાવદ્ દાનના વિષયમાં કહેવાય છે - ધન વગેરેના અભાવના કારણે તે સંખ્યાવદ્(પરિમિત) દાન ન હતું, કારણ કે 'વર માગો, વર માગો' આ પ્રમાણેની ઉદ્ઘોષણાપૂર્વક એ દાન અપાયું હતું - એમ સૂત્રમાં જણાવ્યું છે; પરંતુ દાનના અર્થીઓના અભાવના કારણે સંખ્યાવદ્-પરિમિત દાન થયું હતું." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય સ્પષ્ટ છે કે **वरं वृणुत वरं वृणुत** આવી ઉદ્ઘોષણાપૂર્વક શ્રી તીર્થંકરપરમાત્માઓ દાન આપે છે - આ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિ વગેરેમાં જણાવ્યું છે. જો પરિમિત જ દાન આપવાનું હોય તો તેવી ઉદ્ઘોષણા કરાવી ન હોત - તે સમજી શકાય છે. તેથી માનવું જ રહ્યું કે પરિમિત દાન અર્થ અને ઉદારતાના અભાવના કારણે ન હતું. કારણ કે અર્થ અને ઉદારતા ન હોય તો ઉદ્ઘોષણાનો સંભવ જ ન હોય. **वरं वृणुत वरं वृणुत**... ઇત્યાદિ ઉદ્ઘોષણાને અને અર્થાદિના અભાવને સ્પષ્ટ વિરોધ છે. શ્રી તીર્થંકરપરમાત્માએ જે પરિમિત દાન આપ્યું હતું; તેનું કારણ એ છે કે બીજા લોકોને જેવા યાચકો મળ્યા હતા, એવા યાચકોનો અભાવ હતો. યાચકોનો જ જ્યાં અભાવ હોય ત્યાં દાન આપવાનું કઇ રીતે શક્ય બને ?

મહાદાનસ્થાપના-અષ્ટકમાં એ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે - '**वरं वृणुत वरं वृणुत**' આ પ્રમાણે વરવરિકાના સૂત્રવિધાનને લઇને જગદ્ગુરુ શ્રી તીર્થંકરપરમાત્માએ ઉદ્ઘોષણાપૂર્વક આપેલું મહાદાન સંખ્યાવદ્; અર્થીઓના અભાવના કારણે સિદ્ધ થાય છે. અષ્ટકપ્રકરણમાં જણાવેલી આ વાતથી પણ સ્પષ્ટ થાય છે કે શ્રી તીર્થંકરપરમાત્માએ આપેલું મહાદાન પરિમિત થયું તેમાં અર્થીજનોનો અભાવ જ કારણ હતો. પરંતુ કૃપણતા વગેરે કારણ ન હતા. ॥૪-૧૪॥

બીજા(બુદ્ધ વગેરે)ને અર્થીજનો મળ્યા અને શ્રી તીર્થંકરપરમાત્માને એ ન મળ્યા - એમાં કયું કારણ છે - એ શંકાનું સમાધાન કરાય છે–

**स च स्वाम्यनुभावेन, सन्तोषसुखयोगतः ।**
**धर्मेऽप्युग्रोद्यमात्तत्त्वदृष्ट्येत्येतदनाविलम् ॥४-१५॥**

स चेति–स चार्थ्यभावश्च । स्वाम्यनुभावेन भगवतः सिद्धयोगफलभाजः प्रभावेण सोपक्रमनिरुपक्रमधनादानवाञ्छाजनककर्मणा । सन्तोषसुखस्यानिच्छामितेच्छालक्षणस्य योगतः सम्भवात् । तथा स्वाम्यनुभावेनैव प्राणिनां धर्मेऽपि कुशलानुष्ठानरूपे । उग्रोद्यमादतिशयितप्रयत्नात् । तत्त्वदृष्ट्या संसारासारतापरिज्ञानेन । इत्येतत् सङ्ख्यावद्दानम् । अनाविलं निर्दोषम् । तदिदमुक्तं–"महानुभावताप्येषा तद्भावेन यदर्थिनः । विशिष्टसुखयुक्तत्वात् सन्ति प्रायेण देहिनः ॥१॥ धर्मोद्यताश्च तद्योगात्ते तदा तत्त्वदर्शिनः । महन्महत्त्वमस्यैवमयमेव जगद्गुरुरिति ॥२॥" यत्तु सन्तोषजनकत्वे मितमपि दानं न स्यादिति केनचिदुच्यते, तत्तूक्तसन्तोषव्यवस्थाऽपरिज्ञानविजृम्भितम् । तदिदमाहाष्टकवृत्तिकृद्–"ननु यदि तीर्थङ्करानुभावादशेषदेहिनां सन्तोषभावादर्थ्यभावः स्यात्तदा सङ्ख्याकरणमप्ययुक्तम्, अल्पस्यापि दानस्यासम्भवाद्, इत्यत्रोच्यते-देवताशेपाया इव संवत्सरमात्रेण प्रभूतप्राणिग्राह्यत्वाद्युक्तमेव सङ्ख्यावत्त्वमिति" ॥४-१५॥

"શ્રી તીર્થંકરપરમાત્માના પ્રભાવથી સંતોષસુખનો સંભવ હોવાથી અને સંસારની અસારતાનું પરિજ્ઞાન થવાના કારણે ધર્મમાં પણ ઉત્કટ પ્રયત્ન થવાથી એ અર્થી જનોનો અભાવ હતો. તેથી આ પરિમિત દાન નિર્દોષ-ઉચિત છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે, ભગવાન શ્રી તીર્થંકરપરમાત્મા સિદ્ધયોગી હોય છે. તેઓશ્રીની યોગસિદ્ધિના પ્રભાવથી યાચકોને ધન ગ્રહણ કરવાની ઈચ્છાને ઉત્પન્ન કરનાર કર્મ સોપક્રમ(અનિકાચિત) કે નિરુપક્રમ (નિકાચિત) હોય તો અનુક્રમે ધન ગ્રહણ કરવાની ઈચ્છાનો જ અભાવ થાય છે કે થોડું જ ધન ગ્રહણ કરવાની ઈચ્છા થાય છે. એવો ઈચ્છાનો અભાવ અને અલ્પધન ગ્રહણ કરવાની ઈચ્છા : એ બે સ્વરૂપ અહીં સંતોષસુખ છે. એ સંતોષસુખને લઈને અર્થીજનોનો અભાવ સ્વામીને પ્રાપ્ત થયો હતો. તેમ જ સ્વામીના પ્રભાવથી જ જીવોને કુશલાનુષ્ઠાનમાં સંસારની અસારતાનું પરિજ્ઞાન થવાના કારણે ઉત્કટ પ્રયત્ન થયો. તેથી તેવા જનો પણ દાન લેવા

માટે ગયા નહિ. આથી સમજી શકાશે કે અર્થી જનોના અભાવના કારણે શ્રી તીર્થંકરપરમાત્માએ આપેલું મહાદાન પરિમિત થયું. એ દાન કૃપણતાદિદોષથી રહિત હોવાથી નિર્દોષ છે.

અષ્ટકપ્રકરણમાં (મહાદાનસ્થાપનાષ્ટકમાં) આ અંગે ઉપર જણાવ્યા મુજબ જણાવ્યું છે કે - "પ્રભુની મહાનુભાવતા પણ આ જ છે કે જે અર્થીજનો પ્રભુના પ્રભાવથી પ્રાયઃ વિશિષ્ટ સંતોષસુખથી યુક્ત આત્માઓ થતા, તેના યોગે તત્ત્વદર્શી એવા તે ધર્મ કરવામાં તત્પર બનતા. મહાન પુરુષોનું મહત્ત્વ પણ શ્રી તીર્થંકરપરમાત્માને જ છે અને તેથી જ તેઓશ્રી જગદ્ગુરુ છે." આ વિષયમાં એવી જે શંકા કરાય છે કે 'શ્રી તીર્થંકરપરમાત્માના પ્રભાવથી બધા જીવોને સંતોષ થયો હોય તો પરિમિત પણ દાન કેમ થાય ?' - તે શંકા તો ઉપર જણાવ્યા મુજબની સંતોષવ્યવસ્થાને નહિ સમજવાના કારણે થયેલી છે. એ વસ્તુને સ્પષ્ટ કરતાં શ્રી અષ્ટકપ્રકરણની વૃત્તિ(ટીકા)ના રચયિતા પરમર્ષિએ જણાવ્યું છે કે - જો શ્રી તીર્થંકરપરમાત્માના અનુભાવથી બધા જીવોને સંતોષ થવાથી અર્થી જનોનો અભાવ થાય તો (૩૮૮,૮૦,૦૦,૦૦૦ આટલી) દાનની સંખ્યા જણાવવાનું યુક્ત નથી. કારણ કે અલ્પ પણ દાનનો સંભવ નથી. આ શંકાના સમાધાનમાં કહેવાય છે - દેવતાશેષ(પ્રસાદી)ની જેમ એક વર્ષમાં ઘણા લાકોએ દાન લીધું હોવાથી મહાદાનને પરિમિતરૂપે વર્ણવ્યું છે, તે યુક્ત જ છે. ॥૪-૧૫॥

દાન આપવાના કારણે જ અકૃતાર્થ હોવાથી પરમાત્મા મહાન નથી - આ આક્ષેપને જણાવવાપૂર્વક તેનું નિરાકરણ કરાય છે–

**दानादेवाकृतार्थत्वान्महत्त्वं नेति मन्दधीः ।**
**तस्योत्तरमिदं पुण्यमित्थमेव विपच्यते ॥४-१६॥**

दानादिति–दानादेव हेतोः । अकृतार्थत्वात् फलविशेषप्रत्याशावश्यकत्वेनासिद्ध-प्रयोजनत्वाद् महत्त्वं नार्हत इति मन्दधीः कश्चिदाह । तस्येदमुत्तरं–यदुत पुण्यं तीर्थकरत्वनिबन्धनम् इत्थमेव दानादिप्रक्रमेणैव विपच्यते स्वविपाकं प्रदर्शयति । तथा च स्वकल्पादेव भगवतो दानं न तु फलप्रत्याशयेति नाकृतार्थत्वमिति ध्वन्यते । तदिदमाह–"उच्यते कल्प एवास्य तीर्थकृन्नामकर्मणः । उदयात् सर्वसत्त्वानां हित एव प्रवर्तते ॥१॥" इति । चत्वारो हि भङ्गाः पुण्यपापयोः सम्भवन्ति-पुण्यानुबन्धि

पुण्यमित्येकः । पापानुबन्धि पुण्यमिति द्वितीयः । पापानुबन्धि पापमिति तृतीयः । पुण्यानुबन्धि पापमिति चतुर्थः । तत्राद्यं मनुष्यादेः पूर्वभवप्रचितं मानुषत्वादिशुभ-भावानुभवहेतुरनन्तरं देवादिगतिपरम्पराकारणम्, अनन्तरं नारकादिभवपरम्पराकारणं चैतद्द्वितीयम् । यच्च तिर्यगादेः प्राग्जन्मोपात्तं तिर्यक्त्वाद्यशुभभावानुभवननिमित्तमनन्तरं च नरकादिहेतुस्तत्तृतीयम् । तदनन्तरं देवादिगतिपरम्परानिमित्तं चैतच्चतुर्थमिति । यदाह–
गेहाद्गेहान्तरं कश्चिच्छोभनादधिकं नरः । याति यद्वत्सुधर्मेण तद्वदेव भवाद्भवम् ॥१॥
गेहाद्गेहान्तरं कश्चिच्छोभनादितरन्नरः । याति यद्वदसद्धर्मात्तद्वदेव भवाद्भवम् ॥२॥
गेहाद्गेहान्तरं कश्चिदशुभादधिकं नरः । याति यद्वन्महापापात्तद्वदेव भवाद्भवम् ॥३॥
गेहाद्गेहान्तरं कश्चिदशुभादितरन्नरः । याति यद्वत्सुधर्मेण तद्वदेव भवाद्भवम् ॥४॥" अत्र चाद्यभङ्गवर्तिभगवत्पुण्यमनुभूतावशिष्टमप्युचितक्रियाप्रगुणमेवेति न दानादकृतार्थत्व-मिति भावनीयम् ॥४-१६॥

"દાન આપવાના કારણે જ શ્રી અરિહંતપરમાત્મા અકૃતાર્થ છે અને તેથી તેમનામાં મહત્ત્વ નથી... આ પ્રમાણે જે કોઇ મંદબુદ્ધિવાળો કહે છે; તેને આ ઉત્તર છે કે શ્રી તીર્થંકરપરમાત્માનું પુણ્ય (તીર્થંકરનામકર્મ) એ રીતે જ વિપાક બતાવે છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે દાન આપવાનું કાર્ય કરવાથી એ ચોક્કસ છે કે દાન આપવાનું જે ફળવિશેષ છે, એને પ્રાપ્ત કરવાની ઈચ્છા અવશ્ય હતી. તેથી ભગવાનનું પ્રયોજન સિદ્ધ ન હોવાથી ભગવાન અકૃતાર્થ હતા. અકૃતાર્થ મહાન ન હોય. મહાપુરુષો કૃતાર્થ-કૃતકૃત્ય હોય છે - આવી માન્યતાને ધરનારાને ઉત્તર આપતાં ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે કે શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિનું કારણભૂત શ્રી તીર્થંકરનામકર્મ આ રીતે દાન આપવાથી જ પોતાના વિપાકને પ્રદર્શિત કરે છે. આ રીતે દાન આપ્યા વિના શ્રી તીર્થંકર થવાતું નથી. શ્રી તીર્થંકરનામકર્મને લઈને તેઓશ્રી આ રીતે વાર્ષિક દાન આપે છે. પોતાના કલ્પથી(આચારથી) જ એ દાનની પ્રવૃત્તિ હોવાથી ત્યાં કોઈ પણ જાતના ફળ પ્રત્યે આશા નથી. તેથી ભગવાન શ્રી તીર્થંકરપરમાત્મા અકૃતાર્થ નથી - એ સૂચિત થાય છે. આ વાત શ્રી અષ્ટકપ્રકરણમાં જણાવતી વખતે ફરમાવ્યું છે કે–

ઉપર જણાવ્યા મુજબની શંકાનું સમાધાન જણાવાય છે - શ્રી તીર્થંકરનામકર્મના ઉદયથી સર્વ પ્રાણીઓના હિતમાં જ પરમાત્મા પ્રવર્તે છે. એ

મુજબ વાર્ષિક દાન આપવાનો એક કલ્પ છે. પુણ્ય અને પાપના સામાન્યથી ચાર ભાંગા છે. ૧. પુણ્યાનુબંધી પુણ્ય, ૨. પાપાનુબંધી પુણ્ય, ૩. પાપાનુબંધી પાપ, ૪. પુણ્યાનુબંધી પાપ. એમાં પુણ્યાનુબંધી પુણ્ય મનુષ્યાદિને હોય છે. પૂર્વભવમાં ઉપાર્જેલું એ; મનુષ્યત્વાદિના શુભભાવનું કારણ હોવાથી પુણ્ય છે અને અનંતરભવમાં તે દેવાદિગતિની પ્રાપ્તિમાં કારણ હોવાથી પુણ્યાનુબંધી છે. આ પ્રથમ ભંગ (પુણ્યાનુબંધી પુણ્ય) છે. એ પુણ્ય અનંતર ભવમાં નરકાદિ ગતિની પરંપરાનું કારણ બને તો તે પાપાનુબંધી પુણ્ય (દ્વિતીય ભંગ) છે. તિર્યંચો વગેરેનું પૂર્વભવમાં ઉપાર્જેલું એ કર્મ તિર્યંચગતિનું કારણ હોવાથી પાપ-સ્વરૂપ છે. અને અનંતરભવમાં નરકાદિ ગતિની પ્રાપ્તિમાં કારણ હોવાથી પાપાનુબંધી છે. આ તૃતીય ભંગ (પાપાનુબંધી પાપ) છે. એ પાપ જો અનંતરભવમાં દેવાદિગતિની પરંપરાનું કારણ બને તો તે પુણ્યાનુબંધી પાપ સ્વરૂપ ચતુર્થ ભંગ છે. આ ચારે ય ભંગોને દૃષ્ટાંતથી સમજાવતાં (અષ્ટકપ્રકરણમાં) જણાવ્યું છે કે જેમ કોઇ એક માણસ સારા ઘરથી તેના કરતાં અધિક સારા ઘરમાં જાય છે તેમ પુણ્યાનુબંધી પુણ્ય સ્વરૂપ સદ્ધર્મથી ભવથી ભવાંતરમાં જાય છે. જેમ કોઇ એક માણસ સારા ઘરમાંથી ખરાબ ઘરમાં જાય છે, તેમ પાપાનુબંધી પુણ્ય સ્વરૂપ અસદ્ધર્મના કારણે ભવથી ભવાંતરમાં (દુર્ગતિમાં) જાય છે. કોઇ એક માણસ જેમ અશુભ ઘરથી વધારે અશુભ ઘરમાં જાય છે તેમ મહાપાપથી જીવ એકભવથી બીજા ભવમાં જાય છે. જેમ કોઇ એક માણસ અશુભ ઘરથી શુભ ઘરમાં જાય છે તેમ સુધર્મના કારણે જીવ અશુભ ગતિથી શુભગતિમાં જાય છે - એ પુણ્યાનુબંધી પાપ સ્વરૂપ ચતુર્થ ભંગ છે. આ ચાર ભંગમાંથી પ્રથમ ભંગમાંનું શ્રી તીર્થંકર પરમાત્માનું પુણ્યાનુબંધી પુણ્ય કેટલુંક ભોગવાયેલું હોય છે. જે બાકી છે તે ઉચિત ક્રિયા કરાવનારું હોવાથી તે તે દાનાદિ ક્રિયાને અનુકૂળ હોય છે. તેથી સમજી શકાશે કે દાન આપવાના કારણે શ્રી તીર્થંકરપરમાત્મામાં અકૃતાર્થત્વ નથી... ઇત્યાદિ સારી રીતે વિચારવું જોઇએ. ॥૪-૧૬॥

एतदेव गुणान्तरानुगुणविपाकशालितया स्पष्टयति–

આ પૂર્વે શ્રી તીર્થંકરપરમાત્માનું પ્રથમભંગવર્ત્તી પુણ્યાનુબંધી પુણ્ય ઉચિત ક્રિયાને અનુકૂળ છે - એ પ્રમાણે જણાવ્યું છે. એ પુણ્ય એવું જ હોય છે : એ

વાતને જ; ગુણાંતરને અનુકૂળ એવા વિપાકવાળું એ કર્મ હોય છે - એ વર્ણવવા દ્વારા સ્પષ્ટ કરાય છે–

**गर्भादारभ्य सत्पुण्याद्, भवेत् तस्योचिता क्रिया ।**
**तत्राप्यभिग्रहो न्याय्यः, श्रूयते स्वामिनस्ततः ।।४-१७।।**

गर्भादिति–गर्भादारभ्य सत्पुण्यानुबन्धिपुण्याद् भवेत् । तस्य तीर्थकृतः । उचिता क्रिया । "तीर्थकृत्त्वं सदौचित्यप्रवृत्त्या मोक्षसाधक" मिति वचनादुचितप्रवृत्तिद्वारा तीर्थकृत्त्वस्य मोक्षसाधकत्वात् । ततस्तस्मात् । तत्रापि गर्भेऽपि । स्वामिनः श्रीवर्धमानस्य । अभिग्रहः प्रतिज्ञाविशेषः "जीवतो गृहवासेऽस्मिन् यावन्मे पितराविमौ । तावदेवाधिवत्स्यामि गृहानहमपीष्टतः ।।१।।" इत्येवमुक्तस्वरूपः । न्याय्यो न्यायादनपेतः श्रूयते ।।४-१७।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે ગર્ભથી માંડીને તીર્થંકરનામકર્મસ્વરૂપ સત્પુણ્યથી શ્રી તીર્થંકરપરમાત્માને ઉચિત ક્રિયા જ થાય છે. 'તીર્થંકરપણું સદા ઉચિત પ્રવૃત્તિથી મોક્ષસાધક બને છે' - આ પ્રમાણેના વચનથી; ઉચિત પ્રવૃત્તિ દ્વારા તીર્થંકર નામકર્મનો ઉદય મોક્ષસાધક બને છે. તેથી ગર્ભાવસ્થામાં પણ શ્રી વર્ધમાનસ્વામીએ; 'આ ગૃહવાસમાં જ્યાં સુધી માતાપિતા જીવે છે ત્યાં સુધી જ હું પણ સ્વેચ્છાથી ગૃહસ્થાવસ્થામાં (ઘરમાં) રહીશ.' - આ પ્રમાણે જે અભિગ્રહ (પ્રતિજ્ઞાવિશેષ) ગ્રહણ કર્યો, તે યોગ્ય હતો - એમ શાસ્ત્રમાં વર્ણવાય છે. ।।૪-૧૭।।

ચારિત્રના વિરોધી એવા એ અભિગ્રહને ન્યાયસંગત કઇ રીતે મનાય ? આ પ્રશ્નનું સમાધાન કરાય છે–

**न्याय्यता चेष्टसंसिद्धेः, पित्रुद्वेगनिरासतः ।**
**प्रारम्भमङ्गलं ह्येतद्, गुरुशुश्रूषणं हि तत् ।।४-१८।।**

न्याय्यतेति–न्याय्यता चोक्ताभिग्रहस्य । पित्रोर्दुःप्रतिकार्ययोरुद्वेगस्य वियोगनिमित्तकशोकरूपस्य निरासतोऽन्येषामप्येवंविधस्थितिप्रदर्शनाद् । इष्टस्य मोक्षस्य संसिद्धेः । उचितप्रवृत्तिर्हि तदुपायोऽनुचितप्रवृत्तिश्च तद्विघ्न इति । तदिदमुक्तं–"पित्रुद्वेगनिरासाय महतां स्थितिसिद्धये । इष्टकार्यसमृद्ध्यर्थमेवंभूतो जिनागमे ।।१।।" ननु भगवतो नियतकालीनचारित्रमोहनीयकर्मविपाकोदयेनैव गृहावस्थानमिति नाभिग्रहन्याय्यतेति चेन्न,

सोपक्रमस्य तस्य पित्रुद्वेगनिरासाद्यवलम्बनकाभिग्रहग्रहणमन्तरा विरतिपरिणामविनाश्यत्वात् । तथापि प्रव्रज्याविरोधिगृहावस्थानकारिणोऽस्य कथं न्याय्यत्वमिति चेन्न, आनुपूर्व्येण न्याय्यप्रव्रज्यासम्पादकत्वेनैव तस्य न्याय्यत्वात् कालान्तरे बहुफलस्य कार्यस्य क्वचित्काले निषेधेऽपि न्याय्यत्वव्यवहारस्य सार्वजनीनत्वात् । तदिदमुक्तं–"इमौ शुश्रूषमाणस्य गृहानावसतो गुरू । प्रव्रज्याप्यानुपूर्व्येण न्याय्यान्ते मे भविष्यति ।।१।। सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषा सतां मता । गुरूद्वेगकृतोऽत्यन्तं नेयं न्याय्योपपद्यते ।।२।।" इति । तथा यद्गुर्वोर्मातापित्रोः शुश्रूषणं परिचरणं तद्धि प्रारम्भमङ्गलमादिमङ्गलं प्रव्रज्यालक्षणशुभकार्यस्येति । नैतद्विना प्रव्रज्यासिद्धिरित्यस्मादेव तस्या न्याय्यत्वम् । तदिदमाह–"प्रारम्भमङ्गलं ह्यस्या गुरुशुश्रूषणं परम् । एतौ धर्मप्रवृत्तानां नृणां पूजास्पदं महत् ।।१।।" इति ।।४-१८।।

"આ અભિગ્રહથી માતાપિતાના ઉદ્વેગનો નિરાસ(પરિહાર) થવાથી ઇષ્ટસિદ્ધિને લઇને આ અભિગ્રહની ન્યાય્યતા(ન્યાયસંગતતા) છે. આ માતાપિતાની સેવા સ્વરૂપ હોવાથી પ્રારંભિક મંગલ છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે દુષ્પ્રતિકાર્ય એવાં માતા-પિતાને વિયોગના નિમિત્તે જે શોક થવાનો હતો તેનો પરિહાર અભિગ્રહના કારણે થાય છે. તેમ જ એ અભિગ્રહથી એવી મર્યાદાનું બીજાઓને પણ જ્ઞાન કરાવવામાં આવે છે. તેથી ઇષ્ટ-મોક્ષની સિદ્ધિ થવાથી એ અભિગ્રહ યોગ્ય છે. ઉચિત પ્રવૃત્તિ જ મોક્ષનો ઉપાય છે. અનુચિત પ્રવૃત્તિ મોક્ષની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે. આ વાત અષ્ટકપ્રકરણમાં પણ કહી છે. માતાપિતાના ઉદ્વેગના નિવારણ માટે, બીજાને મહાન પુરુષોની મર્યાદાનું જ્ઞાન કરાવવા માટે અને ઇષ્ટ કાર્યની સિદ્ધિ માટે આ પ્રમાણે(ઉપર જણાવ્યા પ્રમાણે)નો અભિગ્રહ શ્રી વર્ધમાનસ્વામીએ કર્યો હતો - એમ આગમમાં જણાવાયું છે.

"શ્રી વર્ધમાનસ્વામી; પોતાનું ચોક્કસ કાળે પૂર્ણ થવાવાળું જે ચારિત્ર-મોહનીય કર્મ હતું; તેના વિપાકોદયના કારણે જ ગૃહસ્થાવસ્થામાં રહ્યા હતા. અભિગ્રહના કારણે રહ્યા ન હતા, તેથી અભિગ્રહ યોગ્ય ન હતો." - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે પ્રયત્નવિશેષથી ખપાવી શકાય એવું એ ચારિત્રમોહનીયકર્મ; માતાપિતાના ઉદ્વેગના પરિહાર માટે લીધેલા અભિગ્રહ

વિના વિરતિના પરિણામથી ખપી શકે (ક્ષીણ થાય) એવું હતું છતાં અભિગ્રહ લીધો તેથી તે યોગ્ય હતો. જોકે એ અભિગ્રહ પ્રવ્રજ્યાનો વિરોધી હોવાથી યોગ્ય તો ન કહેવાય પરંતુ ક્રમે કરી અભિગ્રહની પૂર્ણતા પછી ન્યાયસંગત એવી પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરાવનારો એ અભિગ્રહ હોવાથી તે ન્યાયસંગત છે. કાલાંતરે ચિકાર ફળને આપનાર કાર્યનો થોડા કાળ માટે નિષેધ કરવા છતાં 'તે ન્યાયયુક્ત છે.' - આવો વ્યવહાર સર્વજનપ્રસિદ્ધ છે. આથી જ અષ્ટકપ્રકરણમાં જણાવ્યું છે કે ઘરમાં રહેતા અને માતા-પિતાની સેવાને કરતા એવા મને ક્રમે કરી ન્યાયસંગત પ્રવ્રજ્યા છેલ્લે પ્રાપ્ત થશે. કારણ કે આ પ્રવ્રજ્યાને સર્વથા સર્વપાપથી નિવૃત્તિ સ્વરૂપે સત્પુરુષોએ માની છે; માતાપિતાને ઉદ્વેગ કરનારને ન્યાયસંગત એ પ્રવ્રજ્યા થતી નથી.

તદુપરાંત આ જે માતાપિતાની પરિચર્યા છે તે પ્રવ્રજ્યા સ્વરૂપ શુભકાર્યના પ્રારંભે પ્રથમ મંગલ છે. આ મંગલ વિના પ્રવ્રજ્યાની સિદ્ધિ થતી નથી. આથી જ શુશ્રૂષા ન્યાયસંગત છે. આ પ્રમાણે અષ્ટકપ્રકરણમાં પણ કહ્યું છે કે - માતા-પિતા સ્વરૂપ ગુરુની શુશ્રૂષા પ્રવ્રજ્યાનું પરમ કોટિનું પ્રથમ મંગલ છે. ધર્મ(પ્રવ્રજ્યાસ્વરૂપ ધર્મ)માં પ્રવૃત્ત થયેલા પુરુષો માટે આ માતા-પિતા મોટું પૂજાસ્થાન છે. ॥૪-૧૮॥

ननु पित्रुद्वेगे परिणामस्तावन्नास्त्येव मुमुक्षोरनिष्टनिमित्ततापरिहारस्तु सर्वत्र दुःशक इत्यत आह–

મુમુક્ષુ આત્માને પ્રવ્રજ્યા લેતી વખતે માતા-પિતાને ઉદ્વેગ કરાવવાનો પરિણામ હોતો જ નથી. આમ છતાં માતા-પિતાના અનિષ્ટમાં (ઉદ્વેગમાં) નિમિત્ત ન બનવાનું કઇ રીતે શક્ય બને ? કારણ કે સર્વત્ર અનિષ્ટના નિમિત્ત બનવાનો પરિહાર કરવાનું શક્ય નથી. તેથી અભિગ્રહની પ્રવૃત્તિના કારણે પ્રવ્રજ્યાનો વિલંબ કરવો ઉચિત નથી - આ શંકાનું સમાધાન કરાય છે–

**तत्खेदरक्षणोपायाप्रवृत्तौ न कृतज्ञता ।**
**त्यागोऽप्यबोधे न त्यागो, यथा ग्लानौषधार्थिनः ॥४-१९॥**

तदिति–तयोः पित्रोः खेदस्य यद्रक्षणं तदुपायेऽप्रवृत्तौ न कृतज्ञता । सा हि तत्प्रतिपत्तिसाध्यैव । यदाह–"स कृतज्ञः पुमाँल्लोके स धर्मगुरुपूजकः । स शुद्धधर्मभाक्

चैव य एतौ प्रतिपद्यते ।।१।।" इति । तथा च सर्वश्रेयोमूलभूतस्य स्वेष्टस्य कृतज्ञतागुणस्य प्रतिपक्षः पितृखेदः सर्वथैव वर्जनीय इति भावः । यदाह–"अप्पडिबुज्झमाणे कहिंचि पडिबोहिज्जा अम्मापियरो" प्रव्रज्याभिमुखीकुर्वीतेत्यर्थः । "अप्पडिबुज्झमाणेसु य कम्मपरिणइए विहेज्जा जहासत्ति तदुवगरणं तओ अणुण्णाए पडिवज्जेज्जा धम्मं" । अथ नानुजानीतस्तदा *"अणुवहे चेव उवहिजुत्ते सिया"* अल्पायुरहमित्यादिकां मायां कुर्यादित्यर्थः । एवमुपायप्रवृत्तावपि तयोरबोधे । त्यागोऽपि मुमुक्षोस्तत्त्वतो न त्यागः, यथा ग्लानयोरध्वनि ग्लानीभूतयोः पित्रोरौषधार्थिनस्तदुपकारकौषधानयनार्थं कथञ्चित्तौ विमुच्यापि गच्छतः पुत्रस्य, प्रव्रज्यायास्तयोः स्वस्यान्येषां चोपकारहेतुत्वात् । तदिदमाह– "सव्वहा अपडिबुज्झमाणे चएज्जा अद्धाणगिलाण ओसहत्थ चागणाएणं" ।।४-१९।।

"માતા-પિતાદિના ખેદની રક્ષા(પરિહાર)ના ઉપાયમાં પ્રવૃત્તિ કરવામાં ન આવે તો કૃતજ્ઞતા નથી. માતા-પિતાદિ પ્રતિબોધ ન પામે તો તેમનો ત્યાગ કરવો એ, ગ્લાનના ઔષધ માટેના ત્યાગની જેમ ત્યાગ નથી." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આપણી પ્રવૃત્તિના કારણે માતા-પિતાદિને ખેદ થાય છે : એ જાણ્યા પછી તેને દૂર કરવા માટેના ઉપાયમાં પ્રવૃત્તિ ન કરવી - એ કૃતજ્ઞતા નથી. તેઓ પ્રત્યેની કૃતજ્ઞતા તેઓની શુશ્રૂષાથી જ સાધ્ય છે. આ પ્રમાણે અન્યત્ર પણ કહ્યું છે કે, 'તે લોકમાં કૃતજ્ઞ છે; તે ધર્મગુરુનો પૂજક છે અને તે જ શુદ્ધ ધર્મને પ્રાપ્ત કરે છે, જે માતા અને પિતાની સેવા કરે છે.' ભાવાર્થ એ છે કે સર્વકલ્યાણના મૂળભૂત પોતાના ઈષ્ટ એવા કૃતજ્ઞતાગુણનો વિરોધી, માતા-પિતાનો ખેદ છે. તે સર્વથા વર્જનીય છે. અભિગ્રહવિશેષ માતાના અને પિતાના ખેદને દૂર કરવાથી કૃતજ્ઞતાગુણનો સાધક બને છે, તેથી તે ન્યાયસંગત છે. શ્રી પંચસૂત્રમાં પણ કહ્યું છે કે, પ્રતિબોધ ન પામે તો; ગમે તે રીતે માતાપિતાને પ્રતિબોધ પમાડવા અર્થાત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરવા તત્પર બનાવવા. કર્મની તેવા પ્રકારની પરિણતિના કારણે પ્રતિબોધ ન પામે તો તેમના માટેના જીવનનિર્વાહનો પ્રબંધ કરી, એટલે કે શક્તિ મુજબ પૈસા વગેરેનો પ્રબંધ કરી માતા-પિતાદિની અનુમતિથી પ્રવ્રજ્યા - ધર્મનો સ્વીકાર કરવો.

જો કોઈ પણ રીતે તેઓ અનુમતિ ન જ આપે તો; 'મારું આયુષ્ય અલ્પ છે...' વગેરે પ્રકારે માયા કરવી.આ રીતે ઉપાયો કરવા છતાં તેઓ સમજે નહિ તો મુમુક્ષુએ તેમનો ત્યાગ કરીને પ્રવ્રજ્યાનો સ્વીકાર કરવો. આ રીતે કરેલા

તેમના ત્યાગને ત્યાગ મનાતો નથી. માતા-પિતાની સાથે કોઈ વાર માર્ગમાં જતા રસ્તામાં માંદા થઈ ગયેલાં માતા-પિતાને; તેમના ઔષધને લાવવા માટે છોડીને જનારા પુત્રે માતા-પિતાનો ત્યાગ કરેલો જેમ ગણાતો નથી તેમ અહીં પણ પ્રવ્રજ્યા; પોતાના, માતા-પિતાના અને બીજાના માટે ઉપકારનું કારણ હોવાથી માતા-પિતાદિનો ત્યાગ કરેલો હોવા છતાં ત્યાગ ગણાતો નથી. આથી જ કહ્યું છે કે કોઈ પણ રીતે માતા-પિતા પ્રતિબોધ પામે નહિ તો માર્ગમાં ગ્લાન થયેલા તેમના ઔષધ માટેના ત્યાગના ઉદાહરણથી માતા-પિતાદિનો ત્યાગ કરે... ઈત્યાદિ પંચસૂત્રના અધ્યયનથી જાણી લેવું જોઈએ. ॥૪-૧૯॥

શ્રી તીર્થંકરપરમાત્મામાં પ્રકારાંતરથી મહત્ત્વાભાવને જણાવનારની માન્યતાને જણાવાય છે–

**अपरस्त्वाह राज्यादि, महाधिकरणं ददत् ।**
**शिल्पादि दर्शयंश्चार्हन्महत्त्वं कथमृच्छति ॥४-२०॥**

अपरस्त्विति–अपरस्तु वादी आह–राज्यादि महाधिकरणं महापापकारणं ददत् स्वपुत्रादिभ्यः शिल्पादि दर्शयंश्च लोकानाम् । अर्हन् कथं महत्त्वमृच्छति ॥४-२०॥

"બીજા કહે છે કે, રાજ્ય વગેરે મહાધિકરણને આપનાર અને શિલ્પ વગેરેને બતાવનારા શ્રી અરિહંતપરમાત્મા મહત્ત્વને કઈ રીતે પ્રાપ્ત કરે છે ?" - આ પ્રમાણે વીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે કોઈ એક વાદી કહે છે કે, મહાપાપના કારણ(મહાધિકરણ)ભૂત એવા રાજ્ય વગેરેને પોતાના પુત્ર વગેરેને શ્રી તીર્થંકરપરમાત્માએ આપ્યું હતું. તેમ જ લોકોને શિલ્પકર્મ અને કલા વગેરે તેઓશ્રીએ બતાવી હતી, તો આવા પાપમાર્ગે પ્રવર્ત્તાવનાર શ્રી અરિહંતપરમાત્માને મહાન કઈ રીતે મનાય ? અર્થાત્ આથી શ્રી અરિહંતપરમાત્મા મહાન નથી એ સિદ્ધ થાય છે. ॥૪-૨૦॥

ઉપર જણાવેલી શંકાનું સમાધાન કરાય છે. અર્થાત્ એ રીતે પરમાત્મામાં મહત્ત્વાભાવને સિદ્ધ કરનારાના મતનું નિરાકરણ કરાય છે–

**तन्नेत्थमेव प्रकृताधिकदोषनिवारणात् ।**
**शक्तौ सत्यामुपेक्षाया, अयुक्तत्वान्महात्मनाम् ॥४-२१॥**

तदिति–यदुक्तमपरेण वादिना तन्न । इत्थमेव राज्यप्रदानादिप्रकारेणैव । प्रकृताद् राज्यप्रदानादिदोषादधिको राज्याप्रदानादिकृतमिथःकलहातिरेकप्रसङ्गादिरूपो यो दोषस्तस्य निवारणात् । शक्तौ परेषामधिकदोषनिवारणविषयायां सत्याम् । उपेक्षाया माध्यस्थ्यरूपाया अयुक्तत्वात् । महात्मनां परार्थमात्रप्रवृत्तशुद्धाशयानाम् । तदिदमाह– "अप्रदाने हि राज्यस्य नायकाभावतो जनाः । मिथो वै कालदोषेण मर्यादाभेदकारिणः ।।१।। विनश्यन्त्यधिकं यस्मादिह लोके परत्र च । शक्तौ सत्यामुपेक्षा च युज्यते न महात्मनः ।।२।। तस्मात्तदुपकाराय तत्प्रदानं गुणावहम् । परार्थदीक्षितस्यास्य विशेषेण जगद्गुरोः ।।३।। एवं विवाहधर्मादौ तथा शिल्पनिरूपणे । न दोषो ह्युत्तमं पुण्यमित्थमेव विपच्यते ।।४।। किं चेहाधिकदोषेभ्यः सत्त्वानां रक्षणं तु यद् । उपकारस्तदेवैषां प्रवृत्त्यङ्गं तथाऽस्य च ।।५।।" ।।४-२१।।

શ્લોકાર્થ સુગમ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે રાજ્યાદિ આપવા વગેરેના કારણે પરમાત્મા મહાન નથી - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે રાજ્યપ્રદાનાદિના કારણે જ; રાજ્યપ્રદાનાદિ દોષ કરતાં; રાજ્યપ્રદાનાદિ ન કરવાના કારણે ઝઘડા વગેરેના પ્રસંગાદિ સ્વરૂપ જે દોષ અધિક થવાનો હતો તેનું નિવારણ થાય છે. પરસ્પરના કલહ વગેરેના પ્રસંગનું નિવારણ રાજ્યપ્રદાનાદિના કારણે થાય છે. અન્યથા એ શક્ય બનત નહિ. બીજાના અધિક દોષોને નિવારણ કરવાની શક્તિ હોવા છતાં અધિક દોષોને દૂર કરવામાં ઉપેક્ષા-માધ્યસ્થ્ય સેવવામાં આવે તો તે મહાત્માઓ માટે ઉચિત નથી. કારણ કે મહાત્માઓનો એકમાત્ર શુદ્ધ આશય; પરાર્થમાત્રમાં પ્રવૃત્ત હોય છે. બીજાના અધિક દોષની જો ઉપેક્ષા કરાય તો મહાત્માઓનો શુદ્ધ આશય જળવાશે નહિ.

આ વાતને જણાવતાં અષ્ટકપ્રકરણમાં કહ્યું છે કે - જો રાજ્યપ્રદાનાદિ કરવામાં ન આવે તો નેતાના અભાવે લોકો કાળના દોષથી પરસ્પરમર્યાદાનો ભંગ કરનારા બની આ લોકમાં અને પરલોકમાં અધિક દોષને પ્રાપ્ત કરી વિનાશ પામશે. એવા દોષોને દૂર કરવાની શક્તિ હોવા છતાં તે વિષયમાં ઉપેક્ષા સેવવી - એ મહાત્માઓ માટે અયુક્ત છે. તેથી તેવા જીવોના ઉપકાર માટે રાજ્યાદિનું પ્રદાન ગુણને કરનારું છે. એમાં પણ બીજાના ઉપકાર માટે પ્રવ્રજ્યાને ગ્રહણ કરનાર જગદ્ગુરુ શ્રી તીર્થંકરપરમાત્માએ જે રાજ્યાદિનું પ્રદાન કર્યું છે, તે વિશેષે કરી ગુણને કરનારું છે. આવી જ રીતે ગૃહસ્થોચિત

વિવાહાદિ આચાર અને શિલ્પના નિરૂપણમાં દોષ નથી. કારણ કે આમ કરવાથી જ શ્રી તીર્થંકરનામકર્મ વિપાકોચિત બને છે. તેમ જ અધિક દોષોથી આ પ્રાણીઓની જે રક્ષા થઇ એ સ્વરૂપ ઉપકાર જ આ તીર્થંકરપરમાત્માની પ્રવૃત્તિ(રાજ્ય-પ્રદાનાદિ)નું અંગ હતું. અર્થાત્ એ ઉપકાર માટે જ શ્રી તીર્થંકરપરમાત્માએ રાજ્યપ્રદાનાદિની પ્રવૃત્તિ કરી હતી. તેથી તેમાં કોઇ દોષ નથી. આથી સમજી શકાશે કે રાજ્યપ્રદાનાદિના કારણે શ્રી તીર્થંકરપરમાત્મામાં મહત્ત્વ જ સિદ્ધ થાય છે, મહત્ત્વાભાવ સિદ્ધ થતો નથી. ॥૪-૨૧॥

શક્તિ હોય તો અધિક દોષનું નિવારણ કરવા વર્તમાનમાં થતો અલ્પદોષ દોષ નથી - એ દૃષ્ટાંતથી જણાવાય છે–

**नागादे रक्षणायेव, गर्ताद्याकर्षणेऽत्र न ।**
**दोषोऽन्यथोपदेशेऽपि, स स्यात्परनयोद्भवात् ॥४-२२॥**

नागादेरिति—नागादेः सकाशाद् । रक्षणाय रक्षणार्थं । जनन्याः स्वपुत्रस्य गर्तादेराकर्षणे हनुजानुप्रभृत्यङ्गघर्षणकारिकर्मणीव । अत्र भगवतो राज्यप्रदानादौ न दोषः । अन्यथा असम्भविवारणदोषनिमित्तकस्यापि वहुगुणकर्मणो दुष्टत्वे उपदेशेऽपि भगवतो धर्मव्याख्यानेऽपि । स दोषः स्यात् । परेषां वौद्धादीनां नयानां मिथ्यात्वमूलभूतानां दर्शनानामुद्भवात् तत एवोपपत्तेः (उत्पत्तेः) । "जावइया णयवाया तावइया चेव परसमया" इति वचनात् । तदिदमाह—"नागादे रक्षणं यद्वद्गर्ताद्याकर्षणेन तु । कुर्वन्नदोषवांस्तद्वदन्यथासम्भवादयम् ।१। इत्थं चैतदिहैष्टव्यमन्यथा देशनाप्यलम् । कुधर्मादिनिमित्तत्वाद्दोषायैव प्रसज्यते ।२।' ॥४-२२॥

"નાગ વગેરેથી રક્ષણ માટે ખાડામાંથી ખેંચી લેવામાં જેમ કોઇ દોષ નથી તેમ અહીં રાજ્યપ્રદાનાદિ કે શિલ્પાદિદર્શનમાં પણ કોઇ દોષ નથી. અન્યથા શ્રી વીતરાગપરમાત્માના પરમતારક ઉપદેશમાં પણ દોષ છે - એમ માનવાનો પ્રસંગ આવશે. કારણ કે ઉપદેશમાંથી પરનયોનો ઉદ્ભવ થાય છે." - આ પ્રમાણે બાવીશમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે ખાડામાં રહેલા પુત્રને સાપ વગેરેથી બચાવવા માટે પોતાના પુત્રને ખાડામાંથી ખેંચતી વખતે પુત્રની હડપચી, ઘુંટણ વગેરે છોલાતાં હોવા છતાં માતા જેમ દોષિત મનાતી નથી તેમ કલહાદિ

અધિક દોષથી બચાવવા માટે રાજ્યપ્રદાનાદિ કરવાથી શ્રી તીર્થંકરપરમાત્માને પણ કોઈ દોષ નથી.

અન્યથા જેને દોષમાં નિમિત્ત બનતા અટકાવી શકાય એમ નથી, એવા ઘણા ગુણને કરનાર કર્મ(ક્રિયા)-કાર્યને દુષ્ટ માનવામાં આવે તો શ્રી તીર્થંકરભગવાન જે ધર્મોપદેશ (વ્યાખ્યાન) કરે છે તેમાં પણ તે દોષનો પ્રસંગ આવશે. કારણ કે બૌદ્ધાદિ પરદર્શનીઓના મિથ્યાત્વમૂલક તે તે નયોની ઉત્પત્તિ એ ઉપદેશમાંથી જ થયેલી છે - આ વાત 'જેટલા નયવાદો છે એટલા પરસમયો (કુસિદ્ધાંત) છે' - આ વચનથી સિદ્ધ છે.

અષ્ટકપ્રકરણમાં પણ એ વાત જણાવતાં ફરમાવ્યું છે કે - નાગાદિથી રક્ષણ કરવા માટે ખાડામાંથી સ્વપુત્રાદિને ખેંચીને પુત્રાદિનું નાગાદિથી રક્ષણ કરનાર જેમ દોષવાન મનાતો નથી તેમ અલ્પ પણ દોષ ન થાય અને ઉપકારક બને એવો બીજો ઉપાય નહિ હોવાથી રાજ્યપ્રદાનાદિ દોષથી રહિત છે. આ રીતે અહીં ભગવાને જે રાજ્યપ્રદાનાદિ કાર્ય કર્યું છે તે નિર્દોષ જ માનવું પડશે. અન્યથા ભગવાનની પરમતારક દેશના પણ કુધર્માદિમાં નિમિત્ત બનતી હોવાથી તેને પણ દુષ્ટ માનવી પડશે. આથી સ્પષ્ટ છે કે અલ્પ દોષને કરનારા એવા મોટા ઉપકારના કારણભૂત રાજ્યપ્રદાનાદિને કરનાર શ્રી અરિહંતપરમાત્મા દોષપાત્ર નથી. ।।૪-૨૨।।

પ્રકારાંતરે પરમાત્મામાં મહત્ત્વાભાવને સિદ્ધ કરનારાની માન્યતાને જણાવીને તેનું નિરાકરણ કરાય છે—

**कश्चित्तु कुशलं चित्तं, मुख्यं नास्येति नो महान् ।**
**तदयुक्तं यतो मुख्यं, नेदं सामायिकादपि ।।४-२३।।**

कश्चित्त्विति—कश्चित्तु मायापुत्रीयो मुख्यं सर्वोत्तमम् । कुशलं चित्तं नास्य भवदभिमतस्य भगवत इति नो महानयमित्याह । तदयुक्तं, यतो नेदं परपरिकल्पितं कुशलं चित्तं समतृणमणिलेष्टुकाञ्चनानां सर्वसावद्ययोगनिवृत्तिलक्षणात्सामायिकादपि मुख्यम्, असद्भूतार्थविषयत्वात् ।।४-२३।।

શ્લોકાર્થ સુગમ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈ બૌદ્ધ એમ કહે છે કે શ્રી તીર્થંકરપરમાત્માનું ચિત્ત સર્વોત્તમ ન હોવાથી તેઓશ્રી મહાન નથી. પરંતુ

આ પ્રમાણેનું માયા-પુત્રીયનું કથન યુક્ત નથી. કારણ કે તૃણ અને મણિ તેમ જ લેષ્ટુ (માટીનું ઢેફું) અને કાંચનમાં જેમની બુદ્ધિ સમાન છે એવા મહાત્માઓના, સર્વસાવદ્યયોગથી નિવૃત્તિ પામવા સ્વરૂપ સામાયિકના પરિણામથી; બીજા લોકોએ કલ્પેલું એ કુશલ ચિત્ત શ્રેષ્ઠ નથી.એ કુશલ ચિત્ત અસદ્ભૂત અર્થના વિષયવાળું હોવાથી ખરી રીતે એ સંભવતું જ નથી. તેથી તે અસંભવિત ચિત્તનો અભાવ હોવાથી પરમાત્મા મહાન નથી - એ કથન અયુક્ત છે. ॥૪-૨૩॥

तथाहि–

બીજાએ માનેલું કુશલ ચિત્ત અસંભવિત છે - એ જણાવાય છે–

**स्वधर्मादन्यमुक्त्याशा, तदधर्मसहिष्णुता ।**
**यद्द्वयं कुशले चित्ते, तदसम्भवि तत्त्वतः ॥૪-૨૪॥**

स्वधर्मादिति–स्वधर्मादन्येषां जगत्प्राणिनां मुक्त्याशा मुक्तिवाञ्छा । तेषामन्येषां येऽधर्मा दुर्गतिहेतवस्तेषां सहिष्णुता स्वस्मिंस्तत्फलापत्त्या परदुःखपरिजिहीर्षालक्षणा । यदेतद्द्वयं कुशले चित्ते विषयीभवति, तत्तत्त्वतोऽसम्भवि, बुद्धानां निर्वृतिप्रतिपादनात् । गङ्गावालुकासमा बुद्धा निर्वृता इति परेषामागमव्यवस्थितेः स्वान्यधर्माधर्मयोः परेषु स्वस्मिंश्चोपसङ्क्रमे तदयोगात् । यदि चैवमसद्भूतार्थविषयं कुशलचित्तं प्रामाणिकं स्यात्तदा–"मय्येव निपतत्वेतज्जगद्दुश्चरितं यथा । मत्सुचरितयोगाच्च मुक्तिः स्यात्सर्व-देहिनाम् ॥१॥" इतिवद् "अज्ञानानां यदज्ञानमास्तां मय्येव तत्सदा । मदीयज्ञानयोगाच्च चैतन्यं तेषु सर्वदा ॥१॥" इत्यपि परेण पठनीयं स्यात् ॥૪-૨૪॥

"પોતાના ધર્મથી અન્ય જીવોની મુક્તિની આશા (ઇચ્છા) અને તે જીવોના અધર્મને સહન કરી લેવાની ભાવના : એ બંન્ને (પરપરિકલ્પિત) કુશલ ચિત્તના વિષય મનાય છે. પરંતુ તે વાસ્તવિક રીતે સંભવિત નથી." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે માયાપુત્રીયે કુશલચિત્તની કલ્પના એ રીતે કરી છે કે - 'પોતાના ધર્મના કારણે જગતના બધા જ પ્રાણીઓ મુક્ત થાય અને દુર્ગતિના કારણભૂત જે અધર્મ તેમણે આચર્યો છે તેનું ફળ મને મળે - આ રીતે તેમનાં દુઃખો દૂર કરવાની અને તેમને મુક્ત બનાવવાની જે ઇચ્છા છે, તે બે ઇચ્છાથી યુક્ત ચિત્ત કુશલચિત્ત છે.

પરંતુ એ કુશલચિત્ત વાસ્તવિક રીતે સંભવિત નથી. કારણ કે તેમના જ ગ્રંથોમાં બુદ્ધોની (તત્ત્વજ્ઞાતાઓની) મુક્તિ જણાવી છે. ગંગાનદીની રેતીના કણો પ્રમાણ બુદ્ધો નિર્વાણ પામ્યા છે - આવી વ્યવસ્થા તેમના આગમમાં જણાવી છે. સ્વધર્મનો અન્ય જીવોમાં અને અન્ય જીવોના અધર્મનો સ્વમાં ઉપસંક્રમ થતો હોત તો બધાની જ મુક્તિ થતી હોવાથી બુદ્ધોની જ મુક્તિ વર્ણવવાનું સંગત નહીં થાય, બધાની જ મુક્તિ વર્ણવવી પડત. આમ છતાં માત્ર ભાવનાના કારણે (વાસ્તવિક રીતે નહિ) જ અસદ્ભૂત અર્થના વિષયવાળું ચિત્ત (કુશલચિત્ત) પ્રામાણિક માનવું હોય તો; "આ જગતનું દુશ્ચરિત્ર (અધર્મ) મારામાં જ પડે (સંક્રમિત થાય) અને તેવી જ રીતે મારા સચ્ચારિત્ર(ધર્મ)ના યોગે બધા પ્રાણીઓની મુક્તિ થાય" - આની જેમ નીચે જણાવ્યા મુજબ પણ બોલવું પડશે. "અજ્ઞાનીઓનું જે અજ્ઞાન છે તે સદાને માટે મારામાં સંક્રમિત થાય અને મારા જ્ઞાનના યોગે તેમનામાં કાયમ માટે ચૈતન્યનો સંચાર થાય." જો આ પ્રમાણે માનવાનું સંભવિત નથી તો ઉપર જણાવ્યા મુજબ કુશલચિત્ત પણ સંભવતું નથી - એ સમજી શકાશે. ॥૪-૨૪॥

આવી જાતનું કુશલચિત્ત ન હોય તો જ શ્રીવીતરાગ પરમાત્મામાં મહત્ત્વ છે. અન્યથા શ્રી વીતરાગપરમાત્માની વીતરાગતા અસિદ્ધ થશે - એ જણાવાય છે—

**अतो मोहानुगं ह्येतन्निर्मोहानामसुन्दरम् ।**
**बोध्यादिप्रार्थनाकल्पं, सरागत्वे तु साध्वपि ॥४-२५॥**

अत इति—अत उक्तकुशलचित्तस्य तत्त्वतोऽसम्भव्यर्थविषयत्वाद् । एतद्धि मोहानुगं मोहनीयकर्मोदयानुगतम् । मोहोदयाभावे हि समस्तविकल्पोत्कलिकावर्जितमेव चित्तं स्यादिति । निर्मोहानां वीतरागाणाम् । असुन्दरम् । तथा च कुशलचित्तस्य न मुख्यत्वं निर्मोहत्वविरोधादित्यर्थः । सरागत्वे तु प्रशस्तरागदशायां तु । एतद् बोध्यादि-प्रार्थनाकल्पम् । आदिनारोग्योत्तमसमाधिग्रहः । साध्वपि प्रशस्तमपि । असम्भवि-विषयकयोरपि वाङ्मनसोः प्रशस्तभावोत्कर्षकत्वेन चतुर्थभङ्गान्तः-पातित्वसम्भवात् । तदुक्तम्—"बोध्यादिप्रार्थनाकल्पं सरागत्वे तु साध्वपि" । ननु चतुर्थभङ्गस्थवाङ्मन-सोर्भगवत्यपि सम्भवात् कथं न कुशलचित्तयोग इति चेन्न, वैकल्पिकभक्तिभावप्रयुक्तस्य चतुर्थभङ्गस्य प्रार्थनारूपस्य भगवत्यनुपपत्ते र्विचित्रवर्गणासद्भावेनैव तत्र तदुपवर्णनादिति बोध्यम् ॥४-२५॥

"અસંભવિત વિષયવાળું એ કુશલચિત્ત હોવાથી મોહનીયકર્મના ઉદયથી અનુગત છે. શ્રી વીતરાગપરમાત્માઓ માટે તે સારું નથી. બોધિ, આરોગ્ય વગેરેની પ્રાર્થના જેવું એ ચિત્ત સરાગ અવસ્થામાં સારું પણ મનાય છે." - આ પ્રમાણે પચીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે વાસ્તવિક રીતે ઉપર જણાવેલું કુશલચિત્ત અસંભવિત અર્થના વિષયવાળું હોવાથી મોહનીયકર્મના ઉદયને અનુસરનારું છે. મોહનીયકર્મના અભાવમાં તો સમસ્ત વિકલ્પના અંશથી પણ રહિત ચિત્ત હોય છે. શ્રી વીતરાગપરમાત્મા મોહરહિત હોવાથી તેમના માટે આ કુશલચિત્ત સુંદર નથી. તેથી કુશલચિત્ત (પરપરિકલ્પિત) શ્રીવીતરાગતાનું વિરોધી હોવાથી મુખ્ય નથી.

પ્રશસ્ત રાગની અવસ્થામાં આ કુશલચિત્ત બોધિ, આરોગ્ય અને ઉત્તમસમાધિની પ્રાર્થના જેવું છે. આશય એ છે કે, **आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु**... ઇત્યાદિ પદોથી આરોગ્યાદિની પ્રાર્થના કરાય છે. શ્રી વીતરાગપરમાત્મા રાગાદિદોષોથી રહિત હોવાથી તેઓશ્રી કશું આપતા નથી અને લેતા નથી. તેથી તેઓશ્રીની પાસે કરેલી પ્રાર્થનાનો વિષય સંભવતો નથી. આમ છતાં રાગી જનો ભગવાન શ્રી તીર્થંકર દેવમાં ભક્તિને વ્યક્ત કરતા ભાવની પ્રકર્ષઅવસ્થાને લઇને આ પ્રમાણે પ્રાર્થના કરે છે, તે તેમના માટે ઉચિત મનાય છે. આથી જ કહ્યું છે કે - આ અસત્યામૃષા ભાષા છે. માત્ર ભક્તિથી આ બોલાય છે. જેમના રાગદ્વેષ ક્ષીણ થયા છે એવા શ્રીવીતરાગ પરમાત્મા સમાધિ કે બોધિ વગેરે આપતા નથી. આ રીતે જેનો વિષય સંભવતો નથી; એનું વચન અને ચિંતન ચોથા વચન અને મનના યોગમાં સંગત છે. આથી સ્પષ્ટ છે કે બોધ્યાદિની પ્રાર્થનાની જેમ અસંભવી - વિષયવાળું કુશલચિત્ત સરાગદશામાં સારું પણ છે.

યદ્યપિ ચતુર્થ અસત્યામૃષા વચનયોગ અને મનોયોગ ભગવાનમાં પણ સંભવે છે. તેથી તેઓશ્રીને પણ કુશલચિત્ત ઘટી શકે છે; પરંતુ ઉપર જણાવ્યા મુજબનું; રાગાદિ વિકલ્પના કારણે ઉત્પન્ન ભક્તિભાવને લઇને જે ચતુર્થભંગ(અસત્યામૃષા)વર્તિ કુશલચિત્ત છે, તે શ્રી વીતરાગપરમાત્મામાં હોતું નથી. દેશનાના વચનયોગ માટે અને અનુત્તરવિમાનના દેવોના સંશયના નિરાકરણ માટે ગ્રહણ કરેલાં, ભાષાવર્ગણાનાં અને મનોવર્ગણાનાં પુદ્ગલોને

આશ્રયીને શ્રીવીતરાગપરમાત્માને ચોથા વચનયોગ અને મનોયોગનો સંભવ માન્યો છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. ।।૪-૨૫।।

यद्यपि व्याघ्रादेः स्वकीयमांसदानादावतिकुशलं चित्तं बुद्धस्येष्यते, न चैतदर्हत इति नात्र महत्त्व-मित्याशङ्क्यते तदप्यसङ्गतं, तच्चित्तस्यैवानतिकुशलत्वेन मोहानुगतत्वा-विशेषादित्यभिप्रायवानाह–

યદ્યપિ વાઘ વગેરેને પોતાનું માંસ આપવા વગેરેના કારણે બુદ્ધનું ચિત્ત અત્યંત કુશલ મનાય છે. પરંતુ શ્રી અરિહંત પરમાત્માનું એવું ચિત્ત ન હતું. તેથી તેમનામાં મહત્ત્વ નથી - આવી શંકા કરાય છે; પણ તે અસંગત છે. કારણ કે ઉપર જણાવ્યા મુજબ આ પણ ચિત્ત મોહાનુગત હોવાથી અતિકુશલ નથી. આવા આશયથી જણાવાય છે–

**सत्त्वधीरपि या स्वस्योपकारादपकारिणि ।**
**सात्मम्भरित्वपिशुना परापायानपेक्षिणी ।।४-२६।।**

सत्त्वधीरिति–यापि बुद्धस्यापकारिणि स्वमांसभक्षकव्याघ्रादौ । स्वस्योपकारात् कर्मकक्षकर्त्तनसाहाय्यककरणलक्षणात् । सत्त्वधीः, सा । आत्मानमेव न परं बिभर्ति पुष्णातीत्यात्मम्भरिस्तत्त्वं पिशुनयति सूचयतीत्यात्मम्भरित्वपिशुना । परेषां स्वमांस-भक्षकव्याघ्रादीनामपायान् दुर्गतिगमनादीन्नापेक्षत इत्येवंशीला । तथा चात्रात्मम्भरित्वं परापायानपेक्षत्वं च महद्दूषणमिति भावः । तदुक्तम्–"अपकारिणि सद्बुद्धिर्विशिष्टार्थ-प्रसाधनाद् । आत्मम्भरित्वपिशुना परापायानपेक्षिणी ।।१।।४-२६।।

"અપકારી એવા વાઘ આદિમાં પોતાના ઉપકારના કારણે બુદ્ધને જે સત્ત્વબુદ્ધિ હતી, તે બુદ્ધના આત્મંભરિત્વની ચાડી ખાનારી અને બીજાને થનારા અપાયની અપેક્ષા(વિચારણા)ને નહિ રાખનારી હતી." - આ પ્રમાણે છવ્વીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે બુદ્ધને; પોતાનું માંસ ખાનાર વાઘ વગેરે અપકારીને વિશે; પોતાના કર્મસ્વરૂપ વનને છેદી નાખવામાં તે સાહાય્ય કરતા હોવાથી જે સત્ત્વ(સારા ઉપકારીપણાની)બુદ્ધિ છે; તે આત્માને-પોતાને-જ (બીજાને નહિ) પુષ્ટ બનાવનારી એકલપેટીવૃત્તિને જણાવનારી છે તેમ જ તે વૃત્તિ; પોતાનું માંસ ખાનારા વાઘ વગેરેના દુર્ગતિમાં જવા સ્વરૂપ અપાયને ન વિચારનારી છે. આ રીતે બુદ્ધની સત્ત્વબુદ્ધિમાં આત્મંભરિત્વ અને

પરાપાયાનપેક્ષત્વ સ્વરૂપ મહાદૂષણ છે. આ વાતને અષ્ટક પ્રકરણમાં પણ જણાવાઇ છે. વિશિષ્ટ અર્થને સિદ્ધ કરવાથી અપકારીમાં સદ્બુદ્ધિ; આત્મંભરિત્વને જણાવનારી અને પર પ્રાણીના અપાયની ઉપેક્ષાને કરનારી છે. આથી સમજી શકાશે કે બુદ્ધની સત્ત્વબુદ્ધિ પણ મોહાનુગત હોવાથી અતિકુશલચિત્તને જણાવનારી નથી. ॥૪-૨૬॥

શ્રી તીર્થંકરપરમાત્મામાં મહત્ત્વને નહિ માનનારા અન્યદર્શનીઓની માન્યતાનું નિરાકરણ કરીને પરમાત્મામાં જ મહત્ત્વ છે - એ જણાવવા સાથે પ્રકરણાર્થનું સમાપન કરાય છે–

**पदार्थमात्ररसिकस्ततोऽनुपकृतोपकृत् ।**
**अगूढलक्षो भगवान्, महानित्येष मे मतिः ॥४-२७॥**

"તેથી પદાર્થમાત્રમાં રસિક; અનુપકારી ઉપર પણ ઉપકાર કરનારા અને અગૂઢલક્ષવાળા એવા ભગવાન મહાન છે - એમ હું માનું છું." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે શ્રી તીર્થંકરપરમાત્મા કેવલજ્ઞાની હોવાથી અને સર્વથા રાગાદિથી રહિત હોવાથી પદાર્થમાત્રના વાસ્તવિક સ્વરૂપમાત્રને જ ગ્રહણ કરે છે. એમાં ઔપાધિક ધર્મનો આરોપ કરતા નથી. રાગાદિ દોષોને લઇને વસ્તુના સ્વરૂપના બદલે તેના વિરૂપનું ગ્રહણ થાય છે અને કેવલજ્ઞાન ન હોય તો પદાર્થમાત્રનો બોધ થતો નથી. શ્રી તીર્થંકર-પરમાત્માને છોડીને બીજા કોઇ પણ દેવમાં આવી પદાર્થમાત્રરસિકતા નથી. કેટલાક વિદ્વાનોના મતે અહીં '**पदार्थ**' ના સ્થાને **परार्थ** પાઠ છે. એ મુજબ વિચારતાં પણ માનવું જ પડે કે શ્રી તીર્થંકર પરમાત્માને છોડીને અન્ય કોઇ પણ દેવમાં એવી પરાર્થરસિકતા નથી. ઐકાંતિક, આત્યંતિક, પારમાર્થિક હિતને તેઓ(અન્ય દેવો) સમજી પણ શક્યા નથી તો તેમનામાં પરાર્થરસિકતા ક્યાંથી સંભવે ?

પોતાની ઉપર જેમણે ઉપકાર કર્યો નથી એવા જીવો ઉપર પણ ઉપકાર કરનારા શ્રી તીર્થંકરપરમાત્મા અગૂઢલક્ષવાળા છે. શ્રી તીર્થંકરપરમાત્માનું લક્ષ્ય ખૂબ જ સ્પષ્ટ છે. મન, વચન અને કાયાનો અવિસંવાદ ખૂબ જ સ્પષ્ટ રીતે તેઓશ્રીની સાધનામાં જોવા મળે છે. અહીં **अगूढ** ના સ્થાને **अमूढ** આવો પાઠ કેટલાક વિદ્વાનો માને છે. તેનો અર્થ પણ સમજી શકાય એવો છે. મૂઢ એટલે

કોઇ પણ જાતના નિર્ણયથી શૂન્ય. એવા પ્રકારનું લક્ષ્ય જેમનું નથી; તેમને અમૂઢલક્ષ કહેવાય છે. આવા શ્રી તીર્થંકરપરમાત્મા મહાન છે - આ પ્રમાણે ગ્રંથકાર પરમર્ષિની માન્યતા છે. અન્ય કોઇ પણ પરમાત્મામાં આવું મહત્ત્વ નથી... એ સૌ કોઇ સમજી શકે છે. ॥૪-૨૭॥

ઉપર જણાવ્યા મુજબ શ્રી અરિહંતપરમાત્મામાં જ મહત્ત્વ હોવાથી તેઓશ્રીના જ ધ્યાનવિશેષથી આત્મા પરમતત્ત્વને પ્રાપ્ત કરે છે - એ જણાવાય છે–

**अर्हमित्यक्षरं यस्य, चित्ते स्फुरति सर्वदा ।**
**परं ब्रह्म ततः शब्दब्रह्मणः सोऽधिगच्छति ॥४-२८॥**

'અર્હમ્' આ અક્ષર જેના ચિત્તમાં સર્વકાળ સ્ફુરાયમાન છે; તે આત્મા, તે શબ્દબ્રહ્મથી પરમબ્રહ્મને પ્રાપ્ત કરે છે - આ પ્રમાણે અઠ્ઠાવીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે જે આત્માઓ અરિહંતપરમાત્માનું હૃદયમાં નિરંતર ધ્યાન કરે છે તેઓ અપરતત્ત્વમાંથી પરતત્ત્વમાં જાય છે. પરતત્ત્વ આત્માના શુદ્ધ (સ્વભાવસિદ્ધ) સ્વરૂપને કહેવાય છે, જે સકલકર્મના અભાવે આવિર્ભાવ પામેલી સિદ્ધાવસ્થા સ્વરૂપ છે. એ પરતત્ત્વસ્વરૂપ પર(પરમ)બ્રહ્મની પૂર્વાવસ્થાને અપર બ્રહ્મ તરીકે વર્ણવી છે. રૂપાતીત અવસ્થાનું વર્ણન શબ્દથી ખૂબ જ સ્થૂલ રીતે થાય છે અને રૂપવદ્ અવસ્થાનું વર્ણન તેની અપેક્ષાએ સૂક્ષ્મ રીતે થતું હોય છે. તે અપર બ્રહ્મને એ અપેક્ષાએ શબ્દબ્રહ્મ કહેવાય છે. શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મમાં જે ભેદ છે તે વેદાંતદર્શનાદિના અભ્યાસથી સમજી લેવો જોઇએ. શબ્દથી પ્રતિપાદ્ય બ્રહ્મ, શબ્દથી જ્ઞેય બ્રહ્મ અને શબ્દસ્વરૂપ બ્રહ્મ... ઇત્યાદિ જુદી જુદી વ્યુત્પત્તિને આશ્રયીને શબ્દબ્રહ્મનું સ્વરૂપ; પરબ્રહ્મના સ્વરૂપથી ભિન્ન છે. શબ્દબ્રહ્મથી પરમબ્રહ્મને પામવા માટે શ્રી અરિહંત પરમાત્માની ઉપાસના એ એક જ ઉપાય છે. એ વિના બીજો કોઇ જ ઉપાય નથી - એ ઓગણત્રીસમા શ્લોકથી જણાવાય છે–

**परःसहस्राः शरदां, परे योगमुपासताम् ।**
**हन्तार्हन्तमनासेव्य, गन्तारो न परं पदम् ॥४-२९॥**

હજારો-લાખો વર્ષો સુધી બીજા (શ્રી અરિહંત પરમાત્માની ઉપાસના નહિ કરનારા) લોકો યોગની ઉપાસના કરે; તોપણ શ્રી અરિહંતપરમાત્માની સેવા

(આજ્ઞાપાલનાદિ સ્વરૂપ ઉપાસના) કર્યા વિના તેઓ પરમપદે જવાના નથી. કારણ કે પરમપદને પ્રાપ્ત કરવાનો જો કોઇ ઉપાય હોય તો તે એકમાત્ર શ્રી અરિહંતપરમાત્માની ઉપાસના જ છે. એ વિના કરાતી યોગની ઉપાસના વસ્તુતઃ યોગની ઉપાસના નથી. પરંતુ તેના આભાસની જ ઉપાસના છે. બીજા યોગીઓને સમ્યગ્જ્ઞાન ન હોવાથી તેઓ પારમાર્થિક યોગને સમજી જ શક્યા નથી. અને તેમને સમ્યગ્દર્શન ન હોવાથી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને વાસ્તવિક રીતે સમજી શકતા નથી. મિથ્યાત્વમોહનીયકર્મના તીવ્ર વિપાકો યોગના (બાહ્યદૃષ્ટિએ યોગના) ઉપાસકોને પણ પરમપદથી દૂર રાખે છે. તેની મંદતા આત્માને પરમપદના પથિક બનાવે છે. સંસારના સુખ-દુઃખ પ્રત્યેના તીવ્ર રાગ-દ્વેષનાં પરિણામોની તીવ્રતા ઘટે તો જ મિથ્યાત્વાદિની મંદતા થઇ શકે. આપણા સૌનું સદ્ભાગ્ય અદ્ભુત છે કે સ્વભાવથી જ શ્રી અરિહંતપરમાત્માની ઉપાસનાનો આપણને યોગ પ્રાપ્ત થયો. એ દ્વારા પરમપદનો યોગ પ્રાપ્ત થાય : એ માટે આપણે પ્રયત્નશીલ બની રહીએ. ॥૪-૨૯॥

શ્રી અરિહંતપરમાત્માના ધ્યાનથી આત્મા પરમાત્મા બને છે તે દૃષ્ટાંતપૂર્વક જણાવાય છે–

**आत्मायमर्हतो ध्यानात्, परमात्मत्वमश्नुते ।**
**रसविद्धं यथा ताम्रं, स्वर्णत्वमधिगच्छति ॥४-३०॥**

"આ આત્મા શ્રી અરિહંતપરમાત્માના ધ્યાનથી પરમાત્મપણું પ્રાપ્ત કરે છે. રસથી વિદ્ધ તાંબું જેમ સુવર્ણપણું પ્રાપ્ત કરે છે." - આ પ્રમાણે ત્રીશમા શ્લોકનો અર્થ છે. ભાવાર્થ સ્પષ્ટ છે. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલી પરમતારક મોક્ષસાધનાના પ્રારંભથી માંડીને શ્રી સિદ્ધપદની પ્રાપ્તિ સુધીની આત્માની અનેકવિધ અવસ્થાનો વિચાર કરીએ તો શ્રી અરિહંત પરમાત્માના પરમતારક ધ્યાનનું સ્વરૂપ સારી રીતે સમજી શકાશે. શ્રી અરિહંતપરમાત્માની પરમતારક આજ્ઞાના પાલનમાં; આત્મા પોતાની ભૂમિકા મુજબ ઉપયોગ રાખે તો ક્રમે કરીને શ્રી અરિહંતપરમાત્માનું ધ્યાન પ્રાપ્ત કરી શકશે. પોતાની ભૂમિકા મુજબ તે તે વિહિત પ્રવૃત્તિ કરતી વખતે આજ્ઞાપાલનનો જે સતત ઉપયોગ છે, તે શ્રી અરિહંતપરમાત્માનું ધ્યાનવિશેષ છે. પરમપ્રકૃષ્ટ એ ધ્યાન જ આત્માને

પરમાત્મપણું પ્રાપ્ત કરાવે છે. માર્ગાનુસરણ, સમ્યગ્દર્શન, વિરતિ અને સામર્થ્યયોગ તેમ જ શૈલેશી અવસ્થા : આ બધાનો વિચાર કરવાથી ધ્યાનની પ્રારંભ-અવસ્થાથી પરાકાષ્ઠા સુધીની સ્થિતિનો સામાન્ય ખ્યાલ આવશે. દૃષ્ટાંતમાં જણાવેલા રસના સ્થાને શ્રી અરિહંતપરમાત્માનું ધ્યાન છે. આત્મા તાંબાના સ્થાને છે. અને પરમાત્મપણું - એ સુવર્ણત્વના સ્થાને છે. તાંબું જ સોનું થાય છે તેમ આત્મા જ પરમાત્મા બને છે. તેમાં શ્રી અરિહંતપરમાત્માનું ધ્યાન મુખ્ય કારણ છે. ॥૪-૩૦॥

શ્રી અરિહંતપરમાત્માના જ ધ્યાનથી પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે : એ ચોક્કસ થયે છતે જે કર્ત્તવ્ય છે તે જણાવાય છે–

**पूज्योऽयं स्मरणीयोऽयं, सेवनीयोऽयमादरात् ।**
**अस्यैव शासने भक्तिः, कार्या चेच्चेतनाऽस्ति वः ॥४-३१॥**

શ્લોકાર્થ સુગમ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રી વીતરાગપરમાત્માની ઉપાસનાને છોડીને બીજો કોઇ જ ઉપાય પરમપદની પ્રાપ્તિ માટે ન હોવાથી; પરમપદના પ્રાપક શ્રી વીતરાગપરમાત્મા જ મહાન છે. બુદ્ધાદિ કોઇ પણ મહાન નથી. તેથી આ શ્રી વીતરાગપરમાત્મા જ પૂજ્ય છે, આ પરમાત્મા જ સ્મરણીય છે અને આ પરમાત્મા જ આદરપૂર્વક સેવનીય છે. શ્રી અરિહંતપરમાત્માની જ તેઓશ્રીની પરમતારક આજ્ઞા મુજબ અષ્ટપ્રકારી વગેરે દ્રવ્યપૂજા અને ચૈત્યવંદનાદિ સ્વરૂપ ભાવપૂજા કરવી જોઇએ. તેમ જ દરેક ધર્માનુષ્ઠાનાદિ કરતી વખતે શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાનું મુખ્યપણે સ્મરણ કરવા દ્વારા તેઓશ્રીનું સ્મરણ કરવું જોઇએ. અને જ્યારે પણ આજ્ઞા માનવી હોય ત્યારે શ્રી વીતરાગપરમાત્માની જ આજ્ઞા માનવા સ્વરૂપ તેઓશ્રીની જ સેવા કરવી જોઇએ. આથી જ ગ્રંથકાર પરમર્ષિ શ્લોકના ઉત્તરાર્દ્ધથી ફરમાવે છે કે તમારામાં જો ચેતના છે તો આ જ શ્રી વીતરાગપરમાત્માના શાસનમાં ભક્તિ કરવી જોઇએ. અર્થાત્ તેઓશ્રીના જ શાસન(વચન)ને આરાધવું જોઇએ. શરીરમાં જ્યાં સુધી ચેતના છે ત્યાં સુધી શ્રી વીતરાગપરમાત્માના શાસનની આરાધના સિવાય બીજુ કાંઇ પણ કરવા જેવું નથી. ચેતનાનો એકમાત્ર ઉપયોગ જ એ છે. શ્રી તીર્થંકરભગવાનનું મહત્ત્વ સમજાયા પછી સમજણની સાર્થકતા એમાં જ રહી છે. ॥૪-૩૧॥

ભક્તિની ઉપાદેયતાને તેના ફળના વર્ણનથી જણાવાય છે–

**सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात् ।**
**भक्ति र्भागवती बीजं, परमानन्दसम्पदाम् ।।४-३२।।**

पदार्थेत्याद्यारभ्य षट्श्लोकी सुगमा ।।४-२७।।२८।।२९।।३०।।३१।।३२।।

"શ્રુતસમુદ્રનું અવગાહન કરવાથી મને આ સાર-રહસ્ય પ્રાપ્ત થયું છે. ભગવાન શ્રી વીતરાગપરમાત્માની ભક્તિ મોક્ષનું બીજ છે." - આ પ્રમાણે છેલ્લા શ્લોકનો અર્થ છે. ગ્રંથકાર પરમર્ષિએ આ શ્લોકમાં ચોથી બત્રીશીનો સાર વર્ણવ્યો છે.

શ્રી જિનેશ્વર દેવોને છોડીને અન્ય કોઇ પણ દેવમાં મહત્ત્વ સિદ્ધ થતું નથી. માત્ર શ્રી જિનેશ્વરદેવમાં જ પારમાર્થિક મહત્ત્વ છે. એ પણ માત્ર બાહ્ય સંપદાને લઇને નથી; પરંતુ અવિસંવાદી(મોક્ષસ્વરૂપ ફળને પ્રાપ્ત કરાવનારા) વચનને લઇને જ છે. આ સંસારથી મુક્ત બની પરમાનંદને પ્રાપ્ત કરવા માટે શ્રી તીર્થંકરપરમાત્માના જ વચનની આરાધના સિવાય બીજો કોઇ જ ઉપાય નથી. ભગવાન શ્રી તીર્થંકરપરમાત્માની ભક્તિ; પરમાર્થથી તો તેઓશ્રીના પરમતારક વચનની આરાધનામાં જ રહેલી છે. સમસ્ત દ્વાદશાંગીની રચના પરમપદની પ્રાપ્તિના એકમાત્ર ઉદ્દેશથી થયેલી છે. મુમુક્ષુ આત્માઓને એ ઉદ્દેશની સિદ્ધિ માટે શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાની આરાધના કઇ રીતે કરવી જોઇએ, તેનું વિસ્તારથી એમાં વર્ણન છે. આવા શ્રુતસમુદ્રનું અવગાહન કરવાથી જે સાર પ્રાપ્ત થાય છે, તેનું વર્ણન આ શ્લોકમાં કર્યું છે. અંતે શ્રી અરિહંતપરમાત્માની એ ભક્તિ કરવા દ્વારા આપણે પરમાનંદના ભોક્તા બની રહીએ એ જ એક શુભાભિલાષા. ।।૪-૩૨।।

**।। इति श्रीजिनमहत्त्वद्वात्रिंशिका ।।**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ।।**

Tejas Printers
AHMEDABAD M. 98253 47620